આ ગ્રંથની બીજી આવૃત્તિઓ કરવાનો હક
પ્રસિદ્ધ કર્તાએ સ્વાધિન રાખેલો છે.



आद्यं केवलरत्नकोशमचलं शत्रुंजयाख्यं जवाद्,
गत्वा यः प्रकटं विधाय विजितक्रोधादिशत्रुव्रजान् ।
योगेन्द्रानिव सन्मुनीन् विहितवानऽक्षीणलक्ष्मीयुतान्,
श्रीनाभेयनिदेशतः स गणराद् श्रीपुण्डरीकोऽवतात् ॥१॥




અમારે ત્યાંથી અમારા તરફથી બહાર પડેલા પુસ્તકો.

સચિત્ર શ્રી પુંડરીકસ્વામી ચરિત્ર પદ્યબંધ મૂળ (૧૩ ચિત્રોવાળું)	કિં. રૂ. ૧૦-૦-૦
ઉપસર્ગહર સ્તોત્ર લઘુવૃત્તિઃ પ્રિયંકરનૃપ કથા સહિત મૂળ	કિં. રૂ. ૩-૦-૦
સચિત્ર શ્રી પુંડરીકસ્વામી ચરિત્ર ભાષાંતર (૧૩ ચિત્રોવાળું)	કિં. રૂ. ૫-૦-૦



મળવાનું ઠેકાણું—સંઘવી મોહનલાલ નીરધર
સરાફબજાર—ભાવનગર.

સ્વર્ગનિષ્ઠ કર્તવ્યપરાયણ.



શેઠ કુંવરજી આણંદજી.

અર્પણ પત્રિકા.

મહાનુભાવ રા. રા. કુંવરજીભાઈ આણંદજીભાઈ.

ભાવનગર.

આપે નિરંતર ધાર્મિક કાર્યનેજ અંગિત કાર્ય માન્યું છે અને સમગ્ર ધર્મકાર્યમાં તન મન અને ધનથી મદદ કરી છે. આપના સમાગમથી દેશ પરદેશમાં વસતા ઘણા મનુષ્યોને લાભ થયો છે તેમાં પણ મારા ઉપર મારી બાલ્યાવસ્થાથી આજ પર્યંત આપની કોમળ દૃષ્ટિ અને પ્રેમ હોવાથી મને મારા જીવનમાં ઘણોજ લાભ થયો છે.

પુંડરીક ચરિત્ર જેવા મહાન્ ગ્રંથનું ભાષાંતર કરવું તે મારી જેવા માણસનું કામ નહોતું અને કોઈ પણ ગ્રંથનું ભાષાંતર હું કરી શકું એવું સ્વપ્ન પણ મને નહોતું, છતાં આ ગ્રંથનું ભાષાંતર મેં કર્યું અને આપે તે દૃષ્ટિપથ પર કાઢી બહાર પાડવામાં ઉદારતા બતાવી તેથી મારા ઉપર તેમજ સમગ્ર વાચકવર્ગના ઉપર આપે અત્યંત ઉપકારનું કાર્ય કર્યું છે.

આપનું બહુમાન મને રોમે રોમે વ્યાપેલું છે, જેથી આ ઉપયોગી ગ્રંથ આપ જેવા યોગ્ય ગૃહસ્થને અર્પણ કરવાનો આનંદ અનુભવવા ઈચ્છું છું આશા રાખું છું કે મારી આ નમ્ર પ્રાર્થના આપ અવશ્ય સ્વીકારશો.

આજ્ઞાંકિત—દયાલાલ ગીરધર.

ભાઈઓ—૧ ગીરધરભાઈ-કુંવરજીભાઈથી વડીલ છે, અત્યંત ધર્મિષ્ઠ છે. સામાયિક ઉપર ઘણો પ્રેમ હોવાથી ભાવનગરમાં વૃદ્ધિચંદ્રજી સામાયિકશાળામાં સર્વ સામગ્રી પૂરી પાડવામાં તેઓ સારી સહાય આપે છે અને શ્રમ પણ લે છે. તેઓ તેમની યુવાવસ્થામાં તેમની પત્ની ગુજરી ગયા પછી બ્રહ્મચારીજ રહ્યા છે.

૨ હરખુભાઈ—આ વડીલ ભાઈ લગભગ ૬૫ વર્ષની ઉમ્મરે ગુજરી ગયેલ છે. આ ભાઈ એકંદર રમુજી અને જ્યા પોતે હોય ત્યાં આનંદનું સામ્રાજ્ય કરી મુકનાર હતા. તેઓ ધર્મિષ્ઠ હતા અને લઘુવયમા ગુજરી જવાથી ન પૂરી પડી શકે તેવી તેમની ખોટ પડી છે.

૩ ગુલાબચંદભાઈ—મ. કુવરજીભાઈથી આ ભાઈ લઘુ છે. આ ભાઈ આત્માનંદ સભા ચલાવવામા સારી ખંત રાખે છે. ઘણા સામાયિક કાર્યોમા આગળ પડતો ભાગ લે છે અને શાંત છે. ભવિષ્યમા સારૂં કામ કરશે એવું તેમનું વર્તન છે.

૪ ચુનીલાલ—આ ભાઈ યુવાન વયના છે તેમને વ્યાપારપર પ્રેમ સારો છે. સામાન્ય પણ [illegible] છે. ભવિષ્યમાં [illegible] કામ કરી બતાવશે એવું [illegible]

બહેનો—૧ જમન બહેન બાળવિધવા થયેલ છે, પરન્તુ ધર્મ ઉપર અત્યંત પ્રીતિ હોવાથી લગભગ ૨૨ વર્ષ પહેલાં દીક્ષા લીધી છે અને હાલ તે ગુરુણીજી શ્રી લાભશ્રીજીની મુખ્ય શિષ્યા [illegible] નામથી ઓળખાય છે.

૨ રતનબેન—આ બહેન [illegible] વરસની ઉંમરના છે અને લગભગ ૧૫ વર્ષથી વિધવા થયેલ છે. તેમને ધર્મ ઉપર અત્યંત પ્રેમ છે. [illegible] ખાતામા સારી [illegible] આ બેને ભાતું આપવાનું ખાતુ ખોલ્યુ છે જે ખાતું [illegible] રીતે ચાલે છે. મ. કુવરજીભાઈની હૈયાત બહેનોમાં આ બે બહેનો ઉપરાંત બેન [illegible] નામે એક નાની બેન પણ છે.

ગૃહસ્થાશ્રમ—શેઠ કુંવરજીભાઈના સંબંધમાં તેમનો ગૃહસ્થાશ્રમ સારો અને સુખી છે. તેમના લગ્ન પહેલી વખતની પત્નીના ગુજરી જવાથી બીજીવાર થયા હતા. બીજી વખતના પત્ની પણ લગભગ ચાર વરસ પહેલા ગુજરી ગયા છે અને તેમની પાછળ સારી રકમ કાઢી તેમાંથી દરવરસે ઉપયોગી નાના પુસ્તકો તેમના તરફથી બહાર પાડવામાં આવે છે. અત્યારે કુંવરજીભાઈને ૧ પરમાણંદ અને ૨ નગીનદાસ નામના બે પુત્રો છે અને એક જશકોર નામે પુત્રી છે. બંને પુત્રો લાયક છે અને આગળ ઉપર શુભ કાર્યો કરનાર થશે એવી આશા રાખવામાં આવે છે. કુંવરજીભાઈ અત્યારે વિધુર અવસ્થામાં છે અને બ્રહ્મચારી છે.

કુંવરજીભાઈનું જાહેર જીવન—આ ભાઈની બાલ્યાવસ્થામાંથીજ તેનામાં ધર્મનાં બીજ રોપાયેલા હોવાથી ધર્મકાર્યમાં પ્રવૃત્તિ ઘણી વધતી ગઈ છે. ક્રમે કરીને તેમણે શ્રી જૈનધર્મ પ્રસારક સભાની સંવત ૧૯૩૭ માં સ્થાપના કરી અને શ્રી જૈન ધર્મ પ્રકાશ નામનું માસિક બહાર પાડવા માંડયું, જે ૩૯ વરસથી સતત્ અખંડિતપણે બહાર પડે છે. તેમાં લેખો જૈન શાસનને અનુસરતા અને વાંચકવર્ગને સારો બોધ આપનારા બહાર પડે છે. જૈન સાહિત્યનો પણ ઘણો શોખ હોવાથી જૈનધર્મ પ્રસારક સભા મારફત તેમણે નાના મોટા લગભગ ૨૦૦ પુસ્તકો બહાર પાડ્યા હશે. આ ભાઈએ પોતાની જીંદગીમા ખરૂં કહીએ તો દ્રવ્ય ઉપાર્જન કરવાનો બીલકુલ વ્યવસાય કર્યોજ નથી. આ ભાઈને વ્યવહારકાર્યથી ફારગ રહી ધર્મકાર્ય કરવા દેવામા તેમના ભાઈઓને પણ ધન્યવાદ ઘટે છે. કુંવરજીભાઈએ પોતાની સરળતા અને શાસનપ્રેમવડે દેશ પરદેશઘણા ઉપકારના કામો કર્યાછે, જે અહીં લખતાઘણું લંબાણ થઈ જાય તેથી લખતા નથી. તેમના ઉપદેશથી ધનિક પુરૂષો પોતાના અઢળક દ્રવ્યનો સન્માર્ગે વ્યય કરે છે. આ ભાઈની વક્તૃત્વ શક્તિ અને પ્રભાવ એવો છે કે તેમનુ વચન સર્વ ઠેકાણે માન્ય થાય છે.

ભાવનગરના સામાજિક કાર્યોમાં પણ આ ભાઈ અગ્રભાગ લેનાર છે અને ભાવનગરની પ્રજાને તેમનાથી ઘણો લાભ થયો છે. આ ભાઈને જૈન સાહિત્ય ભણવા તેમજ ભણાવવાનો એટલો બધો પ્રેમ છે કે કોઈ તેમની પાસે વાંચવા આવે તો પોતે અત્યંત ખુશી થાય, એટલુંજ નહિ પણ વાંચવા આવવાની વારંવાર પ્રેરણા પણ કરે છે. ભાવનગરમાં આવતા મુનિમહારાજાઓની સાથે હમેશાં તેમણે વાંચવા વંચાવવાનો ક્રમ શરૂ રાખ્યો છે.

ભાવનગરની પાંજરાપોળને પણ આ ભાઈએ એક લાખ રૂપિયાની લોટરી કાઢી લગભગ સડસઠ હજાર રૂપિયા બચાવી સારા પાયા ઉપર લાવી દીધી છે. આ ખાતું તેઓ ઘણા વરસોથી સંભાળતા આવે છે અને તેને એક મહત્વનું કાર્ય ગણે છે.

આખી જીંદગી એક સરખી રીતે ધર્મકાર્યમાં ગાળવી તે પૂર્વનું અત્યંત પુણ્યાનુબંધી પુણ્ય હોય તોજ બની શકે છે. આ ભાઈને તેવું સદભાગ્ય પ્રાપ્ત થયું છે. તેવા ભાઈનું જે ગામમાં અસ્તિત્વ છે તેના વતનીઓનું પણ અહોભાગ્ય છે.

વળી કુંવરજીભાઈનું રાજ્યમાં પણ ઘણું સારૂં માન છે. તેઓ ધારેલું કાર્ય મોટા અમલદારો પાસે રાજી ખુશીથી કરાવી શકે છે. ભાવનગર શહેરની કોઈપણ જાહેર પ્રવૃત્તિમાં તેઓ હમેશાં કાર્ય કરવા તત્પર રહે છે. તેઓ પોતાથી બનતી આર્થિક સહાય દરેક કાર્યમાં આપે છે અને મહેનત કરી સારો ફાળો કરાવી આપે છે અને દરેક કાર્ય સાંગોપાંગ પાર ઉતારવાની તેમનામાં અદ્ભુત શકિત છે. સામે થવું, આક્ષેપો કરવા, કોઈની સાથે વિવાદમાં ઉતરવું. તેથી અન્યના દીલ દુખાવે તેવી પ્રવૃત્તિથી આ ભાઈ હમેશાં દૂરજ રહે છે. સર્વની સાથે ગળતાવડો આનંદી સ્વભાવ અને કોઈનું પણ દીલ દુખાવ્યા વગર કાર્ય પાર ઉતારવાની અદ્ભુત શકિત આ બંધુ ધરાવે છે. ભાવનગરની દરેક જાહેર પ્રવૃત્તિમાં તેમનો સારો ભાગ હોય છે. વળી દુષ્કાળ વિગેરે પ્રસં-

ગામમાં ગરીબને અનાજ, ઢોરોને ઘાસ વિગેરે પૂરા પાડવામાં તેઓ તનતોડ મહેનત કરે છે. જીવદયાના દરેક કાર્યમાં તેઓ રસ ભર્યો ભાગ લે છે. ભાવનગર જૈન સંઘની આખા હિંદુસ્તાનમાં જે ખ્યાતિ ફેલાયેલી છે અને ભાવનગર જૈન સંઘમાં થોડા ધનિક છતાં ભાવનગર સંઘની આખા હિંદુસ્તાનમાં જે સારી પ્રશંસા છે તે આ બંધુ અને અત્રેના સ્વ૦ શેઠ અમરચંદ જસરાજ વોરાને લીધેજ છે. આ બંધુએ તેમના જીવનમાં એટલાં કાર્યો કર્યા છે કે તેનું લીસ્ટ આપતાં પણ બહુ મોટું થઇ જાય તેવું છે. ટુંકાણમાં તેમની આખી જીવનપ્રવૃત્તિ જાહેર હિતના સવાલો વિચારવામાં અને જાહેર કાર્યો કરવામાંજ પસાર થઈ છે.

આવા મહાન પુરૂષને અત્યારના કાળમાં એક પ્રભાવિક પુરૂષ ગણવા તે કાંઈ અતિશયોક્તિ નથી. પરમાત્મા પ્રત્યે અમારી પ્રાર્થના છે કે તેઓ દીર્ઘાયુષી થઇ નિરંતર અનેક ધર્મકાર્યો કરી શાસનનો ઉદ્યોત કરે.

સંવત ૧૯૮૦ ⎫ **સંઘવી ડાયાલાલ ગીરધર.**
ફાગણ શુદિ ૮. ⎭ ભાવનગર.





શ્રીમાન્ મહાવીરપ્રભુના જૈન શાસનમાં કોટીગણ, વજ્રશાખા અને ચંદ્રગચ્છ વિસ્તાર પામ્યો. ચંદ્રગચ્છના નાયક શ્રીચંદ્રપ્રભસૂરિની પાટે ધર્મઘોષસૂરિ થયા. ધર્મઘોષસૂરિની પાટે ચક્રેશ્વરસૂરિ, ચક્રેશ્વરસૂરિની પાટે ત્રિદશપ્રભસૂરિ, ત્રિદશપ્રભસૂરિની પાટે તિલકસૂરિ, તિલકસૂરિની પાટે ધર્મપ્રભસૂરિ, ધર્મપ્રભસૂરિની પાટે અભયપ્રભસૂરિ અને અભયપ્રભસૂરિની પાટે રત્નપ્રભસૂરિ થયા. તે રત્નપ્રભસૂરિના શિષ્ય કમળપ્રભસૂરિ ચૌદમા સૈકામાં થયા, જેમણે આ પદબંધ મૂળગ્રંથની રચના વિક્રમ સંવત ૧૩૭૨ માં પીળાકા ગામમાં કરી.

આ મૂળ ગ્રંથના રચનાર મહાન્ ધુરંધર આચાર્ય થઇ ગયા. તેમનો સંસ્કૃત ભાષા ઉપર અલૌકિક કાબુ હોવો જોઇએ, કારણકે તેમનું બનાવેલું આ મહાકાવ્ય વિવિધ પ્રકારના અલંકારો અને ઉપમાથી વ્યાપ્ત છે, એટલુંજ નહિ પણ કેટલાક અલંકારો અને ઉપમાઓ તો વિચિત્ર અને અલૌકિક રીતે ઘટાવ્યા છે, કવિઓ જે કહે છે કે 'સાચું અમૃત કાવ્યરસજ છે' તેને આ મૂળ ગ્રંથ પૂરેપૂરી પુષ્ટિ આપે છે. સંસ્કૃત જાણનારને આ ગ્રંથ અવશ્ય વાંચવા લાયક અને ઘણુંજ જ્ઞાન આપવાવાળો છે. ઠેકાણે ઠેકાણે બીજે સ્થળે દૃષ્ટિમાં ન આવે તેવા પ્રસ્તાવિક શ્લોકો પણ આ કાવ્યમાં ઘણા આવે છે. આ ગ્રંથ વાંચવાથી અને વાંચ્યા પછી તેનું મનન કરવાથી કર્તાએ કાવ્યમાં ગુંથેલી ચમત્કૃતિનો પ્રકાશ થાય છે. વાંચનારને એકંદર આનંદરસ ઉપજાવનારૂં અને એક વખત વાંચ્યા પછી ફરીથી તેનું તેજ પુસ્તક વાંચવાની અપેક્ષા કરનારૂં

આ પુસ્તક છે.

આ સંસ્કૃત કાવ્ય મહાકાવ્ય છે. કર્તાએ જો કે તેની અંદર અનેક ચમત્કારો અને ભાવો પ્રગટપણે તેમજ ગૂઢપણે રાખેલા છે છતાં તેને અત્યંત કઠણ થવા દીધું નથી, સંસ્કૃત ભાષા અત્યંત કોમળ છટાદાર અને આનંદદાયક છે. વાંચનારને સંસ્કૃતનો તેમજ જૈનશાસ્ત્રનો સારો બોધ આપનારૂં આ કાવ્ય છે.

આજ સુધી શત્રુંજયના દીપકતુલ્ય પુંડરીકસ્વામી જેવા મહાપુરૂષનું ચરિત્ર સંપૂર્ણપણે બહાર ન પડવાનું કારણ એજ દેખાય છે કે-કમળપ્રભસૂરિએ રચેલા આ કાવ્યની નકલો જોઇએ તેટલા પ્રમાણમાં લખાયેલી નહિ હોય, કારણકે આ ચરિત્રની પ્રત અમને ફક્ત એકજ મળી શકી અને તે પણ પડીમાત્રાની અને અત્યંત જુની હોવાથી જીર્ણપ્રાય હતી. આ ગ્રંથ અત્યંત ઉપયોગી તેમજ પ્રસિદ્ધ કરવાની આવશ્યકતાવાળો જણાવાથી અમે એક સારા પંડિત તરીકે ગણાતા મી. બેચરદાસ પાસે સારી રીતે સંશોધન કરાવીને બહાર પાડ્યો છે. વાંચનારને સરળ થવા વાસ્તે તેમાં પર્યાય શબ્દો અને નોટ પૂરતા પ્રમાણમાં આપેલી છે.

આ ગ્રંથમાં આઠ સર્ગ અને છેવટે એક સર્ગ જેટલી સમાપ્તિ કરેલી છે. તેમાં વિસ્તારથી પુંડરીકસ્વામીનું ચરિત્ર આપવા ઉપરાંત પ્રથમ ચક્રવર્તી ભરતમહારાજનું અને પ્રથમ જિનપતિ ઋષભદેવનું વર્ણન પણ આપેલું છે. સિદ્ધાદ્રિ-શત્રુંજયનું વર્ણન પણ સારા પ્રમાણમાં આપી ઘણો પ્રકાશ કર્યો છે.

વિષયાનુક્રમણિકા—

સર્ગ ૧ લો—આ સર્ગમાં કર્ત્તાએ માંગળિક કરીને યુગાદિનાથને કેવળજ્ઞાનના પ્રસંગમાં અયોધ્યા નગરીથી શરૂઆત કરીને ઋષભદેવ રાજા, તેમની પત્નિઓ, તેમના પુત્રોના પૂર્વભવની સાથે જન્મ અને નામો, પુંડરીકસ્વામીનો જન્મ, ઋષભદેવની દીક્ષા તથા તેમને ભિક્ષાની અપ્રાપ્તિ, કચ્છ મહાકચ્છ, નમિ અને વિનમિ, શ્રેયાંસકુમારનું જ્ઞાન, તક્ષશિલાના



રૂપ થઈ જાય છે. વળી દેવીની સહાયથી આ કુમાર ત્રૈલોક્યસુંદરીને સ્વયંવરમાં પરણે છે અને ત્રણ ખંડનો સ્વામી થાય છે. તે સિવાય આ કુમારની પિતૃભક્તિ અને ત્રૈલોક્યસુંદરીની પતિભક્તિ રોમાંચ ખડા કરે તેવી રીતે બતાવી છે. આ ચરિત્રમાં તીર્થયાત્રાનો પ્રભાવ પણ દેખાડ્યો છે. સ્ત્રી તથા પુરૂષ બંનેને આ ચરિત્ર અત્યંત ઉપયોગી અને જીવન નિર્મળ કરવામાં કારણભૂત થઈ પડે તેવું છે.

સર્ગ ૫ મો—પુંડરીકસ્વામીનું ચંપાપુરીમાં આગમન, લક્ષ્મીધરરાજાનું ચંદ્રના છત્ર સહિત પ્રભુને વંદન કરવા આવવું, હરિણગમેષી દેવે તે રાજાને ચંદ્રનું છત્ર પ્રાપ્ત થવાનું પૂછેલું કારણ, પુંડરીકસ્વામીએ કહેલ શિયળ અને તપનો મહિમા પ્રદર્શિત કરનાર લક્ષ્મીધરરાજાનો પૂર્વભવ, એંશી લાખ માંડળિકરાજા સાથે લક્ષ્મીધરરાજાએ લીધેલી દીક્ષાનું વર્ણન.

આ ચરિત્રની અંદર પરસ્ત્રીથી ભય પામતો રાજા સુરેન્દ્રદત્ત સમીપ આવતી સ્ત્રીનું કેવી રીતે નિવારણ કરે છે અને નિવારણ કરતાં તે સ્ત્રીને થયેલ દુઃખ ઉપજાવવાના પાપનું અરણ્યમાં પ્રતિક્રમણ કરી તે આલોચના કરે છે. અમરશેખર કુમાર અને વસંતસેન મિત્રના સંબંધમાં મિત્રો કેવા હોય છે તે દેખાડે છે, યતિ પાસેથી પ્રાપ્ત થયેલ નવકારમંત્રનો પ્રભાવ ઘણી સારી રીતે દેખાડ્યો છે. પરોપકાર, સત્વ, પિતૃભક્તિનો પણ સારી રીતે ચિતાર આપ્યો છે તે ઉપરાંત આચામ્લચંદ્ર તપ કરવાનો વિધિ તથા તે તપનું ઉદ્યાપન અને પારણાનો વિધિ આપેલો છે તે ખાસ જાણવા જેવો છે. તે તપના પ્રભાવથી લક્ષ્મીધરરાજાને ચંદ્રદેવે તુષ્ટમાન થઈને પોતાનું છત્ર મોકલ્યું, તે હકીકત આકર્ષક છે. પ્રેમની એકતા દ્રષ્ટાંત આપવા પૂર્વક સમજાવેલ છે, જિનેશ્વરની આજ્ઞા લઈને ચંદ્રદેવ અમરશેખર મુનિ તથા વસંતસેન મુનિને જ્યોતિષ્કલોકમાં શાશ્વત્ જિ બોને વંદન કરવા માટે લઈ જાય છે. સૂર્યના ઉદય વખતે ચંદ્રનુ વિમાન નિષ્પ્રભ દેખાય છે, તેનુ ચંદ્ર દેવે કરેલું સમાધાન પણ આપેલ છે. વૈરાગ્ય તથા પ્રમત્યાનું

માહાત્મ્ય, ચંદ્રદેવની પુંડરીકસ્વામી પ્રત્યે ભક્તિ વિગેરે ઘણી ઉપયોગી હકીકતનો સમાવેશ કર્યો છે.

સર્ગ ૬ ઠો—પુંડરીકસ્વામીનું ગજપુરનગરમાં આગમન, ત્યાં સોમયશારાજાનું વિજયસેન મંડળિકરાજા તથા ગુણારામ શ્રાવકની સાથે આવવું, શ્રાવકની ધર્મભાવનાના સંબંધમાં પુંડરીકસ્વામીએ કહેલ ભાવધર્મના મહિમા યુક્ત વિજયસેનરાજાનો પૂર્વભવ અને દેવદ્રવ્ય ભક્ષણ ઉપર ગુણારામ શ્રાવકના પૂર્વભવનું વર્ણન, વિજયસેનરાજાનું દીક્ષા ગ્રહણ.

આ ચરિત્રની અંદર ભુવનભાનુનું કળાકુશળપણું, વિદ્યાગુરૂનો સત્કાર, વિદ્યાગુરૂની શિક્ષા બતાવવા ઉપરાંત લક્ષ્મી અને અલક્ષ્મીનું સ્વરૂપ તથા અલક્ષ્મીએ દેખાડેલ લક્ષ્મી કરતાં વધી જતી પોતાની યોગ્યતાનું સ્વરૂપ બતાવ્યું છે, તે ખાસ જાણવા યોગ્ય છે: સત્વની પરીક્ષામાં ભુવનભાનુ કુમારનું અડગ પણે રહેવું અને અલક્ષ્મીનું આમંત્રણ કરવું એ ચિતાર રોમાંચ ઉભા કરે તેવું છે. ભુવનભાનુ કુમારે ઋણ રહિત થવા વાસ્તે ચંડાળનું દાસત્વ અંગીકાર કર્યું તે ઋણથી મુક્ત થવાની ઉચ્ચ ભાવના આકર્ષક અને ધડો લેવા લાયક છે. આ કુમારે રાક્ષસને પોતાનો દેહ અર્પણ કરી એક યોગીની રક્ષા કરી, રાક્ષસથી ભક્ષણ કરાતા કુમારની નિર્મળ ભાવના આકર્ષક છે. તે સિવાય કુમારની જિનબિંબ પ્રત્યે ભક્તિનું સ્વરૂપ આપેલું છે. નાગરાજ તુષ્ટમાન થઈ કુમારને પાતાળમાં લઈ જાય છે તે પ્રસંગમાં નાગનગરમાં ઉત્સવ, નાગદેવીએ તથા ધરણેંદ્રે કરેલું ભુવનભાનુનું બહુમાન વર્ણવ્યું છે. કુમારની નરકપૃથ્વી જોવાની ઇચ્છા થવાથી નરકપૃથ્વીનું વર્ણન આપેલું છે અને કેટલીક નરકપૃથ્વી કુમારને બતાવી છે. ધરણેંદ્રની સાથે ભુવનભાનુનું ભોજન, પછી ભુવનભાનુને ધરણેંદ્ર પૃથ્વી ઉપર મૂકે છે. કુમાર રાધાવેધ કરી સ્વયંવરમાં કર્પૂરમંજરીને પરણે છે, કર્પૂરમંજરીને સૂર્યવિમાનમાં રહેલા જિનબિંબોને નમસ્કાર કરવાનો દોહદ થાય છે, ભુવ-

'નભાનુ તથા કપૂરમંજરીનું સૂર્યવિમાનમાં જવું, સૂર્યવિમાનમાં રહેલા જૈનપ્રાસાદનું વર્ણન વિગેરે ઉપયોગી હકીકતનો સમાવેશ કર્યો છે. દિવાકર વિપ્રનું દેવદ્રવ્ય ભક્ષણ કરવાથી ભવ ભ્રમણ અને શ્વાનના અવતારનું પ્રાપ્ત થવું. સિદ્ધાચળનો મહિમા, શુભ-રામ શ્વાનનું અનશન કરી પંચત્વ પામવું વિગેરે વર્ણન આપેલું છે.

સર્ગ ૭ મો.—પુંડરીકસ્વામીનું મથુરાપુરીમાં આગમન, ત્યાં ધનશ્રેષ્ઠીનું પોતાના પુત્ર દેવદત્તને લઇને આવવું, શ્રેષ્ઠીએ દેવદત્તની સ્ત્રી વિમળાના દુરભિગંધપણાનો કરેલો પ્રશ્ન, પુંડરીક-સ્વામીએ કહેલ મુનિની દુગંછા, મંદિરની આશાતના અને પ્રાણિઓનો વિયોગ કરવાના ફળને પ્રકટિત કરનાર દેવદત્ત અને વિમળાના પૂર્વભવનું વૃત્તાંત અને દેવદત્તનું ત્રીશ હજાર વણિકોની સાથે દીક્ષા ગ્રહણ.

આ ચરિત્રમા દુરભિગંધવાળી વિમળાનું દુરભિપણું હરિ-ણુગમેષીદેવે લાવી આપેલા પુંડરીકસ્વામીના ચરણપ્રક્ષાલનના નીરથી દૂર થાય છે તેના પૂર્વભવમા નિર્ધન કુટુંબમા ઉત્પન્ન થયેલ પ્રતાપી ગજકુમારના પ્રતાપને જ્યેષ્ઠબંધુઓ સહન કરતા નથી ગજ તેમના પરત્વે ઉદાર ભાવના રાખે છે. ગજ પોતાના પિતાનું કાર્ય કરી ધન ઉપાર્જન કરવા દેશાંતર જવાની ઇચ્છા બતાવે છે, તેના પિતા ધનશેઠ શ્રીધર નામના મિત્રે કરાવેલ જિન-મંદિરનો જીર્ણોદ્ધાર કરવા ઇચ્છા બતાવે છે, ગજ પિતાની ઇચ્છાનુસાર જીર્ણોદ્ધાર કરે છે ધનશેઠ એકદા આઠ ઉપવાસ કરે છે ત્યારે ગજ તેના પારણાને દિવસે ઉત્સવ કરી ધર્મિષ્ઠ અને સ્વ-જનવર્ગને જમાડે છે, તે દિવસે દ્વેષથી યુક્ત તેના જ્યેષ્ઠબંધુઓ ગજને ઝેર આપે છે અને ગજ મૂર્છા પામે છે, ત્યા એક દિવ્ય મયૂર આવી તેને નિર્વિષ કરે છે, મહસેનરાજા બંને જ્યેષ્ઠ બંધુઓનો વિનાશ કરવાનો હુકમ કરે છે, ગજ તેમને બચાવવા પોતાની ઉદાર વૃત્તિ બતાવે છે. છેવટે રાજા તેમને જીવતા રાખી દેશનિકાલ કરે છે, ગજનો પિતા એક પુષ્પ સુંઘવાથી અને સર્પ

આ ગ્રંથમાં પહેલા ત્રણ સર્ગમાં અને આઠમા સર્ગમાં જે આદીશ્વર ભગવાનનું ચરિત્ર, ભરતમહારાજનું ચરિત્ર તથા શત્રુંજયની હકીકત આપેલી છે તે જો કે ઘણે ઠેકાણે આવી ગયેલી છે છતાં આ ગ્રંથમાં તેજ હકીકતનું કર્ત્તાએ ઘણી ખુબીથી વર્ણન કર્યું છે. સર્ગ ચોથા, પાંચમા, છઠ્ઠા અને સાતમામાં આપેલા ચાર ચરિત્રો તદ્દન અપ્રસિદ્ધ છે. તે ચરિત્રો ખાસ મનન પૂર્વક વાંચવા જેવા છે અને જીવનમાં ઘણોજ સુધારો કરવાવાળા છે. આ ગ્રંથ હાથમાં લીધા પછી સાદ્યંત વાંચવાની રૂચી થયા વિના રહેતી નથી. આ ગ્રંથનું જો વિસ્તારથી વિવરણ કરવા બેસીએ તો ગ્રંથ કરતાં પણ મોટું પુસ્તક થઈ જાય તેમ છે. વાસ્તે સાદ્યંત વાંચી જઈ કર્ત્તાનો અને પ્રસિદ્ધ કર્ત્તાનો શ્રમ સફળ કરશો એવી આશા છે.

સંસ્કૃતના અભ્યાસીઓ સર્વે હોતા નથી તેથી તેમજ ગ્રંથ વાંચવા સમજવા યોગ્ય હોવાથી અમે આ ગ્રંથનું ભાષાંતર મૂળની સાથેજ બહાર પાડેલ છે. આ ભાષાંતર બહાર પાડવામાં રા. રા. કુંવરજીભાઈ આણંદજીભાઈએ પ્રુફો તપાસી આપી શુદ્ધ કરી આપ્યો છે તેને વાસ્તે તેમનો આભાર માનું છું. આ ભાષાંતરમા મતિદોષથી અથવા દ્રષ્ટિદોષથી કંઈ સ્ખલના થઈ હોય તો તેનો મિચ્છામિ દુક્કડં આપું છું.

આ પુસ્તકનું ગૌરવ વધારવા તેમા આવતા પ્રસંગને લગતા તેર આકર્ષક ચિત્રો નાખવામા આવ્યા છે.

આ ગ્રંથમાં દરેક પારામા આવતી હકીકતના હેડીંગ શરૂઆતમાં બ્લાક ટાઇપમાં આપી નવી સ્ટાઇલ દાખલ કરી છે અને વાંચનારની સુગમતા ઉપર પૂરતું લક્ષ આપ્યું છે.

આ મૂળ ગ્રંથ પત્રાકારે સાગ એન્ટિકપેપર ઉપર સુપરરોયલ આઠ પેજી પૃષ્ઠ ૩૧૪નો ૧૩ ચિત્રો સાથે અમે પ્રગટ કરેલ છે. તેની કિંમત રૂ ૧૦) રાખી છે.

સંવત ૧૯૮૦ | સંઘવી મોહનલાલ ગીરધર
ચૈત્ર શુદિ ૧૫ | ભાવનગર.

સેવનથકી પોતાનો સમસ્ત દેહ આપીને (તુલામાં મૂકીને) રક્ષણ કર્યું તેથી ત્રણ ભુવનની પ્રભુતારૂપ જિનેંદ્રલક્ષ્મીનું સામીપણું મને કરાવશે એમ બે જન્મથી સાથે રહેલી ચક્રીકમળાને જેમણે પ્રમુદિત કરી છે તે શ્રી શાંતિનાથ પ્રભુ તમોને પ્રભાશાળી બનાવો.

શ્રી નેમિનાથ-વિવાહના મિષથી જઇને આઠ જન્મની પ્રિયા રાજીમતીને મોહરૂપી શત્રુથકી મૂકાવીને દીક્ષારૂપી ભાજન તેના હાથમાં આપી હાથ ધોવાના ન્હાનાથી નિર્મળ જ્ઞાનરૂપ જળ આપીને જેમણે સિદ્ધિસુખરૂપ ભોજન કરાવ્યું અને પોતે પાછળથી તે ભોજન કર્યું એવા શ્રી નેમિનાથ પ્રભુ તમને કલ્યાણ માટે થાઓ.

શ્રી પાર્શ્વનાથ—કમઠની જળવૃષ્ટિ સમયે ધરણેન્દ્રે જે પ્રભુના ઉત્સાયમાન થતા દેહને ઉંચો કર્યો છે અને જેમને કલ્પવૃક્ષની જેમ વિસ્તાર પામતા ફણારૂપી પલ્લવો છે, વિકસ્વર મનરૂપી પુષ્પો છે, શ્યામ કિરણોરૂપી પત્રો છે અને તેજ વખતે જેમને કેવળજ્ઞાનરૂપ ફળ ઉત્પન્ન થયું છે તે શ્રી પાર્શ્વનાથ તમને પાસે રહેનારી એવી (શાશ્વત)લક્ષ્મી આપો.

શ્રી વર્ધમાનસ્વામી-આ જગતમા જેમણે ત્રિશલામાતાના ઉદરમાં રહી પોતાનું અતિ લઘુપણું દેખાડ્યું અને જન્મસ્નાત્રને વખતે અંગુઠાના અગ્રભાગથી મેરૂપર્વતને નચાવી પોતાનુ ગુરૂપણું બતાવ્યું, તેમજ માતાના ઉંચા પ્રકારનાં ગૌરવને સૂચવ્યું એવા અને ધ્યાનવડે કરીને વધતા મહિમાવાળા ગર્ભયોગી જિનેશ્વર શ્રી વર્ધમાનસ્વામી તમને કલ્યાણને માટે થાઓ.

શ્રી પુંડરીકસ્વામી--શ્રી ઋષભપરમાત્માના આદેશથી " કેવળરત્નકોશ " (શત્રુંજયનું પહેલા કેવળરત્નકોશ નામ હતું) પર્વતે જઇને તે પર્વતનું "શત્રુંજય" નામ પ્રગટ કરી જેઓએ ક્રોધાદિ શત્રુઓને જીત્યા છે એવા યોદ્ધારૂપ મુનિઓને અક્ષીણ લક્ષ્મી (કેવળજ્ઞાન) યુક્ત કર્યા તે શ્રી પુંડરીક ગણધર તમારૂં રક્ષણ કરો.

શ્રી ગૌતમસ્વામી-પોતાની પાસે રહેલી પોતાના ભોગની અવધિવાળી અક્ષીણમહાનસી નામની લબ્ધિ બીજાઓને ઉપયોગી

યુગાદિનાથને કેવળજ્ઞાનની પ્રાપ્તિ.

અયોધ્યા નગરીનું વર્ણન--ઉચ્ચ પ્રકારની સંપદાના સ્થાનરૂપ અયોધ્યા નામની નગરી છે. તે નગરીના સ્વામી અરિહંત હોવાથી દેવમંદરની ફરકતી ધ્વજારૂપ ભુજાઓવડે કરીને જાણે નાચતી હોય તેવી તે દેખાતી હતી. આ નગરીમાં મણિમય કોટમાંથી સ્ફૂરાયમાન થતા તેજરૂપી જળની અંદર રહેલા પ્રાસાદરૂપી કમળો હતા અને તેમાં પ્રવેશને પામેલો એવો મધ્યાહ્નનો સૂર્ય રાજહંસની જેવો શોભતો હતો. આ નગરીની અંદર મનુષ્યો પ્રિય વાણી સહીત દાન દેતા હતા તેથી મૂકપણાવડે (મૂંગાપણાવડે) લજ્જિત થયેલા કલ્પવૃક્ષો અદૃશ્ય થઇ ગયા, વળી હમેશા પુત્રો પિતાઓનો અત્યંત સત્કાર કરતા હતા તે ઓઇનેજ જાણે પુત્રતુલ્ય કામ અને અર્થ પિતાતુલ્ય ધર્મને આ નગરીની અંદર પીડા કરતાજ નહોતા.

રાજા ઋષભદેવ સુર અને અસુરના મુકુટોએ કરી છે આરતિની રચના જેમની એવા અરિહંત શ્રી ઋષભદેવ રાજા અહિંની પ્રજાનું રક્ષણ કરે છે અને અને ચતુર બનાવીને તેમણે સમગ્ર જગતને કાર્યકુશળ બનાવ્યું છે તેથી પુરૂષોત્તમ એવા નાભિરાજાથી ઉત્પન્ન થયેલા આ સ્રષ્ટા (બ્રહ્મા) છે એમ ડાહ્યા તેમને કહે છે. અયોધ્યા નગરીમાં તે વખતે અતિ કુટિલપણું બીજના ચંદ્રમાની અંદરજ હતું, ચંચળપણું વીજળી અંદરજ હતું, અતિ તીક્ષ્ણપણું ફક્ત અગ્નિમાંજ હતું, પણ નગરજનોમાં તેવા પ્રકારનું કાંઇ નહોતું. આ નગરીમાં રાજા સુંદર વસ્ત્રોવડે કરીને સુખી થતા અને ગોવાળીયા દહિં માખણ આદિ વસ્તુવડે કરીને સુખી થતા હતા હસ્તિઓ મદ સહિત તથા મદઝરતા (મદઝરતા) વાળા હતા. અને મનુષ્યરૂપી હસ્તીઓ દાન દેવાવડે કરીને સજ્જનોને પ્રેમ કરવાવાળા હતા. લોકોમાં માર (કામદેવ) ફક્ત દ્રવ્યમાં સ્ત્રીના જેવા થકીજ હતો અને બંધ ફક્ત પ્રેમથીજ હતો; મનુષ્યો મન, વચન અને કાયાનીજ શુદ્ધિ (દેખાતું) કરતા પણ વાસ્તવિક માર, બંધ તથા દેહ-

ખાનાનો ઉપયોગ આ નગરીની અંદર કરવો પડતો નહોતો. તે વખતે ધર્મીષ્ઠ, ન્યાયી તથા દાની રાજાઓ હોવાથી સમગ્ર પૃથ્વી પવિત્ર, સુંદર અને રસાળ બની હતી પ્રભુ ઉપર અતિ રાગવાળી તેની કીર્તિએ સર્વ સ્થળે પ્રસરીને સુર, અસુર અને રાજાઓને નમાવ્યા હતા તેથી પ્રભુને ધનુષ્ય ચડાવવાનો વખતજ આવ્યો નહોતો, વધારે શું કહેવું પણ ધાન્ય નિષ્પત્તિ આદિ કળાઓ બતાવીને જિનેશ્વરરૂપી સૂર્યે અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કર્યો પણ કરવડે કરીને [વિશેષ રીતે] લોકોને સંતાપ પમાડ્યો નહોતો. આવા પ્રભુના મહોત્સવોમાં જેમણે નેત્રકમળવડે આશ્ચર્ય ઉપજાવે તેવા રસનું પાન કર્યું તેજ લોકો ધન્ય અને પુણ્યશાળી છે.

ઋષભદેવની પત્નીઓ—સ્વરૂપવડે કરીનેજ દૃષ્ટિમાં સ્થિત રહેલા છે મંગળો જેને એવી સુમંગળા અને બીજી સર્વદા આનંદકારી એવી સુનન્દા નામની બે સ્ત્રીઓ પ્રભુને હતી. સ્વામી અનાસક્ત મનવાળા હોવા છતાં પણ તેમની સાથે સુખને ભોગવતા હતા, કારણ કે ભોગાવળી કર્મોનો બીજી કોઈ રીતે પાર પામી શકાતો નથી. છ લાખ પૂર્વમાં કાંઇક ઓછો કાળ વીત્યા પછી મેઘપંક્તિ દીપ જ્યોતીને ધારણ કરે તેવી રીતે પ્રભુપત્ની સુમંગળાદેવીએ ગર્ભને ધારણ કર્યો અને આનંદકારી હૃદયવાળી એવી સુનંદા દેવીએ પણ પ્રભુની સેવાના પ્રભાવથી ભવ્ય જીવ જેમ સંપૂર્ણ સદ્ધર્મને ધારણ કરે તેવી રીતે ગર્ભને ધારણ કર્યો. જે રાત્રીએ સુમંગળા દેવીએ ગર્ભને ધારણ કર્યો તે રાત્રીએ તેણે હાથી, ઋષભ, સિંહ, લક્ષ્મી, પુષ્પની માળા, ચંદ્ર, સૂર્ય, કળશ, ધ્વજ, પદ્માકર, વિમાન, સમુદ્ર, રત્નપુંજ અને અગ્નિ એ પ્રમાણે હર્ષને ઉપજાવનારા ચાૈદ મહા સ્વપ્નાઓ દીઠા. ત્યારપછી જાગેલી, કાન્તિથી યુક્ત તે મહાસતી સુમંગળાદેવી પ્રભાતે હર્ષથી યુક્ત થઈ પ્રભુ પાસે પૂછવાને આવી. સુનંદા દેવીએ પણ સ્વપ્નમાં પોતાના બે પંજામા આક્રમણ કર્યો છે ઐરાવણ હાથીને જેણે એવો સંપૂર્ણ કાન્તિવાળો મૃગેન્દ્ર પોતાના ઉત્સંગની (ખોળાની) અંદર પ્રાપ્ત થયેલો જોયો હતો તેથી તે પણ તેજ વખતે

પ્રભુ પાસે આવી. તે બંને દેવીઓના સ્વપ્નાઓને સાંભળીને પ્રભુએ અતી કોમળ વાણીથી સુમંગળા દેવીને કહ્યું કે—'તમને સ્વપ્નાના પ્રભાવથી ચક્રવર્તિપુત્ર પ્રાપ્ત થશે.' સુમંગળા દેવીએ ફરીથી પૂછ્યું કે—'મારો પુત્ર કયા કર્મવડે કરીને ચક્રવર્તિ થશે તે હે પ્રભુ! કૃપા કરીને કહો.' ત્યારપછી પ્રભુ જ્ઞાનવડે કરીને પવિત્ર વાણી છે જેમની એવા જગદ્‌ગુરૂ બોલ્યા કે—'હે દેવીઓ! તમે બંને હું કહું તે પૂર્વભવની વાત સ્થિર ચિત્તે સાંભળોઃ—

ઋષભદેવના પુત્રોના પૂર્વ ભવો—મહાવિદેહ ક્ષેત્રની અંદર પુંડરીકિણી નગરીના સ્વામી અરિહંત વજ્રસેન હતા. તેમને વજ્રનાભ, બાહુ, સુબાહુ, પીઠ અને મહાપીઠ નામના પાંચ પુત્રો હતા તેમાં પહેલા પુત્ર વજ્રનાભ લાંબો વખત સુધી ચક્રી થયા. કેટલોક કાળ વીત્યા પછી સંસારને અસાર સમજનારા એવા તે પાંચે પુત્રોએ પોતાના પિતા વજ્રસેન જિનેશ્વરની પાસે દીક્ષા લીધી. ગણધરપદને પ્રાપ્ત થયેલા વજ્રનાભ મહામુનિએ અરિહંત પરમાત્માની ભક્તિ આદિ સ્થાનકોવડે કરીને તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું. બીજા પુત્ર બાહુએ સાધુઓને ભાતપાણી લાવી આપી અત્યંત ભક્તિ કરી તેથી ઘણા ભોગની વિભૂતિને દેવાવાળું ચક્રીપણું ઉપાર્જન કર્યું. કહ્યું છે કે—

धर्मोपदेशे गुणलाभयोगे चित्तप्रसादे श्रुतगाहनादौ ।
अन्नं हि हेतुर्दुरिताब्धिसेतुर्देयं यतिभ्यः शम-सन्मतिभ्यः ॥

ધર્મનો ઉપદેશ કરવામાં, જ્ઞાન દર્શન અને ચારિત્ર ગુણોને પ્રાપ્ત કરવામાં, ચિત્તની પ્રસન્નતા કરવામાં અને પવિત્ર એવા શાસ્ત્રનું અવગાહન કરવામાં દુરિતરૂપી અબ્ધિ (સમુદ્ર)ને ઓળંગવામાં સેતુ (પાળ) સમાન ફક્ત અન્નદાનજ એક હેતુ છે, તેથી મનુષ્યોએ શાંત અને સુંદર મતિવાળા સાધુઓને અન્નદાન આપવું જોઇએ. શાસ્ત્રમાં કહ્યું છે કેઃ—

३ 'तीहिं ठाणेहिं जीवा सुहदीहाउयत्ताए कम्मं पगरंति. तं जहा—पाणे नो अइवाइत्ता, नो मुसं वइत्ता, तहारूवं वा फासुएणं, एसणिज्जेणं, मणुन्नेणं, पीइकारएणं, असण-पाण-खाइम-साइमेणं पडिलाभित्ता भवइ—इच्चेएहिं तीहिं ठाणेहिं जीवा सुहदीहाउयत्ताए कम्मं पगरंति.

ત્રણ સ્થાનોવડે કરીને એટલે-પ્રાણાતિપાતનો ત્યાગ કરવાથી, મૃષાવાદનો ત્યાગ કરવાથી અને શુદ્ધ આચારવાળા સાધુને નિર્દોષ, લેવા યોગ્ય, મનોજ્ઞ, અને પ્રીતિના કારણરૂપ અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ એ ચાર પ્રકારનો આહાર દેવા વડે જીવો લાંબા કાળનું શુભ આયુઃકર્મ ઉપાર્જન કરે છે.

સુબાહુ નામના ત્રીજા પુત્રે સાધુઓના શરીરની સર્વદા વૈયાવચ્ચ કરી તેના પ્રભાવે તેણે ચક્રવર્તિથી પણ અધિક વીર્યને પ્રાપ્ત કરવાવાળું કર્મ ઉપાર્જન કર્યું. કહ્યું છે કેઃ—

तपःयुतां ग्लानियुतां यो, जरायुतां देहमथो गुरूणाम् ।
विश्रामणाद्यैः कुरुते बलाढयं, बलाधिकः स्यात् स कथं न विश्वे ?॥

'તપથી યુક્ત, ગ્લાનિવાળા અને વૃદ્ધાવસ્થાને પ્રાપ્ત થયેલા એવા ગુરૂના દેહને વૈયાવચ્ચ આદિથી બળવડે યુક્ત જે કરે છે તે જગતની અંદર અધિક બળવાળો કેમ ન થાય?'

શ્રી વજ્રનાભમુનિના મુખથી સુબાહુ અને બાહુની પ્રશંસા સાંભળીને ઇર્ષાવડે કરીને પીઠ અને મહાપીઠમુનિ કલુષિત અંતઃકરણવાળા થયા અને તેથી કરીને ઉગ્ર તપસ્યાને કરવાવાળા હોવા છતાં પણ ઇર્ષાવડે કરીને સહેજ માયાથી યુક્ત એવા તે બે મુનિઓએ સ્ત્રીપણાને યોગ્ય કર્મને ઉપાર્જન કર્યું. પાંચે ઇંદ્રીયો વશ છે જેમને અને કર્યો છે પંચપરમેષ્ટી નમસ્કાર જેમણે એવા જીતેન્દ્રિય પાંચે મુનિઓ સુખપૂર્વક કાળધર્મ પામીને સર્વાર્થસિધ્ધ નામના વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયા. રાજા ઋષભદેવ કહે છે કે-શ્રી વજ્રનાભનો જીવ ત્યાંથી ચ્યવીને મરૂદેવાના ઉદરમાં હું નાભિરાજાના પુત્રપણે ઉત્પન્ન થયો છું. બાહુ અને પીઠના જીવો ત્યાંથી ચ્યવીને હે સુનન્દાદેવી ! તમારી કુક્ષિને વિષે યુગ્મરૂપે આવેલા છે તથા મહાપીઠ અને સુબાહુના જીવો દેવલોકને લોઅવીને હે સુનન્દાદેવી ! તમારી કુક્ષિમાં યુગ્મરૂપે ઉત્પન્ન થયેલા છે.' આ પ્રકારે સ્વામીની વાણી સાંભળીને સુનંદાદેવી બોલી 'હે નાથ ! પીઠ તથા મહાપીઠને માયાના ફળરૂપ સ્ત્રીપણું તો પ્રાપ્ત

થયું પણ તેમણે પૂર્વભવમાં કરેલા ઉગ્ર તપનું શું ફળ પ્રાપ્ત થશે ?' સ્વામી બોલ્યા–'હે દેવી! તે પીઠ અને મહાપીઠ કરેલાં તપના ફળથી મહાનંદપદ (મોક્ષપદ)ને દેવાવાળું કેવળજ્ઞાન પ્રાપ્ત કરશે.' એ પ્રમાણે સ્વામીની કોમળ, સ્નેહયુક્ત, મધુર, અને સુંદર વાણી સાંભળીને આનંદિત થયેલી તે બન્ને દેવીઓ પોતાના આવાસમાં ગઇ.

ઋષભદેવના પુત્રોનો જન્મ અને નામ–ત્યારપછી અત્યંત સુખથી ભરેલા હૃદયવાળી સુમંગળાદેવીએ અત્યંત તેજસ્વી ભરત નામે પુત્ર તથા બ્રાહ્મી નામે પુત્રીના યુગ્મને જન્મ આપ્યો અને તે વખતે સુનંદાદેવીએ બાહુબલી નામે પુત્ર અને સુંદરી નામે પુત્રીના નિર્મળ યુગ્મને જન્મ આપ્યો. ત્યારપછી અત્યંત ભાગ્યથી પ્રાપ્ત થયા છે સર્વ મંગળો જેને એવી સુમંગળા દેવીએ ક્રમે કરીને ઓગણપચાસ પુત્રના યુગ્મને જન્મ આપ્યો. તેમના નામો આ પ્રમાણે–કાબેર, કીર, કાશ્મીર, કામ્બોજ, કમલ, ઉત્કલ, કરહાટ, કુરૂ, કલાણ, કૈશિક, કથ, કૈરાત, કરૂ, કેરાક, અરૂપ, કચ્છ, કર્ણાટ, કીટક, કેકિ, કેરલગિરિ, કામરૂપ, કુકુણ, કુન્તલા, કલિંગ, કલકૂટ, કેરલ, કલકંક, ખર્પર, ખસ, ખેટ, ગોપ્ય, અંગ, ગૌડ, ગાંગક, ચૈદ્ય ચેત્તર, ચૂડ, જાલંધર, કટકણ, ટક્કોઢીઆણ, ડાહાલ, ભંભ, તાયક, તેલલ, દશાર્ણ, દંડક, દેવસભ, નેપાલ, નર્તક, પંચાલ, પલ્લવ, પુંડ્ર, પાંડ્ય, પ્રત્યગ્રથ, અર્બુદ, બર્બર, બીર, ભટીય, માહિષ્મક, મહોદય, મરૂંડ, મકુલ, મેદ, મરૂ, માગુરૂ, મકન, મલ્લવર્ત, મહાભોજ, યવન, રામ, રાઢક, લાટ, બ્રહ્મ, ઉત્તર બ્રહ્માવર્ત, બ્રાહ્મણવાહક, વિન્ધ, વંગ, વૈદેહ, વનવાસ, વનાયુજ, વાહ્લીક, વલ્લવ, અવન્તિ, વહ્નિ, શક, સિંહલ, સુધ્ધ, સૂર્પાર, સૌવીર, સુરાષ્ટ્ર, સુહ્મ, અશ્મક, હૂણ, હૂરજ, હયમૌજ, હંસા, હુહુક, અને હંસક એ પ્રમાણે ઉત્તરપૂર્વક અપાયેલા નામવાળા, ઇંદ્ર સમાન કાંતિવાળા સ્વામીના પુત્રો શોભતા હતા. હમેશાં પ્રભુના આ નવાણું પુત્રો પાંચ સમીતિવડે કરીને શીયળના અંગો જેમ પાલણ કરવામાં

આવે તેવી રીતે પાંચ પાંચ ધાત્રીવડે કરીને લાલન પાલન કરાતા હતા. સો પુત્રરૂપી સ્ફુરાયમાન પત્રો છે જેને એવા, કમળના સદૃશ કાંતિવાળા પ્રભુ યશરૂપી રસ છે જેમાં એવી પૃથ્વીપીઠ ઉપર રાજ્યલક્ષ્મીવડે કરીને યુક્ત રાત્રિદિવસ શોભતા હતા. સુવર્ણ કાંતિવાળા પ્રભુ મનોહર કાંતિવાળા પોતાના પુત્રો સહિત મનોહર કલ્પવૃક્ષથી યુક્ત સુવર્ણાચલ (મેરૂપર્વત) ની જેવા શોભતા હતા.

ઋષભદેવના પુત્રોના વિવાહાદિ—આ સમયે તે અયોધ્યા નગરીમાં પ્રશસ્ય બુદ્ધિવાળો અને બાળપણાથી આદિનાથનો મિત્ર દેવયશા નામનો રાજા વસતો હતો. તે રાજાને નિર્મળ કળાના સમૂહથી યુક્ત અને ગુણોથી શોભતી ઋષભશ્રી નામની પુત્રી હતી. આ કુમારીકાને જોયા પછી કામદેવની સ્ત્રી રતી પણ ચક્ષુને સુખ દેવાવાળી થતી નહોતી અને તે કુમારીકા જ્યારે બોલતી ત્યારે તેની પાસે વીણા પણ કાનને કઠોર લાગતી હતી. આ કન્યાને જોઇને સુંદર લક્ષણોથી યોગ્ય જાણીને પ્રભુએ તે કન્યાની દેવયશા રાજા પાસે પોતાના પુત્ર ભરત વાસ્તે માગણી કરી. તે સાંભળીને હર્ષ મતિવાળા દેવયશા રાજાએ જગત્પતિ આદિનાથને નમસ્કાર કરી બંને હાથ જોડીને કહ્યું-' હે જગદીશ ! દેવથી પણ અધિક કાંતિવાળો આપનો પુત્ર ભરત ક્યાં અને આપના ચરણ-કમળની ઉપાસના કરનાર એવા મારી મુગ્ધ બાળિકા ક્યાં. છતાં પણ મારી પુત્રી આપના પુત્રની સરખી વયવાળી છે તો મારા ઉપર પ્રસાદ કરીને તે મનોરથ પૂર્ણ કરો.' એ પ્રમાણે જ્યારે દેવયશા રાજાએ કબુલ કર્યું ત્યારે પ્રભુએ પોતાના પુત્ર ભરતનો તે ઋષભશ્રી કન્યા સાથે વિધિપૂર્વક વિવાહ કરાવ્યો. વન, વાપી આદિમાં મુગ્ધ ભરત-કુમારને ક્રીડામાં રક્ત થયેલા જોઇને સ્વજનવર્ગ કુતુહળથી યુક્ત થયો. સ્નેહવાળા યૌવનવડે કરીને, કટાક્ષવાળા વચનોથી અને હસ્તની ચેષ્ટાપૂર્વક આલિંગનથી તે દંપતીની લજ્જા તથા મુગ્ધતા ઓછી થઇ ગઇ. બાલ્યાવસ્થાને ઉલ્લંઘન કરીને પૂર યૌવનમાં આવેલા તે બંને જણા નવીન સુખરૂપી અમૃતને પીવા લાગ્યા.

ભરત મહારાજાના પુત્ર પુંડરીકનો જન્મ—આ પ્રમાણે

કેટલોક કાળ ગયા પછી તે ઋષભશ્રી દેવીએ પુંડરીક (કમ
સ્વપ્નથી સૂચિત ઋષભસેન નામના પુત્રને જન્મ આપ્યો.
પુત્ર ગર્ભમાં આવ્યો ત્યારે માતાએ સ્વપ્નમાં પુંડરીકકમળ
હતું તેથી અને પુંડરીકના સરખો અંગનો સુગંધ હોવાથી લો
તેને પુંડરીકના નામથી બોલાવવા લાગ્યા, અને તે બા
વૃદ્ધિ પામવા લાગ્યો.

ઋષભદેવની ભાવના—હવે જગતના નાથ ઋષભ
સ્વામી ભવસમુદ્રમાં પ્રસરતા મોહતરંગોનો ઉદાસીનપણે આ
સાથે વિચાર કરવા લાગ્યા કે–' હે આત્મા ! પાપને દૂર ક
જો તારે મોક્ષમાં જવાની ઇચ્છા હોય તો સાર રહિત સંસા
અંદર જડની જેમ કેમ લુબ્ધ બની ગયો છે. ' આત્મા કહે છે
'બીજા પણ ઘણા રહેલા છે હું કાંઇ એકલો નથી. ' પ્રભુ
છે—' પંચેન્દ્રિયરૂપી ઘડાની અંદર નાખેલા સંસારના સુખ
વિષનું જેમ જેમ જીવો પાન કરે છે તેમ તેમ મૂર્છાને પામે
આત્મા કહે છે–'હું તો અહિં રાજા છુ.' પ્રભુ કહે––'સ્રી, પ
અને નપુંસક, રાજા અને રંક આદિ રૂપોને આપતા મો
નાટકથી હે મૂઢ ! હજુ પણ તને શું ખેદ નથી થતો ? વધા
કહું પણ જે જીવ સંસારના વિષયોને ભોગવવાવડે કરીને સુ
પ્રાપ્ત કરવાની આશા રાખે છે તે આશા ઝાંઝવાના પાણ
નહાવાના મનોરથ સમાન છે, આંતરડાથી વણેલા વસ્રોને પોત
શરીર ઉપર ધારણ કરવાની ઇચ્છા રાખવા સમાન છે
આકાશપુષ્પની માળા પોતાના કંઠમાં ધારણ કરવાની ઉ
રાખવા જેવી છે.' આત્મા પૂછે છે–'ત્યારે મારે શું કરવું યો
છે ?' સ્વામી કહે–' સ્ફુરાયમાન નિયમોની તીવ્રતાવાળા વ
આશ્રય કરીને આત્માને તેમજ આ જનને (આ લોકને)
ભવશત્રુથકી મુકાવવા યોગ્ય છે.'

ઋષભદેવ પ્રભુની દીક્ષા––આ પ્રમાણે પ્રભુએ આ
સાથે નિશ્ચય કર્યો તે વખતે લોકાંતિક દેવોએ પ્ર પાસે
હાથ જોડીને 'હે સ્વામિન્ ધર્મતીર્થ પ્રવર્તાવો' એ પ્રમાણે

ત્યારપછી સ્વામીએ બાહુબલિપ્રમુખ સર્વે ભાઈઓ સાથે ભરતને બોલાવ્યો એટલે તે પણ પ્રભુ પાસે આવ્યો. પછી પ્રભુના પ્રસાદરૂપ હસ્તિમાં આસક્ત, નીતિઓને જાણવાવાળા અને નમીને સમીપમાં રહેલા ભરતને સ્વામીએ કહ્યું-' હે વત્સ ! આ સંસારના શત્રુને જીતીને મોક્ષે જવાની મારી ઇચ્છા પ્રવર્તે છે તો તું આ પૃથ્વીના સ્વામીપણાને અંગીકાર કર; કારણ કે તું ઘણા પરાક્રમથી યુક્ત છે.'

આ પ્રમાણે પિતાનો આદેશ સાંભળીને સ્નેહવડે સ્ખલના પામતી છે વાણી જેમની એવા તથા ઉચિતને જાણવાવાળા ભરતકુમાર અત્યંત કોમળ વાણીથી બોલ્યા કે-'હે પિતાજી ! આપના ચરણ-કમળની રજથી મારું મસ્તક જેવું પવિત્ર થાય છે તેવું રાજ્યાભિષેક થતી વખતે સર્વે તીર્થોના જળવડે પવિત્ર થાશે નહિ; વળી મારા કર્ણપ્રદેશ ઉપર આપ લીલાપૂર્વક હસ્તકમળને ફેરવતા ત્યારે મારા કર્ણોને જે આનંદ ઉપજતો તેવા પ્રકારનો આનંદ માગધોની ચાટુ વાણી સાંભળવાથી નહિ થાય.' સ્વામી આ પ્રકારના ભરતના ઉદ્ગારો સાંભળીને ભરત પ્રત્યે હર્ષદ્રુમના પુષ્પરૂપ સ્મિતથી સુગંધિત વાણીવડે બોલ્યા કે—' આ જગતની અંદર વાસ્તવિક રીતે તેજ પુત્રો છે કે જે પોતે ગૃહભાર ઉપાડી લઈને ધર્મકર્મને અંગીકાર કરવા માટે પિતાને રજા આપીને પવિત્ર બનાવે છે; વાસ્તે હે ભાઇ ! તું વિશાળ રાજ્યને ધારણ કર અને હું દીક્ષાને અંગીકાર કરીશ. આ જગતની અંદર વૃદ્ધોને ધર્મકાર્યની અંદર સંપૂર્ણ પ્રેરણા કરવી તેજ તેમની ખરી ભક્તિ છે.' એ પ્રમાણે પિતાની ઇચ્છા સમજીને ભરતકુમારે વિચાર્યું કે— 'પિતાની આજ્ઞા દેવોને પણ માન્ય છે તો મારે માન્ય હોયજ તેમાં કહેવું શું ?' તેથી નીચું મુખ રાખીને રહ્યા. કારણ કે વિનીતોની એવીજ સ્થિતિ હોય છે.

યુગાદિનાથની આજ્ઞાથી તે વખતે પ્રધાનમંડળે ધવળમંગળપૂર્વક શ્રેષ્ઠ તીર્થજળોવડે ભરતમહારાજનો રાજ્યાભિષેક કર્યો તથા પ્રભુએ બળવાન્ એવા બાહુબલિ પ્રમુખ સર્વ પુત્રોને લાયકાત પ્રમાણે પૃથ્વીના ભાગ પાડીને વહેંચી આપ્યા. ત્યારપછી

નિર્મળ અંતઃકરણવાળા પ્રભુએ એક વર્ષપર્યંત દાન દીધું અને ચૈત્રમાસની કૃષ્ણ અષ્ટમીને દિવસે ચોથે પ્રહરે ઉત્તરાષાઢા નક્ષત્રમાં ચંદ્રનો યોગ પ્રાપ્ત થયો તે વખતે સુર અસુર અને રાજાઓવડે કરીને પવિત્ર જળથી સ્નાન થયું છે જેમનું એવા પ્રભુ રત્નશિબિકા (પાલખી) ઉપર આરૂઢ થયા. આકાશમાં દેવાંગનાઓના અને ભૂમિ ઉપર સ્ત્રીઓના ગવાતા ગીતપૂર્વક સમ્યગ્રીતે સિદ્ધ થયા છે મનોરથ જેમના એવા અને દેહધારીઓને પવિત્ર કરવાવાળા પ્રભુ સિદ્ધાર્થવનમાં આવ્યા. પછી રત્નશિબિકાથી ઉતરીને અશોકવૃક્ષની નીચે નાશ થયો છે સમસ્ત શોક જેમનો એવા તથા ત્રણ લોકના અલંકારરૂપ પ્રભુએ અલંકારોને ઉતાર્યો અને વિશ્વની શ્યામતાને ભેદી નાખનાર પ્રભુ યુગાદિનાથે પોતાના શ્યામ કેશોનો તત્કાળ ચાર મુષ્ટિવડે લોચ કર્યો. 'કલ્યાણકુંભરૂપ સ્કંધના ઉપર સ્ફુરાયમાન પલ્લવની સરખા શોભતા બાકી રહેલા કેશો પ્રભુને રહો.' એ પ્રમાણે કહીને ઇંદ્રે પ્રભુને પંચમી મુષ્ટિના લોચથકી રોક્યા. ત્રણ લોકના શૃંગારરૂપ પ્રથમ જિનેશ્વરે પ્રાસાદ (મહેલ)ના અગ્રભાગના આભુષણ સદૃશ ઇંદ્રે તે વખતે આપેલું દેવદુષ્ય વસ્ત્ર સ્કંધ ઉપર ધારણ કર્યું; પછી પ્રભુના કેશને ક્ષીરસમુદ્રમાં નાખી ઇંદ્રે હાથની સંજ્ઞાવડે મનુષ્યોના ઘોંઘાટને બંધ કર્યો. છઠ્ઠના તપને અંગીકાર કરેલા પ્રભુએ સિદ્ધને નમસ્કાર સમરણમાં લાવવાપૂર્વક ત્રણ પ્રકારના સર્વ સાવદ્ય યોગોને ત્રણ પ્રકારે રોક્યા. તે વખતે દીક્ષાને ધારણ કરેલા પ્રભુને કેવળજ્ઞાનરૂપ સૂર્યના પ્રાતઃકાળના પ્રકાશસમાન મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થયું. પ્રભુની સાથે તે વખતે કચ્છ, મહાકચ્છ પ્રમુખ ચાર હજાર રાજાઓએ દીક્ષા ગ્રહણ કરી.

શ્રી ઋષભદેવને વિહારમાં ભિક્ષાની અપ્રાપ્તિ—દેવતાઓ અને સર્વ પુરૂષો સ્તવના અને નમન કરીને ગયા પછી મૌનપણું ધારણ કરીને પ્રભુ પૃથ્વી ઉપર વિહાર કરવા લાગ્યા. એક વર્ષપર્યંત પ્રભુએ દાન દઇને સર્વ ઘરથી ભિક્ષાને દૂર કરી હતી તેથી કરીનેજ પ્રભુને એક વર્ષપર્યંત ભિક્ષા પ્રાપ્ત થઇ

નહિ. પ્રભુ ભિક્ષા લેવા જતા ત્યારે મનુષ્યો કેટલાક રૂ
કન્યાઓ, કેટલાક મદોન્મત્ત હસ્તિઓ અને કેટલાક પોતાની
ઋદ્ધિને હર્ષપૂર્વક ધરવા લાગ્યા, પણ અતિ ઉદાર દેવોથી પૂ
ઉચ્ચ વિભૂતિના ઇચ્છક અને નાશ થઇ ગઇ છે ઇચ્છાઓ જે
એવા પ્રભુએ દારા (સ્ત્રી) ને કારા (કેદખાના) ની જેમ સમ
હસ્તિઓને સર્પસમાન સમજીને અને ભૂતિ (ઋદ્ધિ) ને ભ
તુલ્ય સમજીને ગ્રહણ કરવાની ઇચ્છા કરી નહિ.

કચ્છ મહાકચ્છ આદિની ગંગાતટ ઉપર સ્થિતિ-દુઃસ
પરીષહોને સહન કરતા એવા સ્વામીની સાથે વિહાર કરવાને અશક
કચ્છ આદિ વિચાર કરવા લાગ્યા કે સ્વામી સાથે આપણે મતનુ
પાલન કરવું તે ગરૂડની સાથે સમુદ્ર તરવાનો અને વાયુની સાથે
વેગ કરવાનો આરંભ કરવા જેવું છે. મનમાં આ પ્રમાણે વિચાર
કરીને અલ્પ શક્તિવાળા કચ્છ પ્રમુખ સર્વે ગંગાતટ ઉપર સ્વસ્થ
મન કરીને રહ્યા.

નમિ અને વિનમિનો કચ્છ અને મહાકચ્છ સાથે મેળાપ-સ્વામીના કાર્ય પ્રસંગે ગયેલા નમિ અને વિનમિ જ્યારે પાછા ફર્યા ત્યારે તેઓ પોતાના પિતા કચ્છ અને મહાકચ્છ પાસે આવ્યા અને પૂછ્યું કે-' હે પિતાઓ ! આહારને નહિ કરતા એવા આપની આ પ્રકારની દશા કેમ થઇ? કારણકે ઋષભસ્વામીની ભક્તિ તો પરભવ તેમજ આ ભવમાં સુખને દેવાવાળી છે.' કચ્છ મહાકચ્છ બંનેએ તેમને જવાબ આપ્યો કે-' પ્રભુનું વ્રત તીવ્ર છે અને અમે અલ્પ શક્તિવાળા છીએ, તેથી રાજ્યને ગ્રહણ કરવાને નહિ ઇચ્છતા અમે અહિં આ સ્થિતિમાં રહેલા છીએ.' પિતાઓનું તેવા પ્રકારનું સ્વરૂપ સાંભળીને ક્ષત્રીમાં ઉત્તમ તેઓ બોલ્યા કે ' સ્વામીને તમે છોડ્યા તે ઠીક કર્યું નથી.'

નમિ અને વિનમિની પ્રભુ પરત્વે ભક્તિ-' પ્રભુ જગતના હિતને કરવાવાળા અને સેવકોને કલ્પવૃક્ષ સમાન પ્રભુએ એક વચન આપણને આપ્યું છે કે તમારે મદદ કરવી પડે, તેથી કરીને હવે આપણે એક ચિત્તથી પ્રભુની

સામ્રાજ્ય આપે તો પણ ભરતને મનથી પણ સેવીએ નહિ.' આ પ્રકારની પ્રતિજ્ઞા કરી તે બંને નમિ અને વિનમિ પ્રભુની પાસે જઇને સ્થિર ચિત્તથી ખડ્ગ ધારણ કરીને સેવા કરવા લાગ્યા. પોતાના મનની જેમ પ્રભુની નજીકની ભૂમિને સાફ કરીને ફળની ઇચ્છાથી જાણે હોય તેમ સુગંધી પાણીથી સિંચતા હતા. આ વખતે ધરણેન્દ્ર પ્રભુને નમસ્કાર કરવા આવ્યા ત્યારે આ બે વીરને પ્રભુની સેવામાં દૃઢ નિશ્ચયવાળા જોઇને આશ્ચર્ય પામેલા તેણે પૂછ્યું કે—'હૃદયમાં સ્થાપન કરેલા પ્રભુને ખડ્ગમાં રહેલા પ્રતિબિંબદ્વારા દેખાડતા ક્ષત્રીમાં ઉત્તમ તમે કોણ છો! અને શા કારણથી પ્રભુની સેવા કરી રહ્યા છો?' નમિ અને વિનમિ બોલ્યા કે—' અમે સેવકો છીએ અને આ પ્રભુ અમારા સ્વામી છે. તેમણે દીક્ષા અવસરે આખા જગતના મનુષ્યોને એક વર્ષ-પર્યંત દાન આપીને સંતુષ્ટ કર્યા છે; અમે તે વખતે સ્વામીના કાર્યપ્રસંગે દૂર ગયા હતા તેથી ચિંતામણિરત્ન સમાન પ્રભુ પોતેજ અમને મનવાંછીત આપશે. કારણકે કહ્યું છે કે—

सेवकैर्निजपतिः खलु सेव्यो निर्धनोऽपि सधनोऽपि परो न ।
नीरहीनमपि नीरदमेव चातकः श्रयति नैव समुद्रम् ॥ १ ॥

'સેવકોને ખરેખર પોતાનો સ્વામીજ સેવવા યોગ્ય છે, પણ નિર્ધન અથવા સધન એવો અન્ય કોઇ સેવવા યોગ્ય નથી. નીરથી રહીત હોવા છતા પણ મેઘનીજ ચાતક સેવા કરે છે, પણ નીરથી ભરપૂર સમુદ્રની સેવા તે કોઇ વખત કરતો નથી.'

આ પ્રમાણે દૃઢતાથી પ્રભુની ભક્તિમા આસક્ત નમિ અને વિનમિને જોઇને 'આ બંને ભાઇઓની સેવા વૃથા ન થાઓ' એમ વિચારીને તેમના સત્વથી પ્રીતિયુક્ત થએલા ધરણેન્દ્રે કહ્યું-'સ્વામીની સેવાના ફળથી તમને પરભવમા તો મુક્તિ પ્રાપ્ત થશે પરંતુ તમે મારા સાધર્મિક બંધુ છો વાસ્તે આદરપૂર્વક હું તમને વિદ્યા આપું તે ગ્રહણ કરો.' એમ કહીને ધરણેન્દ્રે તેમને રોહીણી, ગૌરી અને પ્રજ્ઞપ્તિપ્રમુખ અડતાલીશ હજાર વિદ્યાઓ આપી.

નમિ અને વિનમિનું વૈતાઢ્ય પર્વત ઉપર ગમન-પછી

સ્વપ્ન અનુસારે શ્રેયાંસકુમારને શુભનો ઉદય થશે' એવું ચિત્ત નક્કી કર્યું. આ પ્રમાણે વિચાર કરીને તેઓ સભામાંથી નીક પોતપોતાને સ્થાને ગયા. તેટલામાં સાક્ષાત્ મૂર્તિમાન્ ધર્મની જે ભગવાને તે નગરની અંદર પ્રવેશ કર્યો. નગરની અંદર પ્રવે કરતા પ્રભુના ચરણકમળમાં અત્યંત પ્રેમથી કેટલાક લોટતા હ અને કેટલાક પ્રભુના ઓવારણા લેતા હતા. ચાતકોથી વીંટાએલ મેઘની જેમ વંદન કરવા આવેલા લોકોથી યુક્ત સ્વામીને જોઈ શ્રેયાંસ મેઘને જોઈને મયૂર જેમ ઉંચી ગ્રીવા (ડોક) કરીને ખુશ થાય તેમ અત્યંત આનંદિત થયો; ત્યારપછી શ્રેયાંસકુમા વિચાર કરવા લાગ્યો કે-'આ પ્રકારનું રૂપ આગળ પણ મેં જોયુ છે.' એ પ્રકારનો ઉહાપોહ કરતાં તેને જાતિસ્મરણ જ્ઞાન થયું તેથી પૂર્વભવમાં પ્રાપ્ત થયેલા અરિહંત વજ્રસેનને જોયા. વજ્રસે ભગવાને કહ્યું હતું કે-'આ વજ્રનાભ (આદિનાથનું પૂર્વ ભવનુ નામ) ભરતક્ષેત્રની અંદર જિન થશે' તે વાત સંભારીને શ્રેયાંસ કુમાર પોતાના પ્રપિતામહ (પિતાના દાદા) ઋષભદેવ પાસે આવ્યા. પ્રભુને નમસ્કાર કરીને તેમને નિમંત્રણા કરી અને દાનને વાસ્તે શ્રેયાસકુમાર અન્નને જોતા હતા તેટલામાં તાજો ઇક્ષુરસ (શેલડીનો રસ) આવેલો હતો તે તેની નજરે પડ્યો. પ્રભુ જ્યારે બાલ્યાવસ્થામાં હતા ત્યારે અન્ય સુખપૂર્વક ખાવા યોગ્ય વસ્તુઓનો ત્યાગ કરીને ઇદ્રે આપેલી ઇક્ષુને તેમણે ગ્રહણ કરી હતી, તેથીજ સ્નેહવડે કરીને સર્વ અંગોમાં ઉત્કંઠિત થયેલો ઇક્ષુરસ આ વખતે પણ પ્રભુને પહેલું દાન દેવાના સમયે સમીપમાં આવ્યો. શ્રેયાંસકુમારે સર્વ કુંભોમાંથી ઇક્ષુરસ પ્રભુના કરરૂપ પાત્રની અંદર સુંદર વધતા ભાવપૂર્વક નાખ્યે તેથી તે રસની ઉંચી વધતી શિખા થઇ. તે વખતે અકાશમ દેવોએ તથા દેવીઓએ જયજય શબ્દનો ઘોષ કર્યો અને શ્રેયાંસ કુમારના ઘરના આંગણામાં સુવર્ણ, રત્ન આદિની વૃષ્ટિ થઇ. શ્રેષ તાના સ્થાનરૂપ શ્રેયાંસ ઉપર સર્વે રાજાઓ તુષ્ટમાન થયા અને કચ્છ મહાકચ્છ પ્રમુખ તાપસોએ પૂછ્યું કે-'હે શ્રેયાંસ! આ પ્રભુ

પીઠિકાઓને 'આદિકૃત-મંડલ' (આદિને કરવાવાળા પ્રભુનું મંડળ) કહેતા હતા અને તે ઉપરથી ધીમે ધીમે 'આદિત્ય મંડળ' આવું નામ જગતની અંદર પ્રસિદ્ધિને પામ્યું.

તક્ષશિલાપુરમાં પ્રભુને વંદન માટે ગયેલા બાહુબલિને પ્રભુનો સમાગમ નહિ થવાથી વિલાપ—ધ્યાનથી વશ કર્યું છે મન જેમણે તથા ક્રોધાદિ કષાયોને દૂર કર્યા છે જેમણે એવા પ્રભુ વિહાર કરતા કરતા તક્ષશિલાપુરે ગયા અને તે નગરની બહાર કાયોત્સર્ગ કરીને રહ્યા. સાયંકાળે ઉદ્યાનપાલકોએ પ્રભુ પધાર્યાની ખબર રાજા બાહુબલિને આપી. તે વખતે બળવાન્ બાહુબલિરાજા હર્ષથી વિચાર કરવા લાગ્યા કે–' સ્ફુરાયમાન થતા અંધકારવડે અપવિત્ર રાત્રિની અંદર યાત્રા (ગમન) ઉચિત નથી તેથી નિષ્પાપ એવા પિતા વિધિ સહિત મારે પ્રાતઃકાળે વાંદવા યોગ્ય છે.

રાત્રિમાં આ પ્રકારે વિચાર કરીને રહેલા રાજા બાહુબલિએ મનોહર ચંદરવા આદિથી પુરી શણગારાવી અને પ્રાતઃકાળ થયો એટલે સ્નાન કરીને શ્વેત (ઉજ્વળ) વસ્ત્રોને ધારણ કર્યા. પછી શ્વેત મતંગજ (હસ્તિ) ઉપર આરૂઢ થઇને ઉજ્વળ છત્રોથી તથા વીંઝાતા ધવળ ચામરોથી યુક્ત, ઘોડેસ્વાર રાજાઓ સહિત, અંતઃપુરજનોથી પરવરેલા, નગરજનોથી અનુસરાતા, રાજર્ષિ-રાજાઓથી શોભતા, ચક્ષુને પ્રીતિ ઉપજાવે તેવા નાટારંભ તથા ગવાતા સુંદર ગીતોપૂર્વક દીધુ છે દાન જેમણે તથા ઉલ્લસિત છે ચિત્ત જેમનું એવા તે બાહુબલિરાજા પ્રભુથી પવિત્રિત થયેલા વનમાં આવ્યા. જેટલામાં હસ્તિ ઉપરથી ઉતરીને ધારણ કરેલી મણિપાદુકા મૂકીને ' પ્રભુ કયા છે ? પ્રભુ કયા છે ? ' એ પ્રમાણે રાજા બોલ્યા એટલે ઉદ્યાનપાલકે રાજાને નમનપૂર્વક જણાવ્યું કે–' હે દેવ ! સૂર્યોદય થયો એટલે પ્રભુ વિહાર કરી ગયા છે. ' આ પ્રકારનું વચન સાંભળીને રાજા મૂર્છા ખાઇને પૃથ્વી ઉપર પડ્યા અને ચંદનના શીતળ જળસિંચનથી શુદ્ધિમાં આવેલા બાહુબલિરાજા શોકવડે વિલાપ કરવા લાગ્યા. વૃક્ષને

ઉદ્દેશીને કહે છે-'હે વૃક્ષ ! સ્વામીના સમાગમથી તું વૃક્ષોની અંદર મુખ્ય છે અને પ્રભુનાં દર્શનને નહિ પામેલો હું તારા સરખો નથી.' એમ કહીને સ્વામીએ આશ્રય કરેલા વૃક્ષને આલિંગન કર્યું. હવે પૃથ્વીને ઉદ્દેશીને કહે છે-'હે પૃથ્વિ ! પ્રથમ જિનેશ્વરના ચરણકમળને તેં રાત્રિની અંદર ધારણ કર્યાં અને મને તે પ્રભુનું વંદન પણ પ્રાપ્ત ન થયું તેથી કરીને ખરેખર તુંજ ઘણા પુણ્યવાળી છો.' એ પ્રમાણે બોલીને પ્રભુ જે જગ્યાએ રહ્યા હતા તે જગ્યાની ધૂળ રાજાએ માથે ચડાવી. આ પ્રમાણે વારંવાર મૂર્છાને પામતા તથા સાથે રહેલા બીજા મનુષ્યોને મૂર્છા પમાડતા રાજાને જોઇને રાજમૃગાંક નામના મન્ત્રીએ રાજાને કહ્યું 'હે રાજન્ ! વિલાપને મૂકી દઇને શ્રી ઋષભપ્રભુને જુઓ.' તે સાંભળીને ' કયાં છે ? કયાં છે ? ' એ પ્રકારે બોલવાપૂર્વક રાજા બંને ચક્ષુવડે જોવા લાગ્યા. મન્ત્રીએ જવાબ આપ્યો.-- ' સ્વામીન્ ! જગન્નાથ આપના હૃદયમાં છે. ચિત્તની અંદર રહેલું રૂપ તેજ નિત્ય છે અને બહાર દેખાતું રૂપ તો અનિત્ય છે.' આ પ્રમાણે બોધ આપવાથી બાહુબલિરાજા શોક રહિત થયા અને પ્રભુના ચરણની જગ્યાએ તેમણે એક યોજન ઉંચો અને પાંચ યોજન વિસ્તારવાળો મણિપીઠ કરાવ્યો.

ઋષભપ્રભુને કેવળજ્ઞાનની પ્રાપ્તિ—આ પ્રકારે આર્ય અને અનાર્ય દેશોમાં મૌનપણે વિચરતા પ્રભુ ચંદ્રનીજેમ માણસોને પોતાના દર્શનથી શાંત કરતા હતા. દીક્ષાસમયથી એક હજાર વર્ષને અંતે પુરિમતાલપુરના શકટાનન નામના વનની અંદર વડના વૃક્ષની નીચે ફાલ્ગુન માસની કૃષ્ણ એકાદશીને દિવસે પહેલા પ્રહરે ઉત્તરાષાઢા નક્ષત્રમાં ચંદ્રનો યોગ પ્રાપ્ત થયો ત્યારે અઠ્ઠમનો તપ કરીને પ્રતિમાધારી રહેલા, અને ઉજ્વલ ધ્યાનમાં મગ્ન થએલા પ્રથમ જિનાધિપને ઘાતિકર્મનો ક્ષય થવાથી લોક તથા અલોકને પ્રકાશ કરવાવાળું કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. દેવેન્દ્રોએ તે વખતે વિધિપ્રમાણે દેહધારીઓના હિતને માટે સમવસરણ રચ્યું

પીઠિકાઓને 'આદિકૃત-મંડલ' (આદિને કરવાવાળા પ્રભુનું મંડળ) કહેતા હતા અને તે ઉપરથી ધીમે ધીમે 'આદિત્ય મંડળ' આવું નામ જગતની અંદર પ્રસિદ્ધિને પામ્યું.

તક્ષશિલાપુરમાં પ્રભુને વંદન માટે ગયેલા બાહુબલિને પ્રભુનો સમાગમ નહિ થવાથી વિલાપ——ધ્યાનથી વશ કર્યું છે મન જેમણે તથા ક્રોધાદિ કષાયોને દૂર કર્યા છે જેમણે એવા પ્રભુ વિહાર કરતા કરતા તક્ષશિલાપુરે ગયા અને તે નગરની બહાર કાયોત્સર્ગ કરીને રહ્યા. સાયંકાળે ઉદ્યાનપાલકોએ પ્રભુ પધાર્યાની ખબર રાજા બાહુબલિને આપી. તે વખતે ભગવાન્ બાહુબલિરાજા હર્ષથી વિચાર કરવા લાગ્યા કે—' સ્ફૂરાયમાન થતા અંધકારવડે અપવિત્ર રાત્રિની અંદર યાત્રા (ગમન) ઉચિત નથી તેથી નિષ્પાપ એવા પિતા વિધિ સહિત મારે પ્રાતઃકાળે વાંદવા યોગ્ય છે.

રાત્રિમા આ પ્રકારે વિચાર કરીને રહેલા રાજા બાહુબલિએ મનોહર ચંદરવા આદિથી પુરી શણગારાવી અને પ્રાતઃકાળ થયો એટલે સ્નાન કરીને શ્વેત (ઉજ્વળ) વસ્ત્રોને ધારણ કર્યાં. પછી શ્વેત મતંગજ (હસ્તિ) ઉપર આરૂઢ થઇને ઉજ્વળ છત્રોથી તથા વીંઝાતા ધવળ ચામરોથી યુક્ત, પાટેશ્વાર રાજાઓ સહિત, અંતઃપુરજનોથી પરવરેલા, નગરજનોથી અનુસરાતા, રાજષિઓથી શોભતા, પ્રભુને પ્રીતિ ઉપજાવે તેવા નાટારંભ તથા વાદ્ય સુંદર ગીતોપૂર્વક દીધું છે દાન જેમણે તથા ઉલ્લસિત છે ચિત્ત જેમનું એવા તે બાહુબલિરાજા પ્રભુથી પવિત્રિત થયેલા વનમાં આવ્યા. એટલામાં હસ્તિ ઉપરથી ઉતરીને ધારણ કરેલી મણિપાદુકા મૂકીને ' પ્રભુ ક્યા છે ? પ્રભુ ક્યાં છે ? ' એ પ્રમાણે રાજા બોલ્યા એટલે ઉદ્યાનપાલકે રાજાને નમનપૂર્વક જણાવ્યું કે— હે દેવ ! સૂર્યોદય થયો એટલે પ્રભુ વિહાર કરી ગયા છે. ' આ પ્રકારનું વચન સાંભળીને

ઉદ્દેશીને કહે છે-'હે વૃક્ષ ! સ્વામીના સમાગમથી તું વૃક્ષોની અંદર મુખ્ય છે અને પ્રભુના દર્શનને નહિ પામેલો હું તારા સરખો નથી.' એમ કહીને સ્વામીએ આશ્રય કરેલા વૃક્ષને આલિંગન કર્યું. હવે પૃથ્વીને ઉદ્દેશીને કહે છે-'હે પૃથ્વિ! પ્રથમ જિનેશ્વરના ચરણકમળને તેં રાત્રિની અંદર ધારણ કર્યાં અને મને તે પ્રભુનું વંદન પણ પ્રાપ્ત ન થયું તેથી કરીને ખરેખર તું જ ઘણા પુણ્યવાળી છો.' એ પ્રમાણે બોલીને પ્રભુ જે જગ્યાએ રહ્યા હતા તે જગ્યાની ધૂળ રાજાએ માથે ચડાવી. આ પ્રમાણે વારંવાર મૂર્છાને પામતા તથા સાથે રહેલા બીજા મનુષ્યોને મૂર્છા પમાડતા રાજાને જોઇને રાજમૃગાંક નામના મન્ત્રીએ રાજાને કહ્યું 'હે રાજન્! વિલાપને છોડી દઇને શ્રી ઋષભપ્રભુને જુઓ.' તે સાંભળીને ' ક્યાં છે ? ક્યાં છે ? ' એ પ્રકારે બોલવાપૂર્વક રાજા બંને ચક્ષુવડે જોવા લાગ્યા. મન્ત્રીએ જવાબ આપ્યો--' સ્વામીન્ ! જગન્નાથ આપના હૃદયમાં છે. ચિત્તની અંદર રહેલું રૂપ તેજ નિત્ય છે અને બહાર દેખાતું રૂપ તો અનિત્ય છે' આ પ્રમાણે બોધ આપવાથી બાહુબલિરાજા શોક રહિત થયા અને પ્રભુના ચરણની જગ્યાએ તેમણે એક યોજન ઉંચો અને પાંચ યોજન વિસ્તારવાળો મણિપીઠ કરાવ્યો.

ઋષભપ્રભુને કેવળજ્ઞાનની પ્રાપ્તિ—આ પ્રકારે આર્ય અને અનાર્ય દેશોમાં મૌનપણે વિચરતા પ્રભુ ચંદ્રની જેમ માણસોને પોતાના દર્શનથી શાંત કરતા હતા. દીક્ષાસમયથી એક હજાર વર્ષને અંતે પુરિમતાલપુરના શકટાનન નામના વનની અંદર વડના વૃક્ષની નીચે ફાલ્ગુન માસની કૃષ્ણ એકાદશીને દિવસે પહેલા પ્રહરે ઉત્તરાષાઢા નક્ષત્રમાં ચન્દ્રનો યોગ પ્રાપ્ત થયો ત્યારે અઠ્ઠમનો તપ કરીને પ્રતિમાધારી રહેલા, અને ઉજ્જ્વલ ધ્યાનમાં મગ્ન થએલા પ્રથમ જિનાધિપને ઘાતિકર્મનો ક્ષય થવાથી લોક તથા અલોકને પ્રકાશ કરવાવાળું કેવળજ્ઞાન ઉત્પન્ન થયું દેવેન્દ્રોએ તે વખતે વિધિપ્રમાણે દેહધારીઓના હિતને માટે સમવસરણ રચ્યું

પીઠિકાઓને 'આદિકૃત-મંડલ' (આદિને કરવાવાળા પ્રભુનું મંડળ) કહેતા હતા અને તે ઉપરથી ધીમે ધીમે 'આદિત્ય મંડળ' આવું નામ જગતની અંદર પ્રસિદ્ધિને પામ્યું.

તક્ષશિલાપુરમાં પ્રભુને વંદન માટે ગયેલા બાહુબલિને પ્રભુનો સમાગમ નહિ થવાથી વિલાપ—ધ્યાનથી વશ કર્યું છે મન જેમણે તથા ક્રોધાદિ કષાયોને દૂર કર્યા છે જેમણે એવા પ્રભુ વિહાર કરતા કરતા તક્ષશિલાપુરે ગયા અને તે નગરની બહાર કાયોત્સર્ગ કરીને રહ્યા. સાયંકાળે ઉદ્યાનપાલકોએ પ્રભુ પધાર્યાની ખબર રાજા બાહુબલિને આપી. તે વખતે બળવાન્ બાહુબલિરાજા હર્ષથી વિચાર કરવા લાગ્યા કે-' સ્ફૂરાયમાન થતા અંધકારવડે અપવિત્ર રાત્રિની અંદર યાત્રા (ગમન) ઉચિત નથી તેથી નિષ્પાપ એવા પિતા વિધિ સહિત મારે પ્રાતઃકાળે વાંદવા યોગ્ય છે.

રાત્રિમાં આ પ્રકારે વિચાર કરીને રહેલા રાજા બાહુબલિએ મનોહર ચંદરવા આદિથી પુરી શણગારાવી અને પ્રાતઃકાળ થયો એટલે સ્નાન કરીને શ્વેત (ઉજ્વળ) વસ્ત્રોને ધારણ કર્યાં. પછી શ્વેત મતંગજ (હસ્તિ) ઉપર આરૂઢ થઇને ઉજ્વળ છત્રોથી તથા વીંઝાતા ધવળ ચામરોથી યુક્ત, ઘોડેસ્વાર રાજાઓ સહિત, અંતઃપુરજનોથી પરવરેલા, નગરજનોથી અનુસરાતા, રાજાધિરાજાઓથી શોભતા, ચક્ષુને પ્રીતિ ઉપજાવે તેવા નાટારંભ તથા ગવાતા સુંદર ગીતોપૂર્વક દીધું છે દાન જેમણે તથા ઉલ્લસિત છે ચિત્ત જેમનું એવા તે બાહુબલિરાજા પ્રભુથી પવિત્રિત થયેલા વનમાં આવ્યા. જેટલામાં હસ્તિ ઉપરથી ઉતરીને ધારણ કરેલી મણિપાદુકા મૂકીને ' પ્રભુ ક્યાં છે ? પ્રભુ ક્યાં છે ? ' એ પ્રમાણે રાજા બોલ્યા એટલે ઉદ્યાનપાલકે રાજાને નમનપૂર્વક જણાવ્યું કે-' હે દેવ ! સૂર્યોદય થયો એટલે પ્રભુ વિહાર કરી ગયા છે. ' આ પ્રકારનું વચન સાંભળીને રાજા મૂર્છા ખાઇને પૃથ્વી ઉપર પડ્યા અને ચંદનના શીતળ જળસિંચનથી શુદ્ધિમાં આવેલા બાહુબલિરાજા શોકવડે વિલાપ કરવા લાગ્યા. વૃક્ષને

ઉદ્દેશીને કહે છે-'હે વૃક્ષ! સ્વામીના સમાગમથી તું વૃક્ષોની અંદર મુખ્ય છે અને પ્રભુના દર્શનને નહિ પામેલો હું તારા સરખો નથી.' એમ કહીને સ્વામીએ આશ્રય કરેલા વૃક્ષને આલિંગન કર્યું. હવે પૃથ્વીને ઉદ્દેશીને કહે છે-'હે પૃથ્વિ! પ્રથમ જિનેશ્વરના ચરણકમળને તેં રાત્રિની અંદર ધારણ કર્યા અને મને તે પ્રભુનું વંદન પણ પ્રાપ્ત ન થયું તેથી કરીને ખરેખર તુંજ ઘણા પુણ્યવાળી છે..' એ પ્રમાણે બોલીને પ્રભુ જે જગ્યાએ રહ્યા હતા તે જગ્યાની ધૂળ રાજાએ માથે ચડાવી. આ પ્રમાણે વારંવાર મૂર્છાને પામતા તથા સાથે રહેલા બીજા મનુષ્યોને મૂર્છા પમાડતા રાજાને જોઇને રાજમૃગાંક નામના મન્ત્રીએ રાજાને કહ્યું 'હે રાજન્! વિલાપને મોડી કઇને શ્રી ઋષભપ્રભુને જુઓ.' તે સાંભળીને 'ક્યાં છે? ક્યાં છે?' એ પ્રકારે ઉતાવળપૂર્વક રાજા બંને ચક્ષુવડે જોવા લાગ્યા. મન્ત્રીએ જવાબ આપ્યો--'સ્વામીન્! જગન્નાથ આપના હૃદયમાં છે. ચિત્તની અંદર રહેલું રૂપ તેજ નિત્ય છે અને બહાર દેખાતું રૂપ તો અનિત્ય છે.' આ પ્રમાણે બોધ આપવાથી બાહુબલિરાજા શોક રહિત થયા અને પ્રભુના ચરણની જગ્યાએ તેમણે એક યોજન ઉંચો અને પાંચ યોજન વિસ્તારવાળો મણિપીઠ કરાવ્યો.

ઋષભપ્રભુને કેવળજ્ઞાનની પ્રાપ્તિ—આ પ્રકારે આર્ય અને અનાર્ય દેશોમાં મૌનપણે વિચરતા પ્રભુ ચંદ્રનીજેમ માણસોને પોતાના દર્શનથી શાંત કરતા હતા. દીક્ષાસમયથી એક હજાર વર્ષને અંતે પુરિમતાલપુરના શકટાનન નામના વનની અંદર વડના વૃક્ષની નીચે ફાલ્ગુન માસની કૃષ્ણ એકાદશીને દિવસે પહેલા પ્રહરે ઉત્તરાષાઢા નક્ષત્રમાં ચંદ્રનો યોગ પ્રાપ્ત થયો ત્યારે અઠ્ઠમનો તપ કરીને પ્રતિમાધારી રહેલા, અને ઉજ્વલ ધ્યાનમાં મગ્ન થયેલા પ્રથમ જિનાધિપને ઘાતિકર્મનો ક્ષય થવાથી લોક તથા અલોકને પ્રકાશ કરવાવાળું કેવળજ્ઞાન ઉત્પન્ન થયું દેવેન્દ્રોએ તે વખતે વિધિપ્રમાણે દેહધારીઓના હિતને માટે સમવસરણ રચ્યું

પીઠિકાઓને 'આદિકૃત–મંડલ' (આદિને કરવાવાળા પ્રભુનું મંડળ) કહેતા હતા અને તે ઉપરથી ધીમે ધીમે 'આદિત્ય મંડળ' આવું નામ જગતની અંદર પ્રસિદ્ધિને પામ્યું.

તક્ષશિલાપુરમાં પ્રભુને વંદન માટે ગયેલા બાહુબલિને પ્રભુનો સમાગમ નહિ થવાથી વિલાપ—ધ્યાનથી વશ કર્યું છે મન જેમણે તથા ક્રોધાદિ કષાયોને દૂર કર્યા છે જેમણે એવા પ્રભુ વિહારકરતા કરતા તક્ષશિલાપુરે ગયા અને તે નગરની બહાર કાયોત્સર્ગ કરીને રહ્યા. સાયંકાળે ઉદ્યાનપાલકોએ પ્રભુ પધાર્યાની ખબર રાજા બાહુબલિને આપી. તે વખતે બળવાન્ બાહુબલિરાજા હર્ષથી વિચાર કરવા લાગ્યા કે–' સ્ફુરાયમાન થતા અંધકારવડે અપવિત્ર રાત્રિની અંદર યાત્રા (ગમન) ઉચિત નથી તેથી નિષ્પાપ એવા પિતા વિધિ સહિત મારે પ્રાતઃકાળે વાંદવા યોગ્ય છે.

રાત્રિમાં આ પ્રકારે વિચાર કરીને રહેલા રાજા બાહુબલિએ મનોહર ચંદરવા આદિથી પુરી શણગારાવી અને પ્રાતઃકાળ થયો એટલે સ્નાન કરીને શ્વેત (ઉજ્વળ) વસ્ત્રોને ધારણ કર્યાં. પછી શ્વેત મનંગજ (હસ્તિ) ઉપર આરૂઢ થઇને ઉજ્વળ છત્રોથી તથા વીંઝાતા ધવળ ચામરોથી યુક્ત, ઘોડેસ્વાર રાજાઓ સહિત, અંતઃપુરજનોથી પરવરેલા, નગરજનોથી અનુસરાતા, રાજર્ષિ-રાજાઓથી શોભતા, ચક્ષુને પ્રીતિ ઉપજાવે તેવા નાટારંભ તથા ગવાતા સુંદર ગીતોપૂર્વક દીધું છે દાન જેમણે તથા ઉલ્લસિત છે ચિત્ત જેમનું એવા તે બાહુબલિરાજા પ્રભુથી પવિત્રિત થયેલા વનમાં આવ્યા. જેટલામાં હસ્તિ ઉપરથી ઉતરીને ધારણ કરેલી મણિપાદુકા મૂકીને ' પ્રભુ કયા છે ! પ્રભુ કયાં છે ? ' એ પ્રમાણે રાજા બોલ્યા એટલે ઉદ્યાનપાલકે રાજાને નમનપૂર્વક જણાવ્યું કે–' હે દેવ ! સૂર્યોદય થયો એટલે પ્રભુ વિહાર કરી ગયા છે. ' આ પ્રકારનું વચન સાંભળીને રાજા મૂર્છા ખાઇને પૃથ્વી ઉપર પડ્યા અને ચંદનના શીતળ જળસિંચનથી શુદ્ધિમાં આવેલા બાહુબલિરાજા શોકવડે વિલાપ કરવા લાગ્યા. વૃક્ષને

પીઠિકાઓને 'આદિકૃન-મંડલ' (આદિને કરવાવાળા પ્રભુનું મંડળ) કહેતા હતા અને તે ઉપરથી ધીમે ધીમે 'આદિત્ય મંડળ' આવું નામ જગતની અંદર પ્રસિદ્ધિને પામ્યું.


તક્ષશિલાપુરમાં પ્રભુને વંદન માટે ગયેલા બાહુબલિને પ્રભુનો સમાગમ નહિ થવાથી વિલાપ—ધ્યાનથી વશ કર્યું છે મન જેમણે તથા ક્રોધાદિ કષાયોને દૂર કર્યા છે જેમણે એવા પ્રભુ વિહાર કરતા કરતા તક્ષશિલાપુરે ગયા અને તે નગરની બહાર કાયોત્સર્ગ કરીને રહ્યા. સાયંકાળે ઉદ્યાનપાલકોએ પ્રભુ પધાર્યાની ખબર રાજા બાહુબલિને આપી. તે વખતે બળવાન્ બાહુબલિરાજા હર્ષથી વિચાર કરવા લાગ્યા કે-' સ્ફુરાયમાન થતા અંધકારવડે અપવિત્ર રાત્રિની અંદર યાત્રા (ગમન) ઉચિત નથી તેથી નિષ્પાપ એવા પિતા વિધિ સહિત મારે પ્રાતઃકાળે વાંદવા યોગ્ય છે.

રાત્રિમાં આ પ્રકારે વિચાર કરીને રહેલા રાજા બાહુબલિએ મનોહર ચંદરવા આદિથી પુરી શણગારાવી અને પ્રાતઃકાળ થયો એટલે સ્નાન કરીને શ્વેત (ઉજ્વળ) વસ્ત્રોને ધારણ કર્યા. પછી શ્વેત મતંગજ (હસ્તિ) ઉપર આરૂઢ થઇને ઉજ્વળ છત્રોથી તથા વીંઝાતા ધવળ ચામરોથી યુક્ત, ઘોડેસ્વાર રાજાઓ સહિત, અંતઃપુરજનોથી પરવરેલા, નગરજનોથી અનુસરાતા, રાજર્ષિ- રાજાઓથી શોભતા, ચક્ષુને પ્રીતિ ઉપજાવે તેવા નાટારંભ તથા ગવાતા સુંદર ગીતોપૂર્વક દીધું છે દાન જેમણે તથા ઉલ્લસિત છે ચિત્ત જેમનું એવા તે બાહુબલિરાજા પ્રભુથી પવિત્રિત થયેલા વનમાં આવ્યા. જેટલામાં હસ્તિ ઉપરથી ઉતરીને ધારણ કરેલી મણિપાદુકા મૂકીને ' પ્રભુ કયાં છે ? પ્રભુ કયાં છે ? ' એ પ્રમાણે રાજા બોલ્યા એટલે ઉદ્યાનપાલકે રાજાને નમનપૂર્વક જણાવ્યું કે-' હે દેવ ! સૂર્યોદય થયો એટલે પ્રભુ વિહાર કરી ગયા છે. ' આ પ્રકારનું વચન સાંભળીને રાજા મૂર્છા ખાઇને પૃથ્વી ઉપર પડ્યા અને ચંદનના શીતળ જળસિંચનથી શુદ્ધિમાં આવેલા બાહુબલિરાજા શોકવડે વિલાપ કરવા લાગ્યા. વૃક્ષને

સામાન્ય મનુષ્યની જેવો હોઇ શકે ?' એ પ્રમાણે ભરતરાજાની વાણીરૂપી જળમાં સ્નાન કરીને શોકવડે લાગેલો પોતાના મનનો મેલ મરૂદેવામાતાએ દૂર કર્યો અને હર્ષરૂપ વસ્ત્ર ધારણ કર્યું. અર્થાત્ ભરતરાજાના વચનથી શોક દૂર કરી પ્રમુદિત થયા.

ભરતરાજાને વધોપના—આ વખતે દ્વારપાળવડે દાખલ કરાવાએલા બે માણસોએ સ્વામીને કેવળજ્ઞાનની ઉત્પત્તિ તથા ચક્રની ઉત્પત્તિના જુદા જુદા સમાચાર ભરતરાજાને આપ્યા. પહેલો બોલ્યો–' હે દેવ! અહોભાગ્યવડે કરીને આપને વધોપના (વધામણી) આપું છું કે શકટાનન વનમાં યુગાદિનાથને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું છે.' બીજો બોલ્યો—' હે પ્રભુ! આયુધશાળાની અંદર અદ્ભુત કાંતિવાળું, સૂર્યસમાન ચક્રરત્ન ઉત્પન્ન થયું છે.' ભરત મહારાજ આ વખતે વિચાર કરવા લાગ્યા કે–' મારે કોનો પહેલાં અને કોનો પાછળ ઉત્સવ કરવો જોઇએ. અરે! મારો સંદેહ વિચારવા યોગ્ય છે, કારણકે પ્રભુને પ્રણામ કરવાથી ઇંદ્ર અને મોક્ષની પ્રાપ્તિ થાય છે અને ચક્રથી તો દુઃખે સહન કરવા યોગ્ય પાપનો બંધ થાય છે.'

મરૂદેવામાતા સાથે ભરતરાજાનું પ્રભુના વંદન માટે ગમન—આ પ્રમાણે વિચાર કરીને વધોપના આપવા આવેલા બન્નેને દાનવડે સંતુષ્ટ કરીને મરૂદેવામાતા સાથે પોતે હસ્તિ-ઉપર આરોહણ કર્યું. અંતઃપુરની તેમજ નગરની સ્ત્રીઓ તથા પુંડરીક આદિ પુત્રો સહિત જતા પૃથ્વીપતિ ભરતે મરૂદેવામાતાને કહ્યું કે–' હે માતા! અહિં તમારા પુત્રના આસન માટે ઇંદ્રોએ રૂપાનો, સુવર્ણનો અને રત્નનો એ પ્રમાણે ત્રણ ગઢ રચેલા છે તે જુઓ! તમારા પુત્રની પાસે આ ચોસઠ ઇંદ્રો પવિત્ર એવી જુદા જુદા પ્રકારની સ્તવના કરવામાં રક્ત થયેલા જયઘોષ કરે છે અને રંભા તિલોત્તમાદિ ચતુર દેવીઓ દિવ્ય આવાજે મનોહર ગીતો ગાય છે તે હર્ષપૂર્વક સાંભળો.



સામાન્ય મનુષ્યની જેવો હોઇ શકે ?' એ પ્રમાણે ભરતરાજાની વાણીરૂપી જળમાં સ્નાન કરીને શોકવડે લાગેલો પોતાના મનનો મેલ મરૂદેવામાતાએ દૂર કર્યો અને હર્ષરૂપ વસ્ત્ર ધારણ કર્યું. અર્થાત્ ભરતરાજાના વચનથી શોક દૂર કરી પ્રમુદિત થયા.

ભરતરાજાને વધાપના--આ વખતે દ્વારપાળવડે દાખલ કરાવાએલા બે માણસોએ સ્વામીને કેવળજ્ઞાનની ઉત્પત્તિ તથા ચક્રની ઉત્પત્તિના જુદા જુદા સમાચાર ભરતરાજાને આપ્યા. પહેલો બોલ્યો-'હે દેવ! મહાભાગ્યવડે કરીને આપને વધાપના (વધામણી) આપું છું કે શકટાનન વનમાં યુગાદિનાથને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું છે.' બીજો બોલ્યો--'હે પ્રભુ! આયુધશાળાની અંદર અદ્ભુત કાંતિવાળું, સૂર્યસમાન ચક્રરત્ન ઉત્પન્ન થયું છે.' ભરત મહારાજ આ વખતે વિચાર કરવા લાગ્યા કે–' મારે કોનો પહેલાં અને કોનો પાછળ ઉત્સવ કરવો જોઇએ. અરે! મારો સંદેહ ધિક્કારવા યોગ્ય છે. કારણકે પ્રભુને પ્રણામ કરવાથી ઇંદ્ર અને ચક્રીપદની પ્રાપ્તિ થાય છે અને ચક્રથી તો દુઃખે સહન કરવા યોગ્ય પાપનો બંધ થાય છે.'

મરૂદેવામાતા સાથે ભરતરાજાનું પ્રભુના વંદન માટે ગમન--આ પ્રમાણે વિચાર કરીને વધાપના આપવા આવેલા બન્નેને દાનવડે સંતુષ્ટ કરીને મરૂદેવામાતાની સાથે પોતે હસ્તિ-ઉપર આરોહણ કર્યું. અંતઃપુરની તેમજ નગરની સ્ત્રીઓ તથા પુંડરીક આદિ પુત્રો સહિત જતાં પુરીપાત ભરતે મરૂદેવામાતાને કહ્યું કે–'હે માત! અહિં તમારા પુત્રના આગમન માટે ઇંદ્રોએ રૂપાનો સુવર્ણનો અને રત્નનો એ પ્રમાણે ત્રણ ગઢ રચેલા છે તે જુઓ.' તમારા પુત્રની પાસે આ ચોસઠ ઇંદ્રો પવિત્ર એવી જુદા જુદા પ્રકારની સ્તવના કરવામાં તત્પર થયેલા જયઘોષ કરે છે અને રંભા તિલોત્તમાદિ ચતુર દેવીઓ દિવ્ય ભાષાવડે મનોહર ગીતો ગાય છે તે લક્ષપૂર્વક સાંભળો.

જિનેશ્વરરૂપી રાજહંસે બાળક્રીડા કરી છે તે નાભિરાજા ધન્ય છે.'

स्थित्वा यस्या वपुषि जिनो जननयनामृतगात्रम् ।
रंगमयं जिन विदधे मरुदेवा स्तुतिपात्रम् ॥ ६ ॥

'જે મરૂદેવામાતાના શરીરમાં (ઉદરમાં) રહી પ્રભુએ મનુષ્યોના નેત્રોને અમૃતરૂપ આવો સુંદર પોતાનો દેહ ઉત્પન્ન કર્યો તે મરૂદેવામાતા સ્તુતિપાત્ર છે.'

मोहाम्भोधौ दुर्गतिवीथ्यां मज्जन्तं भुवि सर्वम् ।
धारयति स्म निजैर्वचनैर्वन्दे तं गतगर्वम् ॥ ७ ॥

'જગતની અંદર મોહસમુદ્રરૂપ દુર્ગતિવિધિમાં ડુબતા સર્વ લોકોને જે પોતાની દેશનાવડે બચાવે છે એવા અને નષ્ટ થયો છે ગર્વ જેમનો એવા આદિનાથને હું નમસ્કાર કરૂં છું.'

सुर-नर-किन्नर-नागकुलान्यतिनिर्मलभामन्ति ।
अस्य निपीय सुवागमृतं संसारं संसारं संसारं प्रतरन्ति ॥ ८ ॥

'અતિ નિર્મળ કાંતિ યુક્ત સુર, કિંનર, નાગદેવ તથા મનુષ્યોના સમૂહો આ પ્રભુની સારભૂત સુંદરવાણીરૂપ અમૃતનું પાન કરીને જન્મમરણથી યુક્ત દુઃખરૂપ સંસારને તરે છે.'

सुरवर-किन्नर-नाग-नराः यं युगपत् प्रणिपत्य ।
इह हि पिबन्ति सुवागमृतं देव देव प्रणमामि ॥ ९ ॥

'શ્રેષ્ઠ સુર, કિંનર, નાગદેવ તથા મનુષ્યો એકી સાથે નમસ્કાર કરીને જેમની મનોહર વાણીરૂપ અમૃતનું પાન કરે છે તે પ્રભાવ- યુક્ત પ્રભુને હું નમસ્કાર કરૂં છું.'

ઋષભદેવના વૈભવથી મરૂદેવામાતાનું અન્યત્વભાવનું ચિંતવન—એ પ્રમાણે સાંભળીને આશ્ચર્યથી ઉત્પન્ન થયેલા હર્ષાશ્રુરૂપી અતિ વિસ્તૃત અમૃતના પૂરથી મરૂદેવામાતાના બન્ને ચક્ષુમાંથી પ્રથમ રૂદન કરવાથી આવેલો પડળરૂપ પંક તુરત દૂર થઈ ગયો તેથી તેજયુક્ત વિકસિત નેત્રોવાળા થયેલા મરૂદેવા- માતા પ્રભુની વાણી સાંભળવાથી અને પુત્રની ઋદ્ધિને જોવાથી વિચાર કરવા લાગ્યા કે—'અરે! મારા પુત્રનો વૈભવ જગતની

અંદર અદ્ભુત છે અને આ ભરતને હા ! હા ! મેં ફોગટ રોષ આપ્યો. ખરેખર જ્યાંસુધી પુત્રો ઉત્સંગ (ખોળા)ની અંદર રહેલા હોય છે ત્યાંસુધીજ પોતાના થાય છે. આ ઋષભ પણ તેવી રીતે આવા વૈભવથી યુક્ત થયો તો પણ મારા ઉપર ઉદાસીન ભાવવાળો થયો. 'વત્સ ! વત્સ ' એ પ્રકારે બોલતી તથા વિલાપ કરતી મને શાંતિને માટે આ પુત્રે એક દેવની સાથે પણ પોતાના સમાચાર ન મોકલ્યા. આજપર્યંત આ પુત્રના મોહવડે તેના દુઃખથી હું ફોગટ દુઃખી થઇ, કારણ સ્વાર્થમાં એક નિષ્ઠાવાળા આ સંસારમાં કોઇ કોઇનું નથી. કર્ત્તા કહે છે કે—

एष मोहः सौख्यचौरो मनोऽस्या धर्म्यमप्यगात्।
दुर्जनस्थानदानेन सतां देशान्तरो भवेत् ॥ १ ॥

'મોહ ખરેખર સુખનો ચોર [નાશ કરવાવાળો] છે તેથી આ મરૂદેવામાતાનુ ધર્મયુક્ત મન પણ દૂર થઇ ગયું (તેમને કેવળજ્ઞાન ન થયું) કારણ કે દુર્જનને સ્થાન આપવાથી સજ્જનને દેશાંતર જવું પડે છે.'

મરૂદેવામાતાનું સિદ્ધિસ્થાને ગમન—આ પ્રમાણે શુભ ભાવનામા આ રૂઢ થયેલા મરૂદેવામાતાને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું અને તેજ વખતે તેના આત્માએ દેહને છોડી દીધો; કારણકે સમર્થ એવો કોણ કેદખાનામા રહે ? આ ભરતક્ષેત્રની અંદર આ અવસર્પિણિમા પ્રથમ સિદ્ધ થયેલા તેમના દેહને પૂજીને શીઘ્ર દેવોએ ક્ષીરસમુદ્રમા સ્થાપન કર્યો

ઇંદ્ર તથા ભરતે કરેલી ઋષભદેવની સ્તુતિ—હવે ભરતરાજાએ મરૂદેવામાતાના વિરહથી થયેલા દુઃખને દેવ તથા ઇંદ્રના વાક્યથી શાંત કરીને અશોકવૃક્ષની છાયાથી યુક્ત જિનેંદ્રના સમવસરણમાં ઇદ્રો સાથે યથાવિધિ પ્રવેશ કર્યો અને ત્રણ પ્રદક્ષિણા દઇને ભરતરાજા તથા ઇંદ્ર નીચે પ્રમાણે પ્રભુની સ્તુતિ કરવા લાગ્યા.

'કાંતિવડે કરીને ઉપમા રહિત તથા લોક અને અલોકને જોવામા સમર્થ કેવળજ્ઞાનથી યુક્ત નાભિરાજાના પુત્ર ઋષભદેવને નમસ્કાર થાઓ. મહામોહથી મૂઢ બનેલા અને ભવરૂપ ગુફાની

કરે છે)–ભવનો નાશ કરવાથી હે વિભવ ! અને સ્થિર કાંતિને પ્રગટ કરેલી હોવાથી હે સ્થિરવિભ ! આપ વૃષ (બળદ)થી ચિહ્નિત સ્થિતિવાળા છો અને અત્યંત ભક્તિથી નમસ્કારને માટે તમારા ચરણકમળને પ્રાપ્ત થયેલા, ભવથી મુક્ત ભવ્યજીવના સમૂહને વૃષ (ધર્મ)થી યુક્ત કરી અક્ષય સ્થાનરૂપ નિજપદે પહોંચાડો છો તે આપને બધી રીતે ઘટે છે. સ્પષ્ટરીતે સમજાય છે કે આપે સુખ અને દુઃખ, પોતાનું અને પારકું તથા શત્રુ અને મિત્ર આદિ પ્રબળ યુગળોનું સંપૂર્ણરીતે ઉન્મૂલન કરી નાખ્યું અને તેથી હે સ્વામિન્ ! સિદ્ધાંતને વિષે ડાહ્યા પુરૂષોએ આપને યુગલવિધિના નાશ કરનારા કહ્યા છે તે બરોબર ઘટે છે. આપના હૃદયરૂપી સમુદ્રમાંથી અત્યંત વિસ્તાર પામતી સમતારૂપી લહરીથી વ્યાપ્ત તમારા વાક્યરૂપી અમૃત સર્વદા દેવ, મનુષ્ય અને તિર્યંચોને આપની પર્ષદામાં સરખો સ્વાદ આપનારૂં થાય છે, અને મોક્ષમા પણ સરખું સુખ આપે છે તે વાત ઘટે છે; કારણ કે અહિં અમૃતના પિતાતુલ્ય આપ છો તેથી પિતાને અનુસરતાજ ગુણો પુત્રમાં હોય છે; વળી સાક્ષાત અમૃત અમૃતાંશુ (ચંદ્ર)નો ક્ષય કરવાવાળું હોવાથી સ્વયમેવ નિષ્ફળતા પામે છે, અને દેવોને ફરી ગર્ભની પ્રાપ્તિ હોવાથી તેનું અમરપણું મિથ્યા થાય છે; પણ આપની વાણીરૂપી અમૃતજ વાસ્તવિક અમૃત છે કે તેને પીવાથી પૃથ્વી ઉપર રહેલા મનુષ્યોને ગર્ભ આદિ દુઃખોથી રહિત સાચું અમરપણું (મોક્ષપદ) પ્રાપ્ત થાય છે. હે જિનવર ! આ જગતની અંદર સર્વે જીવોના મનની સ્થિતિ પાપ અથવા પુણ્ય કરવામાં મચેલી હોય છે અને તે બંનેથી અન્ય કરવાને ઇચ્છતા આપે મનનો ત્યાગ કરેલો છે. મનુષ્યોની પ્રેરણમતિ અનિત્ય વસ્તુમાં અથવા નિત્ય વસ્તુમાં હોય છે પણ વિરતિપણામાં રહેલી આપની વાણી તો અનેકાંતવાદમાંજ રમણ કરે છે; હે જિન ! અન્યથી નહિ પહોંચી શકાય તેવી અગમ્ય ગતિએ આપ શકટ (ગાડા) વિના પહોંચેલા છો, અને બખ્તર વિનાના હોવા છતાં પણ કામદેવરૂપી શત્રુના બાણ-

ના આપ અવિષય છો. (તે બાણો આપને લાગી શકતા નથી.) વળી આપ સંગ્રામ વિના ભવ્ય જીવોના અજ્ઞાનરૂપી અસંખ્ય શત્રુઓનો નાશ કરો છો અને સ્ત્રી રહિત હોવા છતાં પણ સ્થિર મહિમાવડે કરીને અપૂર્વ સૌભાગ્ય યુક્ત છો. હે પૂજ્ય ! ત્રણ ભુવનમાં આપની વ્યાપ્તિ (મેળાપ) અન્ય કોઇની સાથે નહિ હોવાથી આપનું સ્વરૂપ અનુમાનપ્રમાણથી ગમ્ય નથી, શાસ્ત્રથી પણ આપનું સ્વરૂપ પામી શકાય તેમ નથી તેથી આગમપ્રમાણથી પણ આપ અગોચર છો, પંડિતોથી પણ કોઇની ઉપમા આપને ઘટાવી શકાતી નથી તેથી ઉપમાનપ્રમાણના પણ આપ વિષય નથી, વળી આપનું સ્વરૂપ કોઇ પણ જાતની અર્થાપત્તિનો પણ આશ્રય કરતું નથી. તેમજ હે સમગ્રગુણમય ! આપનો અભાવ પણ નથી. હે પ્રભુ ! આ પ્રમાણે આપના મહિમાનો પાર એકે પ્રમાણથી પામી શકાતો નથી. વળી બુદ્ધિપૂર્વક બોલાયેલું વચન શુદ્ધ હોય છે અને તે બુદ્ધિનું ઉત્પત્તિ સ્થાન મન છે અને તે મન અણુ તથા વ્યામૂઢ છે. હે પ્રભુ ! આપ અનેક ગુણોથી અલંકૃત શરીરને ધારણ કરવાવાળા છો અને મનને આપે દૂર કરેલું છે. તેમજ મનમા ઉત્પન્ન થનારી બુદ્ધિથી આપનું સ્વરૂપ સમજી શકાય તેવું નથી, વાસ્તે વાણીથી નહિ વર્ણવી શકાય તેવા હે જિનેશ્વર ! આપ લાંબો કાળ જયવંતા વર્તો.' આ પ્રમાણે વાણીથી પ્રથમ તીર્થપતિના મુખ્ય ગુણોની સ્તવના કર્યા પછી ઇંદ્ર તથા ભરતમહારાજ પ્રભુની આગળ બેઠા અને એક યોજનમાં ફેલાતી, સર્વ ભાષાને અનુરૂપ, અમૃતને વર્ષાવનારી વાણીવડે પ્રભુએ સંસારના ક્લેશને નાશ કરવાવાળી નીચે પ્રમાણે દેશના આપી.

પુંડરીકસ્વામીની દીક્ષા અને ગણધર પદની સ્થાપના.

ઋષભપ્રભુની દેશના—

पापेन् [illegible] मनुजस्तनुस्य [illegible] प्रत्ने,
[illegible] सुकृतनरस्तानि [illegible] ।
ते तु दुष्कर्मयुग्म [illegible] सानेषु दाने—

व्याऽऽरोप्याऽश्वेषु जीवान् भ्रमयति स भवं पीडयन्नुग्रदुःखैः ॥
निर्मोदलघुनैर्धर्मः सर्वदः सेव्यतां ततः ।
यथ कामा-ऽर्थ-मोक्षाणां जनकत्वं प्रगल्भते ।

"જેઓ મનુષ્યદેહરૂપી અશ્વને પામીને પાપરૂપી શત્રુઓને હણે છે તેઓને સુકૃતનરપતિ (પુણ્યરાજા) ઇંદ્રિપદવી આદિ હસ્તીઓ સર્વદા સ્વારી કરવા આપે છે અને જેઓ દુષ્ટ વ્યાપારમાં રક્ત થઇ તે મનુષ્યરૂપ અશ્વનો દ્રોહ કરે છે તે જીવોને ગધેડાદિ હીન પશુઓ ઉપર બેસાડીને ઉગ્ર દુઃખોથી પીડા પમાડતો ભવમાં રખડાવે છે. વાસ્તે મદરહિત થઇને જીવોએ સુખને દેવાવાળો ધર્મજ સેવવો જોઇએ."

ભરતમહારાજના પુત્ર-પૌત્રાદિની પ્રવ્રજ્યા, પુંડરીકસ્વામી મુખ્ય ગણધર—એ પ્રમાણે નિર્મળ ધર્મદેશના સાંભળીને તે પ્રદેશના પુરૂષો તથા સ્ત્રીઓ પૈકી કેટલાકે સમ્યક્ત્વ સહિત શ્રાવકના વ્રત અંગીકાર કર્યાં અને કેટલાકે સાધુપણું અંગીકાર કર્યું. ઋષભસેન આદિ ભરતમહારાજના પાંચસો પુત્રોએ અને સાતસો પુત્રના પુત્રોએ દીક્ષા લીધી. પ્રભુએ પહેલી દેશનામાં પુંડરીક સાધુ, બ્રાહ્મી સાધ્વી, શ્રેયાંસ શ્રાવક, અને સુંદરી શ્રાવિકા એ પ્રમાણે ચતુર્વિધ સંઘની સ્થાપના કરી; વળી પ્રભુએ તે વખતે ચોરાશી ગણધર કર્યા, તેઓમાં ઋષભસેન જેનું નામ પુંડરીક છે તે પ્રથમ થયા. પ્રભુ પાસેથી પુંડરીક આદિ ગણધરોએ ' ઉત્પત્તિ, વ્યય અને ધ્રુવ' એ પદત્રયીને પ્રાપ્ત કરીને શીઘ્ર દ્વાદશાંગીની રચના કરી. તે સમવસરણમાં ભરત મહારાજના પુત્ર મરીચીએ પણ દીક્ષા લીધી અને કચ્છ તથા મહાકચ્છ સિવાય સર્વે તાપસોએ પણ દીક્ષા લીધી. ત્યારપછી ધર્મરૂપી અંકુરાને ઉત્પન્ન કરવામાં પ્રસરતા જ્ઞાનરૂપ જળથી યુક્ત મેઘસમાન પ્રભુ વિહાર કરીને અન્યત્ર ગયા અને ભરતમહારાજ પોતાની લક્ષ્મીના સમૂહથી પ્રભુનો જ્ઞાનમહોત્સવ કરીને હર્ષયુક્ત થયેલા અયોધ્યા નગરીમાં આવ્યા.

પ્રથમ સર્ગ સંપૂર્ણ—શ્રી રત્નપ્રભસૂરિરૂપી સૂર્યના કિરણોથી રાત્રીરૂપી દોષોનો ત્યાગ કરીને અલ્પબુદ્ધિવાળા હોવાછતાં પણ પ્રતિદિવસ તેમની કૃપાવડે કરીને અદ્ભુત બુદ્ધિથી જે યુક્ત થયા તે શ્રી કમલપ્રભે રચેલા શ્રી શત્રુંજયના દીપકતુલ્ય પુંડરીકસ્વામીના ચરિત્રનો પહેલો સર્ગ સંપૂર્ણ થયો.

इति श्रीरत्नप्रभसूरिशिष्य–आचार्यश्रीकमलप्रभविरचिते श्रीपुण्डरीकचरिते श्रीयुगादिनाथकेवलज्ञान–श्रीपुण्डरीकचतुर्गणधरपद–स्थापना नाम प्रथमः सर्गः ॥

સર્ગ બીજો.

ભરતમહારાજનું શસ્ત્રાગારમાં ગમન—પ્રભુનો ઉત્સવ કરીને આવેલા ભરતમહારાજ પછી હર્ષથી શસ્ત્રાગારમાં આવ્યા અને શુભ દિવસને સૂચવનાર, ઉદય પામેલા પુણ્યસૂર્ય સમાન, એક હજાર આરાથી યુક્ત નવા ઉત્પન્ન થયેલા ચક્રરત્નને નમસ્કાર કર્યો અને સર્વે નગરજનોના હર્ષની સાથે વિવિધ પ્રકારના નૈવેદ્યના સમૂહથી તેનું પૂજન કરવાપૂર્વક ભરતરાજાએ આઠ દિવસ સુધી મહોત્સવ કર્યો.

દિગ્‌વિજયને માટે ભરતમહારાજનું ગમન—ત્યારપછી સરલ મનવાળા ભરતમહારાજ ગજરત્ન ઉપર આરૂઢ થઈ શુભ મુહૂર્તે પ્રયાણ મંગળ કરી તે ચક્રની પાછળ પૂર્વદિશા તરફ ચાલ્યા. તે વખતે બીજા રત્નો—હય (અશ્વ), વર્ધકિ (સુતાર), ચર્મ (આધાર અને પુલ તરીકે કામ આપનાર), કાકિણી, મણિ, સેનાનિ, અસિ (તરવાર), પુરોધસ (ગોર), આતપત્ર (છત્ર), દંડ અને કુટુંબિક (ગૃહપતિ–રસોઈ કરાવનાર) પણ ભરતમહારાજની સાથે ચાલ્યા. પ્રયાણ સમયે ભરતેશ્વરના સૈનિકોએ જ્યારે જયઢક્કા વગાડી ત્યારે ઉત્તમ રાજાઓના હૃદયો અને મોટા પર્વતોની ગુફાઓ સાથે ફાટ્યા. અને દુંદુભી, ભટભેરી, અશ્વ તથા હસ્તિઓના એકસાથે ઉત્પન્ન થયેલા

શબ્દથી સઘળી દિશાઓ બધિર (બહેરી) બની ગઇ. તેથી તે બોલાવ્યા છતાં પણ જવાબ આપતી નહોતી. સૈન્યના અશ્વો એટલા વેગથી ચાલતા હતા કે વેગવાળા પવનને પણ તેઓએ જીતી લીધો અને જીતાયેલો એવો તે પવન રજના સમૂહને છત્રની જેમ માથે ધારણ કરીને તેઓની સાથે ચાલ્યો. આ પ્રમાણે છત્રરૂપ થઇને સૈન્યની સાથે આવતો પવન સૂર્યના આતપથી દાહને ન પામે તેટલા વાસ્તેજ સૈન્યના અશ્વોની ખરીથી ઉડાડવામાં આવેલી ધૂલિવડે આકાશમાં રહેલા સૂર્યને ઢાંકી દીધો. અત્યંત ગંભીર હૃદયવાળા ભરતમહારાજની એક યોજન પ્રમાણ દરરોજ પ્રયાણ કરનારી સેના સમુદ્રના કાંઠા પાસે આવી તે વખતે વર્ધકિરત્ને ત્યાં કીનારા ઉપર બાર યોજનમાં શીઘ્ર ઉત્તમ ધામો બનાવ્યા અને તેમાં સર્વ સૈનિકો રહ્યા. વર્ધકિરત્ને બનાવેલી મણિજડીત અતિ નિર્મળ પૌષધશાળામાં ડાભના સંથારા ઉપર કુશલ ભરતમહારાજ ત્રણ ઉપવાસ (અઠ્ઠમ) કરીને બેઠા. ચોથે દિવસે પ્રભાતે સૂર્યોદય થયો એટલે ભરતમહારાજ નાહીને શ્વેત વસ્ત્રો ધારણ કરી ચારે છેડે જેને વીરઘંટાઓ બાંધેલી છે એવા અને અસ્ત્રોથી ભરપૂર રથ ઉપર આરૂઢ થયા. ચાર મોટી ધજાથી યુક્ત રથમાં બેઠેલા સ્થિર અને સુવર્ણ કાન્તિવાળા ભરતમહારાજ બે સૂર્ય અને બે ચંદ્રથી યુક્ત એવા પહેલા દ્વીપ (જંબુદ્વીપ)માં રહેલા મેરૂપર્વત જેમ શોભે તેવા શોભવા લાગ્યા. અત્યંત તેજવાળા અને પરાક્રમી ભરતરાજાએ તે વખતે સ્થિર અને સત્ત્વશાળી સારથીથી પ્રેરણા કરાયેલા અશ્વોના અવાજપૂર્વક રથને નાભિપ્રમાણ પાણીમાં જવા દીધો. પછી ઉત્કૃષ્ટ ધનુર્ધર ભરતરાજાએ શીઘ્ર ધનુષ ઉપર પણછ (દોરી) ચડાવી અને મહોટો ટંકારવ કર્યો જેથી સઘળા જળજંતુઓ અવાજ કરવાપૂર્વક ચપળ થઇ ગયા.

માગધદેવનો વિજય—ત્યારપછી સમુદ્રમાં બાર યોજન પર રહેલા માગધદેવપ્રત્યે ભરતમહારાજે સુવર્ણમય અને પોતાના

નામથી અંકિત બાણુ છોડયું. ગમનના શ્રમથી જાણે સૂતકારને કરતું હોય તેમ સૂતકાર કરતું તે બાણુ ઉતાવળે આકાશમાર્ગે ગયું અને તે માગધદેવની સભામાં જાણે પાતાળમાં જવાની ઇચ્છા રાખતું હોય તેમ ભૂમિમાં મુખ નાખીને રહ્યું. તે માગધદેવ એકાએક પડેલ સુંદર બાણુને જોઇને ક્રોધવડે લાલચોળ થઇ બોલ્યો કે–'પોતાના જીવનને વહન કરવામાં ખિન્ન થયેલ હૃદયવાળા અને મરવાની ઇચ્છાવાળા કોણે મારી સભામાં આ બાણુ ફેંક્યું છે? અથવા તો ફણિનાથના ફણા ઉપર રહેલા મણિઓના સમૂહવડે પોતાનો મુકુટ બનાવવાને ઉત્કટ એવો કોણ તૈયાર થયો છે? અને એરાવણહસ્તિના દાંતથી પોતાની શ્રીના કંકણ કરવાની કોણ ઇચ્છા રાખે છે?' એ રીતે ગર્વયુક્ત થયેલો મગધદેવ પછી બાણુને પોતાના હાથમાં લઇને વિસ્મયપૂર્વક તેમાં રહેલા નિર્મળ અક્ષરો વાંચવા લાગ્યો—

भरतः प्रथमोऽपि चक्रिराट् दिशति श्रीऋषभाङ्गभूरिति ।
मम यच्छत दण्डमाशु भो ! यदि नित्यं स्वसुखैषिणः सुराः ॥

'શ્રી ઋષભદેવનો પુત્ર પ્રથમ ચક્રવર્તી ભરત આજ્ઞે તમને આજ્ઞા કરે છે કે હે દેવ! જો તમે પોતાના સુખને ઇચ્છતા હો તો શીઘ્ર મને દંડ આપો.'

એ પ્રમાણે બાણુ ઉપરના અક્ષરો વાંચીને આગમના જોવાથી શ્રાવક જેમ શાંત થઇ જાય તેમ માગધદેવ શાંત થઇ ગયો અને સમુદ્રમાર્ગે આવીને તેણે પુષ્પોની જેમ મણિઓવડે કરીને સુંદર આશયથી નૃદેવ એવા તે ભરતમહારાજાની પૂજા કરી. પછી તે માગધદેવ શ્રેષ્ઠ રત્નોની સાથે ભરતમહારાજના તે બાણુને મૂકીને ભક્તિ સહિત અંજલિ જોડીને જય શબ્દ પૂર્વક બોલ્યો કે—'ઇંદ્રના હાથથી મૂકાયેલા વજ્રની જેવા, તપસ્વી યતિના મુખના તેજની સરખા તેજવાળા અને સતીના મુખના શાપ સદૃશ આપના ધનુષથી મૂકાયેલા બાણુને કોણ સહન કરી શકે? હે પ્રભુ! આપથી સ્થાપન કરાયેલો હવે હું આપનો સેવક છું અને અહીં

આજ્ઞાવડે સર્વદા મારા ઉપર પ્રસન્નતા કરવી.' એ પ્રમાણે અત્યંત ભક્તિવાળા શબ્દોથી સંતુષ્ટ થયેલા ભરતમહારાજે તેને વિસર્જન કર્યો અને સમુદ્રમાંથી રથને પાછો વાળ્યો. ઘટે છે કે ઉત્તમ પુરૂષો નમસ્કારપર્યંતજ રોષવાળા હોય છે. પોતાના સૈન્યમાં ગયેલા નિષ્કંટક એવા ભરતમહારાજે પછી પારણું કરીને હર્ષથી માગધદેવને આશ્રિને અષ્ટાહ્નિક મહોત્સવ કર્યો.

વરદામપતિ-પ્રભાસપતિ અને સિંધુનદીનો વિજય— પછી ચક્રવર્તી વરદામપતિ, પ્રભાસપતિ અને સિંધુનદી દેવીને જીતીને શીઘ્ર રૂપ્યમય વૈતાઢ્યગિરિ પ્રત્યે આવ્યા.

વૈતાઢયદેવનો વિજય—ચક્રવર્તીએ વૈતાઢ્ય પર્વતના દક્ષિણભાગમાં પોતાના સૈન્યને રાખીને ત્રણ ઉપવાસ કરીને વૈતાઢ્યકુમાર દેવની આરાધના કરી, એટલે ચલિતાસન થયેલા તે દેવે સમીપ આવી, કિંમતી રત્નોનું ભેટણું કરી ભરતમહારાજની આજ્ઞા મસ્તક ઉપર ચડાવી. પછી જેવી રીતે આવ્યો હતો તેવી રીતે વિદાય થયો. ત્યારપછી રાજાએ પારણું કરીને આઠ દિવસનો અદ્ભુત ઉત્સવ કર્યો.

સિંધુનદીના બે તટ સાધવાની સેનાધિપતિને આજ્ઞા—પછી સરલ આશયવાળા ભરતમહારાજે લીલાપૂર્વક પોતાના સેનાધિપતિને આજ્ઞા કરી કે ' સાધવામાં પ્રવિણ એવા હે સખે ! સુખપૂર્વક સિંધુના દક્ષિણ ભાગના બે તટોને શીઘ્ર સાધો.' સેનાધિપતિએ તુરત ચર્મરત્નવડે સિંધુનદી ઉતરી ત્યાંના તુરૂષ્ક લોકોના રાજાઓને જીતીને દંડતરીકે આવેલું ધન ચક્રવર્તીને સોપ્યું.

તમિસ્રાગુફાનું ઉઘાડવું અને કૃતમાલદેવનો વિજય—ફરીથી ચક્રીની આજ્ઞાથી તે સેનાધિપતિએ તમિસ્રાગુફા ઉઘાડવા માટે ત્રણ ઉપવાસ કરીને કૃતમાલદેવને આશ્રિને અષ્ટાહ્નિક ઉત્સવ કર્યો; પછી અશ્વરત્ન ઉપર આરૂઢ થઇને મોક્ષ પ્રત્યે જવાવાળો જીવ સમાધિવડે મદ અને રોષને જેમ વિરલ કરી નાખે તેમ દંડરત્ન ત્રણ વખત અફાળીને ગુફાના બંને દ્વાર

વિરલ કર્યાં [ઉઘાડી નાખ્યાં]. અને અશ્વરત્ન ઉપર પાછા આવી સ્વામીને ખબર આપ્યા.

ત્યારપછી ચક્રવર્તી હસ્તિઉપર આરૂઢ થયા અને મણિને હસ્તિકુંભ ઉપર પ્રકાશને વાસ્તે સ્થાપન કર્યો; પછી મણિના તેજથી તમિસ્રાગુફાને અંધકાર રહિત કરતા કળાથી યુક્ત નક્ષત્રોની સાથે ચંદ્ર જેમ વાદળમાં પ્રવેશ કરે તેમ રાજાએ પોતાના સૈન્યની સાથે તે ગુફામાં પ્રવેશ કર્યો. હસ્તિઉપર રહેલા રાજાએ તે ગુફાની અંદર પછવાડે આવતી સેનાના પ્રકાશને વાસ્તે કાકિણિરત્નથી ઓગણપચાસ મંડળો કર્યા. ત્યાં પથ્થર પણ સહેજે તરી શકે એવી ઉન્નિમ્નગા નદી ઉતર્યાં અને તૂલ (રૂઉ)ને પણ બૂડાડે એવી નિમ્નગા નદીને પણ વર્ધકિરત્નથી ઉતર્યા. પછી પોતાની મેળે ઉઘડી ગયેલા તે ગુફાના ઉત્તરદ્વારથી ત્વરાથી નીકળ્યા અને ચક્રની પછવાડે ભરતમહારાજ ઉત્તરભરતાર્ધને સાધવા ચાલ્યા.

ભિલ્લોની સાથે યુદ્ધ—ચક્રીના સૈન્યને અગાઉ કોઈ વખત નહિ જોયેલું હોવાથી સંતાપક્ષ નામના ભીલ્લભટો આયુધોને ધારણ કરીને અગ્રસૈન્યની સાથે યુદ્ધ કરવા લાગ્યા. જેવામાં ચક્રીના સૈન્યને ભિલ્લભટોએ હરાવી પાછું કાઢયું તેવામાં હણવાની ઇચ્છાથી અશ્વરત્ન ઉપર આરૂઢ થયેલો સેનાનિ તેમની તરફ દોડ્યો. પુણ્યવડે જેમ વિઘ્નોનો સમૂહ નાશ પામે તેમ સેનાનિયો હારેલા ભિલ્લોએ વિવિધ પ્રકારના દેહકષ્ટપૂર્વક કુળદેવતાને આરાધ્યા. અત્યંત સેવા કરવાથી પ્રસન્ન થયેલા મેઘપ્રમુખ દેવો આવીને પૂછવા લાગ્યા કે-' હે વત્સો ! આ પ્રકારની લાંઘણો અને કાયકષ્ટ શા માટે કરો છો ? પોતાના પૂર્વ ભવના ઉગ્ર પુણ્યથી પ્રબળ એવો આ ચક્રવર્તી મનુષ્યો, દેવો, કિન્નર, અસુર તેમજ નાગકુમાર તેમાંના કોઇથી પણ જીતી શકાય તેમ નથી. તેમ છતાં પણ હે વત્સો ! તમારા આરાધનથી સંતુષ્ટ થયેલા અમે અમારા બળના પ્રમાણમાં હમણા તેમને વિઘ્ન ઉત્પન્ન કરશું.'

ચક્રીનો પરાજય કરવા દેવોએ કરેલી મૂશળધાર વૃષ્ટિ-

"એ પ્રમાણે કહીને મેઘકુમારોએ જળથી પૂર્ણ ગાઢ મેઘોને વિકુર્વીને આકાશથી મૂશળધાર વૃષ્ટિ કરવા લાગ્યા. ભરતમહારાજે પોતાની સેનાને કંઠસુધી પાણીમાં ડુબી ગયેલી જોઇને તત્કાળ પોતે ચર્મરત્નને બાર યોજન વિસ્તારવાળું કર્યું અને તેના ઉપર પોતાની સેનાને રાખીને તેટલા વિસ્તારવાળું ઉપર છત્ર કર્યું. તે છત્રના દંડ ઉપર માણસોને પ્રકાશને માટે મણિ સ્થાપન કર્યો. પછી કુટુમ્બિરત્નવડે એકજ દિવસે વવાયેલું, ઉગેલું અને પકાવેલું વિવિધ પ્રકારનું અન્ન હમેશાં દિનતા રહિત સૈન્યના માણસો સ્વાદપૂર્વક જમવા લાગ્યા. આ પ્રમાણે ચર્મ અને છત્રના પુટને જળમાં તરતું જોઇને જગતને આશ્ચર્ય કરવાવાળું બ્રહસ્પતિનું આ મહાઅણ્ડ (મોટુંઈંડું) છે એમ કહેવાયું. સાતમે દિવસે ચક્રપતિ વિચાર કરવા લાગ્યા કે-' દુઃખે સહન કરી શકાય એવા આ મેઘપ્રમુખ દેવો મારા શત્રુઓનો પક્ષ કરીને મને અહિત કરનારા કેમ થઇ શકે છે?' ચક્રીની અંગરક્ષા કરવામાં વિચક્ષણ સર્વદા પાસે રહેનારા સોળ હજાર દેવોએ ભરતમહારાજને આ પ્રમાણે વિચાર કરતા જોઇને મેઘપ્રમુખ દેવોને કહ્યું કે-' હે દેવો ! ભરતક્ષેત્રમા વસતા મનુષ્યના સ્વામી ઉપર તમે અત્યંત દુષ્ટતા કરી છે તેથી તમે મૂર્ખશિરોમણિ છો અને મરવાને તૈયાર થયેલા દેખાઓ છો !'

તુરૂષ્કનો વિજય-એ પ્રમાણે યક્ષોના કઠોર શબ્દોથી ભય પામેલા અને વ્યાકુળ થયેલા તે મેઘપ્રમુખ દેવો નાશી ગયા અને મેઘના સમૂહમાંથી નીકળેલો સૂર્ય ભરતના પ્રતાપની જેમ અત્યંત તપવા લાગ્યો. પછી તુરૂષ્કલોકોએ ભરતરાજાની પાસે આવી મુખમા કનિષ્ઠિકા (ટચલી આંગળી) નાખીને પોતાના મસ્તકોનુ રક્ષણ કર્યું અને તૃણ મોઢામાં લઇને પોતાના રાજ્યનુ રક્ષણ કર્યું.

હિમવત્કુમારનો વિજય--સેનાપતિના ઉત્તરસિંધુનિષ્કુટ સાધી આવ્યા પછી શ્રેષ્ઠ લક્ષ્મીના આલય (ઘર) સમાન અને પ્રસરતા મહિમાવાળા ભરતમહારાજ હિમાલય તરફ ચાલ્યા.

અને તે ગિરિના દક્ષિણ પ્રદેશમાં પોતાની સેનાનો પડાવ કરી ત્રણ ઉપવાસનો તપ કરીને રથ ઉપર બેસી હિમવતકુમાર ઉપર પોતાનું બાણ છોડયું. બહોંતેર યોજનપર રહેલો તે દેવ આવેલા એવા તે બાણને ઉપાડીને તેમાં કોતરેલા અક્ષરો વાંચી શાંત થઈ ગયો અને ભેટણા સાથે આવીને ચક્રીને નમસ્કાર કર્યો. હિમવતકુમારને વિસર્જન કર્યો પછી ઋષભકૂટપર્વતે જઈ મહા તેજસ્વી ભરતમહારાજે તેનો અઠ્ઠાઈમહોત્સવ કર્યો અને ત્યાં પોતાનું નામ લખ્યું.

નમિ અને વિનમિનો પરાજય—દિગ્વિજયથી નિવૃત્ત થયેલા અને તેજથી શ્રેષ્ઠ એવા તથા જેનો કોઈ શત્રુ નથી એવા ચક્રવર્તી ભરતમહારાજે વૈતાઢયપર્વતના ઉત્તરભાગમાં પોતાના સૈન્યનો પડાવ નાખ્યો અને નમિ અને વિનમિને આધીન કરવાની ઇચ્છાથી સ્ખલના ન પામે તેવા પોતાના બાણને વીરશિરોમણિ રાજાએ છોડયું. ચક્રવર્તિના તે બાણને જોઈને અત્યંત ક્રોધથી લાલ નેત્રવાળા થયેલા તે બંને વિદ્યાધર રાજાઓ પોતાની સેના લઈ આકાશમાં આવ્યા. રોમાંચે ઉત્કટ થયેલા બંને પક્ષના સૈનિકોએ આકાશમાં તેમજ પૃથ્વી ઉપર બાર વર્ષ સુધી શર, તોમર, ભાલાં, શક્તિ વિગેરે શસ્ત્રોથી અને બાહુબળથી પરસ્પર યુદ્ધ કર્યું. પછી અત્યંત ગુસ્સાવાળા ભરતમહારાજે રથ ઉપર આરોહણ કર્યું અને યુદ્ધ કરવામાં દૃઢ પ્રતિજ્ઞાવાળા થઈ પોતે ધનુષને ધારણ કરી બાણ છોડવામાં તત્પર થયા. ધનુર્ધરમાં ઉત્તમ ભરતમહારાજે પાંખ સહિત ખેચરોને વેગથી મૂકેલા પોતાના બાણોવડે કરીને તે બધાને પાંખથી યુક્ત હોય તેવા કર્યા. ચક્રવર્તીના બાણના વેગથી આકાશમાં ખેચરનું લશ્કર ન ટકી શક્યું. એટલે ભરતમહારાજ ધનકમ (અત્યંત કાન્તિવાળા) થયા અને નમિ અને વિનમિનો પ્રતાપ અગ્નિદ્યુતિ (વિજળી જેવા સદૃશ) પણ નાશ પામ્યો. પછી દુઃખ શાન્ત થવાથી ઉચિત કરવામાં કુશળ તે બંને નમિ અને વિનમિએ આવીને [illegible] થયેલા ભરતમહારાજને પ્રણામ કર્યો અને કહ્યું કે- હે પ્રભુ ! [illegible] આપનો

"એ પ્રમાણે કહીને મેઘકુમારોએ જળથી પૂર્ણ ગાઢ મેઘોને વિકુર્વીને આકાશથી મૂશળધાર વૃષ્ટિ કરવા લાગ્યા. ભરતમહારાજે પોતાની સેનાને કંઠસુધી પાણીમાં ડુબી ગયેલી જોઇને તત્કાળ પોતે ચર્મરત્નને બાર યોજન વિસ્તારવાળું કર્યું અને તેના ઉપર પોતાની સેનાને રાખીને તેટલા વિસ્તારવાળું ઉપર છત્ર કર્યું. તે છત્રના દંડ ઉપર માણસોને પ્રકાશને માટે મણિ સ્થાપન કર્યો. પછી કુટુમ્બિરત્નવડે એકજ દિવસે વવાયેલું, ઉગેલું અને પકાવેલું વિવિધ પ્રકારનું અન્ન હમેશાં દિનતા રહિત સૈન્યના માણસો સ્વાદપૂર્વક જમવા લાગ્યા. આ પ્રમાણે ચર્મ અને છત્રના પુટને જળમાં તરતું જોઇને જગતને આશ્ચર્ય કરવાવાળું બ્રહ્મરૂપિનું આ મહાઅણ્ડ (મોટું ઈંડું) છે એમ કહેવાયું. સાતમે દિવસે ચક્રપતિ વિચાર કરવા લાગ્યા કે–' દુઃખે સહન કરી શકાય એવા આ મેઘપ્રમુખ દેવો મારા શત્રુઓનો પક્ષ કરીને મને અહિત કરનાર કેમ થઇ શકે છે?' ચક્રીની અંગરક્ષા કરવામાં વિચક્ષણ સર્વદા પાસે રહેનારા સોળ હજાર દેવોએ ભરતમહારાજને આ પ્રમાણે વિચાર કરતા જોઇને મેઘપ્રમુખ દેવોને કહ્યું કે–' હે દેવો ' ભરતક્ષેત્રમાં વસતા મનુષ્યના સ્વામી ઉપર તમે અત્યંત દુષ્ટતા કરી છે તેથી તમે મૂર્ખશિરોમણિ છો અને મરવાને તૈયાર થયેલા દેખાઓ છો !'

તુરૂષ્કનો વિજય એ પ્રમાણે યક્ષોના કઠોર શબ્દોથી ભય પામેલા અને વ્યાકુળ થયેલા તે મેઘપ્રમુખ દેવો નાશી ગયા અને મેઘના સમૂહમાંથી નીકળેલો સૂર્ય ભરતના પ્રતાપની જેમ અત્યંત તપવા લાગ્યો.. પછી તુરૂષ્કલોકોએ ભરતરાજાની પાસે આવી મુખમાં કનિષ્ઠિકા (ટચલી આંગળી) નાખીને પોતાના મસ્તકોનું રક્ષણ કર્યું અને તૃણ મોઢામાં લઇને પોતાના રાજ્યનું રક્ષણ કર્યું.

હિમવત્કુમારનો વિજય--સેનાપતિના ઉત્તરસિંધુનિષ્કુટ સાધી આવ્યા પછી એક લક્ષ્મીના આલય (ઘર) સમાન અને પ્રસરતા મહિમાવાળા ભરતમહારાજ હિમાલય તરફ ચાલ્યા.

અને તે ગિરિના દક્ષિણ પ્રદેશમાં પોતાની સેનાનો પડાવ કરી ત્રણ ઉપવાસનો તપ કરીને રથ ઉપર બેસી હિમવતકુમાર ઉપર પોતાનું બાણ છોડયું. બહોંતેર યોજનપર રહેલો તે દેવ આવેલા એવા તે બાણને ઉપાડીને તેમાં કોતરેલા અક્ષરો વાંચી શાંત થઇ ગયો અને ભેટણા સાથે આવીને પ્રણામ કરીને નમસ્કાર કર્યો. હિમવત્કુમારને વિસર્જન કર્યો પછી ઋષભકૂટપર્વતે જઇ મહાતેજસ્વી ભરતમહારાજે તેનો અનુક્રમે સ્તવ કર્યો અને ત્યાં પોતાનું નામ લખ્યું.

નમિ અને વિનમિનો પરાજય—દિગ્વિજયથી નિવૃત્ત થયેલા અને તેજથી શ્રેષ્ઠ એવા તથા જેનો કોઇ શત્રુ નથી એવા ચક્રવર્તી ભરતમહારાજે વૈતાઢયપર્વતના ઉત્તરભાગમાં પોતાના સૈન્યનો પડાવ નાખ્યો અને નમિ અને વિનમિને આધીન કરવાની ઇચ્છાથી સ્ખલના ન પામે તેવા પોતાના બાણને વીરશિરોમણિ રાજાએ છોડયું. ચક્રવર્તિના તે બાણને જોઇને અત્યંત ક્રોધથી લાલ નેત્રવાળા થયેલા તે બંને વિદ્યાધર રાજાઓ પોતાની સેના લઇ આકાશમાં આવ્યા. રોષવડે ઉત્કટ થયેલા બંને પક્ષના સૈનિકોએ આકાશમાં તેમજ પૃથ્વી ઉપર બાર વર્ષ સુધી શર, તોમર, ભાલાં, શક્તિ વિગેરે શસ્ત્રોથી અને બાહુબળથી પરસ્પર યુદ્ધ કર્યું. પછી અત્યંત ભુજબળવાળા ભરતમહારાજે રથ ઉપર આરોહણ કર્યું અને યુદ્ધ કરવામાં દૃઢ પ્રતિજ્ઞાવાળા થઇ પોતે ધનુષને ધારણ કરી બાણ છોડવામાં રક્ત થયા. ધનુર્ધરમાં ઉત્તમ ભરતમહારાજે પાંખ રહિત ખેચરોને વેગથી મૂકેલા પોતાના બાણોવડે કરીને તે વખતે પાંખથી મુક્ત હોય તેવા કર્યા. ચક્રવર્તીના બાણના વેગથી આકાશમાં ખેચરનું લશ્કર નાશ પામ્યું. એટલે ભરતમહારાજ ઘનપ્રભ (અત્યંત કાન્તિવાળા) થયા અને નમિ અને વિનમિનો પ્રતાપ અચિરદ્યુતિ (વિજળી જેવા ક્ષણિક) પણાને પામ્યો. પછી હૃદય શાંત પડવાથી ઉચિત કરવામાં કુશળ તે બંને નમિ અને વિનમિએ આવીને કોપાયમાન થયેલા ભરતમહારાજને પ્રણામ કર્યો અને કહ્યુ કે-‘ હે પ્રભુ ! અજાણપણે અમારાથી આપનો

જે અવિનય થયો છે તે સઘળો ક્ષમા કરો, કારણ આપ સમગ્ર પૃથ્વીમાં સ્વામી થયેલા છો.'

વિનમિની પુત્રી સુભદ્રાનું ભરતમહારાજને આપવું અને નમિ વિનમિનું દીક્ષા ગ્રહણ—પછી નમિરાજાએ પ્રીતિ સહિત ઘણા મણિઓનું ભેટણું કર્યું અને વિનમિએ સ્ત્રીઓમાં શિરોમણિ એવી પોતાની પુત્રી સુભદ્રા ભરતમહારાજને આપી. હવે ચક્રવર્તીથી હર્ષપૂર્વક વિસર્જન કરાયેલા નમિ અને વિનમિ પોતાને સ્થાને આવીને સ્થિર મનવાળા થઇ આદરપૂર્વક વિચાર કરવા લાગ્યા કે–' આપણે ઘરે આવેલા ઋષભદેવના જ્યેષ્ઠ પુત્ર ભરતમહારાજનો ઉચિત કરવાથી ઠગાયેલા એવા આપણે એ બની વાત છે કે અત્યંત મોહને વશ થઇને યોગ્ય સત્કાર ન કર્યો! વળી આપણને આવું મ્હોટું રાજ્ય ઋષભદેવપ્રભુના ચરણની સેવા કરવાથી પ્રાપ્ત થયુ હતું છતા અત્યત રોષથી ભરતરાજાએ આપણી સાથે યુદ્ધ કર્યું તેથી પ્રભુના જ્યેષ્ઠપુત્ર એવા તેને પણ ધિક્કાર છે! વળી રાજ્યમદમા અંધ બનેલા આપણે પણ બાર વર્ષ સુધી તેની સાથે સંગ્રામ કર્યો તે અયોગ્ય કર્યું. હવે તે પાપને દૂર કરવા આપણે પ્રભુપાસે જઇને વ્રત અંગીકાર કરીએ.' એ રીતે ચિત્તથી નિર્મળ વિચાર કરીને નીતિને જાણવાવાળા પોતાના બન્ને પુત્રોને રાજ્ય ઉપર સ્થાપન કરી ઘણા વિદ્યાધરોની સાથે નમિ અને વિનમિએ પ્રભુ પાસે જઇ દીક્ષા લીધી.

ભરતમહારાજનું સિન્ધુતટના વનમાં રમણ— હવે ચક્રધર ભરતમહારાજ વસુધરાને નિર્વિઘ્નપણે જીતતા સિંધુ નદીના તટ ઉપર વિવિધ પ્રકારના વૃક્ષોથી વ્યાપ્ત થયેલા વનમા આવ્યા. અહિં સર્વદા સમગ્ર ઋતુને વે. ય મનોહર વૃક્ષોની શ્રેણિથી યુક્ત વનને જોઇને તે પૃથ્વીપતિ ક્રીડા કરવામા ઉદ્યુક્ત થયા. તે વખતે વર્ધકિરત્ને ત્યા રાજાને રહેવા વાસ્તે સમુદ્રમાથી નીકળેલા લક્ષ્મીના નિર્મળ મંદિર સમાન મણિઓથી બનાવેલો સાત ભૂમિકાવાળો આવાસ બનાવ્યો; પછી પોતાનું સૈન્ય જ્યારે

યોગ્ય રીતે પડાવમાં સ્થિત થઈ ગયું ત્યારે ચપળ અને કંઠાવંર અશ્વ ઉપર આરોહણ કરીને તે સમગ્ર લોકના નાયક ભરતમહારાજ વૃક્ષોની શ્રેણિ જોવાને ચાલ્યા. આ વખતે પ્રિયંવદ નામનો બંદિવર સ્વામીના ચિત્તને સ્પૃહાથી યુક્ત જોઈને, પોતાની કાંતિથી રંગી નાખ્યું છે આકાશને જેણે એવા મનોહર વૃક્ષના સમૂહનું શીઘ્ર વર્ણન કરવા લાગ્યો કે—'હે પ્રભુ! આપ જય પામો. આ વનની અંદર છએ ઋતુને યોગ્ય વૃક્ષો જુદા જુદા પ્રદેશમાં ઉગેલાં છે તે હે નીતિજ્ઞ! આપના નેત્રના પટુરસથી યુક્ત સૌન્દર્યપણાને પામો.'

વર્ષાઋતુનું વર્ણન-હે સ્વામી! અહિં અત્યંત દિવ્ય શક્તિથી આકાશમાં શોભતા મેઘો ચાતકોને હર્ષના સ્થાનરૂપ શુભ ગંધ યુક્ત પવિત્ર અને શુભસૂચનરૂપ જળની વૃષ્ટિ કરે છે. વળી સમીપમાં અત્યંત મનોહર નૃત્ય કરીને પોતાની સ્ત્રીના (મયૂરીના) પ્રેમને ઉત્પન્ન કરતા ચક્ષુને હર્ષ ઉપજાવનારા વિવેકી કેકાઓ (મયૂરો)ને જુઓ. હે રાજા! તે મયૂરોમાંના કેટલાક સુંદર કંઠથી આલાપ આપતી મયૂરીને આડી નજરે જોઈને લીલાપૂર્વક પોતાની પ્રિયાના હૃદયને મદયુક્ત બનાવે છે. વળી હે પ્રભુ! સૂર્ય અને અગ્નિના તેજનો નાશ કરવાવાળા મેઘમા સ્થાન પ્રાપ્ત થવાથી હું મહસ્વિની છું એવી રીતે મદવાળી થઈને નાચતી આ વિજળીને તમે જુઓ. સૂર્યે પૃથ્વીપરથી પવિત્ર નિષ્પત્તિને કરવાવાળા શીતળ જળને સુકાવી દીધું તેથી સુકાળ કરવાવાળો મેઘ અશનિ (વજ્ર તુલ્ય વિજળી) ને ધારણ કરીને તેને રૂંધે છે (આચ્છાદન કરે છે) કહ્યું છે કે—

> दत्तिं स्वादुजलं समय सरितां नीत्वाऽथ वारांनिधि-
> र्निम्न क्षारमेवमेव कुरुते मेघो विनष्ट तु तत् ।
> कृत्वा प्रेष्यता रवेन शंबरं विश्लोषकारं नदेन्-
> श्रीवाम्बुः कुर्वीर्वरक्तो वृतघनैः कि निर्विशेषैर्जनैः ॥

'સમગ્ર નદીઓના શીતળ અને સ્વાદુ જળને નીચે લઈ જઈને

જે અવિનય થયો છે તે સઘળો ક્ષમા કરો, કારણ આપ સમગ્ર પૃથ્વીમાં સ્વામી થયેલા છો.'

વિનમિની પુત્રી સુભદ્રાનું ભરતમહારાજને આપવું અને નમિ વિનમિનું દીક્ષા ગ્રહણ—પછી નમિરાજાએ પ્રીતિ સહિત ઘણા મણિઓનું ભેટણું કર્યું અને વિનમિએ સ્ત્રીઓમાં શિરોમણિ એવી પોતાની પુત્રી સુભદ્રા ભરતમહારાજને આપી. હવે ચક્રવર્તીથી હર્ષપૂર્વક વિસર્જન કરાયેલા નમિ અને વિનમિ પોતાને સ્થાને આવીને સ્થિર મનવાળા થઈ આદરપૂર્વક વિચાર કરવા લાગ્યા કે-' આપણે ઘરે આવેલા ઋષભદેવના જ્યેષ્ઠ પુત્ર ભરતમહારાજનો ઉચિત કરવાથી ઠગાયેલા એવા આપણે એવી વાત છે કે અત્યંત મોહને વશ થઈને યોગ્ય સત્કાર ન કર્યો! વળી આપણને આવું મહોટું રાજ્ય ઋષભદેવપ્રભુના ચરણની સેવા કરવાથી પ્રાપ્ત થયું હતું છતાં અત્યંત રોષથી ભરતરાજાએ આપણી સાથે યુદ્ધ કર્યું તેથી પ્રભુના જ્યેષ્ઠપુત્ર એવા તેને પણ ધિક્કાર છે! વળી રાજ્યમદમાં અંધ બનેલા આપણે પણ બાર વર્ષ સુધી તેની સાથે સંગ્રામ કર્યો તે અયોગ્ય કર્યું. હવે તે પાપને દૂર કરવા આપણે પ્રભુપાસે જઈને વ્રત અંગીકાર કરીએ.' એ રીતે ચિત્તથી નિર્મળ વિચાર કરીને નીતિને જાણવાવાળા પોતાના બંને પુત્રોને રાજ્ય ઉપર સ્થાપન કરી ઘણા વિદ્યાધરોની સાથે નમિ અને વિનમિએ પ્રભુ પાસે જઈ દીક્ષા લીધી.

ભરતમહારાજનું સિન્ધુતટના વનમાં રમણ— હવે ચક્રધર ભરતમહારાજ વસુધરાને નિર્વિઘ્નપણે જીતતા સિંધુ નદીના તટ ઉપર વિવિધ પ્રકારના વૃક્ષોથી વ્યાપ્ત થયેલા વનમાં આવ્યા. અહિં સર્વદા સમસ્ત ઋતુને યોગ્ય મનોહર વૃક્ષોની શ્રેણિથી યુક્ત વનને જોઈને તે પૃથ્વીપતિ ક્રીડા કરવામાં ઉદ્યુક્ત થયા. તે વખતે વર્ધકિરત્ને ત્યાં રાજાને રહેવા વાસ્તે સમુદ્રમાંથી નીકળેલા લક્ષ્મીના નિર્મળ મંદિર સમાન મણિઓથી બનાવેલો સાત ભૂમિકાવાળો આવાસ બનાવ્યો; પછી પોતાનું સૈન્ય જ્યારે

યોગ્ય રીતે પડાવમાં સ્થિત થઈ ગયું ત્યારે ચપળ અને કદાવર અશ્વ ઉપર આરોહણ કરીને તે સમગ્ર લોકના નાયક ભરતમહારાજ વૃક્ષોની શોભા જોવાને ચાલ્યા. આ વખતે પ્રિયંવદ નામનો બંદિવર સ્વામીના ચિત્તને સ્પૃહાથી યુક્ત જોઇને, પોતાની કાંતિથી રંગી નાખ્યું છે આકાશને જેણે એવા મનોહર વૃક્ષના સમૂહનું શીઘ્ર વર્ણન કરવા લાગ્યો કે—'હે પ્રભુ! આપ જય પામો. આ વનની અંદર છએ ઋતુને યોગ્ય વૃક્ષો જુદા જુદા પ્રદેશમાં ઉગેલાં છે તે હે નીતિજ્ઞ! આપના નેત્રના પડદાથી યુક્ત સૌન્દર્યપણાને પામો.'

વર્ષાઋતુનું વર્ણન-હે સ્વામી! અહિં અત્યંત દિવ્ય શક્તિથી આકાશમાં શોભતા મેઘો ચાતકોને હર્ષના સ્થાનરૂપ શુભ ગંધ યુક્ત પવિત્ર અને શુભસૂચનરૂપ જળની વૃષ્ટિ કરે છે. વળી સમીપમાં અત્યંત મનોહર નૃત્ય કરીને પોતાની સ્ત્રીના (મયૂરીના) પ્રેમને ઉત્પન્ન કરતા ચક્ષુને હર્ષ ઉપજાવનારા વિવેકી કેકાઓ (મયૂરો)ને જુઓ. હે રાજા! તે મયૂરોમાંના કેટલાક સુંદર કંઠથી આલાપ આપતી મયૂરીને આડી નજરે જોઇને લીલાપૂર્વક પોતાની પ્રિયાના હૃદયને મદયુક્ત બનાવે છે. વળી હે પ્રભુ! સૂર્ય અને અગ્નિના તેજનો નાશ કરવાવાળા મેઘમાં સ્થાન પ્રાપ્ત થવાથી હું મહસ્વિની છું એવી રીતે મદવાળી થઇને નાચતી આ વિજળીને તમે જુઓ. સૂર્યે પૃથ્વીપરથી પવિત્ર નિષ્પત્તિને કરવાવાળા શીતળ જળને સુકાવી દીધું તેથી સુકાળ કરવાવાળો મેઘ અશનિ (વજ્ર તુલ્ય વિજળી) ને ધારણ કરીને તેને રૂંધે છે (આચ્છાદન કરે છે) કહ્યું છે કે—

> શીતં સ્વાદુજલં સમગ્રસરિતાં નીત્વાઽધ વારાંનિધિ-
> र्निम्नं क्षारमपेयमेव कुरुते मेघो विनष्टं तु तत् ।
> कृत्वा प्रोच्चतरं रसेन रुचिरं विश्वोपकारं नवैन-
> जीयासुः सुविवेकिनो वृतधनैः किं निर्विवेकैर्जनैः ॥

'સમગ્ર નદીઓના શીતળ અને સ્વાદુ જળને નીચે લઇ જઇને

સમુદ્ર તેને ખારૂં અને નહિ પીવાયોગ્ય બનાવે છે, ત્યારે નાશ પામેલા તેજ જળને મેઘ ઉંચે લઇ જઇને રસથી રૂચિર બનાવી વિશ્વના ઉપર ઉપકાર કરવાવાળું કરે છે; વાસ્તે સુવિવેકી પુરૂષો જયવંતા વર્તો; ધનિક એવા નિર્વિવેકી જનોથી શું ? '

અહિં વાયુ દિવ્યભાવથી ઉત્પન્ન થયેલા મેઘરૂપ પાત્ર થકી રસ પીને . કુસુમિત થયેલી માલતીલતારૂપી સ્ત્રીને આલિંગન કરી પ્રમોદયુક્ત થયો છે. જેણે સજ્જનના સમૂહરૂપ કદંબિકાને વિકસિત કરી છે અને જે જગતના જીવોને જીવિતદાન આપવામાં તત્પર છે એવી તમારી દૃષ્ટિ સદશ સુંદર વૃષ્ટિ જગતના મનુષ્યોનું રક્ષણ કરો. '

શરદઋતુનું વર્ણન—ઘણો સમય વર્ષાકાળનો અનુભવ કરીને રાજાએ પ્રિયંવદ બંદિવરને શરદઋતુનું વર્ણન કરવાનું કહ્યું ત્યારે પ્રિયંવદ સ્ફુટપણે કહેછે-' વિકસિત પદ્મરૂપી મુખવાળી, નીલકમળરૂપ નેત્રવાળી, ધવળ મેઘરૂપ વસ્ત્રથી યુક્ત, પ્રફુલ્લિત મનોહર બધુજીવકના પુષ્પરૂપ દેદિપ્યમાન લાલ હીરાગળ વસ્ત્રથી સહિત, તારાઓ જેને કુસુમપણે થયેલા છે, ચંદ્ર જેના મસ્તકનો મુકુટ બનેલો છે, આકાશમા રહેલી હંસની શ્રેણી જેને મહોટા મોતીના હાર તુલ્ય છે અને જેણે શરદઋતુમાં ઉત્પન્ન થયેલા અક્ષતશાલિરૂપ હસ્તને વિષે સોપારીથી અંકિત નાગરવેલના પાનની કાન્તિમાન લીલી પાંખવાળા અને લાલ મુખવાળા ઉત્તમ શુકો (પો.પટ) ને ધારણ કર્યા છે, તે આ શરદઋતુ આપને માંગલિકને માટે થાઓ. અગસ્તમુનિ (એ નામનો તારો)નો અહિં ઉદય થયો છે તેથી નિર્મળ એવી સરસી (સરોવર) એ કમળરૂપ પુત્રને જન્મ આપ્યો છે, આકાશ મંડળ નિર્મળ થઇ છે અને દોષાકરે (ચંદ્ર) ચકોરના સમૂહને દેદિપ્યમાન ચાંદનીરૂપી ભોજન આપ્યું છે. અ.વ. નિર્મળ થયેલ. ચંદ્રે શરદઋતુમા ઉત્પન્ન થયેલી પોતાની ક્રાન્તિ સુભદ્રાદેવીના વદનને અર્પણ કરી તેથી આ સુભદ્રાદેવી પણ મહ..:અહિંઃજન. પણ સ્વામી એવા આપનું હે દેવ ! ચકોરનોરવ

કરે છે.' એ પ્રમાણે બંદિવરે શરદૃતુનું વર્ણન કર્યું અને પ્રભુએ પણ શરદૃતુની પ્રશંસા કરી. જે જગતના જીવનને (જીવનરૂપ જળને) નિર્મળ કરે છે તે કેમ પ્રશંસાપાત્ર ન થાય? આ વખતે હર્ષથીયુક્ત થયેલી ભરતાધીશ્વરની યુવતિશ્વરી(સુભદ્રા)-એ બંદિવરને પોતાના દેહના રત્નના આભરણો ખુશી થઇને આપી દીધા.

હેમન્તૠતુનું વર્ણન--ત્યારપછી સારયુક્ત હૃદયવાળા પૃથ્વીના ચંદ્રતુલ્ય ભરતમહારાજ ધુમિકાથી વ્યાપ્ત પ્રદેશમાં ગયા અને પ્રિયવદે પ્રાપ્ત થયેલી હેમન્તૠતુનું વર્ણન કરવા માંડ્યું-' અહિં ચંદ્રે પોતાના અતિ પ્રતાપવડે કરીને રોષથી સરોજની (સૂર્યવિકાસી કમળ)ને બાળી દીધી અને હિમવડે સૂર્યને આચ્છાદન કરી દીધો. ચંદ્રે પોતાની આશા (દિશા)નો આશ્રય કરનાર સૂર્યનું અહો ! હિમ પડવાને વખતે રક્ષણ ન કર્યું તેથી સમગ્ર મનુષ્યલોક તેના મુખને પણ (સવારમાં) જોતા નથી. હિમ પડવાથી સૂર્યે જેમ જેમ જડતા પ્રાપ્ત કરી તેમ તેમ જગતના જીવોના હૃદયને કંપાવનાર દોષા (રાત્રી) અત્યંત વધતી ગઇ. આકાશમાં ગુરૂ (બ્રહસ્પતિ) છે તે ખરેખર ગુરૂ નથી પણ ગુરૂ તો વાસ્તવિક રીતે અગુરૂ (ધૂપ) છે કે જે હિમ પડવાને વખતે સૂર્ય મહિમાથી (તેજથી) ચ્યુત થયો ત્યારે દુઃખથી શ્યામતાને પામીને અગ્નિમાં પોતાના દેહને પણ બાળે છે. અહો ! હિમે સૂર્યને ઢાંકી દીધો છે તે અમારી પ્રગટાવેલી આ સગડીઓ (આગ)ને પણ ઢાંકી ન દેય તેટલા વાસ્તે અગ્નિ ઉપર સઘળા લોક પોતાના બંને હાથ રાખે છે.' [અગ્નિથી તાપે છે] એ પ્રમાણે પ્રિયંવદ જ્યારે બોલ્યો ત્યારે રાજાએ પૂછ્યું કે-'આ સર્વ ધૂમ્ર શાથી ઉત્પન્ન થયો છે?' પ્રિયવદે તે બાબતનો ખ્યાલ કરીને કહ્યું કે-' કૌતુકિન ! અહિં દિવ્ય ગણ કુંડની અંદર ધૂપચય, કૃષ્ણાગરૂ તથા ઘનસાર દેવી પ્રભાવથી આકર્ષાયી પડે છે તે જુઓ.' વળી બંદિવર બોલ્યો કે 'હેમંતૠતુની અંદર વૃક્ષ ઉપર પુષ્પો નહિ મળવાથી મનુષ્યોની નાસિકાને સુગંધથી મળતા સુખનો નાશ થયો તેથી અગરૂપ્રમુખ

મૂપો અગ્નિમાં પડે છે અને પોતાના સુવાસથી સુખ આપે છે
આ હેમન્તઋતુમાં સૂર્યે જાણ્યું કે હિમ પડવાથી હું દુનિયાન
અંદર સારી રીતે માન પામેલો છું છતાં મારા તેજને
સમૂહ ઓછો થશે તેથી તેણે પોતાના નામ (સૂર)ની સાથે પોતાન
અક્ષય તેજ હે રાજન્ ! તમારામાં સ્થાપન કરેલ છે.' એ
રીતના બંદિવરે કરેલા હેમન્તઋતુના વર્ણથી પ્રસન્ન થયેલા સૂર
વીરમાં મણિતુલ્ય ભરતમહારાજે પોતાનો સૂર્યસમાન તેજવાળે
મુકુટમણિ તેને અર્પણ કર્યો.

શિશિરઋતુનું વર્ણન--ત્યારપછી શુન્હો કરીને પા
નમતા મનુષ્ય ઉપર શીતલ આશયવાળા જગતના એક પાલ
ભરતમહારાજ જ્યારે શિશિરઋતુથી વ્યાપ્ત પ્રદેશમાં ગય
ત્યારે પ્રમુદિત થયેલા બંદિવરે કહ્યું-'હે નરરાજ ! અહિં પત્ર
(પાંદડા) ખરી પડવાથી ભૂમિ ઉપર ખડખડાટ શબ્દને કરતો તથ
સૂર્યના તેજને વૃદ્ધિ પમાડતો આ ફાલ્ગુન (ફાલ્ગુન માસ અથ
કેરણનું વૃક્ષ) શોભી રહ્યો છે આ શિશિરઋતુ વૃક્ષોને હરિ
(સૂર્યના અશ્વ)ના સરખા વર્ણ, નુકર પત્રો, સ્ત્રીના મુખની કાં
સદૃશ પુષ્પો, અને ફળનો સમૂહ આપે છે તેવી રીતે તમ
દેહની સુવર્ણમય કાંતિને પણ સ્ફૂર્તિ છે.'

વસંતઋતુનું વર્ણન--શિશિર સ્થ નથી પૃથ્વીપતિ આગ
આવ્યા એટલે વાણીવડે કરીને અમૃતના રસને જેણે જીતી લી
છે એવા બંદિવર મનોહર વાણીવડે બોલ્યો—' હે ધરાધિપ
આપની સમીપ ઋદ્ધિ વિકસ્વર ભ્રમરના સમૂહથી વ્યાપ્ત આ બ
વૃક્ષો મૌક્તિક (મોતી) અને નીલરત્નના બનાવેલ કામદેવના બંડ
હોય તેવા શોભે છે યોગીઓનો પણ ગુરૂ એવો તે કામદેવ
વન: સમૂહરૂપ અંધકારથી યુક્ત ભ્રમરના અગ્નિ જેવા આ અ
કન. સમૂહની અત્યંત વિરહથી પીડાયેલા હૃદયરૂપી નિશ (નક્ષ
આકૃતિ આપે છે, વળી કામદેવે ત્રણ જગતની પ્રિયતા મેળવી છે
સ્ત્રીઓની પ્રશંસા કરે છે અને સજ્જન જનોને માન્ય ક

લાયક મુકુર (પુષ્પ) ની પરાગથી પીત વર્ણવાળાં થયેલા ભ્રમરોની શ્રેણિરૂપ વરમાળા આ વસંતઋતુરૂપી સ્ત્રીએ પિકદ્વિજ (કોયલરૂપી બ્રાહ્મણો)ના શબ્દ સહિત અહિં સહકાર (આંબો)ના વૃક્ષ ઉપર આરોપણ કરેલી દેખાય છે. વળી સમીપમાં ભ્રમરના ગાયનથી યુક્ત, અદ્ભુત માંજરરૂપ ધ્વજ સહિત પક્ષીઓને સંતોષ પમાડતી વસંતઋતુની રાજધાનિતુલ્ય મનોહર આમ્રવૃક્ષની શ્રેણિ શોભી રહી છે. સુવર્ણ (સુંદર વર્ણવાળા) રૂપોનું દાન દેતો, સુંદર અવાજને કરતા ભ્રમરોથી વ્યાપ્ત વૃક્ષોના સમૂહમાં શ્રેષ્ઠપણાને ધારણ કરતો આમ્રતરૂ હે નરરાજ ! અહિં શોભી રહ્યો છે. શિશિરકાળના જળનું પાન કરીને આ પાટલતરૂ (લોધ્રનું ઝાડ) અત્યંત વૃદ્ધ હોવા છતાં પણ મિત્રરૂપ આ વનને બે પ્રકારે સુગંધિત કરે છે, (શિશિરકાળના પાન કરેલા જળથી ઠંડક થાય છે અને વસંતઋતુમાં પુષ્પિત થાય છે તેથી સુગંધમય હોય છે), વળી આ કર્પૂરલતાથી વેષ્ટિત તાંબુલલતાઓ તરફ દૃષ્ટિ કરો. ખરેખર ગુણોવડે યોગ્યતા ધારણ કરનારનો સંગ બુદ્ધિમાન પુરૂષોના નેત્રને સુખકારી થાય છે. આ પવન નિર્મળ ઘનસારની પરાગ આકાશમાં લઈ જઈને સારી રીતે ફેલાવી દે છે અને તે પરાગની સાથે આકાશમાં ગયેલા ભ્રમરોની કાલિમાએ ચંદ્રના પ્રકાશને નિસ્તેજ અથવા કલંકયુક્ત બનાવી દીધો છે. હે નયનિપુણ ! આ બાજુ નાગવલ્લી તરફ આપના નેત્રોનો પ્રસાદ કરો, વાણીવડે કરીને સમગ્ર મનુષ્યોના ચિત્તને રંજન કરવાવાળી જીભને પણ ને રંગે છે; નાગલતાવડે જેમ સોપારી વર્ણયુક્ત બને છે તેવી રીતે હે રાજન્ ! આપ પણ તેનાવડે દાંત આદિ પરિછદથી યુક્ત નિર્મળવાણીની સ્વામિની રસના (જીભ)ને વર્ણયુક્ત કરો; લીલા રંગના હીરાગળ કંચુઆને ધારણ કરેલી કોમળ હૃદયવાળી રતીરાણીરૂપ આ ગરવેલ કામદેવ પ્રભુના મસ્તક ઉપર રહી શોભા આપતી હોય તેમ વિલસી રહી છે. હે રાજન્ ! અહિં સહજ પીળા રંગના

પત્રોથી યુક્ત બે તાંબુલલતા જેને લાગેલી છે અને સ્ત્રીઓના હૃદયને જે મોહ ઉપજાવે છે તેવા આ ઘનસારતરૂ તરફ દૃષ્ટિ કરો. આ વનની અંદર બીજી સઘળી તાંબુલલતાઓ નિર્મળ શ્યામ કાંતિથી યુક્ત છે અને ફક્ત આ નવું લતાનું યુગ્મ (જોડલું) સુંદર સુવર્ણ સમાન કાંતિવાળા પત્રથી વ્યાપ્ત દેખાય છે. આ ઘનસારતરૂ આવી પ્રકારની આ બે વેલડીને આલિંગન કરીને રસાકુલ થયેલો છે તેથી તેનું ખરેખર સુગંધયુક્ત આ કોઈ નવી જાતનું સૌભાગ્ય જણાય છે. હે દેવ ! આપને નવી પ્રિયા (સુભદ્રા) પ્રાપ્ત થઈ ત્યારે આપે વસુધારૂપી જુની સ્ત્રીના ઉપર કોપ કર્યો તેથી વસુધા સૌમ્યતાથી યુક્ત બની હે વસુધાપ્રિય ! આપનો પ્રિય વચનોથી સત્કાર કરે છે કે—'હે નરસિંહ ! હે પૃથ્વીપતિ ! આપ અહિં સિંહાસનને અલંકૃત કરો અને વસંતઋતુના સુખને અનુભવો તથા શ્રમને દૂર કરો.' ત્યાર પછી શુભ નામવાળા અને બુદ્ધિયુક્ત વચન છે જેનું એવા રાજા નિર્મળ બંદિવરની વાણીને માન આપીને પોતાના ચિત્તની અંદર રમને વહેતા અશ્વ ઉપરથી નીચે ઉતર્યો. પછી ત્યાં સમગ્ર પૃથ્વીના સ્વામી ભરત મહારાજ સિંહાસન ઉપર બેઠા અને તેમની વલ્લભા સુભદ્રાદેવી ભદ્રાસનપર બેઠા. સુભદ્રાદેવીએ નહાનાઓના મુખ ઉપરથી પોતાના વસ્ત્રના છેડાવડે રજ ઉડાડીને પ્રિય વરને આનંદ ઉપર નેત્ર કર્યું. 'સુંદર આશ્ચર્યવાળો આ એ કોઈ દિવસ ઉચિત [illegible] નથી. આ રમ્ય વનની અંદર પછી [illegible] પુષ્પ ચુંટનારી નાયક [illegible] ચોતરફ પુષ્પ ચુંટવા [illegible] ઉત્સુક [illegible] સ્થિરતા પૂર્વક [illegible] અદ્ભુત દિવ્ય વિમાન [illegible] પોતાની [illegible] ધ્યાનપૂર્વક [illegible] મુનિયો [illegible] ધ્યાનમાં ઉદ્યુક્ત

પત્રોથી યુકત બે તાંબુલલતા જેને લાગેલી છે અને સ્ત્રીઓના હૃદયને જે મોહ ઉપજાવે છે તેવા આ ઘનસારતરૂ તરફ દૃષ્ટિ કરો. આ વનની અંદર બીજી સઘળી તાંબુલલતાઓ નિર્મળ શ્યામ કાંતિથી યુકત છે અને ફકત આ નવું લતાનું યુગ્મ (જોડલું) સુંદર સુવર્ણ સમાન કાંતિવાળા પત્રથી વ્યાપ્ત દેખાય છે. આ ઘનસારતરૂ આવી પ્રકારની આ બે વેલડીને આલિંગન કરીને રસાકુલ થયેલો છે તેથી તેનું ખરેખર સુગંધયુકત આ કોઈ નવી જાતનું સૌભાગ્ય જણાય છે. હે દેવ ! આપને નવી પ્રિયા (સુભદ્રા) પ્રાપ્ત થઈ ત્યારે આપે વસુધારૂપી જુની સ્ત્રીના ઉપર કોપ કર્યો તેથી વસુધા સૌમ્યતાથી યુકત બની હે વસુધાપ્રિય ! આપનો પ્રિય વચનોથી સત્કાર કરે છે કે—'હે નરસિંહ ! હે પૃથ્વીપતિ ! આપ અહિં સિંહાસનને અલંકૃત કરો અને વસંતઋતુના સુખને અનુભવો તથા શ્રમને દૂર કરો.' ત્યારપછી શુભ રાગવાળા અને બુદ્ધિયુકત વચન છે જેનું એવા રાજા નિર્મળ બંદિવરની વાણીને માન આપીને પોતાના ચિત્તની અંદર રંગને વહેતા અશ્વ ઉપરથી નીચે ઉતર્યો. પછી ત્યાં સમગ્ર પૃથ્વીના સ્વામી ભરતમહારાજ સિંહાસન ઉપર બેઠા અને તેમની વલ્લભા સુભદ્રાદેવી ભદ્રાસનપર બેઠા. સુભદ્રાદેવીએ મહારાજાના મુખ ઉપરથી પોતાના વસ્ત્રના છેડાવડે ધૂળી ઉડાડીને પ્રિય વદને આસન ઉપર બેસવા કહ્યું. 'સુંદર આશયવાળી સ્ત્રીઓ કોઈ દિવસ ઉચિત કરવામાં ઠગાતી નથી.' આ દિવ્ય વનની અંદર પછી ભરતમહારાજના ભૂષણને વાસ્તે પુષ્પ ચુંટનારી નાયકાઓ ચોતરફ પુષ્પ ચુંટવા ગઈ કૌતુકથી ઉત્સુક બનેલો બંદિવર ફરીથી સ્થિરતા પૂર્વક બોલ્યો કે—'હે વિભુ ! આકાશમાં અદ્ભુત દિવ્ય વિમાન જાય છે તો જરા લક્ષ આપો. કોઈ પણ દેવી પોતાની સ્વામિની પ્રત્યે કોઈ પણ રાજાનું વર્ણન કહી રહી છે તે હે જગત્ પ્રભુ ! ધ્યાનપૂર્વક સાંભળો.' બંદિવરનું સુમતિથી ભૂષિત તે વચન સાંભળી ચક્રીએ પોતાના બંને કાન સાંભળવામાં ઉદ્યુકત

કર્યો, કારણકે પ્રેમવસ્તુ પ્રભુને પણ નમાવે છે. અંતઃપુર સહિ ચક્રવર્તીએ હર્ષપૂર્વક પોતાના મસ્તક ઉપર આકાશમાં થતા કાનને ઘનસાના લેપસમાન નીચે પ્રમાણે વાણી સાંભળી.—

આકાશમાં દેવીએ કરેલી ભરતમહારાજની પ્રશંસા—' દેવીઓ તથા તેજયુક્ત શત્રુઓના મનને મોહ પમાડતો શ્રેષ્ઠ વીરોમાં શૃંગારભૂત ભરતરાજા જયવંતા વર્તો. આ રાજા પોતાના દર્શનથી માર (કામ) વડે કરીને વામાઓ (સ્ત્રીઓ) ને વાણીનો ભંગ, શરીરમાં અત્યંત કંપ, સર્વથા વિવર્ણપણું, સ્વેદ તથા રોમાંચ ઉત્પન્ન કરી મનને હણે છે અને શૃંગાર ઉત્પન્ન કરે છે તેવીજ રીતે મારના ભયથી શત્રુઓને પણ વાણીનો ભંગ વિગેરે ઉત્પન્ન કરી મનને હણે છે અને ભય ઉત્પન્ન કરે છે; રાજાએ યુદ્ધમાં શત્રુઓના વક્ષસ્થલને ખંડિત કર્યું અને પાછળથી રાજ્ય પાછું આપી સંતોષ પમાડ્યો એમ બંને રીતે મહોભાગ્યને સમજતા મોટા રાજાઓ મનના રંગ સહિત થયા તથા સુખે પોતાનો દેશ પાછો મેળવ્યો તેથી જીતાયેલા હોવા છતાં પણ સંતોષને ધારણ કરે છે. આવા ચરિત્રવાળા વીર (ભરતમહારાજ)ની અમે પ્રશંસા કરીએ છીએ; સ્વામીએ સુંદર સ્ત્રીઓના વક્ષસ્થલને ખંડિત કરવાથી તથા પીઠ ઉપર હાથ દેવાથી બંને રીતે મહોભાગ્યને સમજતી એવી મુગ્ધ ગણાતી સ્ત્રીઓ રંગપૂર્વક નિત્ય આસક્ત રહેલી તથા સુખપૂર્વક ઇંદ્રિયોના વિષયોને પ્રાપ્ત કરતી, જીતાયેલી હોવા છતા પણ સંતોષને ધારણ કરતી હતી. આવા શૃંગારમય ચરિત્રવાળા ભરતમહારાજની અમે પ્રશંસા કરીએ છીએ. પર્વતોરૂપી રાજાઓના મસ્તકોને આક્રમણ કરીને જેણે સર્વત્ર ઉદય પ્રાપ્ત કર્યો છે, વળી જેના બંને પક્ષ (માતૃપક્ષ તથા પિતૃપક્ષ) શુદ્ધ છે અને રાત્રિદિવસ પૃથ્વીવલયને વિકસિત કરી રહ્યા છે તથા જ્ઞાનથી ઉછળતા સરસ્વતીના સમુદ્ર્ય જિનેશ્વરથી જેની ઉત્પત્તિ છે તે આ ભરતમહારાજરૂપી સ્થીર નવીન ચંદ્ર વૈરીના સમૂહમાં કળાને વિસ્તારનો જયવંતો વર્તો વળી આ ભરતમહારાજની તલવાર

શત્રુને વિષે શરીરના કંપને કરાવનારી હોવાથી હેમંતઋતુ સમાન, પત્ર (પક્ષ) રહિત કરનારી હોવાથી શિશિરઋતુ સમાન, શત્રુની ઉત્પત્તિનો નાશ કરવાથી વસંતઋતુ સમાન, સંતાપ આપવાથી ગ્રીષ્મઋતુ સમાન, શત્રુરૂપી હંસોને દૂર કરવાથી વર્ષાઋતુ સમાન અને શત્રુઓના મસ્તકોને છેદવાથી શરદઋતુ સમાન, તથા પંચત્વ આપવાથી ષડ્વિધ કાળરૂપ છે. જેની ભુજાએ વૈરીઓના વિવાહરૂપ કાજળજળના સ્થાન સમાન મુખના ઉપર આક્ષેપપૂર્વક દેદિપ્યમાન ખડ્ગરૂપ લેખિનિ નાખીને દિશારૂપી ભિતો ઉપર વિજયથી ઉત્પન્ન થયેલી સ્થિર કીર્તિરૂપ ચંદ્ર સમાન ઉજ્વળ પ્રશસ્તિ લખી તે કોને આશ્ચર્ય નથી ઉપજાવતું ? ઋષભપ્રભુના રાજ્યાભિષેકને અવસરે યુગલિકે આણેલા જળનો પ્રભુના ચરણ ઉપર અભિષેક કરવાથી સુખડના લેપ સહિત વહેલા તે જળની બનેલી ગંગાસાથે જે રાજાએ શત્રુઓની સ્ત્રીઓના નયનથી વહેવા કાજળથી સહિત જળવડે બનેલી યમુનાનો સંગમ કર્યો તે તીર્થંકરનો પોતે પુત્ર છે એમ સૂચવે છે. વળી આ રાજાએ સુવર્ણ પામીને અત્યંત મૃદુતા ધારણ કરી છે તેથી સુવર્ણના મેરૂપર્વતને જીતી લીધો છે, ક્ષારપણું ત્યાગ કરીને રત્નનો સમૂહ પ્રાપ્ત કરવાથી સમુદ્રને જીતી લીધો છે, અશ્વ, હસ્તિ, મણિ અને સુંદર જ્ઞાન યુક્ત સ્ત્રીને પામીને કામધેનુને જીતી લીધી છે તથા સુંદર વચનો સહિત મનવાંચ્છિત દેવાથી કલ્પવૃક્ષને જીતી લીધો છે વધારે શું કહેવું પણ જે કવીની વાણીને આ રાજાએ સાભળી નથી તે કવીની સાફલ્યતા નથી, મનોહર વસ્ત્રો ધારણ કરવાવાળી જે સ્ત્રી અથવા દેવીને આ રાજાએ જોઇ નથી તે સ્ત્રી અરણ્યમા રહેલા આવળના પુષ્પની માફક સૌભાગ્ય રહિત છે, જે રાજાઓની ઉપર આ ભરતમહારાજે ચઢાઈ કરી નથી તે રાજાઓ પ્રશંસાપાત્ર નથી, અને જેઓના હૃદયમાં આ રાજા પ્રભુપણે નથી તે હૃદયાળુ નથી. ગાવાયોગ્ય ગુણોવાળા આ રાજાના પગક્રમે અમૃતરસની આશાવાળી મારી જીભને ખરેખર પકડી રાખી છે. (તેનુંજ વર્ણન કરવામા ઉદ્યુક્ત બનેલી છે).'

આ પ્રમાણે સાંભળીને સુભદ્રા બોલી કે-' સુંદર વાણીવડે અલંકૃત થયેલી આ કોણ આકાશમાં બોલે છે?' એટલામાં આકાશમાં રહેલી ગંગા બોલી--' મનોરમે! અમૃતને વરસાવનારી તારી વાણી સાંભળીને મારા બંને કાન હર્ષથી યુક્ત અત્યંત ચપળ બની ગયા છે. હે મનોરમે! વચનરૂપી અમૃતનું પાન કરાવીને તેં મારા મનને અત્યંત સંતુષ્ટ કર્યું છે, હવે તું બીજી તૃષ્ણા શાંત કરવા માટે અમૃતનું પાન કર, અને હું પૃથ્વીનું રક્ષણ કરવાસારૂ મારા વનમાં આવેલા ચક્રી જે સર્વ પ્રાણીઓને સુખ ઉપજાવનારા છે તેને જોવા જાઉં છું. આ રાજાના ગુણો મારા કાનની અંદર પેસી મારા મનને બાંધીને તેની પાસે લઈ ગયા છે તેથી હું વિલંબ કરી શકું તેમ નથી.' મનના અનુરાગ સહિત પરસ્પર બોલતી આ બંને દેવીઓની વાણીએ રાજાના ચિત્તની અંદર વિસ્મય ઉત્પન્ન કર્યો. એટલામાં પેલું વિમાન ત્યાંથી ચાલી નીકળ્યું. અબળા (સ્ત્રી)ના મુખથકી પોતાની સ્તુતિ સાંભળીને મંદ ઇંદ્રિયોવાળા તથા વિલક્ષ મનવાળા થઇને વસુધાના ઇંદ્ર અને હૃદયબળથી ગુરૂસમાન ભરતમહારાજ નીચું મુખ રાખી રહ્યા. તે વખતે સુભદ્રા 'મારા જીવિતના સ્વામી સુર અને અસુરની સ્ત્રીઓના હૃદયમાં નિવાસ કરનારા છે' એવું જાણી વિકસ્વર મુખકમળથી મુક્ત થઇ. ત્યારપછી પ્રિયંવદ બોલ્યો-' હે કર્પૂરતરૂ! તું જય પામ, કારણ અતિથિપ્રિય એવા તેં અહીં આ રાજાનો સારીરીતે સત્કાર કર્યો છે. હે રાજાધિરાજ! આજ સુધી સાંભળવા યોગ્ય સંભળાવીને આપના બંને કાનની મેં સેવા કરી છે પણ અત્યારે મારા કાનને મનોરમા સિવાય બીજું કોઇ સુખ આપી શકે તેમ નથી.'

હવે તે વખતે પુષ્પ ચુંટનારીઓએ સુંદર રચના:-પૂર્વક ગુંથેલા નવા પુષ્પના આભૂષણો લાવીને રાજા પાસે મૂક્યા, અને ચક્રવર્તીએ તેમજ સુભદ્રાદેવીએ મણિના અલંકારો છોડી દઇને તે આવેલા પુષ્પના આભૂષણો ધારણ કર્યા. ' કોમળતાયુક્ત એવો કયો પુરૂષ કોમળતા સહિત પ્રાપ્ત થયેલા

સુગંધી પુષ્પોનો ત્યાગ કરે ?' બખ્તરને ધારણ કરેલા સાક્ષાત્ દેહધારી કામદેવની જેમ શોભતા સમગ્ર ભૂમિના સ્વામી ભરતમહારાજ પોતાની પ્રિયા સહિત આગળ ચાલ્યા.

શ્રીષ્મઋતુનું વર્ણન—જ્યારે ગ્રીષ્મઋતુથી શોભતી પૃથ્વી પાસે રાજા આવ્યા ત્યારે બંદિવર પ્રિયંવદ સૂર્યના તાપને દૂર કરવાવાળું વચન બોલ્યો–' અહીં સૂર્યના પ્રચંડ કિરણોથી જગતના જીવો તપી રહ્યા છે અને પૃથ્વી પણ બળી રહી છે છતાં કાળ દુઃખરૂપ બન્યો નથી તે ખરેખર આશ્ચર્ય છે. ચારે તરફ અત્યંત વિરસતાને ઉત્પન્ન કરતો આ સૂર્ય બન્યો છે તે જોઇનેજ દુઃખથી આ પૃથ્વીનું હૃદય ફુટી ગયું છે. સૂર્યના તાપથી રૂક્ષ બનેલી પૃથ્વીને જોવાથી બળતી એવી આપની દૃષ્ટિ હે રાજન્! શિતળતાથી પુષ્ટ બનેલી વેલડીઓથી યુક્ત આ દ્રાક્ષવન ઉપર ફેરવી પ્રસાદ કરો. સુંદર નીલવર્ણવાળી આ દ્રાક્ષલતાઓના ફળનો આસ્વાદ કરવાથી જીભને અત્યંત સુખ આપે છે, તેને જોવાથી નેત્રો પ્રસન્ન થાય છે. વળી કમળોથી ભરેલી, રસયુક્ત વાયુથી સેવાયેલી રસ(જળ)ના સમૂહથી યુક્ત આ વાવડીને હે રસજ્ઞ રાજન્! આપ જુઓ. તે વાવડીની પાળ ફળિત થયેલી શાળી (ડાંગર)થી શોભતી છે અને ત્યાં અદ્ભુત પરાક્રમવાળા પુરૂષોની પાદુકાથી યુક્ત જિનમંદિરની શ્રેણિ રહેલી છે. તેને રાજાના મસ્તકોથી સેવાયેલા ચરણો છે જેના એવા હે રાજન્! આપ જુઓ! અહીં વિચિત્ર પ્રકારની ચેષ્ટાથી યુક્ત ભ્રમરીને ભ્રમરો પુષ્પનો રસ પાઇ રહ્યા છે તથા પોતાના સ્વામીથી લાલિત થયેલી ઉજ્વળ હંસલી સુંદર નખરાં કરી રહી છે. આ સમીપ રહેલી કમલિની જો કે સૂર્યના કિરણોવડે વિકસિત થયેલી છે, પવિત્ર હંસોથી સેવાયેલી છે છતા પોતાનો રસ ભ્રમરને આપે છે પણ જેનાથી વિકસિત થયેલી છે અથવા તો જેનાથી સેવાયેલી છે તેને નથી આપતી તેથી તેને પંકમા ઉત્પન્ન થયેલી હોવાથી પંકવર્ણવાળા ભ્રમર ઉપરજ પ્રીતિ છે એમ સ્પષ્ટ દેખાડી આપે છે. વળી આ

કમલિની કળાથી યુક્ત ચંદ્રથી વિમુખ રહે છે (તે વખતે બીડાઇ જાય છે તેથી), અને સૂર્યના કિરણોથી જો કે વિકસ્વર થાય છે છતાં તેને ભજતી નથી પણ પોતાના શરીરના અંશો (કિસતંતુ) ઉજ્જ્વળ હંસોને આપીને તેને ભોજન કરાવે છે અને રસ તો ફક્ત જેની સાથે કોઈ જાતનો સંબંધ પણ નથી એવા ભ્રમરનેજ આપે છે, તેથી ખરેખર સ્ત્રીના હૃદયમાં શું હોય છે તેની ખબર પડતી નથી. અહિં કમળોથી રમ્ય અને અમૃત તુલ્ય પાણીથી ભરપૂર આ દિવ્ય સરોવરમાં થોડો વખત જળક્રીડા કરીને શરીરના શ્રમને હે રાજન્ ! આપ દૂર કરો.' એ પ્રમાણેની બંદિજનની વાણી સાંભળીને કૌતુકથી રાજાએ પોતાના અંતઃપુરની સ્ત્રીઓ સહિત રસપૂર્વક આશ્ચર્યકારી તે સરોવરમાં પ્રવેશ કર્યો. સરોવરની અંદર સ્ત્રીઓ સહિત રહેલા ભરતમહારાજ મહાદેવે જે વખતે કામદેવને બાળી નાખવા અગ્નિ મૂક્યો તે વખતે અત્યંત કાંતિવાળો રતીનો સ્વામી કામદેવ જળમાં પેસી જવાથી જેવો જળમાં શોભતો હતો તેનાથી પણ વધારે રમણીય દેખાતા હતા. કોમળ નેત્રોવાળી સ્ત્રીઓ સાથે થોડો વખત ક્રીડા કરીને મનોહર કાંતિવાળા રાજા જળક્રીડાથી વિરામ પામ્યા. જળમાંથી બહાર નીકળી સરોવરના તટ ઉપર અંતઃપુરની સ્ત્રીઓ સહિત રહેલા કાંતિના એક સ્થાનરૂપ ભરતમહારાજ વર્ષાકાળ વીત્યા પછી તારીકાથી યુક્ત નિર્મળ ચંદ્ર જેમ શોભે તેમ શોભતા હતા. પછી દશાયુક્ત ઉજ્જ્વળ વસ્ત્રને ધારણ કરીને રહેલા પૃથ્વીના ઇંદ્ર ભરતમહારાજ શરદઋતુના ચંદ્રની ચંદ્રિકા ધારણ કરીને રહેલા મેરૂપર્વતની સદશ શોભાવા લાગ્યા ત્યારપછી ત્યાં આગળ ભરતમહારાજે એક સુવર્ણમય દેવમંદિર જોયું અને તેમાં પ્રવેશ કર્યો એટલે ત્યાં રહેલી અદ્ભુત કામદેવની એક મૂર્તિ દીઠી. રાજાએ સરોવરના જળથી તે મૂર્તિને અભિષેક કરી પૂજા કરી અને તે મંદિરના રંગમંડપમાં રહેલા સિંહાસન ઉપર બેઠા.

ભરતમહારાજને ગંગાદેવીનો મેળાપ—આ વખતે

રીતને જાણનારી કોઇ એક ચતુર દેવીએ આવીને રાજાને નમસ્કાર કર્યો અને હસ્તકમળને કર્ણના આભૂષણો (દુંખણા લેવાની રીત) બનાવી પ્રૌઢતાપૂર્વક બોલી—'ત્રણ જગતના સ્વામી ઋષભદેવના પુત્ર! તમે લાંબો કાળ જય પામો. હે પૃથ્વીપતિ! અમૃત સમાન મારૂં વચન ધ્યાનપૂર્વક સાંભળી મારા ઉપર કૃપા કરો! હે પ્રભુ! ભરતક્ષેત્રની અંદર વસનારી ચૌદ હજાર મુખ્ય નદીઓથી પરવરેલી ગંગાદેવી પોતાના ચિત્તના રંગથી આપના દર્શનને ઇચ્છે છે.' એ પ્રમાણે તે દેવીનું વચન સાંભળીને સ્મિત સહિત લીલાપૂર્વક રાજા બોલ્યા કે—' હે મનોરમા! તારી વાણી સાંભળવામાં મારૂં મન હર્ષથી અત્યંત આતુર બને છે'. આ વખતે ભરતમહારાજની પ્રિયા સુભદ્રાદેવી એકાએક હસીને બોલી કે— 'હે રાજન્! આ વાણીથી તમે મનોરમાને ઓળખી?' આ પ્રમાણેનું સુભદ્રાનું વચન સાંભળી મુદિત થયેલી તે દેવી ચાલી ગઈ અને તુરત આકાશમાં સુંદર વિમાનો તથા દેવો પ્રગટ થયા. પછી વિકસ્વર મુખવાળી ગંગાદેવી પોતાની સખીઓ સાથે એક ઉંચા વિમાનમાંથી હર્ષપૂર્વક ત્યાંથી નીચે ઉતરી ચક્રી પાસે આવી.

ગંગાદેવીને દેખવાથી ભરતમહારાજને થયેલો વિસ્મય [illegible] દેવની [illegible] મનુષ્યોના નેત્રોને [illegible] મન હરી તે ગંગાદેવીના [illegible]થી ઉત્પન્ન થયેલા અનેક [illegible] ભરતમહારાજના હૃદયને વશ કરી લીધું. તે ગંગાદેવીને [illegible] કાંતિયુક્ત અને સુગંધમય [illegible] થયેલ ભરતમહારાજ ચિત્તની અંદર વિચાર કરવા લાગ્યા કે મનને [illegible] ઉત્પન્ન કરનારી આ દેવીના અવયવો [illegible] અને મુખથી અધિકી રહેલા છે તેથી હું [illegible] (કામદેવરૂપી [illegible] ઉત્પન્ન થયેલ. શૃંગારરૂપ [illegible] કરેલા ઉત્તમ તેજ [illegible] દેવીને મન હેરી છે. અથવા ચંદ્રરૂપી પાત્રની

અંદર શૃંગારરૂપ કઢિને સ્થાપન કરી પ્રેમરૂપ દોરડીથી વેષ્ટિત સુવાન પુરૂષોની અભિલાષરૂપ રવૈયાવડે પોતાની સ્રી રતીના હાથથી મંથન કરાવી કાઢેલા સારભૂત માખણથી કમરરાજાએ આ દેવીને નિર્માણ કરી અને બાકી રહેલ જ્યોત્સ્નારૂપ તક (છાશ) ખરેખર આ જગતના જીવોના તાપની શાંતિને માટે મૂકેલ છે. જો આ જગતમાં સ્ફુરાયમાન સુવર્ણનાળથી યુક્ત અને પ્રસરતી કાંતિવાળા દેદિપ્યમાન પાંચ પદ્મરાગમણિ સમાન પાંખડી સહિત રસથી વિલસિત થતું કમળ હોય તોજ તે અત્યંત કાંતિથી ઉલ્લસાયમાન થતી જંઘાથી યુક્ત નિર્મળ જ્યોતિને વિસ્તારતા નખોવાળા રક્ત તળ સહિત આ દેવીના ચરણકમળની સદશ થઇ શકે તેમ છે. હે શુતનુ ! તારો દેહ જોવાથી જણાય છે કે અતિ કોમળ કેળદંડ પણ તારા ઉરૂની બરોબરી કરી શકે તેમ નથી, સિંહનો કટીપ્રદેશ તારા કટીપ્રદેશની સમાન થતો નથી, સુવર્ણકળસ તારા સ્તનની સૌંદર્યતાને ધારણ કરી શકતો નથી, કમળદંડ તારા હસ્તની સરખા કોમળ લાગતા નથી, તારી કંઠની શોભા સુંદર જળની અંદર ઉત્પન્ન થયેલા શંખમાં પણ દેખાતી નથી, તારા મુખચંદ્રની પાસે શ્વેત કાંતિવાળો ચંદ્ર પણ શ્યામ કાંતિવાળો થઇ જાય છે, અને તારા કેશપાશ પાસે કળાયુક્ત મયૂર પણ નિંદાને પાત્ર બને છે. મને લાગે છે કે જે ચંદ્રે કલંકથી યુક્ત પોતાના દેહની એક એક અંશરૂપ કળાને દરરોજ છેદી છેદીને અમાવાસ્યાને દિવસે સૂર્યના તેજની અંદર સમસ્ત કળાનો ત્યાગ કર્યો તે સમસ્ત કળાઓએ મનોહર વાણીરૂપી અમૃતના પ્રસરથી દેવોને પ્રીતિના સ્થાનરૂપ તથા વૃદ્ધિ પામતી કાંતિથી યુક્ત આ દેવીના મુખનો આશ્રય લીધો છે. વળી આ અંગારદેવીના મદ અને પ્રમોદ ઉપજાવે તેવા નેત્રોની પાસે અહો ! વાયુથી લીલાપૂર્વક આંદોલિત થયેલું નીલકમળ શોભા રહિત લાગે છે, પોતાની જાતિ તરફ દુરાગ્રહ કરવાપૂર્વક લાગેલું અંજન પણ (કાંતિથી યુક્ત પણ વિરૂપ—દિવાળી—દિવાના નામથી ઓળખાય છે.) એક કાંતિવાળું લાગે છે, અને તેથી લાજ પામીને વાંકી નજરે

એતી નાસતી સારંગી (હરિણી) આનંદને માટે થતી નથી. પોતાના આયુષ્યનો નાશ થવાનો છે એમ જાણે સમજીને વૈરાગ્યવાન બનેલા ચકવાકના જોડલાએ આ જગતની અંદર આખી રાત્રિ અત્યંતતીવ્ર બ્રહ્મચર્ય પાળ્યું તેથી પુણ્યવડે તેઓ કામદેવના સ્થાન સદૃશ આ ગંગા દેવીના દેહરૂપ અમરપુરીમાં ફરી કદી વિયોગન થાય તેવા સ્થિર અને પ્રૌઢ સ્તનરૂપે દેવો ઉત્પન્ન થયેલા છે એમ લાગે છે.

આ પ્રમાણે ભરતમહારાજને વિસ્મય ઉપજાવતી, ક્ષીરસમુદ્રના તરંગો સમાન ગૌરવર્ણવાળી, અદ્ભુત રત્નપાદુકાથી યુક્ત, ધારણ કરેલા નીલ હીરાગળ વસ્ત્રનો છેડો ફરકતો હોવાથી શોભાયુક્ત બનેલી, કલ્પવૃક્ષના પુષ્પથી ગુંથેલા અંબોડામાંથી ઉલ્લસાયમાન થતી પ્રભાવાળી, ભિન્ન ભિન્ન દિવ્ય આભૂષણોને ધારણ કરેલી ગંગાદેવી સમીપ આવીને ઉભી રહી.

દેવીએ કરેલી ભરતમહારાજની પ્રશંસા—ઐશ્વર્યવડે ભારતભૂમિ ઉપર રહેલી સમગ્ર દિવ્ય લક્ષ્મીના સ્વામી, બે હજાર ઉત્તમ દેવોથી નવાતા, નિષ્કલંક તેજવાળા, અને મનુષ્ય તથા દેવોના મુકુટમણિસમાન ઋષભદેવના પુત્ર ભરતમહારાજને જોઇને સમીપમાં આવેલી ગંગાદેવી વિસ્મયતા, સાંત્વન, કામ, હર્ષ અને વિહ્વળતાયુક્ત બની. ગંગાદેવીની સખી મનોરમાએ આ હેતુ બેદલું ... પણ પૂછ્યું તે વખતે ગંગાદેવી વિસ્મયતા પૂર્વક ... કરવા લાગી કે—' અહો આ ભરતમહારાજની મુક્તિજનને વિષે અત્યંત ગુણગણ દેખાય છે; વળી કરુણા, વિનય, ... અને ... અંતીમ પ્રતિભાથી યુક્ત તેનો દેહ દેખાય છે. તે વિસ્મયતા ... આદિનાથના જયેષ્ઠ પુત્ર આ ભરતમહારાજ મારા ઉપર અત્યંત ... હોવાથી પોતાની સૌમ્ય કાંતિયુક્ત નેત્રોથી મારા હૃદયને અત્યંત ધીરજ આપે છે.' તે સાંત્વન થયું 'જગતની અંદર ઉત્તમ કામિનીજન રત્નોના સમૂહે હૃદયને વિષે ગુણ.સ્મરણ. સમુદ્રસમાન આ ભરતરાજાનું ધ્યાન કરે છે અને તેજ રાજા જો મારી સાથે ક્રીડા કરે તો જરૂર

દેવીને વિમાનમાં બેસાડીને પોતાને મંદિરે લાવી. દેવીએ સુગંધી નિર્મળ શીતળ જળવડે, કોમળ દિવ્ય વસ્ત્રોવડે અને વિવિધ પ્રકારના દિવ્ય ભોજનવડે તેમનો સત્કાર કર્યો. ભક્તિમાં તલ્લીન બનેલી ગંગાદેવીએ અમૃતથી સીંચાયેલી નંદનવનની પૃથ્વી ઉપર ઉત્પન્ન થયેલા ચંદન અને પુષ્પવડે રાજાને પ્રીતિયુક્ત મનવાળા કર્યો અને મનની પ્રસન્નતાપૂર્વક નખરાંથી યુક્ત પવિત્ર હાવભાવ કરીને રાજાને ખાત્રી કરી આપી કે દેવીઓ પણ આવી રીતના સુરતભાવ (રતક્રીડા)માં કુશળ હોય છે. આ પ્રકારની ચેષ્ટાથી ભરતમહારાજનું મન સહેજ સ્પૃહાયુક્ત બન્યું તે અવધિજ્ઞાનથી ગંગાદેવીએ જાણ્યું તેથી તુરત તેણીએ ત્યાં આગળ પોતાની દૈવીશક્તિથી ઉપભોગને યોગ્ય સામગ્રી તૈયાર કરી. અહીં સુભદ્રાદેવીની તથા ભરતમહારાજની ભક્તિ કરીને તે બંનેને એટલા બધા સંતુષ્ટ કરી દીધા કે તેઓને આ દેવી આપણાથી ભિન્ન છે એવું સમજવામાં ન આવ્યું. ગંગાદેવીના અત્યંત ડહાપણવડે, અત્યંત ભક્તિવડે અને હાવ-ભાવવડે વશ થવાથી હર્ષ પામેલા અને રક્ત થયેલા ભરતમહારાજે ગંગાદેવી સાથે અત્યંત ક્રીડા કરી.

અયોધ્યા તરફ જવાની ઇચ્છા—એ રીતે ગંગાદેવીના સ્થાન ઉપર રહી સુભદ્રા તથા ગંગાદેવીની સાથે માનુષ્યિક અને દૈવિક સુખ ભોગવતાં ભરતરાજાને એક હજાર વર્ષો વીતી ગયા. પછી એક વખતે સુખમાં મગ્ન થયેલા રાજાને હર્ષયુક્ત જોઇને દિવ્યસંગીત કરવામાં કુશળ એવો બંદિવર પ્રિયંવદ વિસ્મયતાપૂર્વક બોલ્યો કે-'હે પ્રભુ ! ભુવનમાં શ્રેષ્ઠ બે વલ્લભા (સુભદ્રા તથા ગંગાદેવી)થી યુક્ત આપને જોઇને મને બે નાગવલ્લીથી શોભતા ઘનસારતરૂનું સ્મરણ થાય છે.' બંદિવરને આ પ્રમાણે બોલતો જેઇ હાસ્યપૂર્વક રાજાએ પૂછ્યું-'પ્રિયંવદ ! આજ તું વિહ્વળ અને ઉત્સુક નેત્રોવાળો ખેદયુક્ત કેમ દેખાય છે ?' તે સાંભળી પ્રિયંવદે જવાબ આપ્યો—' પ્રભુ ! મને આપની અયોધ્યાનગરીનું સ્મરણ થયું છે અને તેથી હવે સુંદર હોવા

છતાં પણ આ જન્મભૂમિ ઉપર મારૂં મન આનંદ પામતું નથી; વળી હે પૃથ્વીપતિ ! દુઃખની અંદર કાળ જતો નથી, રાત્રે નિદ્રા આવતી નથી અને દિવસે ભોજન રૂચતું નથી અને તેથીજ મારૂં શરીર ખિન્ન થયેલું છે; કહ્યું છે કે—

असुखं च सुखं च चेतसि स्थितमस्त्येव न जातु वस्तुनि ।
भविनः सुखिनः स्युरत्र यैर्यतिनस्तैरिह दुःखिताः खलु ॥

'સુખ અથવા તો દુઃખ તે મનની માન્યતાનું કારણ છે પણ કોઇ વસ્તુનો સુખ અથવા તો દુઃખ આપવાનો સ્વભાવ નથી, કારણકે આ જગતની અંદર સંસારી જીવો જે જે વસ્તુઓથી પોતાને સુખી માને છે તેજ વસ્તુઓથી યતિઓ ખરેખર પોતાને દુઃખી માને છે.' અથવા તો—

भुवि किं नगराणि सन्ति नो बहवः किं न जनाश्च सन्ति वा ।
निजजन्मपुरे सजन्मभिः सह यः स्यात् प्रमदः स नाऽन्यतः ॥

'આ પૃથ્વી ઉપર શું કાંઇ ઘણા નગરો નથી ? અને ઘણા મનુષ્યો નથી? અર્થાત્ ઘણા નગરો છે અને ઘણા મનુષ્યો પણ છે છતાં પોતાના જન્મસ્થાનમાં પોતાની સાથે વસનારાઓની સાથે જે આહ્લાદ ઉત્પન્ન થાય છે તે અન્ય કોઇ ઠેકાણે થતો નથી.'

એ પ્રમાણે બંદિવરની વાણી સાંભળીને થોડા દિવસને વીતાવીને ભરતમહારાજ એક એક પોતાની અયોધ્યાનગરી તરફ જવાને ઉત્સુક થયા ગંગાદેવી પણ રાજાના મનને જાણીને બોલી કે—' હે પ્રભુ ' આપે સ્થિરતાપૂર્વક લાંબો કાળ અહિ રહી મારા ઉપર પ્રસન્નતા કરી છે તેને વાસ્તે હું આભારી છું હવે આપની અયોધ્યાનગરીની પ્રજા લાંબે વખતે આપના દર્શન કરવાને ઉત્સુક થઇ છે વાસ્તે હે રાજન્! આપ તે પ્રજાના મનોરથને પૂર્ણ કરો અને મારા ઉપરનો આપનો પ્રેમ વિસરશો નહિ' રીતને સમજનારી એવી તે ગંગાદેવી એ પ્રમાણે સ્નેહના વિયોગમાં દેવવાણું વચન બોલી, કારણકે સ્ત્રી હૃદયમાં પ્રેમને માટે જેટલો યત્ન કરે છે તેટલો યત્ન સુખને માટે કરતી નથી. ગંગાદેવીની

આવી ઉચિત વાણીથી ખુશી થયેલા ભરતમહારાજે કહ્યું—'હે દેવી ! હમેશાં મારા મનને ઇચ્છિત સુખો આપનારી તને કદી હું ભૂલનાર નથી.'

ગંગાના ઉત્તરતટનો વિજય—એ પ્રમાણે પોતાને આધીન બનેલી તે ગંગાદેવીને સંતોષ પમાડીને ભરતમહારાજ ગંગાના ઉત્તરતટને જીતીને સુખપૂર્વક સૈન્ય લઇને આગળ ચાલ્યા.

ખંડપ્રતિપાતિકા ગુહાના દેવનો વિજય અને નવ નિધાનોની પ્રાપ્તિ—રસ્તામાં ખંડપ્રતિપાતિકા ગુહાના દેવને જીતીને ગંગાનો દક્ષિણતટ સ્વાધીન કર્યો અને અહિં નવ નિ-ધાનો ચક્રવર્તીને પ્રાપ્ત થયા.

ભરતમહારાજનો અયોધ્યા નગરીમાં પ્રવેશ—સમગ્ર મનુષ્યો તથા દેવોને પોતાની આજ્ઞાને આધિન કરીને ભરતચક્રવર્તી અતિ દુસ્સહ સિંહ જેમ પોતાની ગુફા તરફ ચાલે તેમ પોતાની અયોધ્યા નગરી તરફ ચાલ્યા. નહિ નમેલાઓને નમાવતા, નમેલાઓ ઉપર અનુગ્રહ કરતા અને વિવેકી પુરૂષોને ઉચ્ચ બનાવતા, પંડિતજનોથી પૂજાતા ભરતમહારાજે અયોધ્યા નગરી પ્રાપ્ત કરી. તે વખતે અગ્રસૈનિકોના શસ્ત્રો પોતાના તેજના અંકુરા-સમાન દેખાતા હતા, અને પોતાની સાથે રહેલા રાજાઓના સેંકડો છત્રો પોતાના યશતરૂના પુષ્પો હોય તેવા દેખાતા હતા. અક્ષીણ કાંતિવાળા અને પ્રમોદયુક્ત થયેલા ભરતચક્રવર્તીએ જ્યારે અયોધ્યાનગરીમાં પ્રવેશ કર્યો તે વખતે તે નગરી મણિના તોર-ણની શ્રેણિથી શોભી રહી હતી અને હર્ષ તથા ઉત્કંઠાથી યુક્ત બનેલા નગરવાસીઓની મેદિનીથી વ્યાપ્ત થઇ હતી. વળી તે નગરની કુળવધુઓ કૌતુકથી આકુળ બનેલી હતી અને વારાંગનાઓ વિલાસપૂર્વક નૃત્ય કરી રહી હતી. અત્યંત નિર્મળ રત્નોની બના-વેલી પુતળીઓથી યુક્ત ઉંચા માંચાઓ ઉભા કરેલા હોવાથી તે નગરના રસ્તાઓ સુંદર દેખાતા હતા અને હાવભાવ સહિત દિગ્વિજયના ગવાતા ગીતોથી એ નગરીમાં કર્ણને અત્યંત સુખ

ઉપજતું હતું. વળી મધુર મંગળ વાજીંત્રના નાદથી મયૂરના સમૂહો નાચી રહ્યા હતા. ત્યારપછી પોતાના પુરોહિતરત્ને કરેલા ઘણા માંગલિકવિધિને સાચવતા ભરતમહારાજ ઇંદ્ર જેમ સૌધર્મ-સભામાં જાય તેમ મહેલની અંદર પધાર્યા.

ભરતચક્રવર્તીનો અભિષેક—પછી રાજાઓએ અને ઇંદ્રોએ મધુર મંગળગાનપૂર્વક વિધિપ્રમાણે પ્રથમ ચક્રવર્તી ભરત-મહારાજનો બાર વર્ષ સુધી અભિષેકનો મહોત્સવ કર્યો.

ભરતમહારાજની ભગિની સુંદરીનો તપ અને પ્રવ્રજ્યા—ભરતમહારાજે અહિં ચંદ્રની કળાની સરખી નિર્મળ અને અત્યંત કૃશ થયેલી પોતાની બહેન સુંદરીને જોઇને મંત્રી-ઓને તેનું કારણ પૂછ્યું. મંત્રીઓએ નીચાં મુખ રાખી જવાબ આપ્યો-' હે રાજન્! સુંદરીએ પ્રવ્રજ્યા લેવાની તીવ્ર ઇચ્છાથી આપના દિગ્વિજયના શરૂઆતના દિવસથી આજ સાઠ હજાર વર્ષ પર્યંત રસકસવાળા ભોજનનો ત્યાગ કર્યો છે (આયંબિલ કર્યા છે). આ પ્રકારની હકીકત સાંભળી ચક્રવર્તીએ સુંદરીને સાથે લઇ જઇને ઉત્સવપૂર્વક પ્રભુને હાથે દીક્ષા અપાવી.

લઘુ બંધુઓ તરફ દૂતોનું મોકલવું—બાર વર્ષના અભિ-ષેકના ઉત્સવમાં પોતાના લઘુ બંધુઓ જ્યારે આવ્યા નહિ ત્યારે ચક્રવર્તીએ પોતાના અઠ્ઠાણુ ભાઇઓ તરફ દૂતો મોકલ્યા. દૂતોએ જઇને તે સઘળા અઠ્ઠાણું નાના ભાઇઓને જણાવ્યું કે—'તમે આ-વીને અને નમસ્કાર કરીને જલદી ભરતમહારાજને પ્રમુદિત કરો!' આ પ્રમાણે દૂતોનું વચન સાંભળી સમર્થ એવા તે રાજાઓ બોલ્યા-' પિતાએ પોતાના રાજ્યના ભાગ પાડીને ભરતને તેમજ અમને આપ્યા છે, તમારો સ્વામી ભરત અમારી પાસેથી હવે તે દેશોને ખુંચવી લેવાની કેમ ઇચ્છા રાખે છે? અમારે અમારૂં છે તેટલાથી સંતોષ છે, વધારે કાંઇ જોતું નથી, વળી અમે અમારૂં રક્ષણ કરવાને સમર્થ છઇએ તો પછી બળવાન અને સંતોષી અમે ભરતને સ્વામી તરીકે શું કામ સ્વીકારીએ? બુદ્ધિ રહિત

આની ઉચિત વાણીથી ખુશી થયેલા ભરતમહારાજે કહ્યું—'હે દેવી ! હમેશાં મારા મનને ઇચ્છિત સુખો આપનારી તને કદી હું ભૂલનાર નથી.'

ગંગાના ઉત્તરતટનો વિજય—એ પ્રમાણે પોતાને આધીન બનેલી તે ગંગાદેવીને સંતોષ પમાડીને ભરતમહારાજ ગંગાના ઉત્તરતટને જીતીને સુખપૂર્વક સૈન્ય લઇને આગળ ચાલ્યા.

ખંડપ્રતિપાતિકા ગુહાના દેવનો વિજય અને નવ નિધાનોની પ્રાપ્તિ—રસ્તામાં ખંડપ્રતિપાતિકા ગુહાના દેવને જીતીને ગંગાનો દક્ષિણતટ સ્વાધીન કર્યો અને અહિં નવ નિધાનો ચક્રવર્તીને પ્રાપ્ત થયા.

ભરતમહારાજનો અયોધ્યા નગરીમાં પ્રવેશ—સમગ્ર મનુષ્યો તથા દેવોને પોતાની આજ્ઞાને આધિન કરીને ભરતચક્રવર્તી અતિ દુર્ધર સિંહ જેમ પોતાની ગુફા તરફ ચાલે તેમ પોતાની અયોધ્યા નગરી તરફ ચાલ્યા. નહિ નમેલાઓને નમાવતા, નમેલાઓ ઉપર અનુગ્રહ કરતા અને વિવેકી પુરુષોને ઉચ્ચ બનાવતા પંડિતજનોથી પૂજાતા ભરતમહારાજે અયોધ્યા નગરી પ્રાપ્ત કરી. તે વખતે અનેક સૈનિકોના શસ્ત્રો પોતાના તેજના અંકુરા બનાવતા હોય તેમ હતા અને પોતાની સાથે રહેલા રાજાઓના મુકુટ ઉપર પોતાના યશરૂપના પુષ્પો હોય તેવા દેખાતા હતા. અતીવ કાન્તિવાળા અને પ્રમોદયુક્ત થયેલા ભરતચક્રવર્તીએ જ્યારે અયોધ્યા નગરીમાં પ્રવેશ કર્યો તે વખતે તે નગરી મણિના તોરણોની કાન્તિથી શોભી રહી હતી અને હર્ષ તથા ઉત્કંઠાથી યુક્ત બનેલ નગરવાસીઓની મંડળીથી વ્યાપ્ત થઇ હતી. વળી તે નગરની ધૂપઘટા કાલાગુરુથી આકુળ બનેલી હતી અને વારાંગનાઓ વિલાસપૂર્વક નૃત્ય કરી રહી હતી અત્યન્ત નિર્મળ રત્નોની બનાવેલી પુતળીઓથી યુક્ત ઉંચા માંચડાઓ ઉભા કરેલા હોવાથી તે નગરના રસ્તાઓ સુંદર દેખાતા હતા અને હાવભાવ સહિત દિગ્વિજયના ગવાતા ગીતોથી એ નગરીના કર્ણને અત્યંત સુખ

ઉપજતું હતું. વળી મધુર મંગળ વાજીત્રના નાદથી મયૂરના સમૂહો નાચી રહ્યા હતા. ત્યારપછી પોતાના પુરોહિતરત્ને કરેલા ઘણા માંગલિકવિધિને સાચવતા ભરતમહારાજ ઈંદ્ર જેમ સૌધર્મ-સભામાં જાય તેમ મહેલની અંદર પધાર્યા.

ભરતચક્રવર્તીનો અભિષેક—પછી રાજાઓએ અને ઈંદ્રોએ મધુર મંગળગાનપૂર્વક વિધિપ્રમાણે પ્રથમ ચક્રવર્તી ભરત-મહારાજનો બાર વર્ષ સુધી અભિષેકનો મહોત્સવ કર્યો.

ભરતમહારાજની ભગિની સુંદરીનો તપ અને પ્રવ્રજ્યા—ભરતમહારાજે અહિં ચંદ્રની કળાની સરખી નિર્મળ અને અત્યંત કૃશ થયેલી પોતાની બહેન સુંદરીને જોઇને મંત્રી-ઓને તેનું કારણ પૂછયું. મંત્રીઓએ નીચાં મુખ રાખી જવાબ આપ્યો-' હે રાજન્! સુંદરીએ પ્રવ્રજ્યા લેવાની તીવ્ર ઇચ્છાથી આપના દિગ્વિજયના શરૂઆતના દિવસથી આજ સાઠ હજાર વર્ષ પર્યંત રસકસવાળા ભોજનનો ત્યાગ કર્યો છે (આયંબિલ કર્યો છે). આ પ્રકારની હકીકત સાંભળી ચક્રવર્તીએ સુંદરીને સાથે લઈ જઇને ઉત્સવપૂર્વક પ્રભુને હાથે દીક્ષા અપાવી.

લઘુ બંધુઓ તરફ દૂતોનું મોકલવું—બાર વર્ષના અભિ-ષેકના ઉત્સવમાં પોતાના લઘુ બંધુઓ જ્યારે આવ્યા નહિ ત્યારે ચક્રવર્તીએ પોતાના અઠ્ઠાણુ ભાઇઓ તરફ દૂતો મોકલ્યા. દૂતોએ જઇને તે સઘળા અઠ્ઠાણું નાના ભાઇઓને જણાવ્યું કે—'તમે આ-વીને અને નમસ્કાર કરીને જલદી ભરતમહારાજને પ્રમુદિત કરો!' આ પ્રમાણે દૂતોનું વચન સાંભળી સમર્થ એવા તે રાજાઓ બોલ્યા-' પિતાએ પોતાના રાજ્યના ભાગ પાડીને ભરતને તેમજ અમને આપ્યા છે. તમારો સ્વામી ભરત અમારી પાસેથી હવે તે દેશોને ખુંચવી લેવાની કેમ ઇચ્છા રાખે છે? અમારે અમારૂં છે તેટલાથી સંતોષ છે, વધારે કાંઇ લેવું નથી, વળી અમે અમારૂં રક્ષણ કરવાને સમર્થ છઇએ તો પછી બળવાન અને લોભી અમે ભરતને સ્વામી કરીને શું કામ સ્વીકારીએ? બુદ્ધિ હવાજ

જવાથી અત્યંત અધિરો થઇને જો ભરત ઉતાવળે સંગ્રામ કરવા આવશે તો અમે અમારા બાહુબળે પરાયાની જેમ તેનો સત્કાર કરી શકીએ નહિ એટલે અન્ય જેમ ઉતાવળે તેની સામે લડવા આવે તેમ અમે લડવા આવીએ તેવી અમારી સ્થિતિ નથી. હે દૂતો ! જો કે અમે ભરતના કહેવરાવેલા આવા વચનોથી અત્યંત રોષ પામેલા છઇએ છતાં અમે અમારા પિતા ઋષભદેવની આજ્ઞા લઈને કલહમાં રક્ત થયેલા ભરતની સાથે સંગ્રામ કરશું અન્યથા કરી શકીએ નહિ. '

અષ્ટાપદ પર્વત ઉપર ઋષભસ્વામીની દેશના અને અઠ્ઠાણું પુત્રોની પ્રવ્રજ્યા આવી રીતે દૂત મારફતે કહેવરાવેલા મોટાભાઇ ભરતના સંદેશાથી ખેદયુક્ત થયેલા તે અઠ્ઠાણું ભાઈઓ દૂતોને વડિલભાઇ ભરતસાથે યુદ્ધ કરવાની આજ્ઞા લેવા જવાનું જણાવી અષ્ટાપદ પર્વત ઉપર જ્યાં પ્રભુ હતા ત્યાં ગયા. પ્રભુની પાસે આવી હર્ષપૂર્વક તેમને નમસ્કાર કરી દૂતમુખે કહેવરાવેલો ભરતનો સંદેશો તેમને નિવેદન કર્યો પ્રભુએ આવેલા પોતાના અઠ્ઠાણું પુત્રોના ભાવ જાણી લીધા અને અમૃત સમાન પોતાની પવિત્ર અને શાંત દૃષ્ટિવડે તેમને સિંચીને ખેદાગ્નિથી તપ્ત થયેલા એવા તેમની શાન્તિ માટે ઉપદેશ આપ્યો કે—' હે પુત્રો ! આ જગતની લક્ષ્મી ખરેખર અન્યાયનેજ આશ્રય કરનારી છે અને તમે તો ન્યાયનિપુણ છો તો પછી ખેદની વાત છે કે તમે તેવા પ્રકારની લક્ષ્મીના સંગમને હજુ કેમ ઇચ્છો છો ? કારણ કે પવિત્ર ચિત્તવાળા પુરૂષો વર્ત વેશ્યાનો સમાગમ કદી પણ ઇચ્છતા નથી. પોતાના પૂર્વોપાર્જિત પુણ્યરૂપી મેઘથી ઉત્પન્ન થયેલું ધનનું પૂર આત્માના શીલવૃક્ષના મૂળનો નાશ કરનારૂં બને છે, ફક્ત આત્મતત્વજ સ્થિર અને નાશ નહિ પામનારૂં છે. આ દુનિયાના ભોગો અતિ કુત્સિત છે, નાશવંત છે અને પ્રાંતે નરકગતિને પમાડનારા છે, આવા ભવભોગોથી મનુષ્ય રંકની જેમ કદી તૃપ્ત થતો નથી અને ચિંરાજ્યને માટે ઉદ્યમ કરતો

બાહુબલિ વળી બળવાનમાં શ્રેષ્ઠ ગણાય છે અને તે ગુણરૂપી રત્નોનો ભંડાર છે, પોતાના મોટા મહીધરો (રાજાઓ-પર્વતો) થી સહિત બળતા સમુદ્ર સમાન છે તથા ફેલાતી પોતાની આજ્ઞાવડે સ્થિર તેજવાળા વડવાગ્નિ જેવો ભીષણ છે. મહા બળવાન આ બાહુબલિને જ્યાંસુધી જીત્યો નથી ત્યાંસુધી હે રાજન્! આપે દિગ્વિજયના બહાનાથી વિદેશ જતા વણિકની માફક કાંઇ પણ પરાક્રમ કર્યું ગણાય નહિ; કારણકે અત્યાર સુધી રાજાઓને વશ કર્યા તેમાં તેઓ અશક્ત હોવાથી કાંઈ પણ યુદ્ધ કરવું પડ્યું નથી અને આ બાહુબલિ સશક્ત હોઇ સહેજે વશ થઈ શકે તેમ નથી.' આ પ્રમાણે મંત્રીનું વચન સાંભળી ભરતમહારાજે જવાબ આપ્યો કે-' મારો ભાઈ બાહુબલિ તેજસ્વી અને અત્યંત બળવાન્ છે અને મારી કીર્તિ ઘણી છે અને બળ પણ નિશ્ચયે કરીને ઘણું છે.' તે સાંભળી સુમતિમંત્રીએ કહ્યું કે-'હે પ્રભુ ! અત્યારે તમે જો કે આ ભરતક્ષેત્રના છ ખંડના સ્વામી છો છતા જ્યાંસુધી આ નાનાભાઇ બાહુબલિને આપે જીત્યો નથી ત્યાંસુધી તેના બળસાથે તમારા બળની ઉપમા આપી શકાશે, વાસ્તે બળવાન એવા તેને જીતીને આપ ઉપમા ન આપી શકાય તેવા ચક્રવર્તી થાઓ. અત્યંત વત્સલ થઇને જો આપ તેની ઉપેક્ષા કરશો અને તમારી આજ્ઞા નહિ મનાવો તો પછી નાનાભાઇથી નહિ માન્ય કરાયેલું તમારૂં વચન બીજા રાજાઓ પણ કેમ ગણશે. હે પ્રભુ ! જો આપ સંગ્રામ ન કરો તો આપ તેના તરફ દૂત મોકલીને કહેરાવો કે તે અહીં આવીને તમને નમે અને તે આપના કહેણને માન ન આપે તો પછી આપ યુદ્ધમાં તેને જીતી નમે તેમ કરજો. '

ભરતમહારાજનું બાહુબલિ પ્રત્યે દૂતનું મોકલવું.— પ્રશાંત હૃદયવાળા હોવા છતા મંત્રીના વચનરૂપી વાયુવડે અગ્નિરૂપ બનેલા ભરતમહારાજે બાહુબલિ પ્રત્યે જવાને પોતાના સુવેગ નામના દૂતને આદેશ કર્યો, કારણકે રાજાઓનો આ પ્રકારનો આચાર

કોઇપણ દેવ દાનવ અથવા મનુષ્યોમાં વિરોત્તમ મેં સાંભળ્યો નથી. આ મારો નાનો ભાઇ આવીને મારા ચરણયુગળને પૂજશે એવો કોમટ વિચાર હે રાજાધિરાજ! મનમાંથી કાઢી નાખજો, કારણ તમારો તે વિચાર આકાશપુષ્પથી જિનેશ્વરની સેવા કરવાની ઉત્કંઠાતુલ્ય છે તેથી પાર પડે તેમ નથી.'

ભરતમહારાજની યુદ્ધ કરવાની તૈયારી—એ પ્રમાણે બોલતા દૂતને ભરતમહારાજે અત્યંત કોપના આવેશથી ભ્રકુટિ ચડાવી ઉત્કટ ચહેરો કરી કહ્યું-'રે! રે! બત્રીશ હજાર રાજાઓ સહિત સુષેણસેનાપતિ રણસંગ્રામમાં જ્યારે ઉતર્યો ત્યારે પોતાના ઘરમાં રહી બળથી પુલાતો બાળક જેવો આ બાહુબલિ કોણમાત્ર છે.' એ પ્રમાણે બોલી ભરતમહારાજે 'લો! રાજાઓ! કરો પ્રયાણ'! એટલો ઉચ્ચાર કર્યો. ભરતમહારાજના આ અર્ધ વચનરૂપ પ્રસાદને પામીને ઉલ્લસિત થયેલા સેનાપતિઓએ પ્રયાણઢક્કા વગાડી. શત્રુ-રાજાને ત્રાસ ઉપજાવવામાં દક્ષ સમાન તે પ્રયાણઢક્કાનો અવાજ સાંભળીને સઘળા સુભટો સંગ્રામમદથી પૂર્ણકળશરૂપ થયા.

બીજો સર્ગ સંપૂર્ણ—શ્રીરત્નપ્રભસૂરિરૂપી સૂર્યના કિરણોથી રાત્રિની જેમ દોષોનો ત્યાગ કરીને અલ્પ બુદ્ધિવાળા હોવા છતાં પણ પ્રતિદિવસ કૃપાવડે અદ્ભુત બુદ્ધિથી જે યુક્ત થયા તે શ્રી કમલપ્રભસૂરિએ રચેલા શ્રી શત્રુંજયના દીપકતુલ્ય શ્રી પુંડરીકસ્વામીના ચરિત્રનો બીજો સર્ગ સંપૂર્ણ થયો.

इति श्रीरत्नप्रभसूरिशिष्य-कमलप्रभसूरिविरचिते श्रीपुण्डरीकचरिते
भरतादिविजय-बाहुबलिमुपेत्याह्नो नाम
द्वितीयः सर्गः

સર્ગ ત્રીજો.

શ્રી બાહુબલિને કેવળજ્ઞાનની પ્રાપ્તિ.

ભરતમહારાજનું બહલીદેશપ્રત્યે આગમન—ત્યારપછી હસ્તિરત્ન ઉપર સ્વારી કરી બાહુબલિની સાથે સંગ્રામ કરવામાં રક્ત ચિત્તવાળા બની શ્રીમાન્ ભરતમહારાજે સમગ્ર બલિષ્ઠ રાજાઓની સાથે પ્રયાણ કર્યું. ભરતમહારાજના સૈન્યના અત્યંત વિસ્તારથી સમગ્ર પૃથ્વી સાંકડી જણાતી હતી. ચક્રવર્તીના સૈન્યના હસ્તિ, અશ્વ, ઉંટ તથા પાળાઓના અવાજેથી ગિરિની ગુફાઓમાં પડતા પડઘાવડે પર્વતો ચઢીને એમ કહી રહ્યા હતા કે–' હે પહેલા ચક્રવર્તી ! આ તમારા સૈન્યના ભારથી પૃથ્વી રસાતલમાં જાય છે, વાસ્તે તમે ધીમે ધીમે પ્રયાણ કરો.' સૈન્યના પ્રયાણ સમયે આકાશમા ઉડેલી ધુલિથી વ્યાપ્ત થયેલો સૂર્ય મંદ તેજવાળો થયો અને તેથી તે સૂર્યને ફેલાતા કિરણોવાળો ચંદ્ર માની કુમુદો (ચંદ્રવિકાસી કમળ) વિકસિત થયા. સૂર્યે પોતાના કિરણોવડે વિકસિત થયેલી કુમુદવતીનું આલિંગન કર્યું, તેથી સૂર્ય ધુલિથી ધુસર બન્યો હતો. છતા પોતાનુ બહુમાન સમજવા લાગ્યો આકાશમા પ્રસરતી રજથી ઉત્પન્ન થયેલ અંધકારરૂપ રાત્રિમા હસ્તિઓની ગર્જનારૂપ મેઘધ્વનિ કરતી, ગુણરૂપી મણિઓથી યુક્ત અને શ્રેષ્ઠ નાયકોરૂપી નાયક અંશી શોભતી એવી ભરતમહારાજની સેનારૂપી સ્ત્રીએ બહલીદેશના સીમાડારૂપ કડને પ્રાપ્ત કર્યો અર્થાત્ ભરતમહારાજની સેના બહલીદેશના સીમાડા પાસે આવી.

બાહુબલિની સંગ્રામ માટે તૈયારી—ચક્રવર્તીને આવેલો જાણીને અંતરંગમાં ક્રોધાતુર થયેલ બાહુબલિ પણ હસ્તિ ઉપર આરૂઢ થયો અને પોતાના સૈન્યને તૈયાર કરવા લાગ્યો. બાહુબલિનું સૈન્ય તૈયાર થયુ ત્યારે તેણે ચિંતન સરખું કાર્ય કર્યું, કારણ કે તે બન્નેના સૈન્યે ઉડાડેલા ધુલિવડે સૂર્ય ઢંકાઇ ગયો, હસ્તિ

વિગેરેની ગર્જનાથી અને તેના પ્રતિધ્વનિથી આકાશ ગર્જનામય થઈ ગયું. સુભટોના તીક્ષ્ણ દેદિપ્યમાન ભાલા વિગેરે હથિયારો વિજળી સદશ દેખાવા લાગ્યા. આવી રીતનો કૃત્રિમ મેઘ આકાશમાં વિસ્તાર પામ્યો. મેઘથી પૃથ્વી ઉપર નવા અંકુરા ઘાસ તથા જળનો દેખાવ થાય ત્યારે અહિંઆ ઉત્પન્ન થયેલા નવિન મેઘથી બાહુબલિના સત્વશાળી સુભટોના હૃદયમાં રોમાંચરૂપી અંકુરા ઉત્પન્ન થયા, ઘાસનો સમૂહ ભય પામતા શત્રુઓના મુખની અંદર દેખાયો અને જળનો પ્રવાહ શત્રુઓની સ્ત્રીઓના નેત્રમુખમાં દેખાયો. શત્રુરાજાઓનો નાશ કરવામાં ચક્રસમાન એવા અને લડવાની ઇચ્છાવાળા થયેલા બાહુબલિએ ચક્રવર્તીના પડાવની નજીકમાં પોતાના સૈન્યનો પડાવ નાખ્યો. તે વખતે સમગ્ર જગતના કર્મના સાક્ષીરૂપ સૂર્યે જોયું કે અહિં આવતીકાલ સવારમાં આ જગતના પ્રથમ ઉત્પન્ન થયેલા બે વીરપુરૂષોનું (ભરતમહારાજ તથા બાહુબલિનું) વિષમરસવાળું અને આશ્ચર્યકારી યુદ્ધ થશે તેથી કરીનેજ જાણે વરૂણદેવ (પશ્ચિમદિશાનો અધિપતિ દેવ) ને ખબર આપવાને જતો હોય તેમ સૂર્ય પશ્ચિમ દિશામાં ગયો (અસ્ત પામ્યો.) અસ્થાને વખતે રક્ત કાંતિવાળા દેખાતા બાહુબલિ અને ભરતમહારાજ ક્રોધથી રક્ત વર્ણવાળા જાણે બનેલા હોય તેમ દેખાવા લાગ્યા, તેથી ચંદ્રે તુરત આવીને પોતાના કિરણોરૂપી હસ્તોથી બંને પક્ષના સૈન્યના સમૂહને સંગ્રામથી રોકયા. કારણકે 'સૌમ્યતાથી યુક્ત પુરૂષોની પાસે વિરોધ રહી શકતોજ નથી.' શશિવદનવાળી, દેદિપ્યમાન તારાથી યુક્ત અને જ્યોત્સ્નાથી વિમ અંબરવાળી તે રાત્રિરૂપી સ્ત્રીને પામીને બંને પક્ષના સૈન્યના સુભટોએ પ્રગટ રીતે વિષમ આયુધનું અર્ચન કરવાપૂર્વક ઉજાગરો કરી. જ્યારે અત્યંત રક્ત મુખવાળા સૂર્યે પોતાના કિરણોવડે નક્ષત્રો સહિત ચંદ્રને ત્રાસ પમાડી રાત્રિને દૂર કરી, અર્થાત્ પ્રભાત થયો અને સૂર્યનો ઉદય થયો, ત્યારે સૈન્યના રણતૂર્યની ગર્જનાથી આકાશ ભરાઈ ગયું. બે વખતે બંને પક્ષના સૈન્યો

યુદ્ધને માટે તૈયાર થઇને રણભૂમિ ઉપર સવારમાં આવીને રહ્યા, તે વખતે પ્રભાતમાં અસ્તાચળ ઉપર રહેલા ચંદ્રના તથા ઉદયાચળ ઉપર રહેલા સૂર્યના કિરણોરૂપી દરા તે બે સૈન્યની વચમાં પડ્યા, તેથી જાણે યુદ્ધના સાધનભૂત ઉદ્દંડો હોય તેમ દેખાવા લાગ્યા. ભૂમિ ઉપર અશ્વનું અશ્વ સાથે, સુભટનું સુભટ સાથે, હસ્તિનું હસ્તિ સાથે, અને રથીનું રથી સાથે જેવી રીતે એક ભાવનાથી યુદ્ધને માટે મળવું થયું તેવી રીતે આકાશમાં પણ લશ્કરના કરેલા મોટા નાદોને તેના પ્રતિધ્વનિની સાથે, અને ઉડેલી ધૂલિને ધૂલિ સાથે મેળવું થયું; અર્થાત્ આકાશ ધ્વનિ અને તેના પ્રતિધ્વનિથી તથા બંને પક્ષના સૈન્યે ઉડાડેલી ધૂલિથી વ્યાપ્ત થઈ ગયું. જે વખતે લશ્કરની ધૂલિ ઉડવાથી અંધકારમય રણભૂમિ થઇ ગઇ અને બાણુના પરસ્પર અથડાવાથી ઉડતા અગ્નિના કણિયાવડે ભયંકર બની તે વખતે ખેદની વાત છે કે પ્રગટ એવા કાળરૂપ ચોરે ઘણાના જીવિતરૂપી દ્રવ્યોને હરણ કર્યા.

યુદ્ધનું વર્ણન—યુદ્ધ કરવામાં એક નિશ્ચયવાળા તે બંને ઋષભદેવના પુત્રોએ પ્રથમ જિનેશ્વરની પૂજા કરીને પોતપોતાના સૈન્યના સુભટોને બખ્તરો પહેરાવી સજ્જ કર્યા. શુરવીર એવો કયો રાજા પોતાના સુભટોનું રક્ષણ કરવાને સાધનો પૂરા પાડી ઉદ્યમ ન કરે ? યુદ્ધ શરૂ થયું તે વખતે સુભટોએ ઝૂલો સહિત ઘણા હસ્તિઓને હસ્તલીલાવડે આકાશમાં ફેંકયા તે પાછા ભૂમિ ઉપર પડતા ત્યારે શ્યામ અને બે પાંખવાળા દેખાતા હતા, તેથી આવતા એવા નવા સૈન્યના સમૂહનો ભ્રમ દેતા હતા એક અશ્વ આગળ રહેલા બીજા અશ્વને પોતાના મસ્તકવડે દૂર કરીને વેગથી પોતાના આગલા બે પગવડે સમીપના હસ્તિના બે દાંતનું આક્રમણ કરે છે અને પોતાની પીઠ ઉપર રહેલા પોતાના સ્વામીને હસ્તિની પીઠ ઉપર સ્થાપન કરે છે. સારી રીતે શીક્ષણ આપેલા સૈનિકોથી સ્વામી શત્રુને હણવાવાળો થઇ અત્યંત ગુરૂતાને શું નથી પામતો ? અર્થાત્ પામે છે. થોડા વખતમાં તલવારથી હણાયેલા ઘણા હસ્તિઓના

કુંભસ્થળમાંથી નીકળેલા મોતીઓથી વ્યાપ્ત અને રૂધિરરૂપ કુંકુમથી રક્ત બનેલી તથા જ્યાં સુભટોના ધડો નાચી રહ્યા છે એવી ને રણભૂમિની અંદર યમરાજનું સામ્રાજ્ય થઇ રહ્યું.

બાહુબલિને યુદ્ધથી થયેલો ખેદ—હથિયાર તથા અશ્વ, હસ્તિ, અને સુભટોના પ્રત્યક્ષ રીતે થતા આસ્ફોટનને જોઇને વીર અને અગ્રેસર એવા બાહુબલિને હૃદયમાં દયા આવી, તેથી ખેદપૂર્વક વિચાર કરવા લાગ્યા કે-' હસ્તિ અને સુભટો આદિ કરોડો જીવોના નાશરૂપ અત્યંત પાપીષ્ટ સંગ્રામ થાય છે તે જોઇને બળવાન અને ધર્મજ્ઞ એવો હું દયાવાન કુળમાં જન્મ હોવા છતાં કેમ લજ્જા નથી પામતો ? અગ્નિથી દેદિપ્યમાન આ રણાગ્નિમાં અંગારાની જેમ સુભટો સળગી રહ્યા છે તે વખતે પાસે ઉછળેલો શ્વાસોશ્વાસને લેતો એવો હું તેની ઉપેક્ષા કરવાથી ખરેખર પવનને લેતી તથા મૂકતી જીવિત વિનાની ચર્મભસ્ત્રિકા (ધમણ) તુલ્ય છું.' એ પ્રકારનો મનમાં વિચાર કરીને તે વીરરાજ બાહુબલિએ પોતાના મોટા ભાઇ ભરતને સમજાવવાને દૂત મોકલ્યો: પણ તે દૂતના વાક્યથી ભરતમહારાજ સમજ્યા નહિ અને યુદ્ધ કરીને પોતાના નાનાભાઇને બાંધી લેવાની ઇચ્છાથી નિર્લજ્જની જેમ પોતે યુદ્ધ કરવા ચડ્યા. સંગ્રામને માટે ભરતમહારાજને આવેલા જોઇને બાહુબલિએ પણ યુદ્ધ કરવાનો નિશ્ચય કર્યો અને સુવર્ણના બખ્તરોને ધારણ કરેલા રાજાઓથી યુક્ત હસ્તિ ઉપર આરૂઢ થઇ તેની સમીપ ચાલ્યા. ભરતમહારાજ તથા બાહુબલિએ આરંભેલા આ મોટા યુદ્ધથી જગતનો પ્રલય થશે એવા ભયથી કંપતા સર્વ લોક હવે પોતાના વિમાનોને લઇને આકાશમાં આવીને રહ્યા

ભરતમહારાજનો ઇંદ્રની સાથે સંવાદ—તે વખતે દેવોથી બોલાતી વિજયવાણી સહિત ઇંદ્રમહારાજ ભરતની પાસે આવ્યા અને ભરતમહારાજને દૃષ્ટિસંગથી ઉચિત સત્કાર મેળવીને તેના અંતરની શાંતિ માટે યુક્તિયુક્ત ઉચિત વાણી બોલ્યા કે—'હે ' ચક્રિન્ ' સમગ્ર પૃથ્વીને જીતીને પોતાની ભુજાની

યુદ્ધને માટે તૈયાર થઇને રણભૂમિ ઉપર સત્વરમાં આવીને રહ્યા, તે વખતે પ્રભાતમાં અસ્તાચળ ઉપર રહેલા ચંદ્રના તથા ઉદયાચળ ઉપર રહેલા સૂર્યના કિરણોરૂપી દંડો તે બે સૈન્યની વચમાં પડ્યા, તેથી જાણે યુદ્ધના સાધનભૂત ઉદ્દંડો હોય તેમ દેખાવા લાગ્યા. ભૂમિ ઉપર અશ્વનું અશ્વ સાથે, સુભટનું સુભટ સાથે, હસ્તિનું હસ્તિ સાથે, અને રથીનું રથી સાથે જેવી રીતે એક ભાવનાથી યુદ્ધને માટે મળવું થયું તેવી રીતે આકાશમાં પણ લશ્કરના કરેલા મોટા નાદોને તેના પ્રતિધ્વનિની સાથે, અને ઉડેલી ધૂલિને ધૂલિ સાથે મેળવું થયું; અર્થાત્ આકાશ ધ્વનિ અને તેના પ્રતિધ્વનિથી તથા બંને પક્ષના સૈન્યે ઉડાડેલી ધૂલિથી વ્યાપ્ત થઈ ગયું. જે વખતે લશ્કરની ધૂલિ ઉડવાથી અંધકારમય રણભૂમિ થઇ ગઇ અને બાણુના પરસ્પર અથડાવાથી ઉડતા અગ્નિના કણિયાવડે ભયંકર બની તે વખતે ખેદની વાત છે કે પ્રબળ એવા કાળરૂપ ચોરે ઘણાના જીવિતરૂપી દ્રવ્યોને હરણ કર્યા.

યુદ્ધનું વર્ણન—યુદ્ધ કરવામાં એક નિશ્ચયવાળા તે બંને ઋષભદેવના પુત્રોએ પ્રથમ જિનેશ્વરની પૂજા કરીને પોતપોતાના સૈન્યના સુભટોને બખ્તરો પહેરાવી સજ્જ કર્યા. શુરવીર એવો કયો રાજા પોતાના સુભટોનું રક્ષણ કરવાને સાધનો પૂરા પાડી ઉદ્યમ ન કરે ? યુદ્ધ શરૂ થયુ તે વખતે સુભટોએ ઝૂલો સહિત ઘણા હસ્તિઓને હસ્તલીલાવડે આકાશમાં ફેંક્યા તે પાછા ભૂમિ ઉપર પડતા ત્યારે શ્યામ અને બે પાંખવાળા દેખાતા હતા, તેથી આવતા એવા નવા સૈન્યના સમૂહનો ભ્રમ દેતા હતા એક અશ્વ આગળ રહેલા બીજા અશ્વને પોતાના મસ્તકવડે દૂર કરીને વેગથી પોતાના આગલા બે પગવડે સમીપના હસ્તિના બે દાંતનું આક્રમણ કરે છે અને પોતાની પીઠ ઉપર રહેલા પોતાના સ્વામીને હસ્તિની પીઠ ઉપર સ્થાપન કરે છે. સારી રીતે શીક્ષણ આપેલા સૈનિકોથી સ્વામી શત્રુને હણવાવાળો થઇ અત્યંત ગુરૂતાને શું નથી પામતો ? અર્થાત્ પામે છે. થોડા વખતમાં તલવારથી હણાયેલા ઘણા હસ્તિઓના

કુંભસ્થળમાંથી નીકળેલા મોતીઓથી વ્યાપ્ત અને રૂધિરરૂપ કુંકુમથી રક્ત બનેલી તથા જ્યાં સુભટોના ધડો નાચી રહ્યા છે એવી તે રણભૂમિની અંદર યમરાજનું સામ્રાજ્ય થઇ રહ્યું.

બાહુબલિને યુદ્ધથી થયેલો ખેદ—રુધિર તથા અશ્વ, હસ્તિ, અને સુભટોના પ્રત્યક્ષ રીતે થતા સંહારને જોઇને વીર અને અગ્રેસર એવા બાહુબલિને હૃદયમાં દયા આવી, તેથી ખેદપૂર્વક વિચાર કરવા લાગ્યા કે-' હસ્તિ અને સુભટો આદિ કરોડો જીવોના નાશરૂપ અત્યંત પાપીષ્ઠ સંગ્રામ થાય છે તે જોઇને બળવાન અને ધર્મજ્ઞ એવો હું દયાવાન કુળમાં જન્મ હોવા છતાં કેમ લજ્જા નથી પામતો ? અગ્નિથી દેદિપ્યમાન આ રણાગ્નિમાં અંગારાની જેમ સુભટો સળગી રહ્યા છે તે વખતે પાસે ઉભેલો શ્વાસોશ્વાસને લેતો એવો હું તેની ઉપેક્ષા કરવાથી ખરેખર પવનને લેતી તથા મૂકતી જીવિત વિનાની ચર્મભસ્ત્રિકા (ધમણ) તુલ્ય છું.' એ પ્રકારનો મનમા વિચાર કરીને તે વીરરાજ બાહુબલિએ પોતાના મોટા ભાઇ ભરતને સમજાવવાને દૂત મોકલ્યો. પણ તે દૂતના વાક્યથી ભરતમહારાજ સમજ્યા નહિ અને યુદ્ધ કરીને પોતાના નાના ભાઇને બાંધી લેવાની ઇચ્છાથી નિરંકુશની જેમ પોતે યુદ્ધ કરવા ચડ્યા. તેમ તેને માટે ભરતમહારાજને આવેલા જોઇને બાહુબલિએ પણ યુદ્ધ કરવાનો નિશ્ચય કર્યો અને સુવર્ણના બખ્તરોને ધારણ કરેલ રાજાઓથી યુક્ત હસ્તિ ઉપર આરૂઢ થઇ તેની સમીપ આવ્યા. ભરતમહારાજા તથા બાહુબલિએ આરંભેલા આ મોટા યુદ્ધથી જગતને પ્રલય થશે એવા ભયથી કંપતા સર્વ ઇંદ્ર દેવો પોતાના વિમાનોને લઇને આકાશમાં આવીને રહ્યા.

ભરતમહારાજનો ઇંદ્રની સાથે સંવાદ—તે વખતે દેવોથી બોલાતી વિજયવાણી સહિત ઇંદ્રમહારાજ ભરતરાજા પાસે આવ્યા અને ભરતમહારાજને દર્શિસંગાથી ઉચિત નમસ્કાર મેળવીને તેમના અંતરની શાંતિ માટે યુક્તિયુક્ત ઉચિત વાણી બોલ્યા કે-- 'હે ' ચક્રિન ' સમસ્ત પૃથ્વીને જીતીને પોતાની ભુજાની

ખરજ દૂર કરવા વાસ્તે તમે જાતે તમારા નાનાભાઈની સાથે લડવાની ઇચ્છા રાખો છો તો શું તમને દયા નથી આવતી ?' ભરતમહારાજે જરા હસીને જવાબ આપ્યો—' હે ઇંદ્ર ! તમે સ્વર્ગના સ્વામી છો. તમને મર્ત્યલોકના કાર્યના તત્ત્વની સમજ નથી. અહો! કોઇ દિવસ કોઇ પણ મનુષ્ય ભૂજાની ખરજ દૂર કરવા પોતાના ભાઈની સાથે યુદ્ધ કરે ? અર્થાત્ નજ કરે; પણ દુર્મદ થયેલા આ બાહુબલિ વશ નહિ થવાથી મારૂં ચક્ર શસ્ત્રાગારમાં પેસતું નથી, તેથી નિર્મળ જ્ઞાનરૂપ તેજથી યુક્ત મારૂં હૃદય અથવા આત્મા અત્યારે અવરાઈ ગયેલ છે. મારે તો ફક્ત એટલુંજ કહેવાનું છે કે મારો નાનોભાઇ ફક્ત મને એકજ વાર નમીને મારા ચક્રને શીઘ્ર શસ્ત્રાગારમાં સ્થાપન કરી આ આરંભેલા સંગ્રામથી જલદી વીરમે; પછી તે બાહુબલિજ મારી સર્વ ઋદ્ધિનો સ્વામી થાય.'

બાહુબલિનો ઇન્દ્રની સાથે સંવાદ—ભરતમહારાજનું આવું નીતિયુક્ત વચન સાંભળીને ઇંદ્રમહારાજ બાહુબલિની પાસે આવ્યા અને 'હે નાભેયાંગજ ! વીરશિરોમણિ ! તમે જય પામો' એ પ્રમાણે કહી તેમના હૃદયને હર્ષ ઉપજાવવા વાસ્તે બોલ્યા— કે 'રાજન્ ! પ્રેમપરાયણ બાહુમાંત્ર ! તમે અહિં આવેલા તમારા મોટાભાઇનો હર્ષવડે જલદી ઉચિત સત્કાર કેમ નથી કરતા ? તમે વિચારી જુઓ કે ભરતની સાથે યુદ્ધ કરવાનો આ તમારો વ્યાપાર તમારા મનમાં તમને ઠીક દેખાય છે? તમારા પૂજ્ય એવા મોટા ભાઇ શ્રીભરતમહારાજ આજે ફક્ત તમારા એક પ્રણામ સિવાય બીજા કશાની ઇચ્છા રાખતા નથી, તેથી તેનું ઇચ્છિત કરીને તેમના ઉપર પ્રીતિવાળા થઇ તમે તમારી કીર્તિને વિનયથી પવિત્રિત કરો અને સમગ્ર પૃથ્વીનું સ્વામીપણું ગ્રહણ કરો.' મહાન્ વીરશિરોમણિ બાહુબલિએ આક્ષેપ પૂર્વક જરા હસીને ઇંદ્રને જવાબ આપ્યો. કે- મારા મોટાભાઇ ભરત દૂર રહેવાથી અહિં મારી પાસેથી બાલકની અવસ્થા નો મારા નમસ્કારની પણ આશા રાખે અને હું શીઘ્ર તે કરવાને પણ તૈયાર છું, પણ તે ભરત તો કહે છે

કે હું સ્વામી છઉં, ભારતભૂમિને જીતનારો છઉં અને બલિષ્ઠ છું; તેથી બલાત્કારે નમાવવાની ઈચ્છા રાખે છે; કાટલાજ કારણથી હે ઇંદ્ર! તેમને હું નમતો નથી. ગર્વિષ્ઠપુરૂષનો વિનય કરવો એ નીતિશાસ્ત્રથી પણ વિરૂદ્ધ છે. ભરતનું હજુ કાંઈપણ બગડ્યું નથી તેથી ભલે જલદી પાછા વળી પોતાના નગરે ચાલ્યા જાય અને હે ઇંદ્ર! તમારા વાક્યથી હું પણ સંગ્રામને છોડી દઇને પાછો ફરૂં. મદોન્મત થયેલો મદગજ જેમ સમગ્ર હસ્તિઓને મદ રહિત કરી નાખે તેવી રીતે ભરતરાજા અન્ય રાજાઓને મદ રહિત (વશ) કરીને મારી સાથે યુદ્ધ કરવા આવેલા છે તેથી તેણે સુતા સિંહ જગાડ્યો છે અને હવે તે અનિષ્ટ ઇચ્છે છે. ત્રણ લોકમાં ઉત્તમ એવા પિતા ઋષભદેવને નમસ્કાર કરીને પવિત્ર થયેલું મારૂં મસ્તક તેજ નમસ્કારને સત્ય માનીને મદ સહિત થયેલ છે, અને તેથી કરીનેજ હવે મારૂં તે મસ્તક આભવ અથવા પરભવમાં બીજા કોઈને નમી શકે તેમ નથી. મુકુટને છોડી દઇને મસ્તક ઉપર ઘટને કોણ ધારણ કરે!' બાહુબલિની આવી યુક્તિયુક્ત વાત સાંભળીને વિસ્મય પામેલા ઇંદ્ર બોલ્યા-' હે વિપુલમતે બાહુબલિ ! આ કાર્યમાં મારી મતિ ચાલતી નથી. આ બાબતનો તોડ કેવી રીતે લાવવો તે કાંઇ મને સુઝતું નથી: કારણ ન્યાયમાં રહેલા ભરતરાજા ચક્રને વશ થયેલા છે અને હે માનિન્! તમે વિનયમાં ઉત્કૃષ્ટ હોવાથી તેને શિક્ષણ આપવા યોગ્ય છો. "

ઈંદ્રનું ભરત તથા બાહુબલિને દેહયુદ્ધ કરવાનું કહેવું —પછી આકાશમાં રહેલા ઇંદ્ર ભરત તથા બાહુબલિ બનેને કહ્યું કે-'તમારે અન્ય જીવોના સંહારના કારણરૂપ તીક્ષ્ણ શસ્ત્રયુદ્ધને છોડી દઈને પરસ્પર દૃષ્ટિયુદ્ધ, સ્વરયુદ્ધ, મુષ્ટિયુદ્ધ, અને દંડયુદ્ધવડે યુદ્ધ કરવુ અને આ નિયમનો ભંગ ન કરવા માટે યુગાદિસ્વામીના તમને શપથ છે.' ભરત તથા બાહુબલિ બનેએ તે પ્રમાણે અંગાંગીયુદ્ધ કરવાનું કબુલ કર્યું એટલે બને પક્ષના સુભટો યુદ્ધથી વિરમ્યા અને ઇંદ્રે તે બને ભાઇઓ ઉપર સુગંધી

ખરજ દૂર કરવા વાસ્તે તમે જાતે તમારા નાનાભાઈની સાથે લડવાની ઈચ્છા રાખો છો તો શું તમને દયા નથી આવતી ?' ભરતમહારાજે જરા હસીને જવાબ આપ્યો—' હે ઇંદ્ર ! તમે સ્વર્ગના સ્વામી છો. તમને મર્ત્યલોકના કાર્યના તત્ત્વની સમજ નથી. અહો! કોઈ દિવસ કોઇ પણ મનુષ્ય ભૂજાની ખરજ દૂર કરવા પોતાના ભાઈની સાથે યુદ્ધ કરે ? અર્થાત્ નજ કરે; પણ દુર્મદ થયેલા આ બાહુબલિ વશ નહિ થવાથી મારૂં ચક્ર શસ્ત્રાગારમાં પેસતું નથી, તેથી નિર્મળ જ્ઞાનરૂપ તેજથી યુકત મારૂં હૃદય અથવા આત્મા અત્યારે અવરાઇ ગયેલ છે. મારે તો ફકત એટલુંજ કહેવાનું છે કે મારો નાનોભાઇ ફકત મને એકજ વાર નમીને મારા ચક્રને શીઘ્ર શસ્ત્રાગારમાં સ્થાપન કરી આ આરંભેલા સંગ્રામથી જલદી વીરમે; પછી તે બાહુબલિજ મારી સર્વ ઋદ્ધિનો સ્વામી થાય.'

બાહુબલિનો ઇન્દ્રની સાથે સંવાદ—ભરતમહારાજનું આવું નીતિયુક્ત વચન સાભળીને ઇંદ્રમહારાજ બાહુબલિની પાસે આવ્યા અને 'હે નાભેયાગજ ! વીરશિરોમણિ ! તમે જય પામો' એ પ્રમાણે કહી તેમના હૃદયને હર્ષ ઉપજાવવ વાસ્તે બોલ્યા-- હે 'રાજન્ ! પ્રેમપરાયણ બાહુબલિ ! તમે અહિં આવેલા તમારા મોટાભાઇનો હર્ષવડે જલદી ઉચિત સત્કાર કેમ નથી કરતા ? તમે વિચારી જુઓ કે ભરતની સાથે યુદ્ધ કરવાનો આ તમારો વ્યાપાર તમારા મનમા તમને ઠીક દેખાય છે? તમારા પૂજ્ય એવા મોટા ભાઇ શ્રીભરતમહારાજ આજે ફકત તમારા એક પ્રણામ સિવાય બીજા કશાની ઇચ્છા રાખતા નથી; તેથી તેનું ઇચ્છિત કરીને તેમના ઉપર પ્રીતિવાળા થઇ તમે તમારી કીર્તિને વિનયથી પવિત્રિત કરો અને સમગ્ર પૃથ્વીનુ સ્વામીપણું ગ્રહણ કરો!' મહાન્ વીરસેનાના નેતા બાહુબલિએ આશ્ચર્યપૂર્વક જરા હસીને ઇંદ્રને જવાબ આપ્યો કે-'મારા મોટાભાઇ ભરત વૃદ્ધ હોવાથી ભલે મારી પાસેથી સત્કારની અથવા તો મારા નમસ્કારની પણ આશા રાખે અને હું શીઘ્ર તે કરવાને પણ તૈયાર છું; પણ તે ભરત તો કહે છે

કે હું સ્વામી છઉં, ભારતભૂમિને જીતનારો છઉં અને બલિષ્ઠ છું; તેથી બલાત્કારે નમાવવાની ઇચ્છા રાખે છે; આટલાજ કારણથી હે ઇંદ્ર! તેમને હું નમતો નથી. ગર્વિષ્ઠપુરૂષનો વિનય કરવો એ નીતિશાસ્ત્રથી પણ વિરૂદ્ધ છે. ભરતનું હજુ કાંઇપણ બગડ્યું નથી તેથી ભલે જલદી પાછા વળી પોતાના નગરે ચાલ્યા જાય અને હે ઇંદ્ર! તમારા વાક્યથી હું પણ સંગ્રામને છોડી દઇને પાછો ફરૂં. મદોન્મત થયેલો મદગજ જેમ સમગ્ર હસ્તિઓને મદ રહિત કરી નાખે તેવી રીતે ભરતરાજા અન્ય રાજાઓને મદ રહિત (વશ) કરીને મારી સાથે યુદ્ધ કરવા આવેલા છે તેથી તેણે સુતા સિંહ જગાડ્યો છે અને હવે તે અનિષ્ટજ ઇચ્છે છે. ત્રણ લોકમાં ઉત્તમ એવા પિતા ઋષભદેવને નમસ્કાર કરીને પવિત્ર થયેલું મારૂં મસ્તક તેજ નમસ્કારને સત્ય માનીને મદ સહિત થયેલ છે, અને તેથી કરીનેજ હવે મારૂં તે મસ્તક આભવ અથવા પરભવમાં બીજા કોઇને નમી શકે તેમ નથી. મુકુટને છોડી દઇને મસ્તક ઉપર ઘટને કોણ ધારણ કરે?" બાહુબલિની આવી યુક્તિયુક્ત વાત સાંભળીને વિસ્મય પામેલા ઇંદ્ર બોલ્યા–" હે વિપુલમતે બાહુબલિ! આ કાર્યમાં મારી મતિ ચાલતી નથી આ બાબતનો તોડ કેવી રીતે લાવવો. તે કાંઇ મને સુઝતું નથી કારણ ન્યાયમાં રહેલા ભરતરાજા ચક્રને વશ થયેલા છે અને હે માનિન્! તમે વિનયમાં ઉદ્દૃષ્ટ હોવાથી તમને શિક્ષા આપવા યોગ્ય છો."

ઇંદ્રનું ભરત તથા બાહુબલિને દ્વંદ્વયુદ્ધ કરવાનું કહેવું —પછી ત્રણ લોકના રક્ષક ઇંદ્રે ભરત તથા બાહુબલિ બન્નેને કહ્યું કે–'તમારે અન્ય જીવોના સંહારના કારણભૂત તીક્ષ્ણ શસ્ત્રયુદ્ધને છોડી દઇને અન્યોન્ય દ્રષ્ટિયુદ્ધ, વાગ્યુદ્ધ, મુષ્ટિયુદ્ધ, અને દંડયુદ્ધવડે યુદ્ધ કરવું અને આ નિયમનો ભંગ ન કરવા માટે યુગાદિશ્વરના તમને શપથ છે.' ભરત તથા બાહુબલિ બન્નેએ તે પ્રમાણે અન્યોન્ય યુદ્ધ કરવાનું કબુલ કર્યું એટલે બન્ને પ્રજાના સંકટે યુદ્ધથી વિરમેલા અને ઇંદ્ર તે બન્નેના ઉપર સ્નેહથી

જળયુકત પુષ્પોની વૃષ્ટિ કરી.

દૃષ્ટિયુદ્ધ—એહદ ઉર્મીથી વ્યાસસમુદ્ર સદૃશ, વીરશિરોમણિ, અને મદવડે દૃઢ મનવાળા ભરત તથા બાહુબલિને રણભૂમિ ઉપર યુદ્ધ માટે આવેલા જોઇને આકાશમાં સૂર્ય અને ચંદ્ર બંને તેમના પરાક્રમરૂપી તેજનું માપ લેવા વાસ્તે જાણે આવેલા હોય તેમ દેખાતા હતા, અર્થાત્ તે વખતે પ્રભાત હોવાથી પૂર્વ અને પશ્ચિમ બંને દિશામાં સૂર્ય અને ચંદ્ર વિદ્યમાન હતા. ભરત અને બાહુબલિ બંને ભ્રુકુટિને અત્યંત ઉંચે ચડાવેલા, સ્થિર તારિકા (કીકીઓ)વાળા, અને ગૌરવર્ણવાળા હોવાથી જાણે નવિન તોરણોવાળા સુંદર વર્ણથી નિર્માણ કરેલી શ્યામ પુતળીના યુગળથી યુકત અત્યંત મહિમાવાળી બે વીરલક્ષ્મીના બે ઉજ્વળ પ્રાસાદ હોય તેવા શોભતા હતા. તે બંનેની ચક્ષુઓ ઉપર ત્યાં આવેલા સર્વ દેવો તથા રાજાઓના ચક્ષુના સમૂહો લાગેલા હતા અર્થાત સર્વેની દૃષ્ટિ તેમની ચક્ષુ ઉપર સ્થિત થયેલી હતી છતાં પણ દુઃખે કરીને પ્રાપ્ત કરવા યોગ્ય સરખે સરખાનો સંગમ જેમ ખેદને માટે થતો નથી તેમ જાણે તે બનેની ચક્ષુઓને પણ લેશમાત્ર ખેદ થયો નહિ. 'મારી પહેલા આ બાહુબલિ અપ્રતિમ દર્શનવાળા થશે તેથી પૃથ્વી ઉપર તે શ્રેષ્ઠ છે.' એવું ભરતના અંતરચક્ષુને જ્ઞાન થવાથી જાણે તેને સવેગ થયો હોય તેમ ભરતમહારાજના ચક્ષુમા આંસુ આવ્યા. 'બાહુબલિએ ભરતમહારાજને સર્વે દેવો તથા રાજાઓની સમક્ષ જીત્યા છે' એ રીતની પ્રમોદયુકત વાણી એકદમ તે વખતે આકાશમા થઈ રહી.

સ્વરયુદ્ધ—ચક્રવર્તી ભરતમહારાજ દૃષ્ટિયુદ્ધમાં બાહુબલિથી જીતાયા છતા પણ ફરીથી તેમણે બાહુબલિને સ્વરયુદ્ધને માટે બોલાવ્યા અને સ્વરયુદ્ધ કરવાનું નક્કી કર્યા પછી ભરતમહારાજે દેવ તથા મનુષ્યોને બધિર (બહેરા) કરી નાખે તેવો સિંહનાદ કર્યો. સર્વે સ્વસ્થ થઈ ગયા એટલે પ્રતાપી બાહુબલિએ સિંહનાદ કર્યો અને તે સિંહનાદથી અચલા (પૃથ્વી)

કંપાયમાન થઈ, ગિરિના શીખરો નીચે પડ્યા અને દિગ્હસ્તિ
અત્યંત ત્રાસ પામ્યા.

મુષ્ટિયુદ્ધ—સ્વરયુદ્ધમાં ચક્રી ભરતમહારાજ જીતાયા
તેમણે બાહુબલિને તુરત મુષ્ટિયુદ્ધને વાસ્તે બોલાવ્યા, કે
ભુજબળવાળા મનુષ્યો યુદ્ધથી વિરમતાજ નથી. તે બન્ને બળ
રાજાઓ પોતપોતાના ભુજાઓને આસ્ફોટન કરીને મુષ્ટિયુક્ત
હસ્ત ઉંચે રાખીને લાલ નેત્રોવાળા, પગવડે ભૂપીઠને કંપા
રોષ પામેલા જાણે બે દિગ્હસ્તિઓ હોય તેમ શોભતા સ
સામા દોડ્યા. સમગ્ર સૈન્યથી ચક્રવર્તીનો જે હસ્ત જરા
નમતો નહોતો તે હસ્તની મુષ્ટિ બાહુબલિને મારવાથી બાહુ
બેશુદ્ધ થઈ ગયા અને મસ્તક ધુણાવવા લાગ્યા તેથી ચક્રવર્તી
પ્રહારથી જાણે મુદિત થયેલા હોય તેમ તે શોભવા લાગ્યા. બ
બલિએ તુરત શુદ્ધિમાં આવીને ભરતમહારાજની ગ્રીવા ઉ
મુષ્ટિનો પ્રહાર કર્યો તેથી તે પૃથ્વીપર પડ્યા અને તેના સુભટો
આંખમાં અશ્રુ આવ્યા. બળનો ગર્વ દુઃખદાયી છે. ! ! અ
ભક્તિવાળા બાહુબલિએ તે વખતે સુખડ આદિ સુગંધિ દ્ર
લગાડીને ભરતમહાજને શુદ્ધિમાં આણ્યા, કારણકે રત્નકંબળ
અગ્નિની પાસે શીતળ થઈ જાય છે, તેમ ઇર્ષાના વિષયમાં
સૌહૃદ્દનો ભાવ અત્યંત નિર્મળ બને છે.

દંડયુદ્ધ—ત્યારપછી આક્ષેપવડે અત્યંત કઠોર અને રે
યુક્ત ચક્ષુવાળા અને હસ્તમાં રહેલા દંડવડે પ્રચંડ દેખાતા
નમાં અત્યંત ભયંકર બન્ને ભરત તથા બાહુબલિ સામસ
ગર્જના કરતા ઉતાવળે દોડ્યા. ચક્રવર્તી શ્રીભરતમહારાજે
મૂર્તિસમાન બાહુબલિને મસ્તક ઉપર દંડવડે પ્રહાર કર્યો
તુરત તે જાનુસુધી પૃથ્વીમાં પેસી ગયા. એક ઉત્સંગ (ખો
માંથી જેમ ચરણને ખેંચી કાઢે તેવી રીતે સહજ માત્રમાં પૃ
માંથી પોતાના ચરણને ખેંચી કાઢી શીઘ્ર પ્રચંડ દંડથી ચ

જળયુક્ત પુષ્પોની વૃષ્ટિ કરી.

દૃષ્ટિયુદ્ધ—એકદમ ઉર્મીથી વ્યાપ્ત સમુદ્ર સદૃશ, વીરશિરોમણિ, અને મહાવડે દૃઢ મનવાળા ભરત તથા બાહુબલિને રણભૂમિ ઉપર યુદ્ધ માટે આવેલા જોઈને આકાશમાં સૂર્ય અને ચંદ્ર બન્ને તેમના પરાક્રમરૂપી તેજનું માપ લેવા વાસ્તે જાણે આવેલા હોય તેમ દેખાતા હતા, અર્થાત્ તે વખતે પ્રભાત હોવાથી પૂર્વ અને પશ્ચિમ બંને દિશામાં સૂર્ય અને ચંદ્ર વિદ્યમાન હતા. ભરત અને બાહુબલિ બંને ભ્રકુટિને અત્યંત ઉંચે ચડાવેલા, સ્થિર તારિકા (કીકીઓ)વાળા, અને ગેરવર્ણવાળા હોવાથી જાણે નવિન તોરણોવાળા સુંદર વર્ણથી નિર્માણ કરેલી શ્યામ પુતળીના કુમળાં યુક્ત અત્યંત મહિમાવાળી બે વીરલક્ષ્મીના બે ઉજ્વળ પ્રાસાદ હોય તેવા શોભતા હતા. તે બંનેની ચક્ષુઓ ઉપર ત્યાં આવેલા સર્વ દેવો તથા રાજાઓના ચક્ષુના સમૂહો લાગેલા હતા અર્થાત્ સર્વેની દૃષ્ટિ તેમની ચક્ષુ ઉપર સ્થિત થયેલી હતી છતાં પણ દુઃખે કરીને પ્રાપ્ત કરવા યોગ્ય સરખે સરખાનો સંગમ જેમ ખેદને માટે થતો નથી તેમ બાહુ તે બંનેની ચક્ષુઓને પણ લેશમાત્ર ખેદ થયો નહિ. 'મારી પહેલા આ બાહુબલિ અપ્રતિમ દર્શનવાળા થશે તથા પૃથ્વી ઉપર તે શ્રેષ્ઠ છે.' એવું ભરતના અંતઃકરણને જ્ઞાન થવાથી જાણે તેને સચિંત થયો હોય તેમ ભરતમહારાજના ચક્ષુમાં આંસુ આવ્યા. 'બાહુબલિએ ભરતમહારાજને સર્વ દેવો તથા રાજાઓની સમક્ષ જીત્યા છે' એ રીતની પ્રમોદયુક્ત વાણી એકદમ તે વખતે આકાશમાં થઈ રહી.

સ્વરયુદ્ધ—ચક્રવર્તી ભરતમહારાજ દૃષ્ટિયુદ્ધમાં બાહુબલિથી જીતાયા છતા પણ ફરીથી તેમણે બાહુબલિને સ્વરયુદ્ધને માટે બોલાવ્યા. અને સ્વરયુદ્ધ કરવાનું નક્કી કર્યા પછી ભરતમહારાજે દેવ તથા મનુષ્યોને બધિર (બહેરા) કરી નાખે તેવો સિંહનાદ કર્યો. સર્વે સ્વસ્થ થઈ ગયા એટલે પ્રતાપી બાહુબલિએ સિંહનાદ કર્યો અને તે સિંહનાદથી અથવા (પૃથ્વી)

સગાયમાન થઈ, ગિરિના શીખરો નીચે પડયા અને દિગ્હસ્તિઓ અત્યંત ત્રાસ પામ્યા.

મુષ્ટિયુદ્ધ—સ્વરયુદ્ધમાં ચક્રી ભરતમહારાજ જીતાયા ત્યારે તેમણે બાહુબલિને તુરત મુષ્ટિયુદ્ધને વાસ્તે બોલાવ્યા, કેમકે ભુજબળવાળા મનુષ્યો યુદ્ધથી વિરમતાજ નથી. તે બંને બળવાન્ રાજાઓ પોતપોતાના ભુજાઓને આસ્ફોટન કરીને મુષ્ટિયુક્ત એક હસ્ત ઉંચે રાખીને લાલ નેત્રોવાળા, પગવડે ભૂપીઠને કંપાવતા રોષ પામેલા જાણે એ દિગ્હસ્તિઓ હોય તેમ શોભતા સામ-સામા દોડ્યા. સમગ્ર સૈન્યથી ચક્રવર્તીનો જે હસ્ત જરાપણ નમતો નહોતો તે હસ્તની મુષ્ટિ બાહુબલિને મારવાથી બાહુબલિ બેશુદ્ધ થઈ ગયા અને મસ્તક ધુણાવવા લાગ્યા તેથી ચક્રવર્તીના પ્રહારથી જાણે મુદિત થયેલા હોય તેમ તે શોભવા લાગ્યા. બાહુબલિએ તુરત શુદ્ધિમા આવીને ભરતમહારાજની ગ્રીવા ઉપર મુષ્ટિનો પ્રહાર કર્યો તેથી તે પૃથ્વીપર પડ્યા અને તેના સુભટોની આંખમાં અશ્રુ આવ્યા. બળનો ગર્વ દુઃખદાયી છે. !! અત્યંત ભક્તિવાળા બાહુબલિએ તે વખતે સુખડ આદિ સુગંધિ દ્રવ્યો લગાડીને ભરતમહાજને શુદ્ધિમા આણ્યા, કારણકે રત્નકંબળ જેમ અગ્નિની પાસે શીતળ થઇ જાય છે, તેમ ઇર્ષાના વિષયમા પણ એકકુળનો ભાવ અત્યંત નિર્મળ બને છે

દંડયુદ્ધ—ત્યારપછી આક્ષેપવડે અત્યંત કઠોર અને રોષ-યુક્ત ચક્ષુવાળા અને હસ્તમા રહેલ દંડવડે પ્રચંડ દેખાતા ભુવ-નમા અત્યંત ભયંકર બંને ભરત તથા બાહુબલિ સામસામે ગર્જના કરતા ઉતાવળે દોડ્યા. ચક્રવર્તી શ્રી ભરતમહારાજે વજ્ર-મૂર્તિસમાન બાહુબલિને મસ્તક ઉપર દંડવડે પ્રહાર કર્યો તેથી તુરત તે જાનુસુધી પૃથ્વીમા પેસી ગયા. એક ઉત્તમ (ખે.ળ.) માથી જેમ ચરણને ખેંચી કાઢે તેવી રીતે સહજ માત્રમા પૃથ્વીમાથી પોતાના ચરણને ખેંચી કાઢી શીઘ્ર પ્રચંડ દંડથી ચક્રીને મસ્તક ઉપર પ્રહાર કરીને હૃદયમાં કઠિન થયેલ બાહુબલિએ તેને

કંઠપર્યંત ભૂપીઠમાં પેસાડી દીધા. ' દૈવને [
પ્રમાણે બોલતા સુભટો પોતાના ભુજબળના મ
છોડી દઈને પોતાના સ્વામીરૂપી રત્નને કાઢવા વ
ગ્યા. કારણ કે કોઈ વખત કામ પડે ત્યારે દીન
કરવા યોગ્ય બને છે અહિં સુભટો પાસે તીક્ષ્ણ
છતાં તે અહિં ઉપયોગી થયા નહિ પણ પૃથ
એવા કોદાળા ઉપયોગી બન્યા પૃથ્વીમાંથી બહ
વર્તીની મૂર્છા શીતળ જળ છાંટવાથી જ્યારે
વિચાર કરવા લાગ્યા–'આ પૃથ્વી ઉપર ચક્રવર્તી
બાહુબલિ ચક્રવર્તી છે ? ' એવો વિચાર કરે
સિત કિરણોવાળું ચક્ર તેના હસ્તકમળમાં આ

બાહુબલિના ઘાત માટે ચક્રનું મૂકવું
થયેલા ચક્રીએ પોતાના નાનાભાઈ બાહુબલિને
કલ્પાંત કાળનો ગર્જના કરતો મેઘ જેમ
પ્રત્યક્ષ જ્વાળાની શ્રેણિના સમૂહરૂપ ચક્ર પોતાન
તે ચક્ર રસ્તામાં બાણ, શક્તિ, ભાલા અને ખ
હણાતું શીઘ્ર બાહુબલિની સમીપમા જય
જાણે ભરતમહારાજનો મૂર્તિમાન પ્રતાપ હોય તે
છ ખંડના ઉપર વિજય મેળવેલા મારા નેત્રો ભર
બાહુબલિના બે નેત્રોએ દૃષ્ટિયુદ્ધમાં જીત્યા તેથી
ઉપર કોઈનો દૃષ્ટિદોષ ન પડે તેવા હેતુથી જાણે
દૃષ્ટિ બાધી લેવારૂપ બાહુબલિના ફરતી પ્રદક્ષિણ

બાહુબલિની ઊંચી કરેલી મુષ્ટિ--બાહુબ
ક્ષિણા કરીને ચક્ર પાછું ભરતમહારાજના હસ
રોષવડે લાલ નેત્રવાળા થયેલા શૂરવીર બાહુબ
વાની ઇચ્છાથી શીઘ્ર દૃઢમુષ્ટિ સહિત બાહુદંડ ઉ

બાહુબલિને તેના પોતાથી ઉત્પન્ન થયેલા અને અતિ મૃદુ એવા એક વિવેકે રોકી રાખ્યા, કારણ કે કોઈ વખત પિતા કરતાં પુત્ર પણ બળવાન્ હોય છે. :

બાહુબલિને વૈરાગ્યની ઉત્પત્તિ—બાહુબલિ વિચાર કરવા લાગ્યા કે–"લોભ ઈર્ષ્યાદિએ ભરતને વશ કરી લીધાથી તેના આત્મામાં રહેલા ધૈર્યનો નાશ થયો છે. એ ભરતને અહહ ! મારે મુષ્ટિવડે કેમ હણવો ! કારણ કે ધીરપુરૂષોને ચેતના રહિત થયેલા જીવો હણવા યોગ્ય નથી. 'સ્વગોત્રિયનો વિનાશ થઈ શકે નહિ' તેવી મર્યાદા આ ચક્રે છોડી નહિ અને રોષવડે મારાભાઈ ભરતને હણવાની ઇચ્છાવાળો થયેલો હું તે ચક્રથી પણ વધારે હિંસા કરવાવાળો રાક્ષસ બનું છું. જો મારો ભાઈ લોભાદિ કષાયોથી ચેતના રહિત ન કરાયો હોત તો તે કદાપિ મને હણવા આવત નહિ, માટે ખરેખરા અપરાધી તો તે લોભાદિ અંતરશત્રુ છે તેને હું પોતે જૈનદીક્ષાવડે હવે જીતીશ." એ પ્રમાણે જેનું અંતઃકરણ નિર્મળ થઇ ગયું છે એવા ધીર અને વિવેકી બાહુબલિએ દીક્ષા ધારણ કરવાનો નિશ્ચય કરીને ઉંચી કરેલી તેજ મુષ્ટિવડે પોતાના ભવતરૂના મૂળોરૂપ મસ્તક ઉપર રહેલા કેશોને તુરત મૂળમાંથી ઉખેડી નાખ્યા (લોચ કર્યો).

બાહુબલિનું માન—ચારિત્ર અંગીકાર કર્યો પછી બાહુબલિમહારાજ મનમાં વિચાર કરે છે કે–'મેં મોટાભાઈ ભરતનો પણ વિનય કર્યો નહિ અને હવે હું પિતા પાસે જાઉં તો જ્ઞાનથી યુક્ત નાનાભાઈઓને મારે નમસ્કાર કરવો પડે તેથી જ્યારે કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને તેમના સરખો થાઉં ત્યારેજ હું પિતાની પાસે જાઉં, અન્યથા જાઉં નહિ.' મનની અંદર આવી નિશ્ચળ પ્રતિજ્ઞા કરીને સાંસારિક વિષયોનો ત્યાગ કરી નિર્મળ યોગીંદ્ર બની સંસારનાં વ્યાધિરૂપ વૃક્ષને ઉખેડી નાખવામાં તીક્ષ્ણ કુઠારસમાન સુંદર સમાધિને ધારણ કરી. 'ભરતની સામે દોડીને જેણે પ્રકોપરૂપી મલ્લને હણી પ્રશમરસ ઉત્પન્ન કર્યો અને પોતાના કુળની

કંઠપર્યંત ભૂપીઠમાં પેસાડી દીધા. 'દૈવને ધિક્કાર હો !' એ પ્રમાણે બોલતા સુભટો પોતાના ભુજબળના મદની સાથે શસ્ત્રોને છોડી દઈને પોતાના સ્વામીરૂપી રત્નને કાઢવા વાસ્તે કોદાળા ઉપાડ્યા. કારણ કે કોઈ વખત કામ પડે ત્યારે હીન (શસ્ત્ર) પણ માન્ય કરવા યોગ્ય બને છે અહિં સુભટો પાસે તીક્ષ્ણ શસ્ત્રો ઘણા હતાં છતાં તે અહિં ઉપયોગી થયા નહિ પણ પૃથ્વી ખોદવામાં હીન એવા કોદાળા ઉપયોગી બન્યા પૃથ્વીમાંથી બહાર કઢાયેલા ચક્રવર્તીની મૂર્છા શીતળ જળ છાંટવાથી જ્યારે દૂર થઈ, ત્યારે તે વિચાર કરવા લાગ્યા-'આ પૃથ્વી ઉપર ચક્રવર્તી હું છું કે શું આ બાહુબલિ ચક્રવર્તી છે ?' એવો વિચાર કરે છે તેટલામાં વિલખિન્ન વિકસેલા ચક્ર તેના હસ્તકમળમાં આવ્યું.

બાહુબલિના ઘાત માટે ચક્રનું મૂકવું--શીઘ્ર ક્રોધયુક્ત થયેલા ચક્રીએ પોતાના નાનાભાઈ બાહુબલિને હણવાની ઇચ્છાથી કલ્પાન્ત કાળનો ગર્જના કરનારો મેઘ જેમ વિજળીને મૂકે તેમ [illegible] જ્વાળાની શ્રેણિના સમૂહરૂપ ચક્ર પોતાના હાથથી મૂક્યું. ને ચક્ર રસ્તાના બાણ, શક્તિ, ભાલા અને ખડગથી ચોતરફથી હણાતું શીઘ્ર બાહુબલિની સમીપમાં જ્યારે આવ્યું ત્યારે [illegible] ભરતમહારાજને મૂર્તિમાન પ્રતાપ હોય તેમ શોભવા લાગ્યું. [illegible] ભરતમહારાજને આ [illegible] નથી જ બાહુબલિના નેત્ર [illegible] ફરીથી પાછું ને ચક્ર [illegible]

[illegible]

બાહુબલિની કેવી કરેલી મુષ્ટિ બાહુબલિની કરની [illegible] [illegible] હણવા માટે [illegible] [illegible] કરી પોતાના [illegible] હણું [illegible] [illegible] નહિ તે

બાહુબલિને તેના પોતાથી ઉત્પન્ન થયેલા અને અતિ મૃદુ એ
એક વિવેકે રોકી રાખ્યા, કારણ કે કોઇ વખત પિતા કરતાં પુ
પણ બળવાન્ હોય છે.

બાહુબલિને વૈરાગ્યની ઉત્પત્તિ—બાહુબલિ વિચાર કર-વા લાગ્યા કે—"લોભ ઇર્ષ્યાદિએ ભરતને વશ કરી લીધાથી તેના આ-ત્મામાં રહેલા ધૈર્યનો નાશ થયો છે. એ ભરતને અહહ ! મારે મુષ્ટિવડે કેમ હણુંશું ! કારણ કે ધીરપુરૂષોને ચેતના રહિત થયેલા જીવો હણવા યોગ્ય નથી. 'સ્વગોત્રિયનો વિનાશ થઇ શકે નહિં' તેજ મર્યાદા આ ચક્રે છોડી નહિ અને રોષવડે મારાભાઇ ભરતને હણવાની ઇચ્છાવાળો થયેલો હું તે ચક્રથી પણ વધારે હિંસા કરવાવાળો રાક્ષસ બનું છું. જો મારો ભાઇ લોભાદિ કષાયોથી ચેતના રહિત ન કરાયો હોત તો તે કદાપિ મને હણવા આવત નહિં, માટે ખરેખરા અપરાધી તો તે લોભાદિ અંતરશત્રુ છે તેને હું પોતે જૈનદીક્ષાવડે હવે જીતીશ." એ પ્રમાણે જેનું અંતઃકરણ નિર્મળ થઇ ગયું છે એવા ધીર અને વિવેકી બાહુબલિએ દીક્ષા ધારણ કરવાનો નિશ્ચય કરીને ઉંચી કરેલી તેજ મુષ્ટિવડે પોતાના ભવતરૂના મૂળરૂપ મસ્તક ઉપર રહેલા કેશોને તુરત મૂળમાથી ઉખેડી નાખ્યા (લોચ કર્યો).

બાહુબલિનું માન—ચારિત્ર અંગીકાર કર્યા પછી બાહુબલિ-મહારાજ મનમાં વિચાર કરે છે કે-'મેં મોટાભાઇ ભરતનો પણ વિનય કર્યો નહિ અને હવે હું પિતા પાસે જાઉં તો જ્ઞાનથી ન્યુન નાનાભાઇઓને મારે નમસ્કાર કરવો પડે તેથી જ્યારે કેવ-ળજ્ઞાન પ્રાપ્ત કરીને તેમના સરખો થઉં ત્યારેજ હું પિતાની પાસે જાઉં, અન્યથા જાઉં નહિં.' મનની અંદર આવી નિશ્ચય પ્રતિજ્ઞા કરીને સાંસારિક વિષયોનો ત્યાગ કરી નિર્મળ યોગીંદ્ર બની સંસારનાં વ્યાધિરૂપ વૃક્ષને ઉખેડી નાખવામાં તીક્ષ્ણ કુઠારસમાન સુંદર સમાધિને ધારણ કરી. ભરતની સામે દોડીને જેણે પ્રકોપ રૂપી મલ્લને હણી પ્રશમરસ ઉત્પન્ન કર્યો અને પોતાના કુળની

કીર્તિમાં વૃદ્ધિ કરી એવા ત્રિભુવનમાં એક અદ્વિતીય વીરમુષ્ટિ-વાળા બાહુબલિ જયવંતા વર્તો.' એવી પ્રમોદયુક્ત સ્તવનાથી પવિત્ર સંગીત કરીને આનંદિત થયેલા સૌધર્મેંદ્ર દેવોની સાથે સૌધર્મદેવલોકમાં ગયા.

ભરતમહારાજનો ખેદ—નાનાભાઈ બાહુબલિએ સમગ્ર શસ્ત્રસમૂહને છોડી દીધો તથા તેની વિષયવાસના શિથિલ થઈ ગઈ, તે જોઈને અંત્યત વિસ્મયતાથી દુ:ખી થયેલા ભરતમહારાજ ખેદ કરવા લાગ્યા કે—"મારા સમગ્ર બાંધવોનો વિરહ કરાવવાના કારણભૂત આ ચક્રીપદને ધિક્કાર પડો ! મહુડાના વૃક્ષને ફળની પ્રાપ્તિ નિંદાપાત્ર છે, કારણકે તે વખતે તેના રસયુક્ત પત્રોનો નાશ થાય છે, તેવી રીતે મને પણ આ ચક્ર અનર્થના કારણરૂપ બન્યું. કાગડો જો કે એક ચક્ષુવાળો છે છતાં પોતે આપેલા બલી (ભક્ષ)ને પોતાના પરિજનની સાથે ભાગ પાડીને ખાય છે તેથી સેંકડો નેત્રને યોગ્ય કાર્ય કરે છે. હમણાં હું તે કાગડાની સદ્દશ પણ નથી, કારણકે મને આવા અત્યંત વૈભવયુક્ત ચક્રીપદની પ્રાપ્તિ થઈ ત્યારે મેં મારા સર્વે ભાઈઓને પાસે રાખવાને બદલે દૂર કર્યો. વળી 'મારો પ્રભુ એક યુગાદિનાથ ઋષભપ્રભુ હો' એ પ્રમાણે બોલતા બાહુબલિને જીતવાની ઇચ્છાવાળા મેં પિતાની પણ ગણના કરી નહિ, તેથી પાપથી નષ્ટબળ થયેલો હું નિશ્ચે કરીને જીતાયો છું. કેવળજ્ઞાનને માટે ઉદ્યમ કરવાવાળા હે બાહુબલિ! પુણ્યવડે આપે મારી સમક્ષ ત્રણ ભુવનને જીત્યા અને ઋષભપ્રભુ ઉપર ભક્તિવાળા તમને ખેદ ઉપજાવવાથી પાપી એવો હું પરાભવ પામેલો છું." પવિત્ર અંતઃકરણવાળા ભરતમહારાજ ઘણો વખત અત્યંત અશ્રુ પાડવા સાથે વિલાપ કર્યો પછી બાહુબલિને પ્રણામ કરી વિનયથી સહિત ગદગદ વાણીથી બોલ્યા—

ભરતમહારાજની પ્રાર્થના—" યુદ્ધની પ્રતિજ્ઞાનો ભંગ કરીને હે હે બાહુબલિ ' તમારા ઉપર ચક્ર મૂક્યુ છતાં પ્રતિજ્ઞાનો ભંગ કરવાવાળા પાપી અને દુષ્ટ એવા મારા ઉપર તમે સંગ્રામમાં

धननी प्राप्ति थवाथी प्रमुदित थाय अने जेनी विद्या नष्ट थई गई होय ते जेम फरीथी अल्प पद पण याद आववाथी प्रमुदित थाय तेम अत्यंत आनंदित थया.

भरतमहाराजनुं पाछुं अयोध्या प्रत्ये गमन-भरतमहाराजे निष्पाप बाहुबलिमुनिनो घणा हर्षपूर्वक पोतानी वाणीना विस्तारवडे विनय कर्यो, नमस्कार कर्यो अने भावथी स्तवना करी, पछी बाहुबलिना पुत्र सोमयशाने भरतमहाराजे बहलीदेशनो राजा कर्यो. ते सोमयशाराजा प्रसार पामता यशवाळो तथा अत्यंत शौर्यतारूपी तेजथी देदिप्यमान हतो. सैन्यना भारथी अत्यंत कंपने धारण करती रागवाळी बनेली पृथ्वीरूपी स्त्रीने मात्र अल्प कर लेवा पूर्वक भोगववानी इच्छा राखता भरतराजा पोतानी अयोध्यानगरीमां आव्या अने पोताना मणिगृहनी अंदर प्रवेश कर्यो

चक्रनुं शस्त्रागारमां पेसवुं-चक्रने खेद थयो के 'शरूआतमां मने समजण आवी नहि अने शस्त्रागारमां में प्रवेश कर्यो नहि तेथी बाहुबलिने खेद उपजाववामां कारणभूत माराथी थवायुं छे. मारा आवा वक्र चरित्रने धिक्कार हो !' एवो जाणे विचार आववाथी होय तेम ते वखते चक्र प्रशमरसने आश्रित करीने रह्युं होय तेम देखायुं. बळवान् एवा बाहुबलीए पण व्रत ग्रहण कर्युं तेथी जाणे पोते प्रतिबोध पाम्युं होय तेम ते चक्रे पोताना शस्त्रागारमा तरत्ज प्रवेश कर्यो अने ते चक्र फरीथी कोई वखत बहार नीकळ्युं ज नहि.

चक्रवर्तीना काळनुं निर्गमन-सोळ हजार यक्षोथी अने बत्रीश हजार राजाओथी सेवाता, पवित्र गुणोथी युक्त चोसठहजार स्त्रीओथी आनंदित कराता, चोराशीलाख श्रेष्ठ हस्ति, अश्व, अने रथो, तथा छन्नुं क्रोड पायदळ, अने बहोतेर हजार नगरोथी सहित, नव निधान, चौद रत्नोने धारण करनार चक्रीपदने भरतराजा रसपूर्वक भोगवता हता अने तेथी गयेला काळने जाणता नहोता.

બાહુબલિ મુનિનો તપ—બાહુબલિમુનિ કાઉસગ્ગધ્યાનને અંગીકાર કરી ઉભા રહ્યા તે વખતે તેમના વ્રતના અધ્યવસાય એટલા બળવાન હતા કે સુંદર મનવાળા તેમણે હિમ, વાયુ, ધૂલિ, આતપ, તથા મેઘથી તેમજ લતાઓના વીંટાવાથી, સર્પોના ઉપસર્ગથી અને પક્ષીઓએ માળા નાખવાથી તથા છએ ઋતુના દુઃખો પડવાથી ખેદ કર્યો નહિ અને ધ્યાનથી ચલાયમાન થયા નહિ. બાહુબલિ મહામુનિએ કામ, ક્રોધ, મદ, મોહ, માયા ને ઇર્ષ્યા એ છએ શત્રુને શીઘ્ર જીતી અંતરંગ શત્રુના સમૂહનો નાશ કર્યો. બાહુબલિએ છ ખંડના સ્વામી ભરતચક્રવર્તીને જીતીને એક વર્ષ પર્યંત નિરાહારપણે રહી છએ ઋતુના દુઃખોને સહન કર્યાં. ગ્રંથકાર કહે છે કે 'આટલું ન કર્યું હોત તો બાહુબલિ પોતાના પિતાની મમતા કેવી રીતે મેળવી શકત ?'

બ્રાહ્મી અને સુંદરીએ કરેલો બાહુબલિને ઉપદેશ—આ વખતે ઋષભપ્રભુને બાહુબલિની બે બહેનો બ્રાહ્મી અને સુંદરીએ પોતાના બાંધવ બાહુબલિના સમાચાર પૂછ્યા એટલે પ્રભુએ બાહુબલિના કેવળજ્ઞાનમાં આવરણ કરવા રૂપ મદના નાશને માટે હવે યોગ્ય સમય આવ્યો છે એમ જણાવીને બાહુબલિને પ્રતિબોધ કરવા સારૂ તેમને જવાનું કહ્યું. યુગાદિનાથના આદેશથી બંને બહેનો બાહુબલિ પાસે આવી અને 'હે બાંધવ ! શીઘ્ર ગજથી નીચે ઉતરો.' એ પ્રમાણે એકીસાથે મોટે સ્વરે બોલી. આ વાણી સાંભળવાથી બાહુબલિના કર્ણો પ્રમુદિત થયા અને તેમનો ભ્રમ પણ દૂર થઇ ગયો. પછી બાહુબલિમુનિ વિસ્મયપૂર્વક વિચારવા લાગ્યા કે 'આ મૃદુ વાક્ય મારી બહેનોનું છે, પરંતુ મારી બહેનોએ મને ગજથી નીચે ઉતરવા કહ્યું અને હું તો કાંઇ ગજ ઉપર રહેલો નથી; વળી આદિનાથની તે બંને પુત્રીઓ છે અને તેઓ હિત કરવામાં ઉદ્યુક્ત થયેલી છે તેથી મૃષા પણ બોલે નહિ મારી બહેનોનું આ વાક્ય હું હજુ સમજી શકતો નથી.'

બાહુબલિને કેવળજ્ઞાનની ઉત્પત્તિ—બાહુબલિમુનિને વિશેષ વિચાર કરતાં સમજાયું કે-'અહહ! ઉપચારપૂર્વક બોલાયેલું મારી બહેનોનું તત્ત્વયુક્ત વચન હવે હું સમજ્યો કે, તેણીઓ માનરૂપી ગજ ઉપરથી મને શીઘ્ર નીચે ઉતરવાનું કહે છે. 'માન' આ શબ્દમાં 'મા' અને 'ન' એ બે અક્ષરો રહેલા છે. તે બંને અક્ષરોવડે શિવમાર્ગનો નિષેધ કરી રહેલ છે. માનનું આવું સ્વરૂપ છે છતાં પણ તેથી હું બેદરકાર રહ્યો અને તેજ માનનો આદર કરી દુષ્ટબુદ્ધિવાળો હું મારા પિતાને પણ આજસુધી નમસ્કાર કરવા ગયો નહિ. ભરતની સાથેના યુદ્ધને છોડી દીધું અને વ્રતને અંગીકાર કર્યું પણ કેવળજ્ઞાનથી યુક્ત પ્રશમરસમાં લીન વ્રતથી મોટા એવા મારા નાનાભાઇઓની સાથે મેં મનમાં વિરોધ રાખ્યો. અત્યંત મદથી યુક્ત થયેલો અસત્ય મતથીજ હું યુક્ત છઉં. હવે આજે પ્રભુપાસે જઇને પરિવાર સહિત તેમને નમસ્કાર કરી મારો ભવ સફળ કરૂં' આવો નિશ્ચય કરી વિનીતમતિવાળા બાહુબલિ જેટલામાં ચાલવા વાસ્તે પગ ઉંચો કરે છે તેટલામાં તેમણે રજસ્, તમસ્ આદિ ગુણોથી યુક્ત મનનો ત્યાગ કરીને લોક અને અલોકને જોવામાં સમર્થ એવું કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું.

દેવોની સ્તુતિ—બાહુબલિમુનિને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું તે સમયે આકાશમાં દેવદુન્દુભિ વાગી રહી અને તેમની ઉપર પુષ્પોની વૃષ્ટિ થઇ. નમસ્કાર કરવાની ઇચ્છાવાળા દેવો તથા સજ્જનો નવા કેવળજ્ઞાની મુનિની પાસે આવવા લાગ્યા નિર્મળ એવી વીરરસ તથા શાન્તરસથી યુક્ત સ્તુતિઓને બોલતા અને પ્રદર્શિત કરેલા ઉત્સવથી મધુર અનેક દેવોથી પરવરેલા બાહુબલિમુનિ પ્રભુની સમીપે આવ્યા. લોકમાં વરવહુના વિવાહપ્રસંગમાં અગ્નિને પ્રદક્ષિણા કરવી પડે છે અને સ્ત્રીઓ ગીતો ગાય છે તેવી રીતે મુક્તિરમણીની સાથે વિવાહ કરવામાટે બાહુબલિમુનિએ કેવળજ્ઞાનરૂપ વિભાવસુ એવા શ્રીઋષભપ્રભુને પ્રદક્ષિણા દીધી અને તે સમયે દેવાંગનાઓએ મંગળ ગીતો ગાયાં. પછી કેવળીની



બાહુબલિને કેવળજ્ઞાનની ઉત્પત્તિ—બાહુબલિમુનિને વિશેષ વિચાર કરતાં સમજાયું કે-' અહહ ! ઉપચારપૂર્વક બોલાયેલું મારી બહેનોનું તત્ત્વયુક્ત વચન હવે હું સમજ્યો કે, તેણીઓ માનરૂપી ગજ ઉપરથી મને શીઘ્ર નીચે ઉતરવાનું કહે છે. 'માન'આ શબ્દમાં 'મા' અને 'ન' એ બે અક્ષરો રહેલા છે. તે બંને અક્ષરોવડે શિવમાર્ગનો નિષેધ કરી રહેલ છે. માનનું આવું સ્વરૂપ છે છતાં પણ તેથી હું બેદરકાર રહ્યો અનેતેજ માનનો આદર કરી દુષ્ટબુદ્ધિવાળો હું મારા પિતાને પણ આજસુધી નમસ્કાર કરવા ગયો નહિ. ભરતની સાથેના યુદ્ધને છોડી દીધું અને વ્રતને અંગીકાર કર્યું પણ કેવળજ્ઞાનથી યુક્ત પ્રશમરસમાં લીન વ્રતથી મોટા એવા મારા નાનાભાઈઓની સાથે મેં મનમાં વિરોધ રાખ્યો. અત્યંત મદથી યુક્ત થયેલો અસત્ય વ્રતથીજ હું યુક્ત છઉં. હવે આજે પ્રભુપાસે જઈને પરિવાર સહિત તેમને નમસ્કાર કરી મારો ભવ સફળ કરૂં.' આવો નિશ્ચય. કરી વિનીતમતિવાળા બાહુબલિ જેટલામાં ચાલવા વાસ્તે પગ ઉંચો કરે છે તેટલામાં તેમણે રજસ્, તમસ્ આદિ ગુણોથી યુક્ત મનનો ત્યાગ કરીને લોક અને અલોકને જોવામાં સમર્થ એવું કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું.

દેવોની સ્તુતિ—બાહુબલિમુનિને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું તે વખતે આકાશમાં દેવદુન્દુભિ ગાજી રહી અને તેમની ઉપર પુષ્પોની વૃષ્ટિ થઇ. નમસ્કાર કરવાની ઇચ્છાવાળા દેવો તથા સજ્જનો નવા કેવળજ્ઞાની મુનિની પાસે આવવા લાગ્યા. નિર્મળ એવી વીરરસ તથા શાંતરસથી યુક્ત સ્તુતિઓને બોલતા અને પ્રદર્શિત કરેલા ઉત્સવથી મહયુક્ત બનેલા દેવોથી પરવરેલા બાહુબલિમુનિ પ્રભુની સમીપે આવ્યા. લોકમાં વરવહુના વિવાહપ્રસંગમાં અગ્નિને પ્રદક્ષિણા કરવી પડે છે અને સ્ત્રીઓ ગીતો ગાય છે તેવી રીતે મુક્તિરમણીની સાથે વિવાહ કરવામાટે બાહુબલિમુનિએ કેવળજ્ઞાનરૂપ વિભાયુક્ત એવા શ્રીઋષભપ્રભુને પ્રદક્ષિણા દીધી અને તે વખતે દેવાંગનાઓએ મંગળ ગીતો ગાયા. પછી કેવળીની

પર્ષદામાં બાહુબલિ બેઠા તે વખતે દેવોએ ઉચ્ચાર કર્યો કે–'જો કે બાહુબલિના સરખો બળવાળો લોકમાં તો કોઈ નીવડ્યો નહિ પણ અહિં સભામાં રહેલા કેવળી તેમની સરખા થાઓ !' બાહુબલિમુનિએ હમેશાં એક વખત કવલઆહાર કર્યો પણ સકળતાપને દૂર કરવાવાળું પ્રશમરસમય સરસ એવું કેવળજ્ઞાનરૂપી ભોજન તો નિરંતર કર્યું.

પ્રથમ તીર્થપતિનું સ્ફટિકાચલ ઉપર ગમન—પ્રથમ તીર્થપતિ ઋષભદેવ પછી વિહાર કરીને સ્ફટિકાચલપર્વત ઉપર ગયા. તે સ્ફટિકાચલ પર્વત કેવળજ્ઞાનને પ્રાપ્ત કરેલા મુનિઓના બાહ્ય દૂર કરેલા મનના અણુઓના સમૂહથી બનેલો હોય તેમ અત્યંત નિર્મળ દેખાતો હતો. (કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યા પછી તેમને આત્મમનનો ઉપયોગ રહેતો નથી તેથી કરીનેજ દૂર કરેલા મનના અણુઓથી આ પર્વત બનેલો હોય એવી ઉત્પ્રેક્ષા કરી છે.) દેવોએ અહિં સુંદર ત્રણ ગઢવાળું મનોહર સમવસરણ રચ્યું અને પ્રભુએ સદ્ધર્મને પ્રકટ કરનારી દેશના આપી.

ભરતનરાધિરાજનું સાધર્મિકવાત્સલ્ય

ભરતમહારાજનું સ્ફટિકાચલ ઉપર પ્રભુપાસે આગમન [illegible]

એ પ્રમાણે બોલવા શીખવ્યું અને તે પુરૂષો પણ તે પ્રમાણેનું વચન હમેશાં પ્રભાતમાં ભરતમહારાજને તિલક તથા અક્ષતવર્ધન કરવાપૂર્વક સંભળાવવા લાગ્યા. ભવ્યપુરૂષોથી બોલાતા આ વચનને સાંભળીને ચક્રવર્તિપણાથી, સુખથી અને લક્ષ્મીથી થતા વિચિત્ર પ્રકારના મદવડે અમિત થયેલું છે અંતઃકરણ જેમનું એવા ભરતમહારાજ ચિંતવન કરવા લાગ્યા કે-' અહહ !!! કેના વડે હું જીતાયો ! હા ! મેં જાણ્યું-નિશ્ચયે કરીને અત્યંત દઢ ક્રોધાદિ કષાયોવડે હું જીતાયો છું અને તે કષાયોથીજ અહિં અને ભય વધતો જાય છે તેથી હવે મારે જીવદયા કરવી જોઇએ.' એ પ્રમાણે સાધર્મિકજનોથી બોલાતા વચનોવડે પ્રગટ થયેલ અદ્ભુત વિવેકાગ્નિરૂપી શસ્ત્રવડે કુસંગતથી લાગેલા મળરૂપ પાપોને બાળી નાખી સુયશરૂપી સુવર્ણને ફેલાવ્યો. પુણ્યશાળી ભરતમહારાજના મુખરૂપ ચંદ્રને જોવાથી જોનારને શિતળતા અને પવિત્રતા ઉત્પન્ન થતી હતી અને તેથી કરીનેજ અતિ દૂર રહેનારા વનવાસીઓ પણ ભોજન લેવાના મિષથી ભરતમહારાજનું મુખ જોવા આવતા હતા.

સાધર્મિકોની પરીક્ષા—જ્યારે ભોજન વાસ્તે આવતા મનુષ્યોની સંખ્યા ઘણી વધી ગઈ ત્યારે કુશળ મંત્રીઓએ વિવેકી અને અવિવેકી મનુષ્યોના વિભાગ કરવા ભરતરાજાને કહ્યું ભરતરાજાએ તેઓની પરીક્ષા કરી અને જેમના પાચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત તથા ચાર શિક્ષાવ્રત મન વચન અને કાયાવડે શુદ્ધ હતા તેમને બાર ટીલા કર્યા અને કાકિણિરત્નથી ત્રણ રેખાવાળા કર્યા.

ભરતરાજાએ કરેલા ચાર વેદો—ત્યારપછી ભરતરાજાએ પોતાને તેમજ ભવ્ય સાધર્મિકોને અભ્યાસ કરવા વાસ્તે પવિત્ર અને નિર્મળ પદોથી યુક્ત વેદચતુષ્ટયી બનાવી.

અન્નશાળાઓની સ્થાપના—ભરતરાજાએ વાર્ધકિરત્નવડે પોતાના નગરની પૂર્વદિશાની ભૂમિમાં ઉજ્વળ પાચસો મોટા અન્નક્ષેત્રો કરાવ્યા અને ત્યાં પરીક્ષા કરેલા વ્રતધારી મનુષ્યોને

ચક્રવર્તી થશે અને અહીં ભરતક્ષેત્રમાં પહેલો વાસુદેવ તથા અન્તિમ તીર્થંકર પણ થશે.' 'મારો પુત્ર મરીચિ જિનેશ્વર થશે' એવું પ્રભુનું વાક્ય સાંભળવાથી ભરતરાજાનું મન અત્યંત ઉલ્લસાયમાન થયું. પછી ભરતરાજા મરીચિમુનિ પાસે જઈને તેને પ્રદક્ષિણા દઈ પાસે ઉભા રહી બોલ્યા-' હે મરીચિ ! કલ્પ રહિત આ તારા મનને હું નમસ્કાર નથી કરતો અથવા તો આ તારા શરીરને પણ નમસ્કાર નથી કરતો, પણ તું અન્તિમ જિનપતિ થઈશ તેથી તને હું નમસ્કાર કરૂં છું.' એ પ્રમાણે પ્રભુએ કહેલી બધી હકીકત નિવેદન કરીને ભરતેશ્વર પાછા પ્રભુ સન્મુખ ગયા. પાછળથી મરીચિમુનિ પોતાના પિતા સાથેના લાંબા કાળના સ્નેહથી અને તેમના કરેલા નમસ્કારથી મદયુક્ત બન્યા કે-' અહો ! હું સુંદર ભોગોથી યુક્ત એવો પ્રિયમિત્ર નામનો ચક્રવર્તી થઈશ, વળી અહો ! હું અહિં પહેલો વાસુદેવ થઈશ અને વળી અહો ! હું જિનેશ્વર પણ થઈશ. સમસ્ત જગતને વિવેકચક્ષુ આપનારા મારા દાદા અહીં પ્રથમ જિનેશ્વર થયા છે અને મારા પિતા ભરતરાજા અહિં પહેલા ચક્રવર્તિ થયા છે તેથી કરીને મારૂં સમસ્ત કુળ અત્યંત નિર્મળ છે' [illegible]



ચક્રવર્તી થશે અને અહીં ભરતક્ષેત્રમાં પહેલો વાસુદેવ તથા અન્તિમ તીર્થંકર પણ થશે.' 'મારો પુત્ર મરીચિ જિનેશ્વર થશે' એવું પ્રભુનું વાક્ય સાંભળવાથી ભરતરાજાનું મન અત્યંત ઉલ્લસાયમાન થયું. પછી ભરતરાજા મરીચિમુનિ પાસે જઈને તેને પ્રદક્ષિણા દઈ પાસે ઉભા રહી બોલ્યા—' હે મરીચિ ! કદિ દિન આ તારા વ્રતને હું નમસ્કાર નથી કરતો અથવા તો આ તારા શરીરને પણ નમસ્કાર નથી કરતો, પણ તું અન્તિમ જિનપતિ થઇશ તેથી તને હું નમસ્કાર કરૂં છું.' એ પ્રમાણે પ્રભુએ કહેલી બધી હકીકત નિવેદન કરીને ભરતેશ્વર પાછા પ્રભુ સન્મુખ ગયા. પાછળથી મરીચિમુનિ પોતાના પિતા સાથેના લાંબા કાળના સ્નેહથી અને તેમના કરેલા નમસ્કારથી મદયુક્ત બન્યા કે-' અહો ! હું સુંદર ભોગોથી યુક્ત એવો પ્રિયમિત્ર નામનો ચક્રવર્તી થઇશ, વળી અહો ! હું અહિં પહેલો વાસુદેવ થઇશ અને વળી અહો ! હું જિનેશ્વર પણ થઇશ. સમગ્ર જગતને વિવેકચક્ષુ આપવાવાળા મારા દાદા અહીં પ્રથમ જિનેશ્વર થયા છે અને મારા પિતા ભરતરાજા અહિં પહેલા ચક્રવર્તિ થયા છે તેથી કરીને મારૂં સમગ્ર કુળ અત્યન્ત નિર્મળ છે.' આ પ્રકારનો વિચાર લાવીને જેનું હૃદય હર્ષથી ભરાઇ ગયું છે એવા તે મરીચિમુનિ નાચવા લાગ્યા. કારણકે નિર્બળ શરીરવાળાઓ, રસથી યુક્ત એવી ચક્રવર્તીની વાણીને સહન કરી શકતા નથી.

ભરતમહારાજનો અભિગ્રહ—જિનપતિની સમીપમાં નિર્મળ ભાવનાવાળા ભરતરાજાએ 'મારે હંમેશા જિનાર્ચન કરવું' એવો અભિગ્રહ લીધો અને પછી પ્રથમ તીર્થપતિને નમસ્કાર કરીને વિમળાચળપરથી ભરતરાજા પાછા વળ્યા. તે વખતે ઇન્દ્રે ભરતરાજાને હર્ષથી એક માણિક્યમય જિનબિમ્બ અર્પણ કર્યું. પોતાના નગરમાં આવીને ઉચ્ચ બુદ્ધિવાળા ભરતચક્રવર્તીએ પોતાના મહેલની અંદર મનોરમ ઇન્દ્રે આપેલી ઉપમા રહિત એવી પરમાત્માની મૂર્તિની સ્થાપના કરી.

ગંગાનો સમાગમ—ગંગાદેવી અવધિજ્ઞાનથી ભરતને જિનેશ્વરના પૂજનની અંદર લીન બનેલા જાણીને અત્યંત ખુશી થઈ અને સુખપૂર્વક સુતેલા ભરતમહારાજની સમીપમાં એક વખત આવીને ઉભી રહી. વિકસ્વર લોચનવડે શોભતું છે મુખકમળ જેનું અને અત્યંત નિર્મળ છે મન જેનું એવા ભરતરાજાએ પૂર્વપરિચિત અને સમીપમાં ઉભી રહેલી ગંગાદેવીને હર્ષપૂર્વક પૂછ્યું છે કે-'હે દેવી ! ઘણે લાંબે વખતે આપનું અહિં આગમન કેમ થયું તે કહો અને હાસ્યથી યુક્ત એવું તમારૂં મુખકમળ મારા ચક્ષુઓને અમૃતવર્ષાવન રૂં કેમ થાય છે ? તે કહો.' ભરતમહારાજનું આ પ્રકારનું પ્રિય વાક્ય સાંભળીને તે ગંગાદેવીએ હાસ્ય સહિત જવાબ આપ્યો કે—'હે સુભગ ! વિષયના ઉદયથકી જે વખતે આપને મેં ઉલ્લાસપૂર્વક સેવ્યા તે દિવસથી આપ મારા મનમાંથી કદાપિ વિસ્મૃત થયા નથી અને આ વખતે આપને જિનાર્ચનથકી શિવમાર્ગમાં રહેલા જાણીને અહિં હું આવેલી છું અને તેજ મારૂં અહિં લાંબે કાળે આવવાનું પ્રયોજન છે વળી હે જનનાયક ! અજરામર પદ પ્રાપ્ત કરવામાં હેતુભૂત જિનેશ્વરની પૂજા આપ હંમેશાં ભાવપૂર્વક કરો અને હું વિઘ્નઃ વિના આપની હમેશાં સેવા કરૂં એવો મારા મનનો ઉલ્લાસ આપની દ્રષ્ટિને સુખનું કારણ બન્યો છે એમ હું સમજું છું.'

આ પ્રમાણેની ગંગાદેવીની વાણીથી ઉલ્લસાયમાન થયેલા નગરના સરખી કાન્તિવાળા ચક્રવર્તિ પ્રભાતમાં દેહશુદ્ધિને વાસ્તે સુંદર સ્નાનગૃહમાં ગયા. તે વખતે સ્ફટિકાસન ઉપર બેઠેલા ભરતમહારાજને સુગંધી દ્રવ્યોથી મર્દન કરીને વિકાર રહિત થયેલી ગંગાદેવીએ પોતે અત્યંત નિર્મળ જળથી સ્નાન કરાવ્યું ચક્રવર્તીના મસ્તક ઉપર રહેલો, કેશથી લાંછિત થયેલો જળકણનો સમૂહ જાણે નિર્મળ કલ્પવૃક્ષ ઉપર રહેલા પુષ્પના બીજનો સમૂહ હોય નહિ તે વખતે શોભતો હતો. વલયની આકૃતિવાળા પોતાના હસ્તવડે મસ્તકઉપર નિર્મળ ગંગાજળને ભરતમહારાજે સ્નાન અને

ધારણ કર્યું તેથી કરીને 'ખરેખર પોતાની પ્રિયતમા જાન્હવીને (ગંગાને) પોતાના મસ્તક ઉપર ધારણ કરનારા આ શંકર છે' એવી લોકોક્તિ થઈ. સ્નાન થઈ રહ્યા પછી ગંગાદેવીએ ઉજ્જ્વળ ગંગાજળતુલ્ય કાંતિવાળા અને વિદારણ કરેલા કદલીદળની સરખા કોમળ બે વસ્ત્રો ભરતમહારાજને ધારણ કરવા વાસ્તે અર્પણ કર્યાં.

ભરતમહારાજનું જિનાર્ચન—તે વખતે જિનાર્ચનમાં લીન ચિત્તવાળા ચક્રપતિને જાણીને શ્રીમાન્ પ્રભાસ, વરદામ અને માગધ નામના તીર્થાધિપો નિર્મળ વસ્ત્રો ધારણ કરીને પોતાના સમગ્ર પરિવાર સહિત ત્યાં આવ્યા. જિનેશ્વરના જન્માભિષેકમાં બહુમાન સમજનારી સર્વ દેવાંગનાઓ મધુર સ્વરે ગાવા લાગી અને દેવોના સુભગ વાક્યોચ્ચાર થવા લાગ્યા. તે વખતે ચક્રીએ જિનેશ્વરનો સ્નાત્ર મહોત્સવ કર્યો. ત્યારપછી ગર્વ રહિત એવા ભરતમહારાજે આનંદપૂર્વક નન્દનવનના ચન્દનથી પરમાત્માની મૂર્તિને વિલેપન કર્યું અને નિર્વિકારી થયેલા તેમણે અષ્ટકર્મના છેદનને વાસ્તે અષ્ટ પ્રકારી પૂજા કરી. માયા રહિત મનવાળા અને દશ ત્રીકના ભાવને જાણનારા ભરતમહારાજે ત્યારપછી આરતિ કરી અને જાજ્વલ્યમાન છે પુણ્યનો પ્રકર્ષ જેમનો એવા તેમણે શ્રેષ્ઠ માંગલિક્ય દીપક કર્યો. ત્યારપછી ભરતમહારાજે ચોવીશ તીર્થંકરોના નામના અક્ષરો આદ્ય અને અંતમાં ઉચ્ચાર કરવાપૂર્વક બાર શ્લોકનું શ્રેષ્ઠ શ્રી વીતરાગ સ્તવ કર્યું. તે નીચે પ્રમાણે—

(श्रीऋषभ-महावीरौ)

श्री...केवल ज्ञानविभैकपा ...म !
ऋ. ते भवन्तं हृदयं दुरी . हा ।
ष. दृग्गुणातादनिदुःम्परा षी
भ....कल्पाऽऽग्नोऽसिम्नप रस वी र ! ॥ १ ॥

'હે શ્રી કેવળજ્ઞાનરૂપી તેજના એક મંદિરરૂપ ઋષભદેવ તથા મહાવીરપ્રભુ! આપના શરણ વિના આ સંસારની દુષ્ટ વાસનાઓ મારા હૃદયને મલીન કરે છે. ક્રોધાદિ ષડ્રિપુથી ત્રાસ પામવાથી રૂદન કરતો હું હે પ્રભુ! આપની પાસે આવેલો છું તો મારી રક્ષા કરો.'

(श्रीअजित–पार्श्वनाथौ)

श्री... वीतरागादद्भुतमोह–ता. ......पा
अ. .संशयं जग्मुरकर्म पा.. ....श्वं !।
जि. न! त्वदास्यांशुसुधानिपा ना
त. था तव स्नात्रजलेन ना ....थ ! ॥ २॥

'હે શ્રી વીતરાગ અજિતનાથ તથા પાર્શ્વનાથ! અદ્ભુત ચરિત્ર છે જેનું એવા મોહથી તપ્ત થયેલા અમે આપના મુખના કિરણરૂપી અમૃતના પાનથકી નિઃસંશય કર્મ રહિત થઇએ છીએ, તેવીજ રીતે હે પ્રભુ! આપના સ્નાત્રના જળથી પણ કર્મ રહિત થઇએ છીએ.'

(श्रीसंभव–नेमिनाथौ)

श्री मज्जिन! त्वां हृदि दुःखद् ने
सं... स्थाप्य पदेव! सुखीभवा मि।
भ क्तिर्भवे न तु का पि ना ना
व णीं कृपां ते जयतीह ना थ! ॥ ३ ॥

'હે શ્રી સંભવ તથા નેમિનાથ જિનેશ્વર! દુઃખથી દુભાયેલા હૃદયને વિષે [illegible] હું સુખી થાઉં છું. હે નાથ! [illegible] કોઈ જુદા જુદા [illegible] અમંદિર છે.'

(श्रीअभिनन्दन–नमिजिनौ)

अ र्थार्थो नन्तगुणा शिव श्रीर्–
भि या कदाग्रमरसा रमे न (') ।
नं दन्तमारा भवतोन्तका मि
द माश्रितास्त्वां जिन! के न ने मुः ॥ ४ ॥

'હે શ્રી કેવળજ્ઞાનરૂપી તેજના એક મંદિરરૂપ ઋષભદેવ તથા મહાવીરપ્રભુ ! આપના શરણુ વિના આ સંસારની દુષ્ટ વાસનાઓ મારા હૃદયને મલીન કરે છે. ક્રોધાદિ ષડ્રિપુથી ત્રાસ પામવાથી રૂદન કરતો હું હે પ્રભુ ! આપની પાસે આવેલો છું તો મારી રક્ષા કરો.'

(श्रीअजित–पार्श्वनाथौ)

श्री....वीतरागाद्भुतमोह–ता........पा

अ....संशयं जग्मुरकर्म पा. ....श्वं ! ।

जि....न! त्वदास्यांशुसुधानिपा. . ना

त....था तव स्नात्रजलेन ना. ......थ ! ॥ २ ॥

'હે શ્રી વીતરાગ અજિતનાથ તથા પાર્શ્વનાથ ! અદ્ભુત ચરિત્ર છે જેનું એવા મોહથી તપ્ત થયેલા અમે આપના મુખના કિરણરૂપી અમૃતના પાનથકી નિઃસંશય કર્મ રહિત થઇએ છીએ, તેવીજ રીતે હે પ્રભુ ! આપના સ્નાત્રના જળથી પણ કર્મ રહિત થઇએ છીએ.'

(श्रीसंभव–नेमिनाथौ)

श्री सज्जिन! त्वां हृदि दुःखद् ने

सं....स्थाप्य यदेव ! सुखीभवा मि।

भ क्तिर्ममेयं न तु का पि ना ना

व र्णां कृपां ते जयतीह ना थ ! ॥ ३ ॥

'હે શ્રી સંભવ તથા નેમિનાથ જિનેશ્વર ! દુઃખથી દુભાયેલા હૃદયને વિષે આપને સ્થાપન કરીને હું સુખી થાઉં છું. હે નાથ ! મારી આસક્તિ આપની કૃપાને વિષે રહી છે તે કોઈ જુદા જુદા વર્ણવાળી નથી એટલે એક રંગવાળી અર્થાત્ અખંડિત છે'

(श्रीअभिनन्दन--नमिजिनौ)

अ र्थापिगी नम्रगुणा शिल .. श्रीर्–

भि था-कदाप्यन्तरमा रसे. ..न (!) ।

नं दत्वभारा भवतोच्चका....मि

द साधितास्त्वां जिन ! के न ने... मुः ? ॥ ४ ॥

' લોકોત્તર ગુણોથી યુક્ત હોવાથી હે મિત્ર અભિનન્દન તથા નમિપ્રભુ! વાસ્તવિક રસથી યુક્ત એવા આપનાવડે રૂપ રહિત, (રજસ્ સત્વાદિ) ગુણરહિત તથા રસરહિત એવી શિવશ્રી-રૂપી સ્ત્રી નિરંતર આશ્રિત કરાણી તેથી ઉત્કૃષ્ટ પ્રભાવવાળી થઈ અને તેથી કરીનેજ ઉચ્ચ સ્થાનના અભિલાષીઓ અને ઇંદ્રિયોને દમનારા સાધુઓમાંના કોણ તેને નથી નમતા? અથવા સર્વ તેની અભિલાષા રાખે છે.' આ શ્લોકના છેલ્લા અક્ષર મુનો નામ માત્રથી સંબંધ નીચેની ગાથા સાથે છે અને નીચેની ગાથાના પહેલા અક્ષર મનો તેવીજ રીતે ઉપરની ગાથા સાથે સંબંધ છે.

(श्रीसुमति–मुनिसुव्रतौ)

न को मनोभूस्त्रिजगन्न्यम् नि
सु ग्वाद् यदन्य न्त्वरितं मनः सु।
म न्वेति हन्वा मन एव नी व्र (!)
नि गंमवन्न्वं शुचित्रमिंधा नः ॥ ५ ॥

' અ [illegible] મનની અંદર કામદેવ મનની અંદર કોને નથી [illegible] મનની અંદર કામદેવથી [illegible] તીવ્ર-[illegible] આપ નો [illegible] મનનેજ [illegible] થયા છો.

(श्रीपद्मप्रभ–मल्लिजिनौ)

प द्मा [illegible]हिता दुर्निगदे प्रथा दे [illegible]
प्र यो यय दु[illegible]स्यकरत्न मे न।
भ यो [illegible]स्मि सौख्यामृतमालया म
म वे न्वदन्ना किमिदं न म [illegible]नि: ॥ ६ ॥

'હે પ્ર[illegible] [illegible] મહિમ નાથ! અમે [illegible] અંદર [illegible] પહેલા [illegible] કુટિલ [illegible] છીએ, [illegible]

(श्रीसुविधि-शान्तिनाथौ)

श्री रज्जुबद्धां नृतनि हदा........शां
सु....मोह एष भ्रमधरा........सि[।
वि...भो! तवाग्रे तु नयेत् कदा........ना–ऽऽ–
धि—व्याधिवह्नि भवमेऽसि पा...यः ॥ ९ ॥

હે પ્રભુ ! શ્રીસુવિધિનાથ તથા શાંતિનાથ ! આ શત્રુરૂપ મો[illegible] લક્ષ્મીના પાસથી બંધાયેલા છ આશાથી યુક્ત મનુષ્યોને આપ[illegible] સમક્ષ આવવા દીધા નહિ. જો આપની સમક્ષ આવ્યા હોત તો આ[illegible] આધિ-વ્યાધિરૂપ અગ્નિને શાંત કરવામાં જળ સમાન હોવા[illegible] તેમની સમગ્ર આધિ-વ્યાધિરૂપ અગ્નિ શાંત થઈ ગઈ હોત.

[श्रीशीतल-धर्मनाथौ]

श्री मयहं मोहतमो भिरं घः
श्री [illegible]हीनं कृतवान कुरु मे ।
न [illegible] सर्पोऽभून तव दर्शने ना–ऽ–
न [illegible] मना मेऽस्तु तवाङ्घ्रिनेऽ ध ॥ १०

હે શ્રીમ[illegible] [illegible] [illegible] [illegible]

श्रीश्रेयांस श्रीअनन्तौ

श्री [illegible] [illegible] श्री–
श्रे [illegible] वचनश्रिया [illegible] ।
[illegible] [illegible] नं
[illegible] नः ॥ [illegible]

હે [illegible]

હોઇને શ્રેષ્ઠ છે તેમજ આઠ ગુણોએ યુક્ત છે તેવી રીતે હે પ્રભુ! આપ આજ મનુષ્યના ચિત્તમાં રહ્યા છતા અણુસમાન છો તો પણ ખરેખર સર્વના ગુરૂ તુલ્ય છો.'

[श्रीवासुपूज्य–श्रीविमलौ]

वा... ग्मीश ! ते सर्वसमा वचः........श्री
सु.. .धास्रवा सद्भिरिति व्यभा........वि।
पू....र्णात् सुमात् त्वम्बुधितो निका........म !
ज्या. . योरसोल्लोलततिः समू............ल ! ॥ १२॥

' જેવી રીતે પૂર્ણિમાના ચંદ્રથી સમુદ્રમાં ઉત્કૃષ્ટ જળના કલ્લોલની શ્રેણિ થાય છે તેવીરીતે હે વાણીના સ્વામી વાસુપૂજ્ય તથા વિમળનાથ પ્રભુ! સર્વને સમાન એવો આપનો અમૃતના સ્રાવતુલ્ય વાણીનો વિસ્તાર સજ્જનોવડે જોવાય છે.'

સુંદર રીતે બંને શ્રેણિમાં ક્રમે કરીને રહેલા શ્રી ઋષભાદિ નામરૂપ મણિઓથી યુક્ત તથા અક્ષયસુખ, આયુષ્ય, વીર્ય અને તેજથી સહિત શ્રી જિનરાજના નામવાળા આ સ્તવનને પોતાના ચિત્તની અંદર હર્ષપૂર્વક સ્થાપીને જે ધ્યાન કરે છે તે મનુષ્ય સ્ફુરાયમાન યશ તથા સુગંધવાળો થયો થકો લબ્ધિરૂપ લક્ષ્મીના કમળની પ્રભાને શીઘ્ર પામે છે અથવા મોક્ષલક્ષ્મીને પ્રાપ્ત કરે છે.

આ રીતે હમેશા ચક્રવર્તી ઘણા શ્રેષ્ઠ પુરૂષોની સાથે જિનેશ્વરનુ પૂજન કર્યા પછી ઘણા ભવ્ય પુરૂષોને ભોજન કરાવીને ભોજન કરવા લાગ્યા. ગંગાદેવી, વરદામપતિ અને માગધાધિપ આદિએ તે વખતે કરેલા પરમાત્માના સ્નાત્રને જોઇને પૃથ્વી ઉપર ઘણા રાજાઓ હમેશા જિનપૂજા કરવાવાળા થવા. કહ્યું છે કે-

शस्तसमस्तगारित्–समुद्र–तीर्थोदकानि घोषणया।
स्मरयन् प्रागभिषेक छेकः शेष विधि कुर्यात् ॥

' ઉત્તમ સમસ્ત નદીઓ અને સમુદ્રના તીર્થજળોને ઘોષણાપૂર્વક સંભારીને પ્રથમ પરમાત્માને અભિષેક કરીને પછી પ્રવીણ પુરૂષ જિનાર્ચનવિધ કરે.

ભરતમહારાજના ચરિતને જોઈને તે વખતે પૃથ્વી ઉપર પુણ્યવાન ઘણા બીજા રાજાઓ પોતાની શક્તિ અનુસાર ભક્તિ જનને ભોજન અને દાન આપવા લાગ્યા.

પુંડરીકસ્વામીનું વિમળાચળપર ગમન.

પુંડરીકસ્વામીનો પોતાને કેવળજ્ઞાનની ઉત્પત્તિના સંબંધમાં પ્રભુને પ્રશ્ન–એક સમયે સ્ફટીકાચલના શિખર ઉપર પ્રથમગણધર ઋષભસેને (પુંડરીકસ્વામીએ) ઋષભદેવપ્રભુને નમસ્કાર કરીને વિનયપૂર્વક 'પોતાને કેવળજ્ઞાનની ઉત્પત્તિ ક્યારે થશે?' એવો પ્રશ્ન કર્યો. વળી પૂછ્યું કે–' હે પ્રભુ! આ બાહુબલિપ્રમુખ યતિવરો થોડા વખતના ચારિત્રવાન્ હોવા છતા પણ કેવળી થયા છે અને હું શરૂઆતથી (લાંબા કાળથી) વધારે તીવ્ર મનને ધારણ કરું છું છતા મને કેવળજ્ઞાન કેમ હજુ પ્રાપ્ત થતું નથી? માટે હે પ્રભુ! ઘણા ભવેથી ઉપચિત થયેલ ... કેવલજ્ઞાન ન મનુ ... [illegible]

[illegible] ... કહ્યું છે કે–(વધુ કાર્ય હે ... [illegible]

सयलम्मि जीवलोए तेण अहं घोसीउ एअमाघाओ।
इक्कं पि जो दुहत्तं सत्तं बोहेइ जिणवयणे ॥ १ ॥
सम्मत्तदायगाणं दुप्पडीयारं भवेसु बहुएसु।
सव्वगुणमेलियाहि वि उवयारसहस्सकोडीहिं ॥ २ ॥ एकम्।

સમગ્ર જીવલોકની અંદર દુઃખથી પીડાતા એવા એક પણ જીવને જે મહાભાગ જિનવચનો સંભળાવીને સમ્યકત્વ પમાડે છે તે સમ્યકત્વ પમાડનારનો બદલો ઘણા ભવોવડે કરીને સમગ્ર ગુણોના એકઠા થવાથી હજાર ક્રોડ ઉપકારો કરવાવડે પણ વાળી શકાતો નથી. (એ ઘણા જીવોને પ્રતિબોધ કરવાના સંબંધમાં કહ્યું. ૧.)

तित्थयराण गुरूण, साहूण बंभयारीण।
तित्थाण य पहावो, पयासिओ परमपुन्नहेउ ॥ १ ॥
तित्थयराण पहावं, तित्थाण चेव जो पयासेइ।
खविऊण पावकम्मं, सिद्धिसुहं सो लहइ जीवो ॥ २ ॥
तित्थाण य जिणाण, [illegible] न पहावं।
सो [illegible] नर होही ॥ ३ ॥ द्वितीयम्।

"તીર્થંકરોના, ગુરૂના, સાધુઓના બ્રહ્મચારીઓના અને તીર્થોના પ્રભાવને પ્રકાશિત કરવા તે પરમપુણ્યના હેતુભૂત છે. તીર્થંકરોના પ્રભાવને પ્રકાશિત કરવા [illegible] તીર્થોના પ્રભાવને પ્રકાશિત કરવા [illegible] છે અને [illegible] તીર્થંકર અને તીર્થોના પ્રભાવને જે જીવ પ્રકાશિત કરે છે તે જીવ પાપકર્મોનો ક્ષય કરીને સિદ્ધિસુખને મેળવે છે. જે જીવ તીર્થોની અને જિનેશ્વરની પૂજા તેમજ તેમના [illegible] અવગણના કરે છે તે [illegible] જીવ દુર્લભબોધિ થાય છે. (એ [illegible] પ્રભાવને પ્રકાશિત કરવાના સંબંધમાં કહ્યું. ૨.)"

[illegible] ॥ १ ॥
[illegible]
[illegible] तृतीयम्।

જિનેશ્વરો તેમજ ગણધરો જે સ્થળે સકળ કર્મોનો ક્ષય કરીને સિદ્ધિપદને પામે છે તે સિદ્ધક્ષેત્ર ભવ્ય જીવોએ અવશ્ય પૂજવા યોગ્ય છે, કારણ કે આવા સિદ્ધક્ષેત્રે જવાથી ભવ્યજીવોને તીવ્ર ભાવનાની ઉત્પત્તિ થાય છે અને તેવા પ્રકારની તીવ્ર ભાવનાથી સકળ કર્મોનો નાશ થાય છે. (એ તીવ્ર ભાવનાના ઉદયના સંબંધમાં કહ્યું. ૩.)

સિદ્ધપ્રાભૃતગ્રંથની અંદર શત્રુંજયનું વર્ણન—સિદ્ધપ્રાભૃતગ્રંથની અંદર કહ્યું છે કે–'શત્રુંજયગિરિ પહેલા આરામાં ૮૦ યોજનના વિસ્તારવાળો હતો. બીજા આરામાં ૭૦ યોજન, ત્રીજા આરામાં ૬૦ યોજન(ચોથા આરાની શરૂઆતમાં)પચાસ યોજનનો હતો. વીરપ્રભુના વખતમાં (ચોથા આરાના અંતમાં) બાર યોજનનો હતો અને છઠ્ઠા આરામાં સાત હાથનો રહેશે. પૂર્વે અનંતો કાળ ગયો તેમાં અવસર્પિણી અને ઉત્સર્પિણીની અંદર અનેક તીર્થંકરો શત્રુંજયગિરિવર ઉપર સમવસરીને મોક્ષે ગયેલા છે. શ્રી પદ્મનાભ પ્રમુખ અસંખ્યાતા ભાવી તીર્થંકરો શ્રી શત્રુંજયગિરિ ઉપર જઈને મોક્ષપદ પામશે. નેમિનાથ સિવાય ત્રેવીશ તીર્થંકરો તે વિમળગિરિ ઉપર જઈને સમવસરેલા છે, તેથી ઘણા સુકૃતના અર્થી જીવો આ ગિરિને સેવે છે. ઋષભદેવથી અજિતનાથ પર્યંત પચાસ લાખ કોડ સાગરોપમ સુધીમાં આદિત્યયશા પ્રમુખ અનેક રાજાઓ આ ગિરિ ઉપર નિર્વૃત્તિને પામ્યા છે. શ્રી અજિતનાથ અને શાન્તિનાથ પ્રભુએ આ ગિરિ ઉપર ચાતુર્માસ કરીને નિર્મળ વાણીવડે અનેક ભવ્યજીવોને પ્રતિબોધ પમાડ્યો છે. આ તીર્થ ઉપર એકાણુ લાખ સાધુઓ સાથે નારદજી શિવપદ પામ્યા છે. પાંડવ અનેક ધીર પુરૂષો અને સાધુઓ મળી વીશ ક્રોડ પ્રમાણ આ મહાન સિદ્ધગિરી ઉપર સિદ્ધિપદને પામ્યા છે. આ મહાન સિદ્ધગિરિ ઉપર એક કોડાકોડી સાગરોપમની અંદર એ પ્રમાણે ઘણા મુનિઓ સિદ્ધિસુખને પામ્યા છે.'

પુંડરીકસ્વામીને વિમળાચળપર જવાનો પ્રભુનો આ-

દેશ–પ્રભુએ પછી પુંડરીકસ્વામીને કહ્યુ કે–' હમેશાં ભવ્ય પુરૂષોને પ્રતિબોધ પમાડતા, તીવ્ર ભાવનાને ધારણ કરતા અને સાંસારિક આકાંક્ષા રહિત પોતાના મનને નિર્મળ કરતા હે પુંડરીક-ગણધર ! તમે પ્રાતઃકાળ પડતાં હિમના સીકર સરખા નિર્મળ વિમળાચળ પર્વત પર જાઓ.' એ પ્રકારે પરમાત્માનો આદેશ પામીને પાંચસો મુનિઓની સાથે વિમળાચળ ઉપર જવાની ઇચ્છાથી તેઓ સ્ફટિકાચળથી નીચે ઉતર્યા. પ્રથમ ગણધર પુંડરીકસ્વામી હર્ષપૂર્વક વિમળાચળ તરફ જવાને તૈયાર થયા ત્યારે ઇંદ્રે હરિણગમેષીદેવને તેમની ઉપાસના કરવાના હેતુથી સાથે મોકલ્યો. તે વખતે ત્યાં આવેલા નવા અને દિવ્ય વિમાનોની શ્રેણિની મનોહર ધ્વજારૂપી ભુજાઓનો સમૂહ પવનથી ફરકતો હતો તેથી જાણે તેમણે નૃત્ય શરૂ કર્યું હોય અને દેવાંગનાઓના ગીતોવડે કરીને જાણે મહામાંગલિકના ઉચ્ચ શબ્દો તેમણે બોલવા માંડયા હોય એમ જણાતું હતું. એવી રીતે શ્રેણિબંધ હર્ષયુક્ત બનેલી તે વિમાનોની શ્રેણિ પ્રયાણ કરતા શ્રી પુંડરીકસ્વામીની પછવાડે ચાલતી હોય તેમ દેખાવા લાગી. 'જય સ્વામિન્! જય સ્વામિન્!' એ પ્રકારે હરિણગમેષી પ્રમુખ દેવો ઉત્સાહથી બોલવા લાગ્યા. તે વખતે ચાર જ્ઞાનને ધારણ કરવાવાળા અને સર્વ આગમવચનરૂપી કર્પૂરના પૂર્ણકળશ સમાન પ્રથમ ગણધરે શ્રી વિમળાચળગિરિવર (શત્રુંજયપર્વત) તરફ પ્રમોદ સહિત ચાલવા માડયું.

ત્રીજો સર્ગ સંપૂર્ણ—શ્રી રત્નપ્રભસૂરિરૂપી સૂર્યના કિરણોથી રાત્રિની જેમ દોષોનો ત્યાગ કરીને જાડ્ય બુદ્ધિવાળા હોવા છતાં પણ પ્રતિદિવસ કૃપાવડે અદ્‌ભુત બુદ્ધિથી જે યુક્ત થયા તે શ્રી કમલપ્રભે રચેલા શ્રી શત્રુંજયના દીપકતુલ્ય પુંડરીકસ્વામીના ચરિત્રનો ત્રીજો સર્ગ સંપૂર્ણ થયો.

इति श्रीवाहुवलिकेवलज्ञान–भरतमाधार्मिकवात्सल्य-

पुण्डरीकयात्राप्रचलनो नाम तृतीयः सर्गः ॥

સર્ગ ૪ થો

—:⁂:—

દાન મહિમા ઉપર રત્નચૂડરાજાની કથા.

પુંડરીકસ્વામીનો વિહાર—પાંચ સમિતિથી યુક્ત અને અનુપમેય છે બુદ્ધિ જેમની એવા શ્રી પુંડરીકસ્વામીએ પૃથ્વી ઉપર ઘણા ભવ્ય પુરૂષોને બોધ પમાડીને દીક્ષા આપી. અનુક્રમે પાંચસે ધનુષની કાયાવાળા અને પાપના શત્રુસમાન પુંડરીકગણધર સેંકડો સાધુથી યુક્ત પુણ્યના ઉદ્યોતને કરવાવાળા પોતનપુરના ઉદ્યાનમાં આવ્યા અને ત્યાં મુનિઓને રહેવા વાસ્તે દેવોએ રત્નશાળા બનાવી દીધી. મુનિઓના પ્રભાવથી આ ઉદ્યાન તે વખતે સર્વ ઋતુને યોગ્ય ફળફુલવાળું થવાથી ઉચ્ચ પ્રકારનું બન્યું અને માંગળિક આલાપને કરતા શુકો તથા હંસોથી વ્યાપ્ત થયું.

શ્રી રત્નચૂડરાજાનું આગમન—પુંડરીકસ્વામી પોતનપુરના ઉદ્યાનમાં રહેલા છે તે વખતે કોઇએક દેવતા આવીને તેમના ચરણકમળને નમસ્કાર કરીને એટલામાં સ્વસ્થ મનવાળો થઇ પાસે બેઠો, તેટલામાં જેણે શત્રુઓને દીનતા ઉપજાવી છે તેવા સૈન્યથી પરવરેલા અત્યંત દક્ષ અંગરક્ષકો, ઉદ્ભટ સુભટો અને મતિચંદ્ર નામના મંત્રી તથા રાજહંસ નામના પુત્ર સાથે રત્નચૂડ નામના રાજાએ આવીને ગણધરમહારાજને નમસ્કાર કર્યો. પછી મતિચંદ્ર મંત્રીએ પ્રશ્ન કર્યો કે- ' હે ભગવન્ ! કોઇ પણ દેવે આ રાજાની ઇચ્છા વેરપડી સ્તંભી દીધી છે ? કે કાંઇ પણ વસ્તુના ભક્ષણથી રાજાને આ ઇચ્છાસ્તંભના દોષની ઉત્પત્તિ થઇ છે ? કારણકે આ રાજા યોવરાજપણામાં બોલતા હતા,



ઓને સુવર્ણ (સોનું) આપીને સુવર્ણથી યુક્ત (સુંદર અક્ષરોથી યુક્ત) વધામણી મેળવ્યો અને પુણ્યપ્રાસાદોને બંધાવીને પુણ્યપ્રસાદને મેળવ્યો અર્થાત્ ઘણું પુણ્ય ઉપાર્જન કર્યું. હમેશાં આનંદને ઉપજાવનારૂં દાન બુદ્ધિમાન્ એવો તે જેમ જેમ દેવા લાગ્યો તેમ તેમ દાનના અર્થી એવા કળ:પાત્રો મોટી સંખ્યામાં આવવા લાગ્યા. દિવસે દિવસે વધતા દાનને દેતો એવો મનુષ્યમાં શ્રેષ્ઠ આ કુમાર એક દિવસે અઢાર સુવર્ણકોટીનું દાન આપવા લાગ્યો. આવા પ્રકારના પુત્રના દાનના વ્યસનથી ભય પામેલા રાજાએ એકાંતમાં તેને કહ્યું ' હે વત્સ ! શુદ્ધ આશયથી દ્રવ્ય ભોગ કરવા યોગ્ય છે પણ અદ્દભુત પ્રકારની ઉદારતા કરી દ્રવ્યનો વ્યય કરવો ઉચિત નથી.'

મેઘનાદનો પ્રવાસ—એ રીતના પિતાના વચનને સાંભળીને મહાદાની, મહામાની, સદાચારજ જેને સારભૂત છે તથા જે સર્વ ઉત્તમ ગુણોથી ભરેલો છે એવો મેઘનાદકુમાર મધ્યરાત્રિએ મહેલમાંથી ચાલી નીકળ્યો. ભીષ્મ એવી ગ્રીષ્મઋતુમાં જતાં જતાં એકદા થાકી ગયેલો તે બકુલના વૃક્ષ નીચે આવ્યો અને ત્યાં વાયુવડે કરીને દૂર થયો છે સ્વેદ જેનો એવા તેણે સારી રીતે વિસામો લીધો.

હરિણીનો અને સિંહનો સમાગમ—ત્યાં આગળ અકસ્માત્ ભયથી ત્રાસ પામેલી, ચપળ નેત્રવાળી, આંસુથી યુક્ત ગર્ભવડે પીન અંગવાળી હરિણી એકાએક તેની પાસે આવી અને ઉત્સુકતાપૂર્વક ' રક્ષણ કરો ' એ રીતની મનુષ્યવાણી બોલી. તે હરિણીને મેઘનાદે પોતાના હસ્તવડે પંપાળી અને તેથી ખુશી થયેલી તે હરિણી સ્વસ્થ થઇ. 'ભય ન રાખ, ભય ન રાખ' એ પ્રકારનું સ્પષ્ટ અને કૃપાથી પુષ્ટ વચનને બોલતા તે કુમારે તે હરિણીને ઉમંગસહિત પોતાના ઉત્સંગમાં રાખીને અભયદાન આપ્યું; તેજ વખતે દૈવયોગે ક્રોધ અને ક્ષુધાવડે પ્રસૃત છે આસ્ય (મુખ) જેનું એવો અને કાતર મનુષ્યોથી નહિ જોઇ શકાય તેવો એક સિંહ ત્યાં આવ્યો.

પણ રાજ્યની પ્રાપ્તિ થયા પછી બોલતા નથી તેનું શું કારણ છે? તે કૃપા કરીને કહો.' મુનિએ જવાબ આપ્યોઃ કે-'પૂર્વભવમાં આરાજા કર્મના બંધને કરાવનારૂં વચન બોલ્યા અને પાછળથી તે લક્ષમાં આવવાથી વિનયપૂર્વક તેને ખમાવ્યું. ત્યારપછી આ રાજાને અહિં તેનો પૂર્વભવ સ્મરણમાં આવ્યો તેથી વાણીના કર્મબંધનથી ભય પામીને તે બોલતા નથી. રાજાને મૌન રહેવામાં હે મંત્રી! બીજું કાંઇ કારણ નથી.' ફરીથી મંત્રીએ પૂછયું-' પ્રભુ! આ રાજાનો પૂર્વભવનો વૃત્તાંત શા પ્રકારનો હતો? અને આ રાજા કર્મના બંધને કરાવનારૂં વચન શું બોલ્યા હતા? તે કૃપા કરીને આ સભાસમક્ષ કહો.' મંત્રીએ તે પ્રમાણે પૂછવાથી પુંડરીકસ્વામીએ મંત્રીને ઉત્પન્ન થયેલા સંદેહને દૂર કરવા વાસ્તે નીચે પ્રમાણેની હકીકત નિવેદન કરી.—

પુંડરીકસ્વામીની દેશના અને રત્નચૂડરાજાનો પૂર્વભવ -મહાવિદેહ ક્ષેત્રની અંદર મંગળાવતી નામની વિજય છે. તેમાં રત્નપુર નામનુ નગર છે જેની અંદર પુણ્યશાળી નગરવાસીઓ રહેતા હતા. ત્યાં વરસિંહ નામનો રાજા હતો, જે નિંદિત બળવાળાઓને (તેમનો નાશ કરવાથી) પ્રિય નહોતો. વળી તે શૂરવીર હોવાથી જગતનો મિત્ર (પક્ષે સૂર્ય) હતો પણ વિશ્વને ખેદ ઉપજાવનારો નહોતો. તે રાજાને શીળથી આઢ્યલીલાવતી નામની પ્રિયા હતી. જે અક્ષીણ સત્યતારૂપી અમૃતથી વ્યાપ્ત હતી અને જેના મુખની વાણી અમૃતને વર્ષાવતી હતી. પૂર્વપુણ્યથી તેમને ઇંદ્રસરખા પરાક્રમવાળો મેઘનાદ નામનો પુત્ર પ્રાપ્ત થયો હતો જે પુત્ર જગતના મનુષ્યોને અત્યંત પ્રિય હતો અનુક્રમે મેઘનાદકુમારે પુષ્પતારૂપ બાલ્યાવસ્થાને ઓળંગી કળાસાથે યૌવન પ્રાપ્ત કર્યું, તેમજ સર્વ ઠેકાણે તેની કાર્તિ પ્રસરી. આગ્રહવાળા તેણે પોતાના શુદ્ધ પુણ્યને સાક્ષી બનાવીને પોતાનો હસ્ત મેળવવાપૂર્વક દાન નામના મિત્રની સાથે સ્થિર મિત્રાઇ કરી. અર્થાત્ તે દાન દેવાના વ્યસનવાળો થયો તેણે દાનના અર્થી-

થઓ. સિંહ તે વખતે બોલ્યો-'હે નરોત્તમ ! દુઃખે કરીને પ્રાપ્ત થઇ શકે તેવા અને મોક્ષપદ પમાડનાર આ મનુષ્ય દેહનો કેમ તું ત્યાગ કરે છે ? મૃગલીને વાસ્તે પોતાના પ્રાણોને આપનાર હે તુચ્છબુદ્ધિવાળા ! તારા માંસનું હું હજુ ભક્ષણ કરતો નથી. હે સ્વચ્છ મનવાળા ! તું ઉભો થા અને વિચાર કર.' રાજકુમાર બોલ્યો 'મહાન્ કલ્યાણને કરવાવાળી આ મૃગલીવડે મને મોક્ષની પ્રાપ્તિ થશે, કારણ કે જીવરક્ષા પરમપદને આપે છે. માટે હે સિંહ ! પ્રસાદ કરીને મારા શરીરને કૃતાર્થ કર.' એ પ્રમાણે ફરીથી બોલતો અતિ સાહસિક એવો કુમાર આગળ પડયો તેવામાં ત્યાં આગળ તેણે મૃગલીને તેમજ સિંહને જોયા નહિ, તેથી વિસ્મય પામેલો તે વિચાર કરવા લાગ્યો કે 'આ સઘળો પિત્તના પ્રકોપથકી દુષિત ચિત્તવડે કરીને અને મિથ્યાભાસ થયો કે શું ?' એ પ્રમાણે પોતાના ચિત્તમાં લાંબા કાળ સુધી વિસ્મય પામ્યો. પછી તે મેઘનાદ અનુક્રમથી આગળ ચાલ્યો, પણ તેના સ્મરણમાંથી આ આશ્ચર્યની વાત ગઈ નહિ.

મેઘનાદનું એક પ્રાસાદનું જોવું—નિર્મળ બુદ્ધિવાળો આ રાજકુમાર ચાલ્યો જાય છે. તેટલામાં તે સુંદર અરણ્યની અંદર તેણે ફલિત વૃક્ષોથી યુક્ત એક સુંદર નદી જોઇ. લીલાપૂર્વક તે નદીના નિર્મળ તટ ઉપર ફરવા મેઘનાદે ત્યાં ફળોનો આહાર કર્યો અને નદીના નિર્મળ જળનું પાન કર્યું. તે વખતે ત્યાં આગળ ઝગઝગતા વિવિધ રત્નોના સમૂહની કાંતિના પ્રકર્ષથી અંબરતલને જેણે પવિત્રિત કરી દીધું છે એવો એક પ્રાસાદ (મહેલ) તેણે જોયો.

પ્રાસાદમાં રહેલી દેવી અને તેનો વિષાદ—કુતૂહળરૂપી રસના આવેશવડે વિકસ્વર અને પ્રસન્ન છે લોચન જેના એવા મેઘનાદે સુંદર અને પ્રભાયુકત તે પ્રાસાદના દ્વારમાં જઇને અંદર નજર કરી તો ત્યાં આગળ વિમનયુકત છે નેત્રો જેના એવા બુદ્ધિમાન્ અને સાત્વિક શિરોમણિ કુમારે ચક્ષુને આનંદકારી કોઇએક સમય દેવીઓની સ્વામિનીને દીઠી. તે દેવીશ્વરી એક

દીનતાથી ભય પામેલો અનુષ્ય પોતાના દુઃખને કોઇ પાસે કહેતો જ નથી અને જો કદાચ કહે તો દુઃખના નાશની અંતઃકરણથી આશા રાખીનેજ કહે.' પ્રસ્તુત કાર્ય કરવામાં આ મારા દેહનો નાશ થવાથી હું સ્થિર એવું પુણ્યરૂપી શરીર જરૂર પામીશ, નહિં તો મને મંદભાગ્યત્વ અત્યારે પ્રત્યક્ષ વર્તે છેજ. માટે આ સખીની જીહ્વા તેની સ્વામિનીના દુઃખનો નાશ કરવા મને કહે નહિં તે પહેલાં હું તે કાર્ય કરૂં. મારી આ પ્રકારની વાંછા પુણ્યવડે કરીને સફળ નીવડો." ત્યારપછી સત્પુરૂષોને માન્ય એવા કુંવરે તે દેવીને સ્ફુટપણે કહ્યું કે—'વહ્નિકુંડમાં રહેલી વીંટીને તું શીઘ્ર મને બતાવ.' તે દેવીએ પીઠીકભૂમિ જઇને તર્જની આંગળી-વડે અગ્નિકુંડમાં રહેલી તે વીંટીને બતાવી અને કુમાર તે વીંટીને જોઇને જેમ મુનિ વહ્નિના આતાપનાના પ્રસંગને મેળવીને ખુશી થાય તેમ ખુશી થયો. 'પરદુઃખને નાશ કરવાનું આ મારૂં કાર્ય વિધિ સફળ કરો.' એ રીતે બોલીને નિષ્કંપ જેના અંગ અને મનની સ્થિતિ છે એવા રાજકુમારે તે અગ્નિકુંડમાં ઝંપાપાત કર્યો. પરંતુ સત્વરૂપી અમૃતના કુંડસમાન તે કુમાર અગ્નિકુંડના આભૂષણરૂપ બન્યો. અર્થાત્ જેવો તેણે તે કુંડમાં એરીતે ઝંપાપાત કર્યો કે તુરતજ તે કુંડનો અગ્નિ આ કુમારની કીર્તિરૂપી બીજને ઉત્પન્ન કરનારી લતાને પુષ્ટ કરવા જળપણાને પામ્યો. એટલે કુમારના પડવાથી અગ્નિને ઠેકાણે જળ થઇ ગયું. રાજકુમાર મેઘનાદ દેવીઓના જયનાદની સાથે અને પ્રગટ એવા યશની સાથે મૂર્તિમાન્ જાણે આનંદ હોય તેમ મુદ્રિકાને લઈને બહાર નીકળ્યો.

દેવીની મેઘનાદ ઉપર પ્રસન્નતા—ત્યારપછી દેવીએ મેઘ-નાદને કહ્યું—' હે વત્સ! હે સ્વચ્છ! તારા સત્વથી હું પ્રસન્ન થઇ છું માટે તું વર માગ' દેવી આ પ્રમાણે બોલી ત્યારે તે દેવીની પાસે મેઘનાદે તે અંગુઠી મૂકીને નમસ્કાર કર્યો. પછી તે દેવીના મુખચંદ્રને પ્રસન્નતાયુક્ત, તેજથી નિર્મળ અને ઉમંગયુક્ત જોઇને કુંવરે હાથ જોડીને કહ્યું-' હે દેવી! આપ વર માગવાનું

કહો છો તો આપે જે આપનું દર્શન મને દીધું છે તેજ મહાવર થયો છે; પરંતુ પૂર્વ વૃત્તાંત જે મૃગલી અને સિંહનો મેળાપ થયો અને તે અંતર્ધ્યાન થઇ ગયા, તે બાબતમાં મારો સંદેહ દૂર થતો નથી. આપ તે હકીકત નીવેદન કરો એવી મારી આકાંક્ષા છે.' તે સાંભળી દેવી બોલી–' હે સદ્ગુણાધાર ! મારા મનને પ્રમોદ આપનાર હે કુમાર! હું જે વૃત્તાંત કહું તે સ્થિરતાપૂર્વક સાંભળો– ' હમેશાં સિધ્ધિઓને દેવાવાળી સર્વ રાજ્યોની હું અધિષ્ઠાતા રાજ્યદેવી છું. આ બીજી ચાર દેવીઓ મારી પાસે ઉભેલી છે તે ચતુરંગ સેનાની દેવીઓ છે પ્રિય એવી મારી પાસે રહેનારી દેવીઓએ મને તમારા દાનથી ઉત્પન્ન થયેલ કીર્તિ નિવેદન કરી. તેથી તે કીર્તિએ મારા કર્ણોનું ઘણુંજ આકર્ષણ કર્યું. હે કુમાર! દીનતાથી યુકત હરિણી અને અદૈન્ય સિંહના પ્રસંગથી તમારૂં ક્ષત્રીયપણું જોયું અને તમારા સત્ત્વની પણ મેંજ પરીક્ષા કરી છે. માર્ગે ચાલવાથી થાકેલા અને વૃક્ષની નીચે બેઠેલા એવા તમારી આ પ્રકારની અદ્વિતીય દઢતા મેં જોઈ છે. આ દુનિયાના મનુષ્યો મહત્ત્વ જાણ્યા પછી પ્રાયે સ્વજનવર્ગ ઉપર ઉપકાર કરે છે અને તમે તો મને પણ ઓળખ્યા વગર ઉપકાર કર્યો છે કે જે અત્યંત કઠિન છે. અલ્પરાજ્યને યોગ્ય મારે ઘણા સેવકો છે પણ અદ્ભુત ગુણવાળા તમને તો હું સાર્વભૌમ રાજા કરીશ.' આ પ્રમાણે બોલતી અને પ્રસન્ન મુખવાળી તે રાજ્યદેવીએ કુમારના પૃષ્ઠભાગ ઉપર હાથ મૂકીને તેમને ઉભા કર્યા. પછી માણિક્ય અને મણિથી વ્યાપ્ત એવા મુકુટમાંથી મંદાર (કલ્પતરૂ)ના પુષ્પને કાઢીને દેવીએ કુમારને આપ્યું અને દેવીએ કુમારને કહ્યું કે—' હે રાજસુનો ! આ પુષ્પના પ્રભાવથી સર્વે રાજાઓ તમને વશવર્ત્તિ થશે. ' એટલું કહીને તે રાજ્યદેવી અંતર્ધ્યાન થઇ ગઈ અને પૃથ્વીને જોવાના કુતૂહળરૂપી રસથી વ્યાપ્ત એવા કુમાર ત્યાંથી આગળ ચાલ્યા.

-મેઘનાદનું વિશાળાનગરીમાં આગમન-ભૂતળ ઉપર ભમતા ભમતા રાજકુમાર મેઘનાદ [illegible] જ્યાં દા[illegible] રસીક

વડે કરીને સરોવરમાં વ્યાપી રહે તેવી રીતે આ રાજા પોતાની કીર્તિરૂપી પત્રોવડે કરીને ભુવનમાં વ્યાપી રહ્યા છે અને વળી પદ્મ તો કંટકથી સહિત છે અને આ રાજા તો કંટક (શત્રુ) રહિત છે. સત્ત્વતત્ત્વની પરીક્ષાથી પ્રમુદિત થયેલા ઇંદ્રે આપેલા વાયવ્ય ધનુષને અજેય (નષ્ટ ન થાય તેવા) એવા મહાત્મા સરલ આ રાજાએ પ્રૌઢ શત્રુરાજાઓને જીતીને તેઓની પાસે પવિત્ર જળ-સ્નાનવડે સ્નાત્ર કરાવવા પૂર્વક, અંતઃપુરમાં પોતે જિનને સ્થાપન કરીને ચંદ્રકાન્ત મણિથી નિર્માણ થયેલી શ્રીજિનપ્રતિમાની પ્રતિષ્ઠા કરી છે. રાજસૂય નામના યજ્ઞતુલ્ય પ્રતિષ્ઠા કરીને સમ્રાટ એવા તેણે સર્વ રાજાઓને પોતપોતાના રાજ્યે સ્થાપન કરી દીધા છે.' કુંવરીએ મુખે હસ્ત રાખવાથી પ્રતિહારી આગળ ચાલી બોલી-' હે કોમળાંગી ! આ પ્રતિષ્ઠાનપુરના સ્વામી પૃથ્વીમાં પ્રખ્યાત એવા શ્રી હેમચૂડ રાજા છે. શૃંગારના પૂરરૂપ અમૃતવલ્લિને આલિંગન કરવામાં તે આ જગતની અંદર કલ્પવૃક્ષસમાન છે. તેણે પૂર્વે રચાયલા આશ્રમોને પત્રોના સમૂહમાં સોનેરી અક્ષરોથી લખાવી તે લેખ પુસ્તકો પોતાના પિતાના શ્રેય અર્થે સુયતિઓને આપ્યા છે. શ્રી તીર્થંકરના પદને પ્રણામ કરવા આવેલા ઇંદ્રોએ તે પુસ્તકો જોઇને તેને અત્યંત પુણ્યકાર્ય કરનાર જાણી પ્રમુદિત હૃદયવડે વિસ્મયતાપૂર્વક માથા ધુણાવ્યા છે.' 'તું બહુ નિપુણ છો.' એમ કુંવરીના બોલવાથી પ્રતિહારી આગળ ચાલીને બોલી—'હે તન્વિ ! આ હેમાંગદ, શ્રીધર, પુષ્પચૂલ, વજ્રાયુધ અને સ્વર્ણભુજ આદિ પૃથ્વીના સ્વામીઓની મનથી પરીક્ષા કરીને પુણ્ય પ્રમાણે પ્રાપ્ત કર.' કુમારી 'એમ નહીં' એટલું કહી તે પ્રતિહારીને ફરી ફરીને પ્રેરવા લાગી.

પ્રતિહારીએ શેષ રાજાઓના વર્ણનરૂપી સમુદ્રમાં કન્યાના મનને એવી રીતે સ્થાપન કર્યું કે અતિ મૂઢ થઇ ગયેલા તેના મનને કાંઇનો ખ્યાલ રહ્યો નહિ. અહિં આવેલા રાજાઓના ચિત્ત રૂપી મહાપુરુષો કન્યાના કરગ્રહણના આવેશરૂપ દોરડાથી બંધાયેલા હતા, પણ કન્યા-

થવાથી અંદર રહેલ ભ્રમર જેમ છુટો થાય છે તેવી રીતે હંસની વાણીની પ્રભાથી ચોતરફથી વિષાદ નાશ પામ્યો. તે વખતે વિકસિત રોમાંચવાળી, નમ્ર અંગવાળી, સ્ફુરાયમાન ઉરૂવડે ચંચળ છે વસ્ત્રો જેના, ફરકતા વૃક્ષની જેવા કટાક્ષોથી ચંચળ નેત્રવાળી અને અનેક ભાવોથી વ્યાપી રહેલી એવી રાજપુત્રીએ બહેકી રહેલ પરીમલથી મુદિત થયેલા ભ્રમરો જે માળાની ફરતા ગીતો ગાઈ રહ્યા હતા એવી સખીના હસ્તમાં રહેલી માળા પોતાના કરકમળના યુગ્મવડે મેળવીને વિધિના વિલસિતથી વિસ્મિત થયેલા રાજપુત્ર મેઘનાદના કંઠમાં સ્થાપન કરી. હંસના મુખદ્વારથી બોલાવેલા સદ્ભાગ્યોચ્ચારવડે આકૃષ્ટ થયેલી તે વરમાળાની સાથે અન્ય રાજાઓની ચક્ષુઓ વિસ્મયતાપૂર્વક કુમાર ઉપર પડી. (સર્વ રાજાઓ કુમાર તરફ જોઈ રહ્યા.) રાજ્યદેવીએ દીપેલા મંદારપુષ્પને તે વખતે કુમારે સઘળા રાજાઓ સમક્ષ ભમાવ્યું એટલે તેના પ્રભાવથકી તે સર્વે રાજાઓ પોતાને વશ થઈ ગયા.

લક્ષ્મીદેવીનું આગમન—તે વખતે આકાશમાં એકાએક પ્રકાશ થયો અને દેવીઓથી સેવાતી અને સિંહાસન ઉપર બેઠેલી લક્ષ્મીદેવી સર્વેના જોવામા આવી તે લક્ષ્મીદેવી બોલી કે— 'હે રાજાઓ ! તમે સાંભળો નિષ્પાપ એવો આ કુમાર ત્રણ ખંડનો સ્વામી થશે. કારણ કે તે પવિત્ર, દાન દેવામા રૂચીવાળો, પુણ્યશાળી, કળાથી યુક્ત સુંદર આકૃતિવાળો, તાત્વિક, સાત્વિક અને ગુણી પુરૂષોમાં શ્રેષ્ઠ છે. આ કુમારની મેં પહેલાં પરીક્ષા કરી છે અને તેના દર્શનગુણથી બંધાયેલ મારા મનને આ ભુવનની અંદર તેમના સિવાય બીજુ કાંઈ મનોજ્ઞ લાગતું નથી. તેથી કરીને તેની આજ્ઞા તમે સર્વે માન્ય કરો અને નિષ્પાપ એવા તેને સ્વામી સમજી નમસ્કાર કરો' એ પ્રમાણે બોલીને લક્ષ્મીદેવી પોતાનું આસન છોડીને આકાશમાંથી સમીપમાં આવી અને કુમારને ચંદનનુ તિલક કર્યું. તે વખતે રાજાઓ પણ કુમારને નમ્યા. ચતુરંગી સેનાની સ્વામીની દેવીઓએ તે વખતે

દિવ્ય અક્ષતના સમૂહથી કુંવરને વધાવ્યો. આકાશમાં દેવદુંદુભી વાગવા લાગી. સમગ્ર દિશાઓ પ્રસન્ન થઇ અને દિવ્ય કાંતિવાળી દેવીઓ રસપૂર્વક ગીતો ગાવા લાગી. દેવાંગનાઓના ગાનરૂપી અમૃતધારાવડે કરીને આકાશ ભરાઇ ગયું, તેથી પૃથ્વી મેઘ (પક્ષે મેઘનાદ)ના કરેલા ઉપકારનો બદલો વાળી તે વખતે અનૃણી થઇ. પ્રભાવનાવડે જેમ ધર્મ શોભે, બુધ્ધિવડે જેમ ન્યાય શોભે તેમ પ્રભાશાળી કુમાર લક્ષ્મીવડે કરીને કૃષ્ણ જેવા શોભવા લાગ્યા.

મેઘનાદનું રાજશેખરરાજાના પ્રાસાદે ગમન—ત્યારપછી જ્યારે પંચશબ્દ વાજીત્રો અત્યંતપણે વાગવા લાગ્યા, કવિઓનો સમૂહ સ્તવના કરવા લાગ્યો અને બંદિવરો જયનાદ બોલવા લાગ્યા ત્યારે સુવર્ણનું દાન આપતા આકાશમાં રહેલા રાજહંસ ઉપરથી નીચે ઉતરી કલભ (યુવાન હસ્તિ) ઉપર આરૂઢ થઇને મ્હોટા નૃપતિઓથી શોભતા અને લોકોના નેત્રોવડે અહંપૂર્વકપ (સ્પર્ધાપૂર્વક) જેની પ્રભારૂપી અમૃતનું પાન થઇ રહ્યું છે એવા કળાથી યુક્ત તે કુમાર રાજશેખરના પ્રાસાદ પ્રત્યે આવ્યા. રાજશેખરરાજાએ તે મહોત્સવમાં આવેલા ચમત્કારથી યુક્ત મિત્ર જામાતાનો મિષ્ટાન્નવડે પ્રાજ્ય પકવાન્નવડે સારભૂત સરસ ભોજનવડે અને સુવર્ણ તેમજ વજ્રમણિના આભરણો તથા શ્રેષ્ઠ વસ્ત્રોવડે સત્કાર કર્યો.

મેઘનાદનું ભૂમિ સાધવા ગમન—મેઘનાદકુમાર હવે રાજાઓ સહિત પૃથ્વીને જીતવા ચાલ્યા. તે વખતે સૂર્યના કિરણોની જેમ નહીં જીતી શકાય એવો તેનો પ્રતાપ પણ આગળ ચાલ્યો. તે વખતે હસ્તિઓના ગાઢ નિઃસ્વાનવડે, બંદીજનોના મ્હોટા અવાજોવડે, ભટોની [illegible] રૂપી પ્રવાહ [illegible] કે અદ્વૈતશબ્દ થઇ રહ્યો. જેથી કરી [illegible] કર્ય [illegible] યં હાથની સં[illegible] વડે કરવું પડતું [illegible] ભળાય તેમ નહોતું. તે [illegible] હજુસુધી



'જેનાથી હમેશાં ધર્મ વૃદ્ધિ પામે છે, સ્વજન સુખ પામે છે અને વંશ પ્રશંસાપાત્ર બને છે તે પુત્રને કોણ ન ઇચ્છે !'

દેવીએ દીધેલા પ્રસાદરૂપ મારો પુત્ર આ ભૂતળની અંદર ત્રણ ખંડનો નાથક (મેઘ) જે સંભળાય છે (મેઘનાદ) તેજ નામવાળો છે. વર્ષાઋતુ જેમ ઘટાટોપથી સુખ સંપૂર્ણ મેઘને પ્રાપ્ત કરે તેમ તે મારા પુત્રે યૌવનને પ્રાપ્ત કર્યું છે અને વૃદ્ધાવસ્થા પામેલો હું શરદઋતુની જેમ હંસ સદશ પુત્રનું સ્મરણ કરું છું. હે સુરપ્રવર ! જો આ લેખને પ્રાપ્ત કરીને તે મારી પાસે આવે તો તેને આ પૃથ્વીનો ભાર સોંપીને હું મારી સિદ્ધિને માટે પ્રવજ્યા અંગીકાર કરું. પવિત્ર આગમવાળા વૈરસિંહ-રાજાએ એટલું કહ્યા પછી મેં કહ્યું—'હે નૃપ ! મારા હાથમાં તે લેખ આપો અને તમે તમારા મનને આનંદમાં રાખો. તમારા પુત્રને હું મેળવી આપીને તમારા મનને પ્રમુદિત કરીશ.' એ પ્રમાણે કરીને હું લેખ લઇને મારા આ સરોવરે આવ્યો. "

મનોરથદેવે કરેલી પરીક્ષા અને મેઘનાદને વિદ્યા તથા ત્રૈલોક્યસુંદરીને પ્રતિમાનું દેવું—[illegible]

[illegible]

આપના પિતા વૈરસિંહરાજાને આપના આવવાના સમાચાર અગાઉથી આપ્યા તેથી આપને મળવાની ઉગ્ર ઉત્કંઠાવડે દૈવસહાયથી કરાયેલું છે આગમન જેમનું એવા તમારા પિતા સમીપ આવે છે.' એ પ્રમાણેની વાણીરૂપી અમૃતથી તેના બંને કાન પ્રમુદિત થયા અને તેના બંને લોચન વિકસ્વર થયા.

મેઘનાદને પિતાના દર્શન—પ્રફુલ્લિત નેત્રોવાળા અને આનંદથી યુક્ત મેઘનાદે જેટલામાં સમીપમાં દૃષ્ટિ કરી તેટલામાં તેણે પિતાને જોયા. તુરતજ તેણે પોતાના અશ્વથી નીચે ઉતરી સર્વ હથિઆરો મૂકી દઇ પિતાના ચરણકમળને નમસ્કાર કર્યો. અકસ્માત્ પુત્રના મેળાપથી પ્રીતિયુક્ત થયેલા પિતાએ બંને ચક્ષુમાંથી મૂકેલા હર્ષાશ્રુ મેઘનાદના પીઠ ઉપર પડ્યા. ક્લિષ્ટ થયેલા પોતાના અંગવડે બાર વર્ષથી દૂર રહેલા પુત્રને ભેટીને વૈરસિંહ પિતાએ ઉત્કૃષ્ટ અને અલૌકિક પ્રીતિ પ્રાપ્ત કરી કે જે તેનું મનજ ફક્ત સમજી શકે.

મેઘનાદ રાજાનો નગરમાં પ્રવેશ—ત્યારપછી મેઘનાદને હસ્તિ ઉપર બેસાડી અનેક મનુષ્યોથી યુક્ત પિતાએ શુભ દિવસે પોતાના નગરમાં પ્રવેશ કરાવ્યો. તે વખતે રસ્તામા કેટલાક વાચાળ ક્ષત્રિયપુત્રો બોલવા લાગ્યા કે--' આ મેઘનાદે અમારી સાથે બાળક્રીડા કરી છે અને તે વખતે કોઇ પ્રકારની લજ્જાનું પણ ભાન ન હોતું. ' માગધલોકો બોલવા લાગ્યા કે--' આ તેજ મેઘનાદ છે કે જેણે અમને લક્ષ્મીવલ્લીના સુંદર ફળોસમાન સોનામહોરોનું દાન આપેલું છે. ' વૃદ્ધ ધાત્રીઓ ' આ મેઘનાદે બાળવયમાં અમારા ઉત્સંગમા ઘણો કાળ ક્રોડા કરી છે' એમ બોલવાપૂર્વક પોતાના ચિત્તની અંદર પ્રમુદિત થવા લાગી. ઠેકાણે ઠેકાણે વધુના વૃંદોથી કરાયેલા મંગળોને, ગુરૂઓથી અપાતા આશીર્વાદને, ખંડિયારાજાઓએ અર્પણ કરેલા ભેટણાઓને અને મનુષ્યોથી બોલાતા પ્રીતિવચનોને ગ્રહણ કરતા, રસ્તામાં


પ્રમુદિત થયા. કેવળીભગવાન દેશના આપી બંધ થયા એટલે સૌધર્મેન્દ્રે પ્રશ્ન કર્યો કે—' હે ભગવન્ ! મારા ભરતક્ષેત્રની અંદર કોઇ મહાતીર્થ અત્યારે વિદ્યમાન છે કે નહિ ?' તે સાંભળી કેવળીભગવાનના મુખથકી સરસ્વતી જાણે ઉત્સુક બની હોય તેમ પ્રગટ થઇ (કેવળીભગવાને જવાબ આપ્યો) કે—' હે ઇંદ્ર ! તમે તમારા મનને દુઃખિત કરશો નહિ.'

શત્રુંજયગિરિનું વર્ણન--એટલું કહી કેવળીભગવાને કહ્યું કે—' હે ઇંદ્ર ! તમારા ભરતક્ષેત્રની અંદર શત્રુંજયગિરિ નામનું મહાન્ તીર્થ વિદ્યમાન છે. ને શત્રુંજયગિરિ મૂળમાં પચાસ યોજનના વિસ્તારવાળો અને આઠ યોજનની ઉંચાઇવાળો તથા શિખર ઉપર દશ યોજન પ્રમાણવાળો છે. પ્રસિધ્ધ એવો આ શત્રુંજયગિરિ સિદ્ધિપદને દેનારો છે તથા સિધ્ધાન્તને વિષે અનંતા તીર્થંકરો આ તીર્થના મહિમાનું અગાઉ વર્ણન કરી ગયા છે. બ્રહ્મચર્યવડે કરીને, તપવડે કરીને, અને ધનવડે કરીને અન્ય તીર્થે ઘણે કાળે જે ફળ પ્રાપ્ત થાય છે તેટલું ફળ અહિં સિધ્ધગિરિ એવા શત્રુંજયગિરિ જીવો એક ઉપવાસવડે પ્રાપ્ત કરે છે આ તીર્થે અનંતા રાજાએ, ચક્રીઓ, અને મુનિરાજો ગતકાળમાં સિધ્ધ થયા છે અને આગામિકાળમાં પણ અનંતા સિધ્ધ થશે. યુગાદિનાથના તીર્થને વિષે આ સિદ્ધગિરિનો પ્રભાવ અવશ્ય પ્રગટ થશે વાસ્તે હે ઇંદ્ર ! તમે પ્રસન્ન ચિત્તવાળા રહો.'

દેવો, મેઘનાદ તથા કેવળીનું અન્યત્ર ગમન—એ પ્રમાણે કેવળીની વાણી સાંભળીને, તેમને નમસ્કાર કરી પ્રસન્ન ચિત્તવાળા થયેલ. તથા સૌધર્મેન્દ્ર અન્ય ઇંદ્રો અને દેવો પોતપોતાના સ્વર્ગમાં ગયા. દેવથી પૂજા મેઘનાદરાજા પોતાને નગરે આવ્યા અને વિદ્યાધર કેવળીમુનિ આકાશમાર્ગે અન્ય ઠેકાણે ગયા. મેઘનાદરાજાને તેને સ્થાને મૂકીને ઉત્તમ એવો તે દેવ સ્વર્ગમાં ગયો ' કારણકે સત્પુરૂષો દઢ સ્નેહથકી લીધેલું કાર્ય પૂર્ણ

મૂળ પાનું ૧૩

ભાષાંતર પાનું ૧



તથા તેના ઉપર છત્રરૂપે રહેલું સુંદર ચંદ્રનું બિંબ દીઠું. હવે તે વખતે કહેવા લાગ્યા કે–' અહો આ છત્રરૂપે રહેલા ચંદ્રનું દેદિપ્યમાન તેજ એટલું બધું છે કે સૂર્યને પણ નિસ્તેજ કરી દીધો છે.' લક્ષ્મીધરરાજાએ તે વખતે પોતાના સૈન્યની સાથે આવીને પુંડરીકગણધરને નમસ્કાર કર્યો. લક્ષ્મીધરરાજા મુનિની સ્તવના કરી બેઠા રહ્યા એટલે ગણધરમહારાજની સાથે આવેલા હરિણગમેષીદેવે પૂછ્યું–' હે મુનિ ! આ ચંદ્રના બિંબે પાંચથી છ કોશ પર્યંત આકાશને પ્રકાશિત કરેલું છે; વળી હે પ્રભુ ! ઉદયમાં આવેલા પૂર્વ ભવના ? પ્રભાવવડે જેમ ચક્ર ચક્રવર્તીની સેવા કરે તેમ આ ચંદ્ર પણ સેવા કરી રાજાની પ્રભુતા વધારે છે. હે વિભુ ! આ લક્ષ્મીધરરાજાએ પૂર્વ ભવમાં કેવું કયું ઉગ્ર તપ કર્યું છે? અથવા એવું શું શ્રેષ્ઠ દાન દીધું છે ? કે જેના પુણ્ય પ્રકર્ષથી તેમને ચંદ્રબિંબ સેવા કરવાવાળું થયું છે ? ' એ રીતનો પ્રશ્ન કરીને ગુરૂના ચરણકમળનો સ્પર્શ કરી તે હરિણગમેષીદેવ મૌન ધારણ કરીને રહ્યો. લક્ષ્મીધરરાજા પણ પૂછાયેલો એવો પોતાના પૂર્વ ભવનો વૃત્તાંત સાંભળવા સાવધાન થઈને બેઠો.

પુંડરીકસ્વામીની દેશના. સમગ્ર પર્ષદા વૃત્તાંત સાંભળવામાં ઉત્સુક થઈ અને પક્ષીવર્ગે મૌન ધારણ કર્યું. એટલે ગણધરમહારાજ પુંડરીકસ્વામી પોતાના દાંતના કિરણોથી ફેલાવેલી ચંદ્રની કાન્તિને પુષ્ટ કરતા બોલ્યા કે–' આ લક્ષ્મીધરરાજાને ચંદ્રરત્ન સર્વદા સેવા કરવાવાળું થયું છે તે તેમણે પૂર્વભવમાં કરેલા આચામ્લચંદ્ર નામના તપરૂપી વૃક્ષનું પ્રગટ થયેલું ફળ છે, કારણ કે આ જગતમાં જીવ પૂર્વે કરેલ કર્મોથી પ્રાપ્ત થયેલું સુખ અથવા દુઃખ મેળવે છે. આ લક્ષ્મીધરરાજાનો પૂર્વ ભવ હે ભવ્ય જીવો ! તમે સાવધાનપણે સાંભળો –

લક્ષ્મીધરરાજાનો પૂર્વ ભવ– " આ જંબૂદ્વીપમાં મહાવિદેહક્ષેત્રમાં પવિત્ર પુણ્યરૂપી જળથી પુષ્ટ પ્રાસાદરૂપી પદ્મોથી વ્યાપ્ત સરોવર સમાન લક્ષ્મીપુર નામનું નગર છે ત્યાં જગતના

પૂર્વક મણિની સ્થાપના કરી. રાજાએ પછી ઈર્યાપથિકી (ઇર્યાવહિ) ભણીને પાપથી પોતાના મનવડે પાછા ફરતા સંક્ષેપથી ગુરૂવંદન કરીને પોતાના ચિત્તમાં ઉત્પન્ન થયેલા શુદ્ધ ભાવોને વાણીવડે બોલવા લાગ્યા કે—'સ્પૃહાથી રહિત ચિત્તવાળા મારા દેહને જોઇને તે બે સ્રીઓએ પોતાના ચિત્તમાં કામદેવને ધારણ કર્યો. કામ અત્યંતપણે કુકૃત્યના હેતુભૂત છે. આ બનાવથી લાગેલું પાપ મિથ્યા હો. તે સ્રીએ નહીં ઇચ્છેલા એવા બોધને આપતા મારા અંગની સાથે કામવડે કરીને આલિંગન કરવા ધાર્યું એ તેનું કાર્ય મારા પવિત્ર એવા શીળનો ભંગ કરનાર હોવાથી મિથ્યા થાઓ. મેં માગપર પડતી સ્રીને હસ્તવડે દૂર કરી તેથી તેની સખી અત્યંત કોપવાળી થઇ અને જે પુત્રપણે ઉત્પન્ન થવાનું ઇચ્છ્યું વાક્ય બોલી તે પણ કેવળી સમક્ષ મિથ્યા હો. શાતનાના પાત્રનુલ્ય અને સદાચારથી પવિત્રિત દેહવાળા એવા મને અન્ય કે એક ને બ ીને [illegible] એટલું અર્ધ વાક્ય રાજા [illegible] એક દેવને સમીપમાં જોયો.

ભુવનપતિના સ્વામી ભુનાનંદઇંદ્ર દેવે તુરત કહ્યું કે- [illegible] મને મૃ યુ પમાડવાની [illegible] અને નિર્મળ ચરિત્રો [illegible] સુધી રાજ્ય [illegible] નમારો [illegible] કરી [illegible] ક્ષમા કરે. [illegible] રા [illegible] કોપ કર્યો [illegible] થયેલા છો ? તે [illegible] સુરેન્દ્ર તુરત [illegible] નામનો [illegible] નામની છે તે [illegible] થવાથી તેણીએ [illegible] અનાદર કર્યો.

કે પ્રાતઃકાળનો સૂર્ય ઉદય પામતો હોવાથી અરૂણોદય થયો હતો. તેથી પૂર્વદિશાએ રક્તઃઅંબર (વસ્ત્ર) ધારણ કર્યું હોય તેવું દેખાતું હતું અને તેણે સૂર્યના બિંબરૂપી મુકુટ ધારણ કરેલો હતો. એવો દેખાવ જોઇને રાજા હર્ષપૂર્વક બોલ્યા કે-' ઘણા માર્ગને ઉલ્લંઘન કરવાથી ખેદને લઇ રક્ત વદનવાળા બનેલા મુસાફરરૂપી સૂર્યે પ્રાતઃકાળમાં આસનસમાન પૂર્વાચળ ઉપર પોતાનું સ્થાન કર્યું છે અને વિસ્તીર્ણ ગગનરૂપી પાત્રમાં પડેલું તારારૂપી ભોજન શીઘ્ર પોતાના કિરણોરૂપી હસ્તોવડે ખાઇ જઇને ચંદ્રના અમૃતરૂપી ઘોળનું સંપૂર્ણપણે પાન કર્યું છે. (તારાઓ નષ્ટ થઇ ગયા અને ચંદ્ર નિસ્તેજ બની ગયો.) આ પ્રમાણે સૂર્યોદય થયો એટલે અત્યંત વેગવાળા ઘોડાઓ તથા મનોરથોને વેગથી ઉલ્લંઘી જાય તેવા રથોની સાથે પોતાની શોધ કરતા એવા પોતાના સેવકોને રાજાએ પોતાની ફરતા આવી રહેલા જોયા. આવેલા સેવકો રાજાને જોઇને અત્યંત ખુશી થયા અને રાજાને ચરણે નમસ્કાર કરીને નીચે બેઠા. રાજાએ તેમને ફક્ત ઘોડાએ મને હરણ કરીને અહીં આણ્યો. એટલું કહ્યું પણ બીજી બનેલી હકીકત જાહેર કરી નહી. રાજાના ખેદને દૂર કરવા વાસ્તે મલ્લોએ તે વખતે પ્રેમથી રાજાના શરીરને મર્દન કર્યું અને અશ્વવૈદ્યોએ તે રાજાના અશ્વની સેવા કરી ખેદ રહિત કર્યો.

સુરેન્દ્રદત્તરાજાનું પોતાના નગર તરફ ગમન— સુરેન્દ્રદત્ત રાજા પછી પોતાના લક્ષ્મીપુર નગર તરફ જવા ચાલ્યા. આ રાજા પોતાની ચતુરંગી સેનાથી યુક્ત હતા તેથી જાણે અનેક રૂપવાળા પવિત્ર સામ, દામ, દંડ અને ભેદથી યુક્ત પોતે ન્યાયની મૂર્તિ હોય તેવા શોભતા હતા. પોતાની નગરીમાં પ્રવેશ કરીને વિવેક અને વિજ્ઞાનના વિકાસના હેતભૂત આત્માની જેમ પ્રકૃતિ અને સ્થિતિને જાણનારા રાજાએ નિરંતર ઇંદ્રિઓના ઉપર કાબુ રાખ્યો અને તેથી તે લોકને અત્યંત પ્રિય થઇ પડ્યા.

ઉતર્યો અને ત્યાં પૂર્વજોના પુણ્યવડે સંતુષ્ટ થએલા દેવે હે રાણી! તમને પુત્ર પ્રાપ્ત થશે એવી વાત કરી અને તેની સાથે તમને જિનેન્દ્રોને પુષ્પો ચડાવવાનો દોહદ ઉત્પન્ન થશે, તે દોહદ પૂર્ણ કરવાની પણ વાત મને કાનમાં કહી. આ રીતે મેં તમારા મનમાં રહેલો દોહદ જાણ્યો તેથી પૂર્ણ કર્યો છે.' રાણી આ વાત સાંભળી સંતુષ્ટ થઇ અને ગર્ભવંતી એવી તેણી પ્રચ્છન્ન ચંદ્રના બિંબથી યુક્ત આકાશની જેમ, ગુપ્ત પરોપકાર કરવાવાળી મહાબુદ્ધિની જેમ, અને ગુપ્ત પદ્મ (કમળ) થી યુક્ત સરોવરની જેમ શોભવા લાગી. ક્રમે કરીને રાણીએ પૂર્ણ સમયે પૂર્વ દિશા જેમ સૂર્યને જન્મ આપે, દ્વિતીયા જેમ ચંદ્રને જન્મ આપે અને રોહણાચળની ભૂમિ જેમ ચિંતામણિરત્નને જન્મ આપે, તેમ અદ્ભુત કાંતિવાળા પુત્રને તેણીએ જન્મ આપ્યો. [illegible]

પુત્રનું નામ [illegible] [illegible]

[illegible]

કે જેવી રીતે કાંઈક પણ મારી પાસે માગીને મારા મનને શલ્ય રહિત કરો તો મારા ઉપર ઘણો ઉપકાર થશે.’ વસંતસેને જવાબ આપ્યો કે-‘ મહાનુભાવ હું કાંઈ પણ યાચના કરી શકતો નથી પણ આપ મને કહો કે તમે અહિં એકલા કેવી રીતે આવેલા હતા અને કોનાવડે તમારી આ પ્રકારની પીડાકારી અવસ્થા થઈ. આપના શરીરની સુંદર કાંતિવડે આપ રાજકુમાર છો એવો મને આભાસ થાય છે.’ તે પુરૂષે જવાબ આપ્યો કે–‘હે ધીર પુરૂષોમાં શિરોમણિ ! મનોહરતાથી યુક્ત વૈતાઢયગિરિ છે. તે ગિરિ ઉપર એક જયન્તી નામની નગરી છે. આ નગરીમાં નિર્મળ રત્નોથી નિર્માણ કરાયેલી મોટી મોટી હવેલીઓ છે. તે જયન્તી નગરીના રિપુમલ્લ નામના રાજા છે, જેનાં શરીરની કાંતિ કામદેવના રૂપથી પણ અધિક છે. તે રાજાના મનને નૃત્ય કરવાને રંગશાળાતુલ્ય રત્નમાળા નામની રાણી છે. અનેક સંગ્રામમાં જય મેળવવાથી પ્રસિદ્ધ છે પરાક્રમ જેનું એવો હું તેમનો ચંદ્રાવતંસ નામનો કુમાર છું. તેમને એક લીલાવતી નામની પુત્રી છે જે મારી બહેન નિર્મળ શોભાથી યુક્ત છે. સુંદર લાવણ્ય અને ગુણના સમૂહરૂપ તથા રત્નના નિધિતુલ્ય તે કુમારીના શરીરને જોઈને બ્રહ્માએ તેનું રક્ષણ કરવાને પ્રાકારતુલ્ય યૌવનને કરીને કામદેવને યામિકની જેમ તેનો પહેરેગીર બનાવ્યો છે, અર્થાત્ રૂપ અને ગુણના ભંડારતુલ્ય આ કન્યાએ અત્યારે યૌવનાવસ્થા પ્રાપ્ત કરી છે.

લીલાવતીકન્યાના વરની ચિંતા–એકદા રિપુમલ્લરાજાએ પોતાની લીલાવતી પુત્રીને રૂપથી આઢ્ય યૌવનાવસ્થાવાળી જોઈને ત્યાં વસતા વિશાળકીર્તિ નામના જ્યોતિર્વિદને બોલાવ્યો અને સ્વચ્છ મનવાળા રાજાએ તેને પૂછ્યું કે— ‘ આ લીલાવતી પુત્રીનો ભર્તાર કોણ થશે ?’ તે જ્યોતિર્વિદે વિચારીને જવાબ આપ્યો કે–‘હે રાજન્ ! કનકદ્વીપની અંદર પદ્માવતી દેવીના મંદિરમાં ધરણેન્દ્રે મૂકેલું પ્રચંડ એવું ધનુષ્ય અદ્દશ્યપણે રહેલું છે. ત્યાં અઠ્ઠમ ત્રણ ઉપવાસ કરીને રહેલો, ભૂમિશય્યાવાળો

છે તેવી રીતે કાંઈક પણ મારી પાસે માગીને મારા મનને ઋણ રહિત કરો તો મારા ઉપર ઘણો ઉપકાર થશે.' વસંતસેને જવાબ આપ્યો કે-' મહાનુભાવ હું કાંઈ પણ યાચના કરી શકતો નથી પણ આપ મને કહો કે તમે અહિં એકલા કેવી રીતે આવેલા હતા અને કોનાવડે તમારી આ પ્રકારની પીડાકારી અવસ્થા કરાઈ. આપના શરીરની સુંદર કાંતિવડે આપ રાજકુમાર છો એવો મને ભાસ થાય છે.' તે પુરૂષે જવાબ આપ્યો કે-'હે ધીર પુરૂષોમાં શિરોમણિ ! મનોહરતાથી યુક્ત વૈતાઢયગિરિ છે. તે ગિરિ ઉપર એક જયન્તી નામની નગરી છે. આ નગરીમાં નિર્મળ રત્નોથી નિર્માણ કરાયેલી મોટી મોટી હવેલીઓ છે. તે જયન્તી નગરીના રિપુમલ્લ નામના રાજા છે, જેનાં શરીરની કાંતિ કામદેવના રૂપથી પણ અધિક છે. તે રાજાના મનને નૃત્ય કરવાને રંગશાળાતુલ્ય રત્નમાળા નામની રાણી છે. અનેક સંગ્રામમાં જય મેળવવાથી પ્રસિદ્ધ છે પરાક્રમ જેનું એવો હું તેમનો ચંદ્રાવતંસ નામનો કુમાર છું. તેમને એક લીલાવતી નામની પુત્રી છે જે મારી બહેન નિર્મળ શીળથી યુક્ત છે. સુંદર લાવણ્ય અને ગુણના સમૂહરૂપ તથા રત્નના નિધિતુલ્ય તે કુમારીના શરીરને જોઈને બ્રહ્માએ તેનું રક્ષણ કરવાને પ્રાકારતુલ્ય યૌવનને કરીને કામદેવને યામિકની જેમ તેનો પહેરેગીર બનાવ્યો છે, અર્થાત્ રૂપ અને ગુણના ભંડારતુલ્ય આ કન્યાએ અત્યારે યૌવનાવસ્થા પ્રાપ્ત કરી છે.

લીલાવતીકન્યાના વરની ચિંતા-એકદા રિપુમલ્લરાજાએ પોતાની લીલાવતી પુત્રીને રૂપથી આઢ્ય યૌવનાવસ્થાવાળી જોઈને ત્યાં વસતા વિશાળકીર્તિ નામના જ્યોતિર્વિદને બોલાવ્યો અને સ્વચ્છ મનવાળા રાજાએ તેને પૂછયું કે— ' આ લીલાવતી પુત્રીનો ભર્તાર કોણ થશે ? ' તે જ્યોતિર્વિદે વિચારીને જવાબ આપ્યો કે- ' હે રાજન્ ! કનકદ્વીપની અંદર પદ્માવતી દેવીના મંદિરમાં ધરણેન્દ્રે મૂકેલું પ્રચંડ એવું ધનુષ્ય અદ્રશ્યપણે રહેલું છે. ત્યાં આગળ ત્રણ ઉપવાસ કરીને રહેલો, ભૂમિશય્યાવાળો

અને બ્રહ્મચર્યવ્રતથી શુદ્ધ પુરૂષ તે દિવ્ય ધનુષ્યને ભેદી શકે તેમ છે. તેથી તે પ્રમાણેની વિધિ કરાવીને તે દિવ્ય ધનુષ્યને લાવીને આ કન્યાના સ્વયંવરમંડપની અંદર રાખવું. તે ધનુષ્યને ઉપાડીને પોતાના બળવડે જે ધન્ય પુરૂષ તેના અગ્રભાગ ઉપર દોરી ચડાવશે તે પુરૂષ તમારી આ લીલાવતી પુત્રીનો ભર્તાર થશે.'

ધનુષ્ય લાવવા મણિચૂડવીરને આદેશ—જ્યોતિર્વિદનું એ પ્રકારનું કથન સાંભળીને રાજાએ પોતાના સેનાધિપતિ મણિચૂડવીરને તે ધનુષ્ય લાવવા આદેશ કર્યો. મણિચૂડવીર પણ કનકદ્વીપ ઉપર આવેલા પદ્માવતી દેવીના મંદિરમાં જઈને વિધિપૂર્વક તે ધનુષ્યને લઈને વિમાન ઉપર આરૂઢ થઈ પાછો પોતાના નગર તરફ વળ્યો. રસ્તામાં મણિચૂડવીર જ્યારે લક્ષ્મીપુર નગરની નજીકમાં રહેલા વનમાં આવ્યો ત્યારે તેણે તે દિવ્ય ધનુષ્ય કલ્પવૃક્ષની નીચે મૂક્યું અને ત્યાં આગળ રહેલી વાવીમાં પોતે સ્નાન કરવા ચાલ્યો ગયો. જે વખતે મણિચૂડવીર સ્નાન કરતો હતો તે વખતના વિષે આ ધનુષ્યની દોરીનો ટંકારવ સાંભળ્યો. તેથી ઉતાવળો તે પાછો ધનુષ્ય પાસે આવ્યો અને ધનુષ્યને ધારણ કરેલ પુરૂષને જોઈને પોતાની જયન્તી નગરીએ લાવ્યો.

ધનુષ્ય સહિત મણિચૂડવીરનું સભામાં આગમન—પછી મણિચૂડવીર તે પુરૂષને પોતાની સાથે લાવીને દૂત ધનુષ્ય લઈ [illegible] રિપુમર્દનરાજાને નમસ્કાર કરીને [illegible] સભામાં બેઠો. અત્યંત પ્રૌઢ અને પ્રભાવી પુરૂષ [illegible] ધનુષ્ય [illegible] રાજા [illegible] કે "આ જગતની અંદર [illegible] ભગવાન્ દેખાતા નથી કે જે આ ધનુષ્યને દોરી ચડાવીને [illegible] કોટીગુણો કરે' એ પ્રમાણે કહીને [illegible] મણિચૂડવીરે [illegible] ધનુષ્યની દોરી ચડાવવામાં સમર્થ પુરૂષને [illegible] સુધી [illegible] રાજાઓને નિમંત્રણ કરી.

રાજપુત્રી લીલાવતીનું સ્વયંવરમાં આગમન—તે વખતે પ્રૌઢ વિમાનમાં અત્યંત તેજવાળું દિવ્ય ધનુષ્ય ઉત્સવપૂર્વક લાવીને ભટોએ ઉતાર્યું. અને સ્વયંવરમંડપના મધ્યભાગમાં રાખ્યું. ત્યારપછી બીજા મોટા વિમાનથી રાજસુતા લીલાવતી સ્વયંવરમંડપમાં ઉતરી. તે વખતે લીલાવતી પોતાની સખીઓથી સુખપૂર્વક ટેકો અપાયેલી હતી, તેમજ તેના નીલકમળ સદૃશ નેત્રો લીલાવડે ચપળ હતા. કુમારી લીલાવતી પોતાના નિર્મળ મુકુટના રત્નોવડે ઝળકાટ કરતી, હારમાં રહેલા મણિના સમૂહથી ખણકાર કરતી, અને પોતે પહેરેલા નૂપુરવડે ઝમકારને કરતી શીઘ્ર ધનુષ્યની સમીપમાં આવી. તે દિવ્ય ધનુષ્યને બહુ ભક્તિપૂર્વક પુષ્પ અને ચંદનવડે પૂજીને અને વધાવીને નીરંગિકાથી (બુરખાથી) મુખ ઢાંકીને તેણી સખીની સાથે પ્રમોદયુક્ત ઉભી રહી.

કન્યાગ્રહણનું પણ અદ્ભુત પ્રમાણયુક્ત બનેલી આ સભાની અંદર તે વખતે એક પ્રૌઢ પ્રતિહારી આવી અને પોતાનો હસ્ત ઘણો દૂર વિસ્તારીને વિવેકયુક્ત ચતુર અને પ્રશસ્ત વાક્ય બોલી કે 'હે રાજેન્દ્રો!' દેદિપ્યમાન કાંતિવડે કરીને [illegible] જેમણે [illegible] હે ધીર! હે વીર! તમો [illegible] વિના [illegible] પણ પામેલા છો, તો તમારામાં પોતાના ભુજબળની [illegible] સંપૂર્ણપણાથી [illegible] ક્ષત્રિય હોય તો આ ધનુષ્ય ઉપર [illegible] ચઢાવીને આ કન્યાને પરણો અને પોતાની જનનીના [illegible] કરો' એ પ્રમાણેનું [illegible] પણ [illegible] પોતાની મૂછ ઉપર હાથ દેતા અનેક [illegible] ઉભા [illegible] કેટલાક તો તે ધનુષ્યને [illegible] પણ સમર્થ થયા નહિ અને કેટલાક તે ધનુષ્યને સ્પર્શમાત્ર [illegible] પૃથ્વી ઉપર [illegible] થઈને પડ્યા. અહિં સ્વયંવરમાં [illegible] રત્નધ્વજ નામનો પુત્ર સૂર અને [illegible] ની સાથે આવેલો હતો. તે રત્નધ્વજકુમાર ભગવાન

પ્રમોદરૂપી અમૃતસાગરમાં મગ્ન થયો હતો. લગ્નના દિવસે ત્યાં આગળ સ્ત્રીઓએ કરેલા વિવાહગીતના ધ્વનિની સાથે ચારે મંગળ બોલાયા અને રાજાએ અમરશેખરકુમારને કરમોચનમાં કાંઇપણ માગણી કરીને પોતાની પુત્રીનો હસ્ત છુટો કરવા કહ્યું. તે સાંભળી અમરશેખરકુમારે જરા હસીને રાજા પાસે માગણી કરી કે-'હે વસુધાધિનાથ ! આ દિવ્ય ધનુષ્યની સાથે તેને યોગ્ય દિવ્યબાણોથી યુક્ત ભાથું શીઘ્ર આપો જેથી કરીને તમે મને ઇષ્ટ સઘળું આપ્યું એમ હું માનીશ.

કરમોચનમાં ચિંતામણિ રત્નનું દાન—અમરશેખરકુમારની માગણી સાંભળીને રિપુમલ્લરાજાએ જવાબ આપ્યો કે-'હે દેવ ! તમારા ગુણોવડે કરીને મેં મારી લીલાવતીકન્યા તમને આપી છે. આ પુત્રીના ભાગ્યવડે આ ધનુષ્ય મને મળ્યું છે પણ તેને યોગ્ય બાણોનું ભાથું મળ્યું નથી તો તે હું કેવી રીતે આપી શકું? તેથી કરીને અમારા કુળમાં ચિંતિત વસ્તુને દેવાવાળું ચિંતામણિ રત્ન છે તેને તમે ગ્રહણ કરો.' તે સાંભળીને ચિંતામણિરત્ન લઇને અમરશેખરકુમારે પ્રિયાનો હસ્ત છોડી દીધો.

બાણના ભાથાની ઉપાસના—આ પ્રમાણે રાજાએ વિવાહનો મહોત્સવ પૂર્ણ કર્યો એટલે અમરશેખરકુમારે તે દિવ્ય ધનુષ્યને સુવર્ણના સિંહાસન ઉપર સ્થાપન કરીને તેની પૂજા કરી. પછી હાથ જોડીને ઉપાસના કરવા લાગ્યો કે-'હે દિવ્ય ધનુષ્ય ! સુભાગ્યથકી મને તમારી પ્રાપ્તિ થઇ છે તો પછી તમારા સદશ બાણનું ભાથું કેમ પ્રાપ્ત થતું નથી? જો તે પ્રાપ્ત કરવાનો મારો મનોરથ પૂર્ણ થશે તોજ હું અહિંથી [illegible] અને અન્ન પાણી લઇશ. અન્યથા મારે સર્વનો ત્યાગ છે' આ રીતની પ્રતિજ્ઞા કરીને મૌન રહેલા અમરશેખરકુમારને જોઇને મહાપરાક્રમનો એક [illegible] તેનો મિત્ર વસંતસેન પંચપરમેષ્ઠી નમસ્કારનું સ્મરણ કરતો તેની પાસે રહ્યો. અમરશેખરકુમાર તથા વસંતસેનને આ પ્રમાણે રહેલા જાણીને વિવેકના પાત્રરૂપ

મારું ત્યાં ગુફામાં આ મનુષ્ય નામે અહિં મગાવ્યું તે વખતે કોનાથી હું અહિં આવ્યો. જે વખતે હું સ્વયંવરમંડપની શોભા જોતો હતો તે વખતે અનંગ તેજને લઇને વરકન્યા જોવા યોગ્ય મન લાગવા નેત્રવાળી શીલવતી કુમારીએ અમરશેખર કુમારના કંઠમાં વરમાળા સ્થાપન કરી. પોતાના સ્વામી સુમતિધ્વજરાજાના પુત્ર રત્નધ્વજ કુમારનો મુકુટ કન્યાએ પગના પ્રહારથી ફેંકી દીધો, તેથી કોપાયમાન થયેલા પ્રધાનોએ કન્યાનું મરણ કરવા વાસ્તે તે વખતે ક્રિયા મૂકી અને તેવી કરીને તેણી પરીભવ પામીને નિશ્ચેતના થઇ ગઇ. કહ્યું છે કે-

[illegible] ।
[illegible] ॥ १ ॥

'સજ્જન પુરુષોએ કોપનો ત્યાગ કરવો જોઇએ. કારણ જ્ઞાનરૂપી સૂર્યને આચ્છાદન કરવામાં [કોપ] મહા રાહુતુલ્ય છે, કાષ્ટ સમાન ધર્મને નાશ કરવામાં અગ્નિતુલ્ય છે, સ્નેહરૂપી ચંદ્રનો ક્ષય કરવામાં કૃષ્ણપક્ષ તુલ્ય છે અને મહિમારૂપી કમળોનો નાશ કરવામાં હિમરૂપ છે.'

[illegible]
[illegible] ॥

'સર્વ પ્રકારના આચાર વિચારમાં ચતુર હોય, સર્વ શાસ્ત્રમાં નિપુણ હોય, સર્વ ધર્મકાર્યમાં તત્પર હોય છતાં અહો! એક કોપને લઇને પ્રાણી પાપનું આચરણ કરે છે.'

જે વખતે કન્યા નિશ્ચેતન થઇ પડી તે વખતે વસંતસેને નવકારમંત્રનું સ્મરણ કરવા માંડ્યું અને તે નવકારમંત્રના સ્મરણથી સંતુષ્ટ થયેલા મેં તેના દૃષ્ટિકમળમાં કન્યાના અંગને પુષ્ટિ કરનારી અને સ્વજનવર્ગને પ્રમોદ દેનારી જળની વૃષ્ટિ કરી. અહિં ફક્ત અમરશેખરકુમારનું ભાગ્ય અને વસંતસેને એકાગ્રતાથી કરેલા નવકારમંત્રનું સ્મરણજ કારણભૂત છે. આ

શાસ્ત્રમાં કહ્યું છે કે–

रागान्वितं तीव्रतरं मतं सन्मार्गश्रमे सद्य बहुनीरपानम् ।
सकोपनः प्रोद्धतशत्रुयुद्धं समायतावायतसौख्यहेतुः ॥ १ ॥

'રાગ સહિત અત્યંત તીવ્ર મતને કરવું, માર્ગના શ્રમથી થાકી ગયા પછી તુરત એકાએક ઘણું પાણી પીવું, અને કોપથી બળવાન શત્રુની સાથે સહસા યુદ્ધ કરવું તે ભવિષ્યમાં સુખના કારણભૂત થતું નથી.'

વળી હે રાજન્! રાત્રિની અંદર પોતાના લોચનને બંધ કરીને ગમન કરવું અને સિદ્ધાંતમાં જોયા વિના તપનું વિધાન કરવું તથા શત્રુના પ્રયાણના સમાચાર મળ્યા વિના લશ્કર લઈને રણસંગ્રામને વાસ્તે ચાલી નીકળવું તે વિચારવાળું કાર્ય ગણાતું નથી. વળી કહ્યું છે કે–

यथाऽभ्रगेहान्तरगः प्रदीपो, वातोपघातैर्न विनाशमेति ।
तेजस्विनोऽपि तथा प्रशान्तिमभ्युपस्थित कोऽपि विहन्ति नैव ॥ १ ॥

'જેમ અબરખના ફાનસમાં રહેલો દીપક વાયુના ઉપઘાતથી નાશ પામતો નથી તેમ શાંતિથી યુક્ત એવા તેજસ્વી પુરૂષોના તેજને પણ કોઈ હણવાને સમર્થ થતું નથી.'

વળી નીતિશાસ્ત્રમાં બળવાન પુરૂષોના ક્ષયના કારણભૂત યુદ્ધનો સર્વથા નિષેધજ કરેલો છે, માટે સામ આદિ ઉપાયોથી શત્રુ સેવાને સ્વીકારે તો તે સુંદર છે; કારણકે તેથી કરીને રણસંગ્રામ થતો અટકે.'

ધૂમ્રધ્વજરાજા પાસે દૂતનું મોકલવું.––એ પ્રમાણેનું અમાત્યનું કહેવું સાંભળીને પોતાના સૈન્યને આગળ પ્રયાણ કરતું અટકાવી ત્યાં રથાવર્તગિરિ ઉપરજ રાખ્યું અને દૂતને બોલાવી તેને પોતાના શત્રુ ધૂમધ્વજરાજા પાસે જવા આજ્ઞા કરી. વળી દૂતને શીખામણ આપી કે–'ધૂમધ્વજરાજાને શાંત વચનો નહિં સંભળાવતા તારે ઉદ્ધત વચનો સંભળાવી રણસંગ્રામ કરવા તૈયાર કરવો.'

કરો અને હે રાજાઓ! પ્રબળ શત્રુનો પ્રતિકાર કરવાને સમર્થ એવા સૈન્યને સજ્જ કરી તમે એકઠા થાઓ.' એ પ્રમાણે કહીને ઉદય પામતો સૂર્ય જેમ પૂર્વાચળ ઉપર આરોહણ કરે તેવી રીતે રિપુમલ્લ-રાજાએ ઉઠીને શ્રેષ્ઠ લક્ષણોથી યુક્ત મહાન્ હસ્તિ ઉપર આરોહણ કર્યું અને નગરમાંથી બહાર ચાલ્યા. પછી સુંદર આકૃતિ છે જેની એવા અમરશેખરકુમાર ધનુષ્ય લઈને મિત્રની સાથે રાજાની પછવાડે ચાલ્યા અને રિપુમલ્લરાજાના જ્યેષ્ઠ પુત્ર ચંદ્રાવતંસકુમાર પણ પોતાના વત્સલ સહોદરોની સાથે યુદ્ધ કરવા નગરમાંથી નીકળ્યા. એ રીતે નગરમાંથી નીકળેલા રિપુમલ્લરાજાને બીજા રાજાઓ પોતપોતાનાં લશ્કર લઈને મળ્યા અને શત્રુને જીતતા ઉપજાવવામાં સમર્થ એવું નવ અક્ષૌહિણીના પ્રમાણવાળું તેમનું લશ્કર એકત્ર થયું. આ લશ્કર ચાલ્યું તે વખતે તેમાં થતા ભેરીના ભાંકાર શબ્દો એટલા જોરથી ઉંચા જતા હતા કે તેમણે સ્વર્ગમાં સુરપતિ (વૈમાનિક દેવના ઇંદ્ર)ની સભામાં ગાન્ધર્વોના ગાનની ગરજ સારી, અને અશ્વોના પગના દાબડાઓ પૃથ્વી ઉપર એટલા જોરથી અવાજ કરી રહ્યા કે તેમણે પાતાળમાં ધરણેંદ્રની સભામાં થતા નાટકને તાલ આપવાનું કામ કર્યું, તથા તેમના લશ્કરમાં થતાં પ્રૌઢ હાથીના નાદોવડે મૃત્યુલોકમાં દિગ્ગજોને બહેરા કરી મૂક્યા. રીપુમલ્લરાજા લશ્કરને લઇને ‌·‌ઘાવર્તગિરિ ઉપર જ્યાં તેમનો સેનાધિપતિ મણિચૂલવીર સાત અક્ષૌહિણીના પ્રમાણવાળું લશ્કર લઈને અગાઉ ગયો હતો તેને મળ્યા અને એકંદર તેમનું લશ્કર સોળ અક્ષૌહિણીના પ્રમાણવાળું થયું. રાજાએ મણિચૂલવીરને કહ્યું કે-'હવે આપણે જલદી ચાલો જેથી કરીને છળ કરવામાં પરાયણ એવા શત્રુનો હું નાશ કરી નાખું.'

મંત્રીની સલાહ--રિપુમલ્લરાજાનો સેનાધિપતિને યથેચ્છ આદેશ સાંભળીને રાજમૃગાક નામનો તેમનો મંત્રી રાજાને પ્રણામ કરીને બોલ્યો કે-' સ્વામિન્! મંત્રીમાં જેને વિશ્વાસ છે એવા આપ નીતિથી યુક્ત મારી એક વિજ્ઞપ્તિને લક્ષમાં લ્યો. નીતિ-

કવચને ધારણ કરેલા સુભટો સાથે તથા વીશ રાજાઓની સાથે બે પાંખોની વચલા ભાગમાં રહ્યા. જિનેશ્વરના અર્ચનથી સંતુષ્ટ થઈને જેને ઇંદ્રે શક્તિ નામનું આયુધ આપેલું છે એવા મણિચૂડવીરના પુત્ર વજ્રાયુધને ત્રણ અક્ષૌહિણી સેના સાથે પછવાડે પૂચ્છભાગમાં રાખવામાં આવ્યો એ રીતે સોળ અક્ષૌહિણી સેનાની શત્રુને મર્દન કરનારી ગરૂડવ્યૂહની રચના કરીને શત્રુના વંશરૂપી મૂળીયાને ઉખેડી નાખવામાં હસ્તિસમાન રિપુમર્દરાજાએ ધીમે ધીમે શત્રુમાર્ગે પ્રયાણ કર્યું.

સંગ્રામનો ઉત્સાહ—જ્યારે બંને પક્ષના સૈન્ય સામસામે પાંચ યોજનને અંતરે આવી પહોંચ્યા ત્યારે ઉત્કટ ધૈર્યવાળા તથા યુદ્ધ કરવામાં ઉત્સુકતાવાળા બંને રાજાઓએ રણક્ષેત્રની ભૂમિ સાફ કરાવી [illegible] બંને પક્ષના રાજાઓએ પોતપોતાના સૈન્યમાં [illegible] ના [illegible] બંધુઓની સન્મુખ પ્રમોદયુક્ત મહાન ઉત્સવ [illegible] કરાવી સત્કાર કર્યો. સર્વે ક્ષત્રિયો શ્રી જિનેશ્વરના [illegible] ભક્તિ લેઈ યાચના કરવા લાગ્યા કે— [illegible] અમારું અખંડિત અખંડપણું રહો અને [illegible] ભક્તિ અમને પ્રાપ્ત થાઓ.' [illegible] અને વૃદ્ધ સ્ત્રીઓથી માંગલિક કરવા [illegible] પુરૂષો અનાથાનંદ દર્શના પ્રારંભી [illegible]

યુદ્ધના પ્રારંભ [illegible] અને મંગળવારને દિવસે [illegible] ઢોલના શબ્દો પ્રમોદને [illegible] રાજાને નમસ્કાર કરીને [illegible] કરીને પ્રગટ એવા તે યુદ્ધમાં રથી રથીની [illegible] હસ્તિવાળા હસ્તિવાળાની [illegible] અને ધનુષધારી ધનુષધારીની [illegible] યુદ્ધમાં [illegible]

ન આવી શકે એવા મોટા સૈન્યને સમુદ્રના ઉછળતા તરંગો જેમ નદીના વધતા નીરના સમૂહને પાછો વાળે તેમ પરાસ્ત કર્યું.

મહેન્દ્રરાજાનું તથા કાળમુખનું હણાવું—પોતાના સૈન્યને દીનતાથી મુક્ત બનેલું જોઇને ધર્મરાજના ચક્રવ્યૂહને મોખરે રહેલો મહેન્દ્રરાજા લડવા આવ્યો અને તેને જોઇને રિપુમર્દનરાજાનો પુત્ર કાળમુખ જે ગરૂડવ્યૂહની ચાંચને સ્થાને રહેલો હતો તે આવ્યો. દક્ષતાપૂર્વક બાણને બાણવડે છેદી દેતા, ખડ્ગને ખડ્ગવડે ખંડિત કરી નાખતા અને વિશ્વના મનને આશ્ચર્ય ઉપજાવતા એવા મહેન્દ્રરાજાએ તથા કાળમુખે પરસ્પર લાંબા કાળસુધી યુદ્ધ કર્યું. કાળને ઉદ્વેગ થી જાય તેવા અને મલ્લની જેમ જેની ભુજાઓ ફૂલી ગઇ છે એવા કાળમુખે છેવટે અત્યંત વેરથી રણની અંદર મહેન્દ્રરાજાને પકડી કુષ્માંડ (કોળું) ની જેમ પૃથ્વીપીઠ ઉપર પટકી નાખ્યો. મહેન્દ્રરાજાને હણાયેલો જાણીને પદ્મરાજાએ કાળમુખ ઉપર બાણ મૂક્યું અને તે બાણથી વિંધાયેલો કાળમુખ અકાળે હણાયો.

પદ્મરાજાનું તથા મણિચૂડવીરનું હણાવું- બાણથી વિંધાયેલા એવા કાળમુખને કાળના મુખની અંદર ગયેલો (મરણ પામેલો) જાણીને તુરત ક્રોધ યુક્ત થયેલો મણિચૂડવીર રક્ષકો તથા સેના સહિત દુશ્મન તરફ ધસ્યો તે વખતે પદ્મરાજાએ બાણ મૂકીને સમય વિના અપકાર મય કરી દીધું તેથી મણિચૂડવીરે પોતાનું બાણ મૂકીને સેંકડો છિદ્રોવડે શત્રુના સૈન્યને તાપ ઉપજાવ્યો. ફરીથી પદ્મરાજાએ પોતાનું બાણ ફેંકીને શત્રુના સૈન્યને હિમવડે મહાકંપ ઉપજાવ્યો. તેથી મણિચૂડવીરે અગ્નિ શસ્ત્રવડે કરીને પદ્મરાજાને ભસ્મીભૂત કરી દીધો. પદ્મરાજાને મૃત્યુ પમાડી વિકરાળ મૂર્તિ છે જેની એવો મણિચૂડવીર જેટલામાં પોતાના ગીધ હસ્તિઓ સહિત આવ્યો તેટલામાં ધર્મરાજાના રત્નધ્વજકુમારે આવીને શીઘ્ર તેને બાણ મૂકીને હણી નાખ્યો.

રત્નધ્વજનું અને ચંદ્રાવતંસ કુમારનું હણાવું-મણિ

પુરૂષોની શક્તિ પરોપકારને માટેજ હોય છે.' એ પ્રમાણે સંજ્ઞાજનો ભાવપૂર્વક બોલ્યા એટલે સાધુએ કહ્યું કે-'વિવિધ પ્રકારનો શ્રી જૈનધર્મ છે તે યથાશક્તિ સમાધિપૂર્વક ગ્રહણ કરો.'

સુરેન્દ્રદત્ત રાજાની પ્રવ્રજ્યા—તે વખતે અશ્રુને મૂકતા સુરેન્દ્રદત્ત રાજા મુનિના ચરણકમળને નમસ્કાર કરીને બોલ્યા કે—'હે યતીન્દ્ર! દીક્ષા આપીને સુતના ઉપર પ્રહાર કરવાવાળા એવા મને વિશુધ્ધ કરો.' તે સાંભળી કીર્તિચંદ્રમુનિએ અપાર સંસારથી પ્રગટ થતા ઉગ્ર પાપોના વિપાકની વિચિત્રતાવડે વૈરાગ્યવાન્ બનેલા અને કુમતથી મૂકાઇ ગયેલું છે ચિત્ત જેનું તથા વિનયવડે ઘણા નમ્ર એવા રાજાને દીક્ષા આપી. તે વખતે વૈધવ્યના દુઃખથી પ્રેરાયેલી એવી ધર્મધ્વજરાજાની પાંચસો સ્ત્રીઓએ પણ વૈરાગ્યથી ગૃહનો ત્યાગ કરીને દીક્ષા લીધી.

મુનિનું અમરશેખરકુમારને આચામ્લચંદ્રતપ કરવાની વિધિના પુસ્તકનું આપવું—પિતાના ચરણકમળની સેવા કરવાની ઇચ્છાવાળા કુમાર અમરશેખરે મુનિને નમસ્કાર કરીને પોતાના મિત્ર વસન્તસેનની સાથે પોતાને દીક્ષા આપવા કહ્યું, કારણકે પુત્રો પિતાની ભકિતના વિષયમાં કષ્ટને ગણતા નથી. સાધુએ કુમારને જવાબ આપ્યો કે—'હે ભાઇ! તમારે હજુ ભોગાવળી કર્મ ઘણું બાકી છે. તે ભોગાવળી કર્મ ક્ષીણ થાય એટલે આ ભવમાં તમે દીક્ષા લઇ આચામ્લચંદ્ર નામનું તપ કરજો.' કુમારે વિજ્ઞપ્તિ કરી કે —'તો મને તે વ્રતની વિધિ બતાવો.' સાધુએ વિચારીને કહ્યું કે-'આચામ્લચંદ્ર તપ કરવાની વિધિથી યુકત આ પુસ્તક તમે લ્યો.' કીર્તિચંદ્રમુનિ તે પુસ્તક અમરશેખરના હસ્તમાં મૂકીને બોલ્યા કે-'હે કુમાર! સાવધાન થઇને હું કહું તે શિક્ષા તમે સાંભળો.—

કીર્તિચંદ્રમુનિએ દીધેલી શિક્ષા-'હે કુમાર! તમે જિનેન્દ્રને વિષે અત્યંત દૃઢ ભક્તિ ધારણ કરજો, સર્વદા જીવોને વિષે દયા રાખજો, દીન પુરૂષોને દાન આપજો, અને મહાન્ સજ્જનો પાસેથી

શુભમતિને ગ્રહણ કરજો. વધારે શું કહેવું? પણ હે દમનશીલ કુમાર! રાજ્યને કરતા એવા તમે અલ્પ ગર્વવાળા થઈને એવું કાર્ય કરજો કે સમગ્ર દેશો પ્રસન્ન રહે, બંધુવર્ગ સીદાય નહી, ગુરુના ઉપદેશોનું સન્માન થાય, સર્વે ગુણો તમારામાં આવીને વાસ કરે, તમારી કીર્તિરૂપી વેલડી કરમાય નહી અને ધર્મનો લોપ થાય નહી.'

મુનિનું ગમન—ત્યારપછી મુનિ મૌન રહ્યા એટલે રિપુમલ્લ રાજા, ચંદ્રાવતંસ કુમાર, ગજિસૂરવીર, રત્નધ્વજ કુમાર અને કાળ-મુખ તથા અન્ય શેષ સુભટોએ સુંદર એવા ધર્મની યાચના કરી. ગોવિંદચંદ્રમુનિ તેમને ગૃહસ્થ ધર્મ આપીને અન્ય પ્રદેશમાં વિહાર કરી ગયા, અને સર્વે વિદ્યાધરો અરસપરસના વેરનો ત્યાગ કરીને જયન્તીનગરી તરફ ગયા.

અમરશેખરકુમારને વિદ્યાધરના સ્વામી તરીકેનો અભિષેક—'યુદ્ધસંગ્રામમાં હણાયેલા એવા આપણને જીવિતદાન આપનારા આપણા સ્વામી આ અમરશેખર કુમાર થાઓ' એ પ્રમાણે સમગ્ર વિદ્યાધરોએ બોલીને કુમારને સર્વ વિદ્યાધરોના સ્વામી તરીકેનો અભિષેક કર્યો. તે વખતે રિપુમલ્લ આદિ રાજાઓએ અને ભક્તિવંત એવા રત્નધ્વજ વિગેરેએ કુમારને નમસ્કાર કર્યો. કારણ કે—'પરોપકાર આ લોકમાં અને પરલોકમાં સમૃદ્ધિને આપવાવાળો થાય છે.' બધા રાજાઓએ તુરત જ વૈતાઢ્ય પર્વતની બન્ને શ્રેણિના નગરોમાં અમરશેખરરાજાની આજ્ઞા પાળવા ઘોષણા કરી. હવે અમરશેખરે પછી રિપુમલ્લ આદિ રાજાઓને કહ્યું કે 'ધાત્ર રાજાની આજ્ઞાએ તેના પુત્ર રત્નધ્વજનો તમે અભિષેક કરો' તેથી રાજાઓએ અમરશેખરનો આદેશ પ્રમાણ કરીને રત્નધ્વજકુમારને પણ તેના પિતાની જગ્યાએ રાજ્યાભિષેક કર્યો. કારણ કે સજ્જન પુરુષો સહુનું હિત કરવાવાળા હોય છે.

અમરશેખરરાજાનું લક્ષ્મીપુર નગરે જવા પ્રયાણ—મધુર વાણી બોલનાર અમરશેખરરાજા પછી વિનયથી સભ્ય અને સ્નેહને વર્ષાવનારી વાણીવડે બોલ્યા કે—'હે રાજાઓ! મને હવે

લક્ષ્મીપુરનગરે જવાની અનુજ્ઞા આપો.' એટલે અમરશેખરરાજ ઈચ્છાનુસાર પ્રયાણ ઢક્કા વાગવા લાગી, માંગલ્ય વાદ્યો અત્ય વાગવા લાગ્યા અને વિમાનમાં આરૂઢ થઈને શ્રેષ્ઠ ખેચર સ્ત્રીઓ કિન્નરો અત્યંત મનોહર ગીતો ગાવા લાગ્યા.

પ્રેમની શ્રેષ્ઠતા— તે વખતે રત્નધ્વજ ચક્રેશ્વરી દેવીએ પોતાના પિતા ધૂમધ્વજને આપેલું પુષ્પાવતંસ નામનું સુંદર વિમાન અમરશેખરને આરોહણ કરવા વાસ્તે લઈને આવ્યો. રિપુમલ્લરાજા પણ તેજ વખતે વૈરોટ્યા દેવીએ આપેલું પોતાનું અત્યંત શ્રેષ્ઠ રત્નાવતંસ નામનું મહાદ્ધિથી યુક્ત વિમાન લઈને આવ્યા. વયે સરખા, સમાન કાંતિવાળા, સ્ફુરાયમાન નિર્મળ ભક્તિવાળા અને આનંદને કરતા રત્નધ્વજ તથા રિપુમલ્લરાજાને એઉને અમરશેખરરાજા પરસ્પર રહિત વાણીવડે એ કહ્યા કે-'હે રિપુમલ્લ [illegible] મારો [illegible] મારા પિતાના મિત્રના પુત્ર છે અને હું [illegible] ઉત્તમ પુરૂષો સ્વજનના [illegible] માને છે કહ્યું છે કે-

[illegible] નહમનમહેન કુમારો।

[illegible] મતિ ॥૧॥

[illegible] પુત્ર [illegible] ચંદ્રને લક્ષ્મી, [illegible] અને [illegible] કરાવુ છે. [illegible] પણ [illegible] કરતા નથી, પરંતુ [illegible] નથી [illegible]

એ [illegible] વખતે

[illegible] વધારી [illegible] ને વખતે પોતાના [illegible] ઉપર આરોહણ કર્યું. [illegible] પણ પોતાની [illegible]

ઉદ્યાપન વિધિ—ઉદ્યાપનમાં વિતરાગદેવની એકસો સિત્તેર મૂર્તિઓ કરાવીને શુભ દિવસે તેની ઉત્સાહપૂર્વક પ્રતિષ્ઠા કરવી. પછી તે મૂર્તિઓની પાસે એકસો ને સીત્તેર મોદકથી ભરેલો થાળ મૂકવો અને એકસો ને સીત્તેર તિલકો કરાવવા. એ રીતે ઉદ્યાપન વિધે આસોમાસની પૂર્ણિમાને દિવસે કરવી અને આસોમાસની કૃષ્ણપક્ષની પ્રતિપદાને દિવસે વિધિપૂર્વક પારણું કરવું.

વ્રતને અંતે પારણાના વિધિ—આસોમાસના કૃષ્ણપક્ષની પ્રતિપદાને દિવસે છેલ્લું પારણું કરવાનું આવે તે દિવસે જિનધર્મમાં પરાયણ એવા સત્તાવીશ શ્રાવકો અને શ્રાવિકાઓને પોતાને ઘરે ભોજન કરાવવું અને પોતાને જ્ઞાનની પ્રાપ્તિ માટે જૈન સિદ્ધાંતના એકસો સિત્તેર પુસ્તકો લખવીને સાધુઓને આપવા.

એ પ્રકારનું આચામ્લતપ ઉદ્યાપન કરવાપૂર્વક કરનાર ભાગ્યશાલીપુરૂષ તેજ ભવમાં અથવા ત્રીજે ભવે અવશ્ય સમગ્ર કર્મથી મુક્ત થાય અને પરમસુખને પામે. આ આચામ્લચંદ્રતપની વિધિ તીર્થંકરોએ કહેલી છે તે ધાર્મિક જીવોના ઉદ્ધારને માટે કીર્તિચંદ્રમુનિએ ઉદ્ધરી.

રાણી ચંદ્રલેખાનું આચામ્લચંદ્રતપનું કરવું—ત્રિદશપ્રભસૂરિએ એ પ્રમાણે આચામ્લચંદ્રતપની વિધિ વાંચી સંભળાવી એટલે રાણી ચંદ્રલેખા તુરત તે પુસ્તક ગ્રહણ કરીને બોલી કે-'હે પ્રભુ! મને આજે આચામ્લચંદ્રતપ ઉચ્ચરાવવા કૃપા કરો.' રાણીની તપ કરવાની ભાવના જાણીને પ્રમુદિત થયેલા સૂરિએ તેણીના મસ્તક ઉપર સુગન્ધિચૂર્ણ નાખવા પૂર્વક તપ ઉચ્ચરાવ્યો. પછી રાણી ચંદ્રલેખા ગુરૂને નમીને હર્ષપૂર્વક પોતાને આવાસે ગઈ અને પુત્ર અમરશેખરને જણાવીને તે તપ તેણીએ વિધિપૂર્વક કરવાનો આદર કર્યો. પોતાની માતાને તપ કરતી જોઈને પુણ્યકાર્ય કરવામાં એક વીરસમાન અમરશેખરરાજાએ એકસો સીત્તેર જિનેન્દ્રગૃહ કરાવવાનો પ્રારંભ કર્યો. ક્રમે કરીને તે જિનમંદિરો સંપૂર્ણ થયા એટલે તેમાં વૈશાખમાસમાં શુભ મુહૂર્તે એકસો સીત્તેર જિનેશ્વરની મૂર્તિની વિધિપૂર્વક પ્રતિષ્ઠા કરાવી.

કીર્તિચંદ્રમુનિને મળવાની ઇચ્છા—તે વખતે રાજા અમરશેખરે મણિચૂલવીરને પૂછ્યું કે-' તમે કોઇ ઠેકાણે કીર્તિચંદ્રમુનિને દેખ્યા છે? જો ખબર હોય તો જલ્દી મને કહો.' મણિચૂલવીરે જવાબ આપ્યો-' હે દેવ! સુરેન્દ્રદત્તની સાથે શ્રી કીર્તિચંદ્રમુનિને મેં વાંદ્યા છે તેઓ ચંદ્રપ્રભા નામની નગરીમાં અભિનંદન જિનેશ્વરની પાસે રહેલા છે.' એ પ્રમાણેની મણિચૂલવીરની વાણી સાંભળીને રાજા પોતે લખાવેલા એક શ્રુતપુસ્તકોને સાથે લઇને માતા સહિત વિમાન ઉપર આરૂઢ થયા અને વિદ્યાધરરાજાઓ તથા અમાત્યોવિગેરે પરિવારથી યુક્તથઈને ચાલ્યા. ચંદ્રપ્રભાનગરીમાં આવીને ભક્તિમાં આદરવાળું ચિત્ત છે જેનું એવા અને વિનયથી નમ્ર એવા અમરશેખરરાજાએ અભિનંદનસ્વામીને નમસ્કાર કર્યો અને સાથે આણેલા શ્રુતપુસ્તકો તેમની સાથે રહેલા યતિઓને આપ્યા.

ચંદ્રલેખામાતાને કેવળજ્ઞાનની પ્રાપ્તિ—પોતાનો પુત્ર અમરશેખર દેવ અને રાજાઓથીસ્તવના કરાવાતો હતો તે વખતે માતા ચંદ્રલેખા જિનેશ્વરને પોતાની બન્ને ચક્ષુથી અત્યંત ભાવપૂર્વક નિહાળીને વિચારવા લાગ્યા કે-' અભિનન્દન પ્રભુને નમસ્કાર કર્યો અને યતિઓને પુસ્તકો અર્પણ કર્યા તથા મનોજ્ઞ એવું ઉદ્યાપન પૂર્ણ થયું, એ સર્વ તપરૂપી કલ્પવૃક્ષનુંજ ફળ છે. એ રીતે શુભ ભાવે ચડતાં અદ્ભુત પ્રકારની નિર્મળ ધર્મભાવનાથી નાસ પામ્યા છે સર્વ પાપો જેણીના એવી મહામતી ચંદ્રલેખાએ સમગ્ર લોકને દેખવામાં સમર્થ એવું કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. પછી કેવળજ્ઞાન યુક્ત ચંદ્રલેખા તુરત કેવળીની પર્ષદામાં જઇને બેઠા એટલે રાજાએ તુરત અભિનંદનસ્વામીને પૂછ્યું કે-' મારી માતા જઇને કેવળીની સાથે કેમ બેઠા?' જિનેશ્વરે જવાબ આપ્યો કે 'તમારી માતાને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું છે તેથી તેમણે ઉચિત કર્યું છે!' એ પ્રમાણે જિનેશ્વરનું કથન સાંભળવાથી પોતે પણ સંસાર ઉપર વૈરાગ્યવાળા થઇ ગયા અને અમાત્યોને કહ્યું કે-' હે અમાત્યો!

સૂર્યના ઉદય વખતે પ્રભાતી રહિત થતું નથી પણ જેમ ક્રોધવડે પ્રશમ ભાવ (શાંતતા) હણાય છે તેમ સૂર્યના તીવ્ર પ્રકાશવડે મારાં વિમાનનું શીત તેજ હણાય છે. વળી તમારા મસ્તક ઉપર શ્વેત અને શીતળ કાંતિવાળું મારૂં છત્ર રહેલ છે તેની પ્રભા તો સાધુના હૃદયમાં રહેલી ક્ષમાની જેમ સૂર્યના પ્રકાશથી કદી હણાતી નથી. તેથી કરીને આ મારૂં છત્ર હે વિભુ! મારા અભિયોગિક દેવો આપના મસ્તક ઉપર રાખે એટલી સર્વ વસ્તુઓને વિષે નિઃસ્પૃહ એવા આપની ભક્તિ મને પ્રાપ્ત થાઓ.' મુનિએ જવાબ આપ્યો, 'હે દેવ ! મુનિઓને શ્વેત છત્રવડે કરીને કાંઇ પ્રયોજન નથી, પરંતુ આ વાણીવડે હે સુરેન્દ્ર ! તમે ગુરૂભક્તિ બતાવીને અત્યંત પુણ્યશાળી બન્યા છો.' ચંદ્રે કહ્યું કે—'તો પછી હે ભગવન્! આપના હવે પછીના ભવમાં આ મારૂં નિર્મળ છત્ર આપના શરીરને છાયા કરવા વાસ્તે તેમજ લોકોને કૌતુક ઉપજાવવાના હેતુથી મોકલીશ. એ પ્રમાણે કહી બન્ને મુનિઓને નમસ્કાર કરીને ચંદ્રદેવે તેમને વિમાનમાં બેસાડ્યા. પછી શ્રી અભિનંદનસ્વામી પાસે તેમને મૂકીને ચંદ્રદેવ પોતાને સ્થાને ગયા. ત્યારપછી અમરશેખ-સાધુએ શેષ આયુષ્ય પૂર્ણ કરીને સમાધિપૂર્વક મૃત્યુ પ્રાપ્ત કર્યું.

અમરશેખરનો જીવ લક્ષ્મીધર રાજા—તે અમરશેખરનો જીવ અહિં ચમ્પાનગરીના સ્વામી મહેન્દ્રરાજાના લક્ષ્મીધર નામના પુત્રપણે ઉત્પન્ન થયેલ છે જ્યારે મહેન્દ્રરાજા દેવલોક ગયા ત્યારે લક્ષ્મીધરને રાજ્ય પ્રાપ્ત થયું અને ચંદ્રદેવે પૂર્વે અંગીકાર કર્યું હતુ તે પ્રમાણે પોતાનુ છત્ર તેના મસ્તક ઉપર રાખવાને મોકલ્યું.

વસંતસેનનું દેવપણે ઉત્પન્ન થવું અને લક્ષ્મીધરરાજાને બોધ પમાડવો.—પવિત્ર ચારિત્રમાં રક્ત એવા વસંતસેનમુનિએ ક્રમે કરીને આયુષ્ય પૂર્ણ કરી સમાધિ મરણ પ્રાપ્ત કર્યું અને સૌધર્મ દેવલોકની અંદર મુચકુન્દ નામના દેવપણે ઉત્પન્ન થયા. એકદા મુચકુન્દદેવે પોતાના જ્ઞાનથી પૂર્વભવનો ઉપયોગ

પ્રમાણેની રાજાની માગણી સ્વીકારીને અંતર્ધાન થઇ ગયો અને દેવની વાણી સાંભળવાથી અત્યંત આનંદને ધારણ કરતા લક્ષ્મીધરરાજા નિત્ય ધર્મકાર્યમાં યત્ન કરવા લાગ્યા.

મુચકુન્દદેવની ચમ્પકતરૂ ઉપર સ્થિતિ—ત્યારપછી પોતાના મિત્રનો ઉદ્ધાર કરવાના આશયવાળો મુચકુન્દદેવ વિચાર કરવા લાગ્યો કે-' જો હું સ્વર્ગમાં મારે સ્થાને જઇશ તો જરૂર આ અંગીકાર કરેલું કાર્ય ભૂલી જઇશ, અને પુંડરીકસ્વામી પોતાના પરિવાર સહિત અહિં ચોથે દિવસે તો આવી પહોંચશે. વાસ્તે આ નગરના વનમાં અહિં સુંદર ચંપકવૃક્ષની ઉપર તેઓ પધારે ત્યાં સુધી રહું.' એ પ્રમાણે પોતાના ચિત્તની અંદર નિશ્ચય કરીને દેવ ચંપકવૃક્ષ ઉપર રહ્યા, કારણકે મહાન પુરૂષો સર્વદા પરોપકારના કાર્યમાં સાવધાન હોય છે.

લક્ષ્મીધરરાજાને જાતિસ્મરણ જ્ઞાનની ઉત્પત્તિ—પુંડરીકસ્વામીએ એ પ્રમાણેનો લક્ષ્મીધરરાજાનો વૃત્તાંત હરિણૈગમેષિદેવના પૂછવાથી સભા તેમજ રાજાની સમક્ષ જણાવ્યો અને આગળ કહ્યું કે-" હે હરિણૈગમેષિદેવ ! વિહાર કરતા અમે આ રસ્તે ચોથે દિવસે આવ્યા એટલે આ ચંપકવૃક્ષને નમાવવાવડે કરીને મુચકુન્દદેવે અમને પ્રણામ કર્યો અને અત્યંત આગ્રહ કરીને અમને અહિં રોકયા. અમે અહિં રહ્યા એટલે તે દેવ લક્ષ્મીધરરાજાને પ્રેરણા કરીને અહં લઇ આવ્યો વાસ્તે હે હરિણૈગમેષિદેવ ! આ રાજાને માથે જે ચંદ્રનું છત્ર છે તે તેમણે પૂર્વભવમાં કરેલા આચામ્લચંદ્રતા તપથી પ્રમુદિત થયેલ ચંદ્રદેવે મોકલેલું છે' એ રીતે હરિણૈગમેષિદેવે કરેલા પ્રશ્નના ઉત્તરમાં રાજાનું સમગ્ર વૃત્તાંત કહ્યું. પછી પુંડરીકસ્વામીએ રાજા તરફ દ્રષ્ટિ કરીને કહ્યું કે-' હે લક્ષ્મીધરભૂપ ! તમે તમારા એ રીતનો પૂર્વભવ વિચારો.' અત્યંત મનોહર વાણી છે જેની એવા પુંડરીકસ્વામી એ પ્રમાણે બોલીને બંધ થયા એટલે લક્ષ્મીધરરાજા સાધુની વાણીનો વિચાર કરતા કરતા અત્યંત લીન ચિત્તવાળા થઇ ગયા.

રાજ્યો ભજાવીને વૈરાગ્યવંત થયા થકા લક્ષ્મીધરરાજા સાથે દીક્ષા સ્નાન કરવા આવ્યા. પોતાના દેવ અને દેવીઓથી યુક્ત એવા મુચકુન્દ અને ચન્દ્રદેવે લક્ષ્મીધરરાજાનો અને આવેલા સમગ્ર મંડળિક રાજાઓનો ક્ષીરસમુદ્રના જળથી વિધિપૂર્વક અભિષેક કર્યો. પછી રાજા લક્ષ્મીધર સુંદર આભૂષણો અને દિવ્ય વસ્ત્રો ધારણ કરીને હસ્તિ ઉપર આરૂઢ થઈ મનોહર અશ્વો ઉપર આરૂઢ થયેલા અન્ય સર્વ રાજાઓની સાથે વ્રત લેવા વાસ્તે ચાલ્યા. રસ્તામાં મુચકુન્દ અને ચંદ્ર એ બે દેવોએ ઘણા દિવ્ય રૂપો કરીને નાટકો કર્યા. તે વખતે પુંડરીકસ્વામી જ્યાં રહેલા છે ત્યાં ભક્તિયુક્ત મનવાળા હરિણૈગમેષિદેવે સુંદર અને વિસ્તારવાળો મંડપ કર્યો અને તે મંડપના મધ્યભાગમાં ઋષભદેવ પ્રમુખ ચાર સુવર્ણની મૂર્તિઓ સ્થાપી. તે મંડપમાં પૂર્વદિશાએ એક સિંહાસન રચ્યું અને સુગન્ધચૂર્ણથી પૂર્ણ એક થાળ વીકુર્વ્યો. શ્રી પુંડરીકસ્વામી તે સિંહાસન ઉપર બીરાજમાન થયા એટલામાં એંશી લાખ મંડળિક રાજાઓની સાથે લક્ષ્મીધરરાજા મંડપની પાસે આવ્યા અને ચંદ્રદેવને કહ્યું કે- ' હે દેવેન્દ્ર! મસ્તક ઉપર રહેલું છત્ર હવે તમે લઈ જાઓ.' રાજાએ પછી હસ્તિ ઉપરથી નીચે ઉતરી મંડળીકરાજાઓની સાથે પુંડરીકમુનિને નમસ્કાર કરીને વિજ્ઞપ્તિ કરી કે-' હે ભગવન્! અમને દીક્ષા આપો.' જે વખતે સર્વ દેવીઓ યુગાદિનાથનું નામ લેવાપૂર્વક ગીતો ગાવા લાગી તે વખતે મુનિએ સમસ્ત રાજાઓને મંત્રો ભણવાપૂર્વક વિધિ સહિત જૈનદીક્ષા આપી.

પુંડરીકસ્વામીની દેશના—લક્ષ્મીધર રાજમુનિ હૃષ્ટ ચિત્તવાળા થઈ પાસે બેઠા અને સમગ્ર સભાજન યોગ્ય સ્થાને બેસી ગયા એટલે પુંડરીકસ્વામીએ ધર્મથી વાસિત કરવાવાળી ધર્મદેશના આપી કે-' સારભૂત પુણ્યના સમૂહથી પ્રેરાયેલા હે સત્વશાળી લક્ષ્મીધર! જિનેંદ્રની દીક્ષા નામની પુત્રીને તમે આશ્રિત થયા છો તેથી તમારૂં સમગ્ર ગોત્ર પ્રશંસાપાત્ર થયું

કે-' હે પ્રતિહાર! મારા વિજયસેન નામના મંડળિક રાજાને તેના ગુણારામ નામના શ્વાન (કુતરા) ની સાથે શીઘ્ર બોલાવી લાવ.' રાજાના આદેશને પ્રમાણ કરીને સત્યસાર પ્રતિહાર પણ તુરત ગયો અને વિજયસેનરાજાને સ્વામીનો આદેશ જાહેર કર્યો. તેથી તે પણ પોતાના શ્વાનની સાથે તુરત આવ્યો અને સોમયશારાજાને નમસ્કાર કર્યો. તે વખતે સોમયશારાજાએ વિજયસેનને કહ્યું કે-' હે ભાઇ! ચાલો આપણે જલદી જઇએ અને પુંડરીકમુનિને આ શ્વાનનું સ્વરૂપ પૂછીએ ' એ પ્રમાણે કહીને સોમયશારાજા પોતાના સમગ્ર સૈન્યની સાથે ચાલ્યા અને શ્રીમાન્ પુંડરીકમુનિની પાસે જઇને નમસ્કાર કર્યો. તે વખતે ઘુઘરીઓના સુંદર બારીક અવાજથી યુક્ત છે કંઠ જેનો અને શબ્દ કરતા નુપૂરથી અલંકૃત છે ચરણ જેના એવા ગુણારામ નામના શ્વાને પણ મુનિને નમસ્કાર કર્યો. એ કુતરાને તિર્યંચજાતિ હોવા છતાં અત્યંત વિનયવંત જોઇને સર્વે દેવો અને સાધુઓ હૃદયમાં ચમત્કાર પામ્યા. ખરેખર વિનયનો મહિમા આશ્ચર્યકારી છે કહ્યું છે કે-

> नीरं निर्मलशीतलं कटुतरं स्यादेव निम्बादिषु,
> दुग्धं सर्पमुखादिषु, विषमहो जायेत तीव्रं विषम्।
> दुरशीलादिषु संगतं श्रुतमपि प्राप्नोत्यकीर्तिं परां,
> धन्योऽयं विनयः कुपात्रमपि यः सम्भूषयेन्नित्यशः॥ १ ॥

' લીંબડામાં નાખેલું નિર્મળ અને શીતળ એવું જળ અત્યંત કટુ (કડવું) બને છે, સર્પના મુખમા ગયેલું દુધ તીવ્ર વિષને ઉત્પન્ન કરવાવાળું થાય છે અને દુઃશીલ પુરૂષોમાં રહેલું શ્રુતજ્ઞાન અત્યંત અપકીર્તિ કરાવનારૂ થાય છે. માત્ર વિનય એકજ ધન્યવાદને પાત્ર છે કારણકે તે કુપાત્રને પણ સર્વદા શોભાવે છે. વળી કહ્યું છે કે-

> विणओ भवइह मित्तं, लहइ वण्णाओ जसं च कित्तिं च।
> न कयाइ दुव्विणीओ, सकज्जसिद्धिं समाणेइ॥ १ ॥

'વિનય હોય છે ત્યાં લક્ષ્મી આવે છે, વિનીત મનુષ્ય યશ અને કીર્તિ મેળવે છે, અને દુર્વિનીત મનુષ્ય કોઈ દિવસ પોતાના કાર્યની સિદ્ધિ કરી શકતો નથી.

સોમયશારાજાની પુંડરીકસ્વામીને વિજ્ઞપ્તિ—ત્યારપછી સોમયશારાજાએ મુનિને નમીને અંજલિ જોડી વિજ્ઞપ્તિ કરી કે-'હે સુગુરૂ! મહાન્ સંદેહને દૂર કરવા અને મને હર્ષ ઉપજાવવા માટે આપ અહિં રહો. રોકી ન શકાય એવા મુનિએ પણ રાજાનો ભક્તિપૂર્વક આગ્રહ જોઇને અને જ્ઞાનવડે કાંઇક ભાવી શુભફળ જાણીને તે વખત ત્યાં રહેવાનું ઉચિત ધાર્યું. મુનિના મનનો આશય જાણીને ભક્તિથી ભરેલું છે મન જેનું એવા હરિણગમેષિદેવે ત્યાં સિંહાસનથીયુક્ત રત્નશાળા બનાવી દીધી. પછી પ્રસન્ન ચિત્તવાળા પુંડરીકસ્વામીએ સોમયશા રાજાને કહ્યું કે—'હે રાજન્! તમારા મનમાં જે સંશય હોય તે નિવેદન કરો એટલે તે દૂર કરૂં.' એ રીતનું મુનિરાજનું વચન સાંભળીને સોમયશારાજાએ કુંવરોના વૃત્તાંતથી વાકેફ એવા વિજયસેન રાજાને સંકેત કર્યો કે-'તમે કુંવરોના વૃત્તાંતને કહીને તે સંબંધી સંશય દૂર કરવા મુનિને વિજ્ઞપ્તિ કરો.' એ પ્રમાણે સોમયશા રાજાની આજ્ઞા મેળવીને વિજયસેનરાજા પુંડરીક મુનિને નમસ્કાર કરીને બોલ્યા કે 'હે પ્રભુ! પ્રથમ ગુણ[illegible] નામના કુંવરનું સ્વરૂપ હું કહું તે સાંભળો.

ગુણારામ કુંવરનું વૃત્તાંત [illegible] સેવાને માટે હું તેમની [illegible] જોઈ [illegible] અને [illegible] થયું [illegible] અને [illegible]

ત્યારે હે સ્વામિન્ ! આ કુતરો પણ મારી સાથે આવ્યો હતો. જેટલો વખત મેં ગર્ભગૃહ (ગભારા)ની અંદર આદિદેવનું પૂજન કર્યું તેટલો વખત તે કુતરો હર્ષપૂર્વક બહાર રહ્યો. ત્યારપછી તેણે મારી સાથે પૌષધશાળાની અંદર જઈને ગુરૂને વિધિપૂર્વક નમસ્કાર કર્યો. એ રીતના તેના વિનયથી તુષ્ટમાન થયેલ મેં હર્ષના આવેશથી તેનું નામ ગુણારામ પાડ્યું. વધારે શું કહું ? પણ આ કુતરો સર્વ ધર્મકાર્યના મર્મોને જાણે છે અને તિર્યંગ્ યોનિમાં રહ્યા છતાં પણ જ્ઞાની છે તેથી તે સંબંધમાં મારા હૃદયમાં ઘણોજ વિસ્મય છે. વાસ્તે હે પ્રભુ ! મને આ કુતરા ઉપર સ્નેહનું કારણ શું છે ? અને કુતરાની જાતી હોવા છતાં તે જ્ઞાની કેવી રીતે થયો છે ? તે કારણ કહીને મને સંદેહરૂપી અંભોધિ (સમુદ્ર)થી તારો.'

પુંડરીકસ્વામીની દેશના—એ પ્રમાણે વિજયસેનના સુંદર આશયવાળા પ્રશ્નને સાંભળીને શ્રી પુંડરીકપ્રભુ બોલ્યા કે-'હે વિજયસેન રાજન્ ! તમે તમારા મનનો સંશય પૂછયો તે યુક્ત કર્યું છે, કારણકે ગુરૂના મેળાપનો લાભ પણ તેજ છે. હે રાજન્ ! જીવ કુજાતિ અથવા સુજાતિ, જ્ઞાન અથવા અજ્ઞાન અને સુખ અથવા દુઃખ પૂર્વભવના સંચિત કર્મોવડેજ પ્રાપ્ત કરે છે.'

વિજયસેન અને ગુણારામ શ્વાનનો પૂર્વભવ-એ પ્રમાણે કહીને પુંડરીકસ્વામીએ કહ્યું કે-' હે વિજયસેનરાજા ! સર્વ સંદેહ અને સંમોહને દૂર કરવામાં કારણભૂત એવું તમારૂં અને આ કુતરાનું પૂર્વભવનું વૃત્તાંત હું કહું તે સાંભળો—

કાંચનપુરનગરમાં ભીમસિંહરાજા અને પદ્મારાણી—જંબૂદ્વીપ નામના દ્વીપની અંદર મહાવિદેહક્ષેત્રના મધ્યભાગમાં કાંચનપુર નામની સ્વર્ગપુરી સમાન પુરી છે. તેમાં ઉત્કટ શત્રુરૂપી હસ્તિને વિદારણ કરવામાં ભયંકર સિંહસમાન ભીમસિંહ નામનો રાજા હતો. તેને વિકસ્વર મુખવડે અને અચળ ચરિત્રોવડે પદ્મા (લક્ષ્મી)ને જીતી હોય તેવી પદ્મા નામની સ્ત્રી હતી.

ભુવનભાનુકુમારનો જન્મ—એકદા પદ્મારાણી પલ્યંકમાં સુતી હતી તે વખતે તેણીએ રાત્રિના શેષભાગમાં સ્વપ્નની અંદર પૃથ્વીને પ્રકાશિત કરવાવાળો, તેજસ્વી કિરણોથી યુક્ત સૂર્ય જોયો.' તે સ્વપ્નને જોઇને રાણી શીઘ્ર જાગી અને સ્વપ્નને મનમાં ધારણ કરીને રાજા પાસે ગઇ. તેણીએ રાજાને સ્વપ્ન કહી સંભળાવ્યું એટલે રાજાએ કહ્યું કે-'હે દેવી! આવા સ્વપ્નથી તમોને અત્યંત ભાગ્યશાળી અને અદ્ભુત તેજથી યુક્ત એવો પુત્ર પ્રાપ્ત થશે.' એ રીતે રાજાએ કહેલું સ્વપ્નનું ફળ સાંભળીને પ્રમોદના આવાસતુલ્ય રાણી પોતાને સ્થાને ગઇ. હર્ષપૂર્વક દિવસોને નિર્ગમન કરતી મહાસતી એવી તે રાણીએ પૂર્ણ સમયે મહાન્ તેજસ્વી પુત્રને જન્મ આપ્યો. સ્વપ્નને અનુસારે તે પુત્રનું નામ રાજાએ ભુવનભાનુ પાડયું. જેવી રીતે સુવાક્ય બોલનારમાં સ્નેહ વધતો જાય, સંતોષી માણસની અંદર સુખ વધતું જાય અને સુંદર આચારવાળાની અંદર તેજ વધતું જાય તેવી રીતે તે પુત્ર વધવા લાગ્યો.

ભુવનભાનુનો વિદ્યાભ્યાસ— પછી ભીમસિંહરાજાએ પોતાના પુત્ર ભુવનભાનુને જ્ઞાનાનંદ નામના પંડિત પાસે વિદ્યાભ્યાસ કરવા રાખ્યો. ક્રમે કરીને કુમારે સાહિત્યમાં કુશળપણું, લક્ષણશાસ્ત્રની અંદર વિચક્ષણપણું, ગાયનકળાની અંદર રસિકતા અને નૃત્યકળાની અંદર ઉદ્યમીપણું પ્રાપ્ત કર્યું. અન્યદા રાજાએ કુમારને શૃંગારરસના પૂર્ણ કળશસમાન અને કળારૂપી કોકિલોને વસવાને સુંદર ઉદ્યાનસમાન જાણીને જ્ઞાનાનંદ પંડિતને કહ્યું કે-'હે કલાચાર્ય! આ પુત્રને તમે સમગ્ર કળામાં પ્રવીણ કર્યો છે. તેને હવે શીઘ્ર યુદ્ધકળામાં કુશળ બનાવો. કહ્યું છે કે-

વિનયો હિ વિનયાના લજ્જા સ્ત્રીણાં શમો મુનેઃ ।
યુદ્ધં ક્ષત્રિયપુત્રાણાં, વિભૂષણમનુત્તમમ્ ॥ ૧ ॥

'શિષ્યોને વિનય, સ્ત્રીઓને લજ્જા, મુનિને શમ, અને ક્ષત્રિયપુત્રને યુદ્ધ-એ તેમને અનુપમ અલંકાર છે.'

એ પ્રમાણે રાજાએ કળાગુરૂ જ્ઞાનાનંદને કહીને તથા તેને વસ્ત્ર અલંકારદિ દાન આપીને વિદાય કર્યો.

ભુવનભાનુને શસ્ત્રકળાનો અભ્યાસ—રાજાના કહેવાને ધ્યાનમાં રાખીને જ્ઞાનાનંદ ગુરૂએ ભુવનભાનુને યુદ્ધકળામાં પ્રવીણ બનાવવા માંડ્યો. ક્રમે કરીને ધૈર્યવાન્ કુમાર શબ્દવેધી, સૂક્ષ્મવેધી, શીઘ્ર બાણ સાંધવાની કળાવાળો થયો અને ધનુર્વિદ્યામાં સંપૂર્ણ કળા મેળવી.

ભુવનભાનુનો રાધાવેધનો અભ્યાસ—એકદા ભુવનભાનુકુમારે કળાચાર્યને કહ્યું કે-'હે ગુરો! આપની કૃપાથી સાદિયુદ્ધ (ઘોડા ઉપર આરોહણ કરી લડવાની કળા) આદિ યુદ્ધકળાઓ મને પ્રાપ્ત થઇ છે, પણ મને રાધાવેધ સાધવાનું જ્ઞાન મેળવવાનો મહાન્ ઉત્સાહ છે.' તે સાંભળી કળાચાર્ય જ્ઞાનાનંદ પાંચસો ક્ષત્રિયપુત્રોની સાથે ભુવનભાનુને લઈને પુરની બહાર ગયા. સર્વે ક્ષત્રિયપુત્રોને એક શ્રેણિમાં ઉભા રાખીને કળાગુરૂ બોલ્યા 'હે રાજકુમારો! તમે સર્વે હું કહું તે સાંભળો–સમીપમાં મનોહર આંબાના વૃક્ષની ડાબી બાજુની શાખા ઉપર રહેલા ચાષપક્ષીને હે રાજપુત્રો! તમે જુઓ. તેજ પક્ષીની ડાબી ચક્ષુને ધ્યાનમાં રાખીને તેનું નિશાન લક્ષ બાંધો' એ પ્રમાણે કળાગુરૂએ કહ્યું એટલે સર્વ રાજપુત્રો બોલ્યા કે 'આપની આજ્ઞાનુસાર અમે કર્યું છે' ત્યારપછી ગુરૂએ પૂછ્યું કે 'હે રાજપુત્રો! તમે આમનું વૃક્ષ, ડાળ, ચાષપક્ષી અને તેની ચક્ષુને સર્વેને જુઓ છો?' એટલે તેમણે જવાબ આપ્યો કે 'હે સ્વામિન્! આપે કહ્યું તે સઘળું અમે આ પ્રકારથી દેખીએ છીએ.' ત્યારપછી કળાગુરૂએ ભુવનભાનુકુમારને પૂછ્યું કે 'હે કુમાર! તું શું જુવે છે?' કુમારે જવાબ આપ્યો કે 'હું ફક્ત ચાષપક્ષીની ડાબી ચક્ષુજ જોઉં છું તે સિવાય બીજું કશું જોતો નથી.' તે સાંભળીને જ્ઞાનાનંદ ગુરૂએ ભુવનભાનુની પીઠ થાબડી અને કહ્યું કે-'હે કુમાર! તમને રાધાવેધનો વિધિ સિદ્ધ થઈ ગયો છે.

કારણકે વૃક્ષાદિ અન્ય આલંબનોવડે કરીને તમારૂં મનજરાપણ સ્ખલના પામ્યું નહિ, તેથી બુદ્ધિશાળી એવા તમને રાધાવેધની કળા પ્રાપ્ત થઇ ગઇ. કહ્યું છે કે–

धर्मे दया दानविधौ च धैर्यं, सुखे जलं लोभमपास्तपापे ।
शास्त्रेषु मूलं मुनि कारवा स्या-देकाग्रमेवाऽखिलकार्यसिद्धेः ॥ १ ॥

'આ જગતની અંદર ધર્મનું મૂળ દયા છે, દાનનું મૂળ ધૈર્ય છે, સુખનું મૂળ જળ છે, પાપનું મૂળ લોભ છે, શાસ્ત્રનું મૂળ ફેરો (અક્ષરો) છે અને સમગ્ર કાર્યની સિદ્ધિ કરવાનું મૂળ એકાગ્રતા છે.'

કળાગુરૂ બોલ્યા કે–'તેથી કરીને હે ક્ષત્રિયો! આ ભવમાં અને પરભવમાં મનની સ્થિરતાપૂર્વક એકાગ્રતા વાંછિત ફળ આપવાવાળી છે.'

ભુવનભાનુનું સમગ્રકળામાં કુશળપણું—ત્યારપછી જ્ઞાનાનંદગુરૂ સર્વે ક્ષત્રિયપુત્રોને સાથે લઇને ભીમસિંહરાજાની સભામાં ગયા. ત્યાં રાજાએ કળાગુરૂને આસન આપવા પૂર્વક સન્માન કરીને પૂછ્યું કે–'મારો પુત્ર યુદ્ધને વિષે કુશળ થયો?' તે સાંભળી આનંદિત થયેલા જ્ઞાનાનંદગુરૂએ જવાબ આપ્યો કે 'હે રાજન્! તમારો પુત્ર વિનયવડે કરીને યુદ્ધની સર્વ કળામાં કુશળ થયેલ છે વધારે શું કહું પણ પ્રશસ્ત દેહ છે જેનો એવો તમારો પુત્ર લાવણ્ય અને પુણ્યની પ્રબંધાવડે સમગ્ર કળાના પારગત અને ગુણના સમૂહરૂપ મણિઓને નિધિ થયેલ છે.'

જ્ઞાનાનંદગુરૂનો સત્કાર—ત્યારપછી રાજાએ જ્ઞાનાનંદ કળાગુરૂને પૂછ્યું કે–તમને અત્યંત આનંદ ઉપજાવનારૂં એવું હું આજે શું દાન આપું? કહ્યું છે કે–

[illegible]
[illegible] ॥ १ ॥

'જે માણસ જન્મ દેનારને, શરણ દેનારને અને કળા આપનારને ઘણું ધન આપીને તેને ઋણ રહિત બનવા [illegible]

છે તે માણસ રત્નોને ગ્રહણ કરીને તેનાં બદલામાં હોતરા આપનારની જેમ હાસ્યને પામે છે.' તેમ છતાં પણ–

कृतोपकाराय नराय लोके, स्वशक्त्यनुमानेन सदोपकार्यम् ।
संप्रीणतः किं वसुधां सुधाभि-र्न मुच्यतेऽप्रेमशशिनो दृशोऽन्तः ॥ १ ॥

'જે માણસે ઉપકાર કર્યો હોય તેના પર સર્વદા પોતાની શક્તિ અનુસારે ઉપકાર કરવો, કારણ કે અમૃતવડે જગતને આનંદ પમાડતા ચંદ્રની સમીપ શું લોકો પોતાની સ્નેહવાળી દૃષ્ટિ નથી મૂકતા ? અર્થાત્ મૂકે છે.'

'તેથી કરીને હે શ્રેષ્ઠ પંડિત ! મારા હૃદયને આનંદ ઉપજાવનાર અને મારા પુત્રને શાસ્ત્રવિશારદ બનાવનાર એવા તમને તમારૂં મનવાંછિત શું આપુ તે કહો.' તે સાંભળી પ્રમોદયુક્ત બનેલા કળાગુરૂએ જરા હસીને કહ્યું કે–' હે ભૂમીશ ! આપે મારૂં સન્માન કર્યું તેથી મને આપની પાસેથી મનવાંછિત મળી ચૂક્યું છે તેથી તમારી પાસેથી કાંઇ માગવાનું નથી પણ સદ્ગુણના પાત્રરૂપ મારા છાત્ર ભુવનભાનુ પાસે હવે ઇચ્છિત એવું કાંઇક માગીશ.'

ભુવનભાનુની કળાગુરૂપ્રત્યે ભક્તિ—એ પ્રમાણે ગુરૂનું વાક્ય સાંભળીને હર્ષથી પ્રફુલ્લિત છે મુખકમળ જેનું એવો રાજપુત્ર ભુવનભાનુ ગુરૂને નમસ્કાર કરીને અંજલિ જોડી ભક્તિપૂર્વક બોલ્યો કે—'હે પૂજ્ય! સ્વર્ણ અને રત્નોથી પ્રાપ્ત ન થઇ શકે તેવી કળાઓને પ્રાપ્ત કરાવનાર આપને આ જગતમાં મનુષ્ય કયું દાન આપી શકે ? અર્થાત્ એવી એકે આપવાયોગ્ય વસ્તુ નથી કે જે આપીને તમારો બદલો વાળી શકાય. તેમ છતાં પણ મારો જન્મ કૃતાર્થ કરવાવાળું કાંઇક પણ આપને અભિષ્ટ હોય તે માગો.' તે સાભળીને કળાચાર્યે કહ્યું કે–'હે રાજસુનો! હું કહું તે તમે સાભળો.'—

જ્ઞાનાનંદ ગુરૂએ દીધેલી ભુવનભાનુને શિક્ષા—કળાચાર્યે ભુવનભાનુને કહ્યું કે—' સમગ્ર કળાઓની અંદર

ભુવનભાનુને દિવ્ય પત્રિકાનું પ્રાપ્ત થવું--એકદા સ્નાન કરીને અને પવિત્ર વસ્ત્રને ધારણ કરીને ભુવનભાનુકુમાર દેવગૃહમાં જિનેશ્વરની પૂજા કરવા વાસ્તે ગયા. તે વખતે પોતાના હાથે પ્રભુના નિર્માલ્યને ઉતારતાં જિનેન્દ્રની મૂર્તિના હસ્તમાં રહેલી એક દિવ્ય પત્રિકા તેણે જોઇ. સ્વર્ણ અક્ષરોવાળા બે શ્લોક છે જેમાં એવી તે પત્રિકાને લઇને વિસ્મયતાથી વાસિત છે મન જેનું એવા કુમારે નીચે પ્રમાણે વાંચી–

> योऽत्र दुःख–सुखपूरगतोऽपि स्वीयसत्त्वतरणीं न विमुञ्चेत् ।
> गर्व–दैन्यजलधिद्वयमध्ये नो पतेत् स गतपातकभारः ॥ १ ॥

'આ લોકની અંદર સુખ અથવા દુઃખના પૂરમાં આવી પડ્યા છતાં જે મનુષ્ય પોતાની સત્ત્વરૂપી નૌકાને ત્યાગ કરતો નથી તે મનુષ્ય પાતકના ભારને નાશ કરતો સતો ગર્વ અને દીનતારૂપી બે સમુદ્રમાં પડતો નથી.' વળી–

> पूर्वकर्मवशतः सुखिनः स्युर्दुःखिनश्च भुवने भविनोऽमी ।
> धीरधीभिरिति तत्त्वमवेत्य सत्त्वमेव सततं करणीयम् ॥ २ ॥

'આ સંસારની અંદર જીવો પૂર્વકર્મના વશથકી સુખી અથવા દુઃખી થાય છે વાસ્તે ધીરપુરૂષોએ એ પ્રકારના તત્ત્વને સમજીને સર્વદા સત્ત્વનો આદર કરવો.'

એ પ્રમાણે તે દિવ્ય પત્રિકાને વારંવાર વાચી વાંચીને કુમારે પોતાના ચિત્તને પ્રમોદરૂપી ક્ષીરસાગરમાં સ્નાન કરાવ્યું ત્યારપછી શ્રી વીતરાગની પૂજા કરીને તે રાજપુત્રે અંને કાવ્યોનું સ્મરણ કરવાપૂર્વક તે દિવસ નિર્ગમન કર્યો કુમારે સાયંકાળે પણ જિનેશ્વરનું પૂજન કર્યું અને રાત્રિ થઇ એટલે શરીરના સુખને વાસ્તે શય્યામાં સુતા અને નીદ્રવશ થયા.

ભુવનભાનુનું વિરૂપા નારીને દેખવું–ત્યારપછી અત્યંત સત્ત્વવાન્ કુમાર જેટલામાં જાગ્યા તેટલામાં તેણે સમીપમાં રહેલી એક વિરૂપ અંગવાળી સ્રીને દેખી, તે સ્રીને વાકી નાસીકાવાળી, રૌદ્ર ચક્ષુવાળી, ભીષણ ઉદરવાળી દીર્ઘ ઓષ્ઠવાળી, અને લાંબા

પેટી શોધવા લાગ્યા, પણ જેવી રીતે પાપિષ્ઠ પુરૂષને સમ્યકત્વ પ્રાપ્તિ થાય નહિ તેવી રીતે તેને તે મળી નહિ. તે સોનામહોરની પેટી હાથ નહિ આવવાથી રાજકુમારે વિચાર્યું કે–'કાગડાના શબ્દથી સૂચવાયેલું આ નવું કષ્ટ ઉત્પન્ન થયું'.' કુમાર એ પ્રમાણે ચિંતવે છે એટલામાં તે શ્યામ પુરૂષ નગરમાંથી પાછો આવ્યો અને હર્ષથી વાચાળપણે બોલવા લાગ્યો કે–'હે દેવ! તમારી સહાયતાથી મેં મારૂં સમગ્ર કુટુંબ અને ઘર અગ્નિથી બચાવ્યું છે, તેથી કરીને સર્વ ઉપકારને કરવાવાળા તમે લાંબો કાળ વિજય પામો; હવે મને મારી થાપણ તરીકે આપેલી સોનામહોરની પેટી પાછી આપો.'

ભુવનભાનુકુમારની ચિંતા— એ પ્રમાણે સ્પષ્ટ રીતે સોનામહોરની પેટીની માગણી કરતા તે પુરૂષને જોઈને ભુવનભાનુકુમાર ચિંતાથી વ્યગ્ર બન્યા અને વિચારવા લાગ્યા કે–'હું બોલવામાં કુશળ છું, છતાં પણ આ પુરૂષને મારે શું કહેવું તે મને કાંઈ સુઝતું નથી કાગડાની સન્મુખ સોનામહોરની પેટી ફેંકી અને કાગડો તેને ઉપાડી ગયો એવું મારૂં બોલવું વિશ્વાસ રાખવા યોગ્ય કેમ બને? જો કે તે અસંભાવ્ય દેખાય છે છતાં પણ હું તો સત્ય હકીકત કહીશ સત્ય વચનને બોલતા અને ધર્મના માર્ગ પર રહેતા એવા મને સુખ અથવા દુઃખ જે થવાનું હેય તે થાઓ.' એ રીતે ચિત્તવડે નિશ્ચય કરીને ખેદથી યુક્ત એવા કુમારે સોનામહોરની પેટીનો વૃત્તાંત જેવી રીતે બન્યો હતો તેવી રીતે કહી દીધો. કુમારનું કહેવું સાંભળીને ક્રોધથી યુક્ત થયેલા તે પુરૂષે કઠોર શબ્દો કહ્યા કે–' રે! રે! તારાવડે પણ થાપણ ઓળવવાનું કાર્ય કરાયું? જ્યારે તારા જેવો માણસ મારા જેવાનું દ્રવ્ય લઈ જશે તો પછી આ જગતની અંદર કોણ કોનો વિશ્વાસ કરી શકશે? હવે હું તો જાઉં છું પણ તું મારી સોનામહોરો આવતા ભવમાં દેજે' એટલું કહીને કોપથી વ્યાકુળ બનેલો તે પુરૂષ ચાલવા લાગ્યો.

પણ તમારૂં સમગ્ર કામ સાત પ્રહરસુધી કરીને દિવસના છેલ્લા પ્રહરે વનમાં જઈને હું ફળો ખાઇ નિર્વાહ કરીશ.'

ભુવનભાનુકુમારનું ચંડાળના કિંકરપણે રહેવું— ભુવનભાનુ કુમારે જ્યારે એ પ્રમાણે કહ્યું ત્યારે તે પુરૂષે પૂછ્યું-'શું તું મારૂં સમગ્ર કામ કરીશ?' કુમારે જવાબ આપ્યો-'હે ભાઇ! તું કોણ છો અને તારે શું શું કામ કરવાનું છે? તે કહે.' તે પુરૂષ ગર્વ સહિત બોલ્યો-'આ જગતની અંદર સર્વે ચંડાળોના સ્વામી એવા મને ચંડમુંડના નામથી કોણ ઓળખતું નથી! અર્થાત્ હું ચંડમુંડ નામનો સર્વ ચંડાળોનો સ્વામી છું, અને તારે સ્મશાનની અંદર રહીને મૃતક મનુષ્યોના વસ્ત્રને ગ્રહણ કરવા. આ કામ તારે પાંચ માસસુધી કરવું જેથી તું મારા દેવામાંથી છુટો થઇ શકીશ.' એ રીતનું ચંડાળનું કહેવું સાંભળીને કુમારે વિચાર્યું કે-'અરે! મારે ચંડાળને ઘરે કિંકર તરીકે રહેવાનું ભાવી હશે! પાપનું ફળ શોચનિય હોય છે. આ દેહવડે ગમે તેવા પ્રકારનું કાર્ય કરીને જો દેહધારી ઋણ રહિત બને તો તે પૃથ્વીની ગુફાવડે જાગૃત થયેલો સિંહ જેમ નાશી જાય તેની જેમ મહાન લાભ થયો ગણાય.' એ રીતે સુંદર આશયવાળા કુમારે વિચારી ચંડાળને કહ્યું કે- હે ભાઇ ! હું તમારો કિંકર થયો છું.'

કુમારનું જિનેશ્વરની મૂર્તિને વૃક્ષની કોટરમાં મકવું—એ પ્રમાણે ભુવનભાનુકુમારે કિંકરપણું સ્વીકારીને ચંડાળને પૂછ્યું કે-'જો આપ કહો તો આ મારા જિનેશ્વરદેવની મૂર્તિ કોઈ પવિત્ર સ્થાને મૂકીને તુરત પાછો આવું.' ચંડાળે જવાબ આપ્યો 'રે! શું તારે પણ દેવ છે? પરદ્રવ્ય હરણ કરીને અધમ બનેલા તારે શું પવિત્ર થવાનું? અથવા તું જા અને કોઇ ઠેકાણે તારી મૂર્તિને રાખીને સ્મશાનમાં વહેલો આવ.' એ રીતનો ચંડાળનો આદેશ મેળવીને રાજપુત્ર ઉતાવળો ચાલ્યા. આગળ જતાં તેણે ઘણી શાખાવાળું એક વડલાનું વૃક્ષ જોયું. તેના

એક કોટરમાં જળકાન્તમણિની જિનમૂર્તિ સુવર્ણના કાગળમાં રાખીને મૂકી. તે વખતે અત્યંત ભાવનાથી ભરપૂર કુમાર મોટા મોટા અશ્રુ મૂકતા શ્રી વીતરાગદેવને ઉદ્દેશીને બોલ્યા કે-'પૂર્વ ભવના પાતકવડે હું દુર્દશાને પ્રાપ્ત થયેલો છું, તેથી હે પ્રભુ! શરીરવડે તમારાથી મને છુટા પડવાનો વખત આવ્યો છે, પણ મનથી તો હું કદી પણ તમારાથી છુટો પડું તેમ નથી.' એ પ્રમાણે કુમારે બોલીને શ્રી વીતરાગની મૂર્તિ કોટરમાં મૂકી. એ વામાં 'રે કર્મદૂત! એ પ્રમાણેના સંબોધનપૂર્વક સ્મશાનભૂમિમાં રહેલો ચંડાળ રાજપુત્રને બોલાવવા લાગ્યો:-'રે! જલદી કેમ આવ્યો નહિ.' કુમાર બોલ્યા-'હે સ્વામિન્! આપને જે કામ મારી પાસેથી લેવાનું હોય તે ફરમાવો.' તે સાંભળી ચંડાળ અત્યંત ગર્વથી બોલ્યો કે-'તારે મૃતકોના વસ્ત્રો લેવા રાત્રે અહિં સ્મશાનમાં રહેવું અને ચિતાની અંદર નહિ બળેલા કાષ્ઠને પણ સર્વ ઠેકાણેથી લાવીને ભેગા કરવા.' એ પ્રમાણેના ચંડાળનો હુકમ મેળવીને રાજકુમાર મનની અંદર સર્વજ્ઞદેવનું અત્યંત સ્મરણ કરતા સ્મશાનમાં રહ્યા.

એક યોગીનું આગમન—ચંડાળની આજ્ઞાનુસાર કામ કરતા રહેલા. કુમારની [illegible]

[illegible]

પણ તમારૂં સમગ્ર કામ સાત પ્રહરસુધી કરીને દિવસના છેલ્લા પ્રહરે વનમાં જઇને હું ફળો ખાઇ નિર્વાહ કરીશ.'

ભુવનભાનુકુમારનું ચંડાળના કિંકરપણે રહેવું— ભુવનભાનુ કુમારે જ્યારે એ પ્રમાણે કહ્યું ત્યારે તે પુરૂષે પૂછ્યું- 'શું તું મારૂં સમગ્ર કામ કરીશ?' કુમારે જવાબ આપ્યો-'હે ભાઇ! તું કોણ છો? અને તારે શું શું કામ કરવાનું છે? તે કહે.' તે પુરૂષ ગર્વ સહિત બોલ્યો-' આ જગતની અંદર સર્વે ચંડાળોના સ્વામી એવા મને ચંડમુંડના નામથી કોણ ઓળખતું નથી? અર્થાત્ હું ચંડમુંડ નામનો સર્વ ચંડાળોનો સ્વામી છું, અને તારે સ્મશાનની અંદર રહીને મૃતક મનુષ્યોના વસ્ત્રને ગ્રહણ કરવા. આ કામ તારે પાંચ માસસુધી કરવું જેથી તું મારા દેવામ થી છુટો થઇ શકીશ.' એ રીતનું ચંડાળનું કહેવું સાંભળીને કુમારે વિચાર્યું કે-' અરે! મારે ચંડાળને ઘરે કિંકર તરીકે રહેવાનું આવી રહ્યું! પાપનું ફળ શોચનિય હોય છે. આ દેહવડે ગમે તેવા પ્રકારનું કાર્ય કરીને એ દેહધારી ઋણ રહિત બને તો તે વૃત્તિની મુક્તિવડે જાગૃત થયેલો સિંહ જેમ નાશી જાય તેની જેમ મકરન્દ કામ થયે જાય.' એ રીતે સુંદર આશય [illegible] કુમારે [illegible] ચંડાળને કહ્યું કે 'હે ભાઇ! હું તમારો કિંકર થયો છું.'

કુમારનું જિનેશ્વરની મૂર્તિને વૃક્ષની કોટરમાં મૂકવું— એ પ્રમાણે ભુવનભાનુકુમારે કિંકરપણું સ્વીકારીને ચંડાળને પૂછ્યું કે 'જો આપ કહો તો આ મારા જિનેશ્વરદેવની મૂર્તિ કોઇ પવિત્ર સ્થાને મૂકીને તુરત પાછો આવું.' ચંડાળે જવાબ આપ્યો કે 'શું તારે પણ દેવ છે?' પરિહાસ કરીને બોલ્યો કે અનેકવાર તારે શું પવિત્ર થવાનું? અથવા તું અને કોઇ ઠેકાણે તારી મૂર્તિને મૂકીને સ્મશાનમાં વહેલો આવ.' એ રીતનો ચંડાળનો આદેશ મેળવીને રાજપુત્ર ઉતાવળે ચાલ્યા. આગળ જતાં તેઓ ઘણી શાખાવાળું એક વડલાનું વૃક્ષ જોયું તેના

સમર્થ એવા ઘણા મંત્રો સંભાર્યા પણ તે સઘળાં નિષ્ફળ થયા. કહ્યું છે કે—

> मन्त्र-तन्त्र-वरयन्त्रसमूहा, औषधानि च यतः सुतपांसि ।
> वाञ्छितानि ददतेऽत्र परत्र, ब्रह्म तद् विजयतां व्रतराजः ॥१॥

'જે બ્રહ્મચર્યવ્રતથી મંત્રો, તંત્રો, શ્રેષ્ઠ યન્ત્રો, ઔષધો અને સુંદર તપો આભવ અને પરભવમાં વાંછિત ફળ દેવાવાળા થાય છે, તે સર્વ વ્રતોમાં શિરોમણિ એવું બ્રહ્મચર્યવ્રત વિજય પામો.' વળી કહ્યું છે કે-

> कीर्तयेतः स्फूर्तिमियर्ति विश्वे, यतः शुचि स्यादिह देहमेतत् ।
> यतश्च मोक्षः स भवेत् परत्र, तद् ब्रह्म जीयाद्वरशिरस्त्रतेन्द्रः॥ २ ॥

'જેનાથી આ જગતની અંદર કીર્તિ વિસ્તાર પામે છે અને જેનાથી આ દેહ પવિત્ર થાય છે તથા જેનાથી પરભવમાં મોક્ષ મળે છે, તે સઘળાં વ્રતોમાં શ્રેષ્ઠ એવું બ્રહ્મચર્યવ્રત જયવંતુ વર્તો.'

ભુવનભાનુકુમારે કરેલી યોગીની રક્ષા.—વળી યોગીએ કહ્યું કે-'હે કુમાર! તે પ્રગટ થયેલો રાક્ષસ મારી એક ભુજાને ખાઇ ગયો છે અને તેનાથી ભય પામેલો હું મારી રક્ષા માટે નાસીને તમારે શરણે આવેલો છું.' યોગીનો વૃત્તાંત સાંભળીને કુમારે કહ્યું-'હે યોગિન! તમે શરીર ઉપર ધારણ કરેલી કંથા મને આપો જેથી હું તમારૂં રૂપ ધારણ કરી રાક્ષસને સંતુષ્ટ કરૂં.' યોગી બોલ્યો-'હે ભાઇ! તમારૂં આવું સુંદર શરીર તેને કેમ આપશો? કારણકે આ શરીરથી ધર્મ, અર્થ, કામ અને મોક્ષ સાધી શકાય છે' કુમાર બોલ્યા-'હે યોગિન! અન્યના રક્ષણ માટે પોતાના પ્રાણો અર્પણ કરવાથી ધર્મ અર્થ કામ અને મોક્ષ સર્વે સંપૂર્ણપણે સધાઇ જાય છે. વળી શ્વાસથી નીકળતી મોટી જ્વાળાવડે મેં તે રાક્ષસને આવતો દીઠો છે અને હે યોગીન્દ્ર! તમે જુઓ કે તે આવે છે, માટે પ્રસાદ કરીને જલદી તમારી કંથા મને આપી તમે નાસી જાઓ, એટલે તમારો વેષ

ધારણ કરીને તે રાક્ષસને હું સંતુષ્ટ કરૂં.' યોગી બોલ્યો-' હે ભાઇ! મારે એકજ હસ્ત છે અને બીજો હસ્ત તો રાક્ષસ ખાઇ ગયો છે તેથી હું મારા શરીર ઉપર રહેલી કંથા ઉતારવાને પણ સમર્થ નથી.' તે સાંભળી કુમારે તે યોગીના શરીર ઉપરથી પોતાને હાથે કંથા ઉતારીને પોતે ધારણ કરી લીધી એટલે તે યોગી નાસી ગયો. યોગીની એક ભૂજા રાક્ષસથી ખવાઈ ગયેલી જોઇ એટલે ભુવનભાનુકુમારને હૃદયમાં ચિંતા ઉત્પન્ન થઇ કે-'અહહ! એક હસ્તથી હીન એવા બીચારા આ યોગીની શી દશા થશે!' એટલામાં વીકરાળ દ્રષ્ટિવાળો રાક્ષસ કુમાર પાસે આવી પહોંચ્યો અને દુષ્ટતાથી અધરને ડશતો સ્પષ્ટરીતે બોલ્યો કે-' રે! રે! યોગીન્દ્ર! મારા દાંતમાંથી ચણાના કણની જેમ વેગથી નીકળી જઇને નાસી ગયેલો પાપી એવો તું શું જીવતો રહેવાનો છે?'

રાક્ષસથી ભક્ષણ કરાતા ભુવનભાનુની ભાવના— એ પ્રમાણે કહીને દુષ્ટ રાક્ષસે અત્યંત ક્રોધથી તીક્ષ્ણ દાઢાઓ વડે રાજપુત્ર ભુવનભાનુના શરીરનું ભક્ષણ કરવા માંડ્યું. પોતાના શરીરને રાક્ષસથી ભક્ષણ કરાતું જોઇને સત્ત્વવાન કુમાર હર્ષથી વિચારવા લાગ્યો કે-'ખરેખર આજ મારો દેહ કૃતાર્થ થયો. કારણકે મેં પૂર્વે વિવિધ પ્રકારના પાપકાર્યો કરીને જે ઘણું દુઃખ પમાડવા યોગ્ય કર્મ ઉપાર્જન કર્યું છે તે સઘળું કર્મ જો આ એક શરીરના ક્ષયથી નાશ પામતું હોય તો મને શું બાધ છે? વળી રે શરીર! તારા નાથરૂપ આત્માએ તને વિવિધ પ્રકારના ભોગો કરાવ્યા છે તે આત્માને પોતાને બદલે [illegible] કરીને દુર્ગતિરૂપી [illegible]થી તું આજે મૂકાવે છે તેથી તું આજે [illegible] બન્યું છે.' એ પ્રમાણે ધર્મ[illegible] બદ્ધ છે મન જેનું એવા કુમારને રાક્ષસથી ભક્ષણ થતા પોતાના શરીર સંબંધી જરા પણ દુઃખ થયું નહીં વળી રાક્ષસ બોલ્યો 'હે યોગીન્દ્ર! [illegible] મર્દન કરીને મંત્ર સાધનાર એવા તને આ [illegible] છે કે નહીં?'

કુમારે જવાબ આપ્યો-'તમે આ દંડ યોગ્યજ આપ્યો છે. વળી મારા સાથળમાં હજુ પણ માંસ રહેલું છે તે તમે ભક્ષણ કરો.'

રાક્ષસની વિસ્મયતા—ભુવનભાનુકુમારે બાકી રહેલું સાથળનું માંસ ખાવાને કહ્યું તે સાંભળી રાક્ષસ જો કે નિષ્ઠુર હતો તો પણ તેના રોમાંચ સાત્વિક એવા તે કુમારને જાણે જોવાને હોય તેમ ખડા થઇ ગયા. રાક્ષસે વિસ્મયતાથી વિચાર કર્યો કે-'નક્કી આ તે યોગી નથી, કારણ કે જગતમાં જે ચલિત ચિત્તવાળો હોય છે તે દુઃખને સહન કરવામાં કદી સમર્થ હોતો નથી.' એ પ્રમાણે નિશ્ચય કરીને રાક્ષસ ઉભો થયો અને કુમારનું મુખકમળ પોતાના હસ્તવડે ઉંચું કરીને જોવા લાગ્યો. હૃદયરૂપી ચકોરને પૂર્ણચંદ્ર તુલ્ય અને લોચનરૂપી ભ્રમરોને શ્રેષ્ઠ કમળ સરખું કુમારનું મુખ જોઇને દુઃખવડે અશ્રુથી યુક્ત થઇ છે ચક્ષુઓ જેની એવો રાક્ષસ બોલ્યો કે-'હા ! હા ! જગતની અંદર કલ્પવૃક્ષ સમાન અને સત્વરૂપી અમૃતના કુંડ સમાન આ નરોત્તમનું મેં મહાન અહિત કર્યું.'

રાક્ષસે પ્રસન્ન થઇને ભુવનભાનુને જીવિત દીધું—પછી તે રાક્ષસ ખેદ કરવા લાગ્યો કે-" જેણે યોગીનું રક્ષણ કરીને પોતાના દેહનું અર્પણ કર્યું તે પરોપકારી પુરૂષને હું કેમ મારી શકું?" એ પ્રમાણે વિચારી રાક્ષસે મૂર્છા પામેલા સુકુમાર કુમારને શરીરે વ્રણ રૂઝાવવાની ઔષધિનું વિલેપન કર્યું. વ્રણના રૂઝાવાથી ચેતનાવાળા થયેલા ભુવનભાનુકુમાર 'મારા દેહનું ભક્ષણ કર' એમ ફરીથી બોલતા ઉભા થયા. કુમારના વાક્યથી અત્યંત તુષ્ટમાન થયેલો રાક્ષસ સર્વ જીવો ઉપર હિત કરવાવાળા અને સત્વથી યુક્ત કુમારને નમીને તથા સ્તવના કરીને અદ્રશ્ય થઇ ગયો.

સુકુમારનું સ્મશાનમાં કાષ્ઠ ગ્રહણ—પછી કુમાર પાછા આવ્યા એટલે ચંડાળે આવીને તેને આક્રો- ' રે ! અર્ધ બળેલા કાષ્ઠોને તેં કેમ હજુ

સુખ ભોગવે છે. આથી કરીને મૃત્યુ પામેલા આ સત્પુરૂષનાં શરીર ઉપર રહેલું વસ્ત્ર વસ્ત્રોનું દાન દેનારો હું કેવી રીતે માગું? વળી ચોરોથી લઈ જવાતા વસ્ત્રોનું જે હું રક્ષણ કરવાવાળો તે હું આ મૃતકનું વસ્ત્ર લેવાને લાંબો હાથ કેમ કરૂં !' એ પ્રમાણે કુમાર ચિંતવના કરે છે એટલામાં ચંડાળ બોલ્યો, કે-'અરે ! જલદી કેમ જતો નથી?' તે સાંભળી ચંડાળથી અત્યંત ભય પામતા કુમાર વેગથી ગયા. કુમાર મરણને વશ થયેલાની પાસે જઈને ફરીથી વિચાર કરવા લાગ્યા કે-' ધર્મશાસ્ત્રના રસથી વ્યાપ્ત બનેલી મારી જીહ્વા આ મૃતકના વસ્ત્રની યાચના કેમ કરે ? અથવા યાચના કરવા ઉચિત થતી નથી, કારણકે દાન દેવાવાળો મારો જમણો હસ્ત જે સત્પાત્રોના હસ્તથી ઉંચો રહેવા વળે થયો છે તે અત્યારે મૃતકના વસ્ત્રને લેવા નીચો કેમ થાય? અથવા જે હસ્તે ચંડાળનું ઋણ કર્યું છે તે અધમ હસ્તે માગણી કરવીજ જોઈએ; કારણ કે ઉગ્ર પાતક આ ભવમાંજ ફળે છે. કહ્યું છે કે—

> स्वशरणस्य वधो गुरुतापनं, पिशुनता स्वामिनां पितृवञ्चनम् ।
> स्थापनिकाहरणं शिशुहिंसनं, ध्रुवमिहाऽन्य भवेऽपि फलन्त्यहो ! ॥१॥

'પોતાને શરણે આવેલાનો વધ કરવો, ગુરૂને ખેદ ઉપજાવવો, તે પુરૂષોની ચાડી કરવી, માતાપિતાને ઠગવું, થાપણ ઓળવવી અને બાળકની હિંસા કરવી-એ સર્વ આ ભવમાં તેમજ પરભવમાં ફળે છે.'

માટે હે હસ્ત ! તે પોતે ઉપાર્જન કરેલા પાપનું મૃતકના વસ્ત્રની યાચના કરવારૂપ ફળ ભોગવ અને તે વસ્ત્ર લેવા આગળ થા.' એ પ્રમાણે ચિંતવન કરીને કુમારે પોતાનો હસ્ત મૃતકનું વસ્ત્ર લેવા લંબાવ્યો. એટલામાં પૌરવાસીઓનાં મુખમાંથી સ્પષ્ટ વાણી નીકળી કે 'અહો ! વસંતસેન અત્યંત ભાગ્યશાળી છે કે જેના મરણ વખતે શ્રેષ્ઠ આચારથી યુક્ત અને સુંદર આકૃતિ-

ત્રણ પ્રહર સુધી રહ્યાં અને માણસોને પૂછવા છતાં પણ કોઇએ ચંડમુંડ અત્યંજના સમાચાર આપ્યા નહિ. ' શું આ ઇંદ્રજાળ કે સ્વપ્ન કે શું અત્યંત મોહ ? કે મને શું થયું ? ' એ રીતે ધ્યાન કરતા કુમાર તે દિવસના ચોથા પ્રહરે ઉભા થયા.

વડલાના કોટરમાં રાખેલી મૂર્તિને ગ્રહણ કરવું--જેનું ભવિષ્ય શ્રેયકારી છે એવા ભુવનભાનુકુમારે ત્યાંથી ચાલીને નજીકમાં રહેલી શીતળ જળથી ભરેલી ચંદ્રશિશિરા નામની નદીએ જઇને શીઘ્ર સ્નાન કર્યું. પછી સુંદર અધ્યવસાયવાળા કુમારે એક વાડીમાં જઇને પોતાની સ્વર્ણમુદ્રિકા આપીને શ્રેષ્ઠ પુષ્પો ગ્રહણ કર્યા અને જિનમૂર્તિ જ્યાં રાખી છે તે વડલાના વૃક્ષ પાસે ગયા. કુમારે હર્ષપૂર્વક કોટર પાસે જઇને જિનમૂર્તિથી મુક્ત શાખાને નમસ્કાર કર્યો અને તે સાથે લઇને જલદી ચંદ્રશિશિરા નદી પ્રત્યે ગયા.

જિનપૂજા પછી નદીના તટ ઉપર એક નિર્મળ શિલાતળને નમસ્કાર મંત્રનું સ્મરણ કરવા પૂર્વક જળથી સાફ કરી અને રત્નકાંતમણિના સ્તંભકાને ઉતારી બહુમાન કરવા યોગ્ય પ્રતિમાને ભક્તિથી તેમાં સ્થાપન કરી. પછી ભુવનભાનુ કુમારે પદ્મપત્રના પુટમાં જળ લાવવા અને કાંઠે ઉગેલા પાત્રરૂપ જિનબિંબનું સ્નાત્ર કર્યું. અંગ વિલેપન પૂર્ણ કરીને વિવિધ જાતના પુષ્પો કુમારે વિધિપ્રમાણે જિનેન્દ્રની પૂજા કરી તથા પરમેષ્ઠિપૂર્વક હાથ જોડીને ભ્રમરાના ગુંજારવ સાથે પરમાત્માની આરતી કરી. સ્નાત્રકર્મ વખતે મેરૂપર્વત ઉપર થતા જન્માભિષેકના સ્નાત્રનું ધ્યાન કર્યું, પૂજા અને આરતિ વખતે સમવસરણનું ધ્યાન કર્યું અને પછી જિનેશ્વરની કેવળી અવસ્થાનું ધ્યાન કરીને સ્તુતિ કરવા માંડી કે—' હે વીતરાગ ! તમારી વીતરાગતા અમારી પુજા એવા સર્વ જગતને નમાવે છે, કારણ કે નિસ્પૃહ અને કૃત્રિમ પ્રત્યેક અનુક્રમે પ્રગટે. આ ત્રણ લોક છે હે શ્રી જિનેન્દ્ર ! તમારી પુરૂષ

ગયા, એટલે કુમાર ભુવનભાનુ પુષ્ટ એવા સર્પના પુચ્છભાગનું અવલંબન કરીને જળનો સ્પર્શ કર્યા સિવાય વેગથી નદીમાં આવ્યા. અત્યંત નિર્મળ એવી તે ચંદ્રશિશિરા નદીના એક મોટા વિવરમાં તે સર્પ પેઠો અને કુમાર પણ તેની સાથે પાતાળમાં પહોંચ્યા.

નાગનગરનું વર્ણન– કુમાર પાતાળમાં પહોંચ્યા એટલે તેણે રત્નોથી નિર્માણ થયેલી સુંદર હવેલીઓવાળું એક નગર દીઠું તે નગરની શેરીઓ કામદેવનું જોર જ્યાં ન ચાલી શકે તેવી સુશીલ રમણીઓથી પૂર્ણ હતી અને તમામ રસ્તાઓ શીતળતાના મનોહર ગંધ વાળીથી વ્યાપ્ત હતા કર્ણને અમૃતના કોળીયા સમાન અને ધવળ ગીતોથી વ્યાપ્ત તે આખા નગરના ગૃહોને જોઈને એટલામાં કુમારની માનસિક વિચારણા ભટકતી તેટલામાં તે નગરનો કુમાર [illegible] છોડાવીને આકાશમાંથી [illegible] શ્રી [illegible] મૂર્તિનું હરણ કરીને [illegible] [illegible] કહ્યાવ્યા [illegible] તેમ કુમાર [illegible] [illegible] [illegible] [illegible] કુમારે [illegible] [illegible] કુમારે તે [illegible] [illegible]

[illegible]

ધારણ કરીને પોતાના ચાર હસ્તમાં સર્પ, દંડ, શંખ અને કુંભ રાખીને આવતા જોયા. સાત ફણાથી યુકત શેષ નામના સર્પને અશ્વારૂઢ થઈને કુંભ અને કમળને હસ્તમાં ધારણ કરીને આવતાં જોયા. મયૂરવાહનવાળા મહાપદ્મ નામના સર્પને શ્વેત વસ્ત્રોવાળા, પાંચ ફણાવાળા, કળશ અને શંખને ધારણ કરીને આવતા જોયા. પુલિક વાહનના સાત ફણાવાળા સર્પને કૃષ્ણ વસ્ત્રો ધારણ કરીને કમળ ઉપર આરૂઢ થઈને દંડયુકત આવતા જોયા. દશ ફણાથી યુકત અને શ્વેત વસ્ત્રોવાળા શંખ નામના સર્પને રથ ઉપર આરૂઢ થઇને શંખ અને કુંભ ધારણ કરીને આવતા જોયા. એ પ્રમાણે આવેલા સર્વે નાગેન્દ્રોએ કુમારના મસ્તક ઉપર પોતાના કુંભોમાંથી અમૃત કાઢીને નાખ્યું.

નાગદેવોએ કરેલી ભુવનભાનુની સ્તુતિ—ત્યારપછી સર્વ નાગદેવો આનંદથી આકાશમાં રહી ' હે સાત્વિક શિરોમણિ! તમે જય પામો, હે દયાળુ! તમે જય પામો, હે દાનીઓમાં અગ્રેસર તમે જય પામો, હે ક્ષત્રિયોત્તમ તમે જય પામો ' એમ બોલવાપૂર્વક ભુવનભાનુકુમારના મસ્તક ઉપર પુષ્પની વૃષ્ટિ કરી. પછી નાગરાજાઓએ કુમારને વસ્ત્ર અને આભૂષણોથી અલંકૃત કરીને રસ્તામાં અનેક પ્રકારના નાટક કરાવાપૂર્વક નગરમાં પ્રવેશ કરાવ્યો. બંદીજનોથી સ્તવના કરાતો અને નાગલોકથી યુક્ત શ્રી વાસુકિરાજ નીતિવાન કુમારને પોતાના આવાસમાં લઈ ગયા. રત્નસ્તંભોથી ભૂષિત મધ્ય સભામાં આવ્યા એટલે વાસુકીરાજ બોલ્યા—'હે ભુવનભાનો ! આ સિંહાસન ઉપર આપ બિરાજો.' કુમારે જવાબ આપ્યો —'હે નાગેન્દ્ર! જેના હસ્તમાંથી જિનેશ્વરની મૂર્તિ ચાલી ગઈ એવા અશક્તિવાન અને દુર્ભાગ્યથી યુક્ત મારી શા વાસ્તે હાંસી કરો છો ?' એ રીતે બોલીને ભૂમિ ઉપર બેસી જતા કુમારને ભુજંગરાજે ભદ્રાસન મંગાવીને તેની ઉપર પોતાની સમીપમાં બેસાડ્યા. પછી પ્રધાનમંડળ સઘળું પોતપોતાને આસને બેસી

ધારણ કરીને પોતાના ચાર હસ્તમાં સર્પ, દંડ, શંખ અને કુંભ રાખીને આવતા જોયા. સાત ફણાથી યુક્ત એન નામના સર્પને અશ્વારૂઢ થઈને કુંભ અને કમળને હસ્તમાં ધારણ કરીને આવતાં જોયા. મયૂરવાહનવાળા મહાપદ્મ નામના સર્પને શ્વેત વસ્ત્રોવાળા, પાંચ ફણાવાળા, કળશ અને શંખને ધારણ કરીને આવતા જોયા. પુલિક નામના સાત ફણાવાળા સર્પને કૃષ્ણ વસ્ત્રો ધારણ કરીને કમળ ઉપર આરૂઢ થઈને દંડયુક્ત આવતા જોયા. દશ ફણાથી યુક્ત અને શ્વેત વસ્ત્રોવાળા શંખ નામના સર્પને રથ ઉપર આરૂઢ થઇને શંખ અને કુંભ ધારણ કરીને આવતા જોયા. એ પ્રમાણે આવેલા સર્વે નાગેન્દ્રોએ કુમારના મસ્તક ઉપર પોતાના કુંભોમાંથી અમૃત કાઢીને નાખ્યું.

નાગદેવોએ કરેલી ભુવનભાનુની સ્તુતિ—ત્યારપછી સર્વે નાગદેવો આનંદથી આકાશમાં રહી 'હે સાત્વિક શિરોમણિ! તમે જય પામો, હે દયાળુ! તમે જય પામો, હે જ્ઞાનીઓમાં અગ્રેસર તમે જય પામો, હે ક્ષત્રિયોત્તમ તમે જય પામો' એમ બોલવાપૂર્વક ભુવનભાનુકુમારના મસ્તક ઉપર પુષ્પની વૃષ્ટિ કરી. પછી નાગરાજાઓએ કુમારને વસ્ત્ર અને આભૂષણોથી અલંકૃત કરીને રસ્તામાં અનેક પ્રકારના નાટક કરાવવાપૂર્વક નગરમાં પ્રવેશ કરાવ્યો. બંદીજનોથી સ્તવના કરાતો અને નાગલોકથી યુક્ત શ્રી વાસુકિરાજા નીતિવાન કુમારને પોતાના આવાસમાં લઈ ગયા. રત્નસ્તંભોથી ભૂષિત મધ્ય સભામાં આવ્યા એટલે વાસુકીરાજા બોલ્યા—'હે ભુવનભાનો! આ સિંહાસન ઉપર આપ બિરાજો.' કુમારે જવાબ આપ્યો –'હે નાગેન્દ્ર! જેના હસ્તમાંથી જિનેશ્વરની મૂર્તિ ચાલી ગઇ એવા અશક્તિવાન અને દુર્ભાગ્યથી યુક્ત મારી શા વાસ્તે હાંસી કરો છો?' એ રીતે બોલીને ભૂમિ ઉપર બેસી જતા કુમારને ભુજંગરાજે ભદ્રાસન મંગાવીને તેની ઉપર પોતાની સમીપમાં બેસાડ્યા. પછી પ્રધાનમંડળ સઘળું પોતપોતાને આસને બેસી

પચ્ચીસ લાખ નરકાવાસ છે, વાલુકાપ્રભા નામની ત્રીજી નરકમાં પંદર લાખ નરકાવાસ છે, પંકપ્રભા નામની ચોથી નરકમાં દશ લાખ નરકાવાસ છે, ધૂમપ્રભા નામની પાંચમી નરકમાં ત્રણ લાખ, તમઃપ્રભા નમની છઠ્ઠી નરકમાં એક લાખમાં પાંચ ઓછા, અને મહાતમઃપ્રભા નામની સાતમી નરકમાં પાંચ નરકાવાસ છે. એ પ્રમાણે ચોરાશી લાખ નરકાવાસમાં રહેલા પાપી જીવો નિરંતર અત્યંત દુઃખનો અનુભવ કરી રહ્યા છે.'

નારકીના દુઃખનું વર્ણન—એ પ્રમાણે નરકપૃથ્વીનું વર્ણન કર્યા પછી નાગરાજ તે નરકમાં રહેલા જીવોના દુઃખનું વર્ણન કરવા લાગ્યા કે–'ભાર્યા અને તેના પતિનો, સેવક અને તેના સ્વામીનો, શિષ્ય અને ગુરૂનો, સાસુ અને વહુનો તથા મિત્રે મિત્રનો જેટલો કાળ જેમણે વિયોગ કરાવ્યો હોય તેટલો કાળ તેમના મસ્તકો કેશવડે વૃક્ષની સાથે બાંધીને શરીરને કરવત વતી વિદારણ કરવામાં આવે છે. જેઓ ખોટા કલંકથી સજ્જન મનુષ્યને દોષિત કરે છે, વક્રચિત્તવાળા જેઓ સજ્જનોની ખોટી ચાડી કરે છે, જેઓ ઉપહાસવાળા વચનો બોલી જગતમાં ધર્મિષ્ઠ પુરૂષોને હલકા પાડે છે અને જેઓ દુષ્ટ વાણીવડે માતા પિતા તથા ગુરૂને પરિતાપ ઉપજાવે છે તેઓના વચનના અક્ષરની સંખ્યા પ્રમાણ સેંકડો વર્ષોસુધી તેઓની છેદ કરવાથી ફરીથી રૂઝાય તેવી જીવ્હા વજ્રના સરખા મુખવાળા પક્ષીઓથી છેદવામાં આવે છે. જે દુષ્ટોએ પરસ્ત્રી જોઇ હોય અને જોઇને તેને ભોગવી હોય તથા અધમ એવા જેમણે પોતે સાર્થને જોઇને ચોરોને મેળવી આપ્યા હોય તેવા પુરૂષોની ચક્ષુને તેના નિમેષના પ્રમાણવાળા લક્ષવર્ષો પર્યંત વજ્ર સરખા મુખવાળા પક્ષીઓ હમેશાં પોતાની તીક્ષ્ણ ચાંચોવડે ખોદે છે. સર્વ કુટુંબ એક સાથે રહેવા છતાં જે અત્યંત નિર્દય થઇ દ્રવ્યનું હરણ કરીને તથા કજીઓ કરીને એકલો ખાય છે અને એક સાર્થમાં સાથે આવેલા એવા

તન થયેલા કુમારે વિચાર કર્યો કે–' પાપની પુષ્ટિ કરવાવાળા જેઓ ધર્મ સાધવામાં કલ્પદ્રુમસમાન દેહ ફક્ત પોતાના સુખને માટેજ પ્રાપ્ત થયેલ છે એમ સમજે છે તેને ધિક્કાર હો.'

ભરતરાજાની વિમળાચળ યાત્રા—એકદા પુણ્યસૌરભમાં રક્ત એવા ભરતરાજાએ સ્ફટિકાચળ પર્વત ઉપર આદિજિનની સાથે રહેલા યતિઓને ભક્તિપૂર્વક વંદન કરતાં પ્રથમ ગણધર પુંડરીકસ્વામીને દેખ્યા નહિ. તે વખતે આદિનાથને પ્રશ્ન કર્યો કે–'હે ભગવન્! અત્યંત તેજસ્વી, પવિત્ર ચારિત્રમાં રક્ત અને કુમાર્ગને છેદનારા એવા આપના મુખ્ય ગણધર અત્યારે કઈ ભૂમિને અલંકૃત કરે છે?' પ્રથમ તીર્થપતિએ જવાબ આપ્યો કે–'હે ચક્રનાયક! સાંભળો. એ શ્રેષ્ઠ ગણધર દરેક ઠેકાણે ભવ્યજીવોનો ઉદ્ધાર કરતા કરતા અત્યારે વિમળાચળ પ્રત્યે ગમન કરી રહ્યા છે. મારા ઉપદેશથી વિમળાચળ પ્રત્યે જતા એવા તે પુંડરીકગણધરને વિમળાચળ પ્રાપ્ત કરવાથી સ્ફુટ એવું કેવળજ્ઞાન ઉત્પન્ન થશે. મારી સાથે રહેલા યતિઓ પુંડરીકસ્વામીના કેવળજ્ઞાન ઉત્સવની વિધિને જોવાની ઇચ્છાવાળા હોવાથી અમે અત્યારે વિમળાચળ પ્રત્યે જવાને ઉદ્યમવાળા થયેલા છીએ.' એ પ્રમાણે પ્રથમ તીર્થપતિનું પુણ્યને પુષ્ટિ કરનારૂં વચન સાંભળીને અત્યંત પ્રમોદયુક્ત બનેલા ભરતરાજા બોલ્યા કે-'હે ભગવન્! આપ કૃપા કરીને પુણ્યના કારણભૂત વિહાર કરો. અને સ્વજન કુટુંબ યુક્ત હું આપની સાથે વિમળાચળ આવીને મારા દેહને પવિત્ર કરૂં.' એ રીતના વચનોથી ચક્રવર્તીના હૃદયને અત્યંત પવિત્ર જાણીને તેમજ વિઘ્નનો નાશ કરવાવાળા પ્રથમ જિનપતિ મનુષ્યોને ઘણા પુણ્યના લાભનું કારણ સમજીને વિમળાચળ જવા સ્ફટિકાચળથી નીકળ્યા.

યાત્રાને માટે ઘોષણા—ત્યારપછી ભરતમહારાજાએ તુરત પોતાની અયોધ્યા નગરીમાં આવીને સ્વજન, બંધુવર્ગ તથા પુરના

પુષ્પજનો વિગેરે જેને વિમળાચળ જવાની ઇચ્છા હોય તેમને તૈયાર થઈ સાથે આવવા ઘોષણા કરાવી.

યાત્રા મહોત્સવ—જ્યોતિષીઓએ કહેલા શુભ દિવસે સંઘા-દેવીએ ભરતરાજાને સ્નાન કરાવ્યું, રોહિણી આદિ મોટી દેવીઓએ માંગલિક કર્યું, ઇંદ્રે મસ્તક ઉપર તિલક કર્યું, અને દેવીઓએ મંગળગીત ગાયા. ભરતરાજાએ તે વખતે ઇંદ્રે આપેલા જિનબિંબનું પૂજન કર્યું. શુભ ભાવનાથી ઇંદ્રે તે વખતે જિનબિંબને સારી રીતે રાખવાને મણિના દેવાલયથી યુક્ત પૈડાનો રથ સંધાતિ ભરતને અર્પણ કર્યો રાજાએ જિનબિંબની પૂજા કરી તે બિંબને રથ ઉપરના દેવમંદિરમાં સ્થાપન કર્યો. તે વખતે નક્ષત્રમંડળના સ્વામી ચંદ્ર અગ્નિના રંગથી પોતાના અશ્વોને લઈને આવ્યા અને દૂરથી જોઈને ભરતરાજા પ્રત્યે બોલ્યા કે—"હે આભૂત! હે પ્રથમ સંઘપતે! તમે જય પામો. હે મિત્ર ચક્રવર્તિ-બંધુ! આ મારા અશ્વોને જિનેંદ્રના રથમાં જોડીને તીર્થયાત્રામાં લઈ જઈ મારા ઉપર અનુગ્રહ કરો.' એ પ્રમાણે ચંદ્રદેવથી આદેશ કરાયેલા ભરતરાજાએ ઇંદ્રના દક્ષિણપૂર્ણ અશ્વોને જોડી દઈને ચંદ્રદેવના કુમુદ અને શ્રીમાલી કાંતિવાળા અશ્વો રથને જોડ્યા. અત્યંત કાંતિવાળી ચક્રદેવી અને અંબાદેવી પોતાના અંગ ઉપર આભૂષણો ધારણ કરીને રથ ઉપરના જિનમંદિરના [illegible] ધારણ કરીને ઉભી રહી. બે હાથ [illegible] [illegible] તથા બે ચામર [illegible] [illegible] અને [illegible] ધારણ કરીને [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] જિનરાજના [illegible] [illegible] [illegible] ઉપર રહેલી અને [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] ધારણ કરીને [illegible] [illegible] [illegible]

યાત્રા નિમંત્રણા અને પ્રયાણ—ત્યારપછી લક્ષ દેવોથી યુક્ત ઐરાવણ હસ્તિ ઉપર રહેલા ઇંદ્રની સાથે હજારો રાજાઓથી યુક્ત ચક્રવર્તી જિનેશ્વરના રથની પાછળ રહ્યા. તે વખતે આકાશ પંચ શબ્દ વાજીંત્રોથી વ્યાપ્ત થયું, બંદિજનો જયજયારવ કરવા લાગ્યા. દેવીઓના ગીત, નૃત્ય અને વિલાસ જોઇ જગતના મનુષ્યોના હાસ્યથી સર્વત્ર તેની કાંતિ ફેલાણી. ચક્રવર્તીએ તથા ઇંદ્રે તે વખતે એકી સાથે દ્રવ્યના મહાન દાનવડે જગતને દરિદ્રતા રહિત કરી દીધું અને પછી જિનનાયકનો રથ પ્રથમ ચાલ્યો. હિત સમજનારી અને સુકૃતમાં રક્ત એવી સુભદ્રા આદિ ભરતેશ્વરની સ્ત્રીઓ ઇંદ્રાણીઓની સાથે વિમાનો ઉપર આરૂઢ થઇ. પ્રથમ સંઘપતિ શ્રી ભરતમહારાજના જગતની અંદર શ્રેષ્ઠતા ધારણ કરતા એવા અનેક પવિત્ર ગુણો પ્રમદાઓની સાથે અમરીગણ ગાવા લાગ્યો. જે વખતે આ પ્રકારનો મહોત્સવ અયોધ્યામાં થઇ રહ્યો હતો તે વખતે તે અયોધ્યા નગરી સુવર્ણમય, દિવ્ય વસ્ત્રમય, સુરગીતમય, સુકૃતમય, જગતનું હિત કરવાવાળી અને અત્યંત પૂજનીક બની હતી. ચોરાઓમાં, ત્રિક (ત્રણ રસ્તા ભેળા થાય તે)માં, ચતુષ્ક (ચાર રસ્તા ભેળા થાય તે)માં અને મોટા રસ્તાઓ ઉપર વિવિધ પ્રકારના ગીત અને નૃત્યોથી ભવિકજનોને પ્રમુદિત કરતા ભરતમહારાજે પોતાનો રથ ચલાવ્યો. અયોધ્યા નગરીના સમીપ ભાગમાં આવેલા શકટાનનવનમાં પુણ્યશાળી અને પંડિત એવા ભરતમહારાજે પોતાનો રથ થોભાવ્યો.

ભરતક્ષેત્રના રાજાઓને નિમંત્રણા અને રાજાઓનો ઉલ્લાસ—પછી સિદ્ધાચળ પ્રત્યે જવાની ઇચ્છાવાળા ભરતસંઘપતિએ દેવોની સહાયતાથી ભરતક્ષેત્રમાં રહેલા સઘળા રાજાઓને પુણ્યના લાભને માટે સાથે આવવાં નિમંત્રણા કરી. સુસકાર્યમાં પરાયણ એવા ભરતરાજાનો સંદેશો સાંભળીને સર્વે રાજાઓ પોતાના હૃદયમાં ઉલ્લાસાયમાન થયા અને નિર્મળ આત્માવાળા થઇને મનોહર ભાવના ભાવવા લાગ્યા કે-'આ ભવની

અંદર શું પશુઓ સ્વામી નથી થતા? આ જગતમાં શું [illegible]
જય નથી પામતા? લક્ષ્મી શું ગમે તે પુરૂષનો આશ્રય નથી કરતી?
અને શું કોઈ જગતમાં દાનેશ્વરીઓ પણ નથી? એ સઘળું તો
છે, પણ ભરતરાજાની પ્રભુતા શમ અને ન્યાય યુક્ત છે, તેનો
વિજય પોતાના પરાક્રમથી પવિત્ર અને રાજક્રમવાળો છે,' તેની
લક્ષ્મી મદરૂપી કલંકના માર્ગ-રહિત છે અને તેનું દાન સુગતિના નિદા-
નરૂપ છે. વાસ્તે અલ્પમતવાળા એવા અમને ભરતરાજાએ ઉત્સા
તેથી અમે અમારૂં અહોભાગ્ય સમજીએ છીએ. એ પ્રભુના અમે
નુગ્રહી (આશા ઉડાડનારા) બન્યા તે પણ ઠીક થયું, કારણકે
તેમના પરાપથી અમે અત્યારે પુરૂષાર્થમાં ઉદ્યમવાળા થયા.'
એ પ્રમાણે ભાવિત ચિત્તવાળા સઘળા રાજાઓ વિમળાચળ પ્રત્યે
જવાની સદ્ગુરૂ ઇચ્છાવાળા થઈ ભરતરાજાની પાસે આવ્યા.

આદિજિનેંદ્રનો સ્ફટિકાચળથી વિહાર—આદિજિને
ચક્રીની પ્રાર્થના અનુસાર ત્યારપછી પોતાના ત્રાથી સપરિવાર
તથા એક હજાર સાધુઓના પરિવાર સહિત સ્ફટિકાચળથી ચાલવા
[illegible] પોતાના ચરણો મૂક્યા. પ્રભુ ચાલ્યા તે વખતે
તેમના ઉપર રત્નના [illegible] સુગંધી [illegible] પુષ્પો સુગંધી
[illegible] નેમ, તેથી એકાએક ભૂમિ અને
[illegible] પ્રભુને ચામર વીંજ્યા
[illegible] સુંદર [illegible] છત્ર [illegible]
[illegible] પ્રભુ સઘળ જગતના
[illegible] મહોત્સવ, સિંહાસન
[illegible] દુંદુભિ વગેરા હતી અને વાયુ
[illegible] સુગંધી [illegible] અને [illegible]
[illegible]

અને પવિત્ર આશયવાળા પ્રભુએ વિમળાચળ જવાને વિહાર કર્યો.

ભરતસંઘપતિનું પ્રભુ સાથે પ્રયાણ અને મથુરામાં આગમન—યુગાદિનાથના આવ્યાના સમાચાર જાણીને ભરતસંઘપતિએ તેમને હર્ષવડે નમસ્કાર કર્યો અને પ્રભુની પછવાડે પોતાનો જિનાલયવાળો રથ ચલાવ્યો. તે રથની પાછળ ચક્રવર્તીની સાથે આવેલા બીજા બત્રીશ હજાર રાજાઓએ ઉલ્લાસથી પોતાના જિનરથો ચલાવ્યા, કારણકે પુણ્યશાળી અને પંડિતોનો વિનય પ્રશંસનિય હોય છે. જે વખતે અનુકૂળ, શીતળ અને સુગંધી વાયુ ક્ષિતિતળ સાફ કરી રહ્યો હતો તથા મેઘો શુભ ગંધોદકની વૃષ્ટિ કરીને ભૂમિને શીતળ કરી રહ્યા હતા, તે વખતે રૂચીર જળવાળા બત્રીશ હજાર સરોવરો અને અનેક દાનશાળાઓથી યુક્ત હોય તેવો જણાતો તથા દિવ્ય ફળ અને પુષ્પવાળા ઉત્તમ વૃક્ષોથી પરવરેલો ભરતસંઘપતિનો પવિત્ર સંઘ અત્યંત દાનથી પૃથ્વીને દરિદ્રના રહિત કરતો અને પુણ્યથી જગતને પવિત્ર કરતો મથુરાપુરી પાસે આવી પહોંચ્યો.

પુંડરીકસ્વામીનો સમાગમ—મથુરાના પરિસરમાં પ્રથમ જિનનાથને આવેલા જાણીને પુંડરીકગણધર પોતાના પરિવારની સાથે તેમની પાસે આવ્યા અને વિનયપૂર્વક પ્રભુને વંદન કર્યું. ચંદ્રનો યોગ થવાથી જેમ તેના તેજવડે બૃહસ્પતિ વધારે તેજવાળો થઇને જગતના દુરિતનો નાશ કરવાવાળો થાય છે, તેવી રીતે પ્રથમ જિનપતિની પ્રીતિયુક્ત દ્રષ્ટિની પ્રભાવડે પુંડરીકમુનિ વિશેષ કાંતિવાળા થયા. તે વખતે ક્રોડો યતિઓથી પરવરેલા પુંડરીકગણધરને જોઇને ભરતમહારાજે અત્યંત પ્રમોદ અને ભક્તિથી ભૂતળ ઉપર મુકુટ લગાડીને તેમને નમસ્કાર કર્યો. જેવી રીતે પ્રથમ જિનરાજને નમસ્કાર કરવાના પ્રમોદથી પુંડરીકગણધરના દુરિતો દૂર થયા તેવી રીતે પુંડરીકસ્વામીને નમસ્કાર કરવાથી ભરતરાજાના દુરિતો નાશ પામ્યા.

વણારસીપુરીમાં સંઘને વિમળાચળનું દર્શન—

પાસે એક લાખ મણિ અને રત્નના આવાસો તૈયાર કરાવ્યા. પ્રાતઃકાળે સુરપતિ અને દેવોને કનકાસન ઉપર બેસાડી સંઘપતિએ વિવિધ જાતના શ્રેષ્ઠ ભાજનોને અત્યંત ભક્તિથી મૂકાવી તેમાં અદ્વિતીય રસથી યુકત વિવિધ પ્રકારના ભોજનો પીરસાવ્યા અને સ્વપરિવારની સાથે ઇંદ્રે ત્યાં સ્વધર્મી બંધુ ભરતરાજાને ઘરે લોકોને આનંદ ઉપજાવવાની ખાતર ફ્વળ આહાર કર્યો. મધ્યાહ્ને સંઘપતિએ સર્વે રાજાઓને પરિવાર સાથે સરસ એવી રસવતીનું ભોજન કરાવ્યું. પછી ભરતરાજાએ ધર્મકાર્યમાં રક્ત એવા ઇંદ્રોને અને રાજાઓને બહુમાનપૂર્વક વસ્રો અને આભરણોનું દાન દીધું.

અતિમુક્તક તીર્થ વિશ્વનાથ મંદિર—અહિં વરાણસીપુરીમાં જેમને કેવળજ્ઞાન થયું હતું તે સર્વે મહાપુરૂષોએ પવિત્ર એવું અનશન કરીને અજરામર પદ પ્રાપ્ત કર્યું. જે સ્થાને આ મહાનુભાવ યતિઓ ભવની ઉત્પત્તિ કરવાવાળા કર્મનો ક્ષય કરીને મુક્તિપદ પામ્યા તે સ્થળ ત્યારપછી પવિત્ર એવા અતિમુક્તક તીર્થના નામથી પ્રસિદ્ધ થયું. ત્યાં આગળ સુવિવેકીમાં શ્રેષ્ઠ એવા ભરતરાજાએ મણિમય જિનમૂર્તિયો યુક્ત અત્યંત વિશાળ અને ઉંચું વિશ્વનાથ નામનું જિનમંદિર કરાવ્યું. તે જિનમંદિરની ફરતા ભરતસંઘપતિએ પુણ્યકાર્યને માટે દશ હજાર પૌષધગૃહો કરાવ્યા, ત્યાં આગળ ધર્મમાં રક્ત વિરતિ અને અવિરતિ મળીને એક લાખ ભવ્ય પુરૂષો કાકિણિરત્નથી ત્રણ રેખા કરાયેલા રહેવા લાગ્યા. ભરતરાજાએ આ વરાણસીપુરીને ઉંચા સુંદર કિલ્લાથી વેષ્ટિત કરી તથા ધન અને ધાન્યથી અત્યંત ભરી દીધી તેથી લોકો તેને ભુવનથી અન્ય નગરી અથવા સ્વર્ગની પુરી માનવા લાગ્યા.

સંઘનું વિમળાચળ પર્વત ઉપર જવું—પછી પુંડરીકગણધરના આગ્રહથી જગતના દુરિતનો નાશ કરવાવાળા આદિનાથ વિમળાચળ તરફ ચાલ્યા અને પુંડરીકસ્વામી તથા સંઘપતિ આદિ પણ તેમની પાછળ ચાલ્યા. વિમળાચળના પ્રથમ દર્શનથી

શોભતો અને ઇંદ્રને હર્ષથી પૂર્ણ હૃદયવાળા એવને હરિવિક્રમે [illegible] દેવ ભાવસહિત નીચે પ્રમાણે સ્તુતિ બોલ્યા—

સિદ્ધાચળની નામ પૂર્વક સ્તુતિ—કલ્પવૃક્ષની ઉંચી પરાગ વડે કરીને જેને તિલક થયેલ છે એવો શ્રી સિદ્ધાદ્રિ જે પોતાના શિખરથી પ્રગટેલા મહાન સરખા વિમળ કિરણો ત્યાં આવતા એવા [illegible] ઉપર રહેલ છે તે સેંકડો મંગળ વિસ્તારો. [illegible] સરખો નીલવર્ણના ઉંચા શિખરવાળો આ ત્રિશૃંગ નામનો પર્વત સૂર્યના ઘોડાઓનું આકર્ષણ કરે છે અને તે ઘોડાઓને પોતાની આ.ક્રમમાં જતી કાંતીથી ભૂષિત કરે છે. સમીપમાં મહાન ભૂમિશૃંગ નામનું સિદ્ધાદ્રિનું શિખર વર્તે છે જે પોતાના શૃંગવડે [illegible] ચિત્તમાં બીજા અરૂણાચળની શંકા ઉત્પન્ન કરે છે. [illegible] કરનારાઓને સેવવા યોગ્ય, કેતકીની ભાષ, રસકુપિકા અને વિવિધ ઔષધિઓથી યુક્ત એવા કદંબ નામના આ હિતકારી મહાન્ ગિરિના દર્શન કરો. અહિંયાં નષ્ટક નિર્મળ પાપરૂપ આ તાલધ્વજ નામનો શિખર છે, જેની ગુફાઓમાં સા ઔષધીથી સિદ્ધ શરીરવાળા થઇ અનેક સિદ્ધપુરૂષો [illegible] અનંત [illegible] રહે છે વળી સમીપમાં વિમળ [illegible] સરખો રૈવત પર્વત રહેલો છે અને તેના ઉત્તમ શિખરની કાંતિથી [illegible] પીતવર્ણના થયેલ છે [illegible] એના જેવો [illegible]

[illegible]

રંજીત થયેલા મનવડે સમગ્ર કળાથી યુક્ત પોતાને માને છે. અંગના હાવભાવ સહિત નાચતા એવા કિન્નરોની સાથે બાળાઓ નિર્મળ નાચ કરતી હોવાથી કામદેવનો કામરસ ત્યાં આગળ નિરસ થઇ જાય છે. શશિમંડળ સરખા મુખમંડળવાળી અને કુંડળને ધારણ કરવાવાળી કિન્નરબાળાઓ નીરંતર આકાશને અત્યંત પ્રભાયુક્ત કરે છે. વળી નિર્દંભ હર્ષયુક્ત અને શૃંગારવડે પુષ્ટ વાણી છે જેની એવી નિર્દંભ રંભાઓ સંસારને સાર યુક્ત અને આનંદકારી બનાવીને દુઃખના સમૂહથી રક્ષણ કરે છે, તેમજ મનમાં ધીરજ ઉપજાવી પ્રમોદ ઉત્પન્ન કરે છે. રંભાના ગર્ભ જેવી કાંતિવાળી રંભાઓ સ્વચ્છંદ અને મંદ રીતે આમોદને ફેલાવતી લજ્જાપૂર્વક અનંત એવા ગગનને વિષે શોભે છે. વળી કુચઘટની સાથે અથડાતા છે હારો જેમના એવી આ રંભાઓ જગતના શોકને દૂર કરવા વાસ્તે આકાશમાં ક્રીડા કરી રહી છે. ઇત્યાદિ ચોરાશી શિખરોથી યુક્ત એવો અને યુગાદિદેવના મુખકમળમાંથી જેનો ઉચ્ચ પ્રભાવ વર્ણવાયેલો છે એવો શત્રુંજયગિરિ આ જગતની અંદર જયવંતો વર્તે છે.

આદિજિન દેશના—તે વખતે મુદિત થયેલા એવા ચારે નિકાયના દેવોએ જિનેશ્વરને માટે ત્યાં સમવસરણ રચ્યું, કારણકે દેવોનું નિર્મળ વિબુધપણું એજ સુવિવેકનો નિધિ છે. આદિજિને ત્યાં આગળ રહીને ચતુર્મુખદેશના આપી અને પહેલી પોરૂષી પૂર્ણ કરીને વિરામ પામ્યા. ત્યારપછી પ્રભુના પાદપીઠનો પુંડરીક ગણધરે આશ્રય કર્યો અને પોતાની દેશનાવડે ભવ્યજીવોને બોધ આપી પોતાના ગુરૂની ઉન્નતિ કરી. બીજી પોરૂષી પૂર્ણ થઇ એટલે પુંડરીકસ્વામીએ પણ દેશના પૂર્ણ કરી.

પુંડરીકસ્વામીની સંલેખના—સંસારના ભયથી ભીરૂ હૃદયવાળા ગણધરમહારાજ પોતે બીજે દિવસે-'પ્રભુએ જે ગિરિના પસાયથી મને કેવળજ્ઞાન ઉત્પન્ન થવાનું કહ્યું હતું તેજ આ ગિરિ છે.' એવો મનમાં વિચાર કરીને પોતે પાંચ ક્રોડ યતિઓની



સાથે સંલેખના અંગીકાર કરી.

સંલેખનાનું સ્વરૂપ—દેહના સર્વ ઉન્માદરૂપી મહારોગનું સંપૂર્ણ પણે નિદાન કરીને સર્વ ધાતુઓનું શોષણ કરવું તે દ્રવ્ય સંલેખના કહેવાય છે અને સ્વાભાવિક શત્રુરૂપ રાગ, દ્વેષ, મોહ આદિ કષાયોનો છેદ કરવો તે ભાવ સંલેખના કહેલી છે.

અનશન યુક્ત પુંડરીકસ્વામીને કેવળજ્ઞાન— પાંચ ક્રોડ સાધુઓથી પરિવરેલા પુંડરીકસ્વામીએ રોષ, તોષ, અને કામનો છેદ કરીને તથા પોતાના દેહનું પણ શોષણ કરીને અનશન અંગીકાર કર્યું. પછી એકદા આદીશ્વરભગવાને પોતાના [illegible] કેવળજ્ઞાનની ઉત્પત્તિના હેતુથી મનુષ્યની બુદ્ધિમાં આવી ન શકે તેવા વિમળાચળના મહિમાનું સભામાં વર્ણન કર્યું. ભવ્યજનોના સંશયરૂપી અંધકારને નષ્ટ કરવાવાળા અને શુદ્ધ મુક્તિપદને દર્શાવનારા પ્રભુના વાક્યોથી નિશ્ચળ એવા પુંડરીકસ્વામીને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. પ્રભુએ કેવળજ્ઞાનાવરણના હેતુઓનું એવી રીતે વિવેચન કર્યું કે પુંડરીકસ્વામીની સાથે રહેલા પાંચ કોડ મુનિઓએ પણ સમસ્ત કર્મનો ક્ષય કરીને તે વખતે કેવળજ્ઞાન પ્રાપ્ત [illegible] કર્યું. પાંચ કોડ મુનિઓએ પ્રભુ [illegible] કે [illegible] કરીને તેમને વચન અર્પ્યા પ્રકારે બરોબર [illegible] કેવળજ્ઞાન પ્રાપ્ત થયું.

પુંડરીકસ્વામીનું પાંચ ક્રોડ મુનિઓ સાથે નિર્વાણ— પુંડરીક [illegible] પછી [illegible] ઉત્તમ [illegible] [illegible] મુનિઓ તેમને [illegible] પુંડરીકસ્વામી [illegible] [illegible] [illegible] વિવેચન કરીને [illegible]

સુગંધી જળની અત્યંત વૃષ્ટિ કરીને વિમળાચળને નિર્મળ કર્યો. તે વખતે ત્યાં આગળ મહાન્ ઉત્સવ થઈ રહ્યો.

ભરતરાજાએ કરાવેલું મંદિર—રચના કરવામાં ચતુર એવા ભરતમહારાજે રૂચિર વાસનાવડે શત્રુંજયગિરિ ઉપર સુવર્ણના કિલ્લાથી વેષ્ટિત વિશાળ અને મનોહર જિનમંદિર કરાવ્યું. તે જિનમંદિરની પીઠિકા મરકતમણિની કરાવી અને ગર્ભગૃહ જળકાન્ત રત્નમય કરાવ્યો. વિવિધ પ્રકારના ઇંદ્રનીલમણિના શિખર ઉપર વિલાસ કરતા હીરાઓથી યુક્ત કળશો મૂકયા. પવિત્ર વજાના દંડથી અને મહધ્વજાથી તેમજ વિવિધ પ્રકારના તોરણોથી તેને શોભિત કર્યું. મૂળમંદિરની ફરતા બીજા બાવીશ દેવગૃહો બનાવીને આ મંદિર અત્યંત સુશોભિત કર્યું. મૂળમંદિરના ગર્ભગૃહમાં ભરતરાજાએ પ્રથમપ્રભુ ઋષભદેવની તથા પુંડરીકગણધરની મૂર્તિઓ સ્થાપન કરી તથા ફરતા બાવીશ જિનાલયની અંદર ઋષભદેવની આજ્ઞાનુસાર નેમિનાથ સિવાયના અજિતનાથ પ્રમુખ બાવીશ તીર્થંકરોની મૂર્તિઓની સ્થાપના કરી.

જિનપ્રતિમાની નીચે નવગ્રહનું સ્થાપન—તે વખતે રવિ, ચંદ્ર, ભોમ, બુધ, ગુરૂ, શુક્ર, રાહુ, શનિ, અને કેતુ એ પ્રમાણે નવગ્રહોએ અંજલિ જોડીને પ્રથમ સંઘપતિ ભરતેશ્વરને કહ્યું કે-' સંઘપતિઓમાં પ્રથમ એવા હે ભરતમહ રાજા ! તમે વિજય પામો ! આપ કૃપા કરીને સમગ્ર જૈનમૂર્તિઓના ચરણકમળની નીચે અમારી સુંદર મૂર્તિઓ રચીને અમારો જન્મ સફળ કરો.' એ રીતનો તેમનો આગ્રહ જોઈને ભરતરાજાએ પ્રણામ કરીને પ્રભુને પૂછયું કે-' હે પ્રભો ! શું આ ગ્રહદેવો કહે છે તે પ્રમાણે તેમની મૂર્તિઓ પરમાત્માની મૂર્તિઓની નીચે કરાવવી ?' તે સાંભળી પ્રભુએ જવાબ દીધો કે ' હે સંઘપતિ ! સાંભળો. આ જગતની અંદર ધર્મકર્મમાં રક્ત એવા ભરમકગ્રહ પ્રમુખનો લાંબાકાળે ઉદય હોવાથી સામાન્ય મનુષ્યો તેમને જાણતા નથી, પણ આ નવગ્રહો તો પૂર્વની જિનમૂર્તિઓની નીચે પણ

હોય છે તેથી તેમની ઇચ્છાનુસાર તેમની પ્રતિમાઓને રચીને ઉચિત એવી પૂર્વની રીતિને તમે અનુસરો.' પ્રભુના વાક્યથી જગતની આવી પરંપરાની સ્થિતિ જાણીને સમગ્ર અરીહંતોની પ્રતિમાના ચરણકમળની નીચે નવગ્રહોની પ્રતિમાઓ કરાવી દીધી.

કપર્દિયક્ષના વિઘ્નો દૂર કરવા શત્રુંજયગિરિ ઉપર રહેવા અભિગ્રહ—તે વખતે દોઢ આગરોપના આયુષ્યવાળા બીજા દેવલોકની અંદર ઉત્પન્ન થયેલા કપર્દિ નામના દેવે પ્રથમપ્રભુને નમસ્કાર કરીને હર્ષપૂર્વક કહ્યું કે-'હે ભગવન્! હવે હું આ સિદ્ધગિરિ ઉપર રહીને અહિં આવતા એવા ભક્ત યાત્રિકજનના દુષ્ટ દેવોથી કરાયેલા વિઘ્નોને મારા જીવિતના અવધિસુધી દૂર કરું.' પ્રભુએ જવાબ આપ્યો કે-'હે કપર્દિદેવ! પુણ્યશાળીઓને સુખરૂપ એવો તમારો અભિગ્રહ લાંબા કાળસુધી વૃદ્ધિ પામો અને અહિં તમારી જગ્યાએ ઉત્તરોત્તર ઘણા કપર્દિદેવો થાઓ.'

ખેચરોનો અભિગ્રહ—ત્યારપછી દશલાખ ખેચરોએ સુવાસનાવડે પ્રભુને નમસ્કાર કરીને 'અમે અહિં સર્વદા જિનપૂજન કરશું' એવો અભિગ્રહ ધારણ કર્યો.

જાહ્નવીનું શત્રુંજયીનું ઉત્પન્ન કરવું—જાહ્નવીદેવીએ તીર્થભૂમિ ઉપર ભરતરાજાના કરાવેલા [શિલા]જિનાલયને જોઈને તે ગિરિ (શત્રુંજય)ના નામવાળી શત્રુંજયી નદીને ત્યાં આગળ અત્યંત શુભ ભાવથી પ્રગટ કરી.

સિદ્ધગિરિથી ઉતરવું અને ચમત્કારપુરમાં પ્રભુની દેશના—એ પ્રમાણે ભાવથી દેવોએ મનુષ્યોએ અને ખેચરોએ સકળ ધર્મકાર્ય પૂર્ણ કર્યાં ત્યારે ભરતરાજા અને ઇંદ્રની સાથે પ્રથમજિન તે શત્રુંજયગિરિથી નીચે ઉતર્યા. તે ગિરિની નીચે ચમત્કારપુરની સમીપમાં આવીને સુવર્ણના સરખી મનોહર દેહની કાંતિવાળા આદિનાથ પુંડરીકગણધરના વિરહથી ઉત્પન્ન થયેલા ચક્રવર્તીના મહાન્ખેદને છેદવા વાસ્તે સમવસર્યા. પછી દુઃખ

ધારણ કરતા ભરતપ્રત્યે પ્રભુએ કહ્યા કે-' હે ભરત ! સુતના વિરહનું દુઃખ તમે કેમ ધારણ કરો છો ? તમારા પુત્ર પુંડરીકગણધર મોક્ષે ગયા અને પરમ સૌખ્ય પામ્યા તે પુંડરીકમુનિના વિરહથી તમારી જેવા દુઃખ કેમ ધારણ કરી શકે ? ઉગ્ર પાપના સમૂહરૂપ અને વિવિધ પ્રકારના દુઃખોના સમૂહથી વ્યાપ્ત આ સંસારને છોડીને યતિઓ જ્યારે મોક્ષ મેળવે છે, ત્યારે મુનિઓ તે અવસરને મહાન્ ઉત્સવનું કારણ માને છે તે દિવસ પણ પરમ પવિત્ર ગણાય છે, તો તે વખતે પંડિત એવા ભવ્યજનોએ ખેદ ધારણ કરવો એ ઉચિત નથી. વાસ્તે હે ભરત ! પોતાના પુત્રના શોકને દૂર કરીને તમે ધર્મકર્મ કરો અને નિર્મળ હૃદયવાળા થાઓ. શ્રેષ્ઠ જનો પોતાના હૃદયના રંગથી આવા પુણ્યરૂપ વખતે સ્વજનોની અંદર મહાન્ ઉત્સવ કરે છે.'

ભરતરાજાનું નગરનું વસાવવું—એ પ્રમાણેનું પ્રથમ જિનપતિનું વચન સાંભળીને શમ યુક્ત બનેલા ચક્રવર્તીએ ત્યાં આગળ પાંચ ક્રોડ ઘરો કરીને નવુ નગર વસાવ્યું રાજાએ તે સકળ ઘરો ધન અને ધાન્યવડે સંપૂર્ણ ભરી દીધા અને પાપમતિથી રહિત અને ધર્મમાં અત્યંત રક્ત એવા પવિત્ર બ્રાહ્મણોને ત્યાં આગળ રાખ્યા. પછી ભરતમહારાજે મુદિત થઇને સ્થપતિ રત્નપાસે પૌષધગ્રહોથી યુક્ત પચીશ લાખ જિનમંદિરો કરાવ્યા. પે તે બનાવેલા એવા તે નગરને ઘણું સુંદર જોઇને અત્યંત હર્ષવાળા થયેલા ભરતરાજાએ જિનમંદિરોને વિષે જિનોનું પૂજન કરીને મહાન્ ઉત્સવ કર્યો. તે નગર તે વખતે [1] અર્હદાસન, [2] આદિપુર, [3] સુગૃહપુર, [4] ચમત્કારપુર એ નામોથી ક્ષિતિતળ ઉપર પ્રખ્યાત થયું. કહ્યું છે કે 'ભરતરાજાએ શત્રુંજયની તળાટીમાં બાવીશ યોજનના વિસ્તારવાળું રત્નાગારથી યુક્ત નગર વસાવ્યું. તે નગરની અંદર પચીશ લાખ જિનમંદિરો અને પાંચ લાખ પૌષધશાળાઓ કરી અને તે નગરની અંદર પાંચ ક્રોડ બ્રાહ્મણશ્રાવકોને વસાવ્યા. આ મહાન્ નગરના નામો અર્હદાસન, આનંદપુર, આદિપુર, અને


ચમચહારપુર પડ્યા. ભરતરાજાએ આ નગરને દાનશાળાઓ અને એક સરોવરથી સંપૂર્ણ રીતે ભૂષિત કરી દીધું.

ભરતરાજાનું અયોધ્યા તરફ ગમન—પછી વિહાર કરતા પ્રભુને અનુસરતા ભરતરાજા સકળ સંઘથી યુક્ત પોતાની અયોધ્યા નગરી તરફ જવા ચાલ્યા. પૃથ્વી ઉપર વિવેકી પુરૂષોનું બહુમાન કરતા અને અવિવેકીનો નિગ્રહ કરતા તે ભરતસંઘપતિ પોતાના ધનનો વ્યય કરી સુકૃતોને વૃદ્ધિ પમાડતા અને પાપોનો ક્ષય કરતા રસ્તામાં સમસ્ત નગરોને જિનધામથી ભૂષિત કરતા પોતાની અયોધ્યા નગરીની પાસે આવી પહોંચ્યા. દેવતાઓથી સેવાતા છે ચરણકમળ જેમના એવા જિનપતિ ત્યાં શકટાનન વનમાં સમવસર્યા અને ત્યાં પ્રભુને વંદના કરીને ભરતરાજાએ અયોધ્યા નગરમાં પ્રવેશ કર્યો. જે વખતે ગજરાજ ઉપર આરૂઢ થઈને ઐરાવણ હસ્તિ ઉપર રહેલા ઈંદ્રની સાથે ભરતરાજા નગરના મહાપથમાં થઈને ચાલ્યા તે વખતે પ્રમદાઓ અત્યંત ઉત્સુકતા વાળી થઈ કે-' પોતાના ધાવતા એવા બાળકોને છોડી દઈને બારીના બાંગીચામાં આવેલી કેટલીક સુવાસિની સ્ત્રીઓએ દેવોએ કરેલી પુષ્પવૃષ્ટિની સાથે દુધ વરસાવ્યું, હારને ગુંથતી એવી મોતીઓથી ભરેલી મુષ્ટિવાળી કેટલીક સ્ત્રીઓ પોતાની સખીઓને આવતા એવા રાજાને બતાવતી વખતે ઢીલી અંગુલીવાળી હોવાથી મોતીઓથી વધાવતી હતી, કોઈ સખી કહેતી કે 'હે ભોળી ! જોવાને વાસ્તે ઘણે દૂર સુધી નજર કરીને મહેનત શું કામ કરે છે ? તારા હારમાં રહેલા મોટા ચકદામાં પ્રતિબિંબિત પૃથ્વીપતિને કેમ જોતી નથી ?' કેટલીક સ્ત્રીઓએ કુતુહળથી, કેટલીકે સર્વ સંઘનું આગમન જોવાના પુણ્યના લોભથી અને કેટલીકે સંઘપતિના સૌભાગ્યથી ગવાક્ષોને ભૂષિત કર્યા હતા. ગુરૂજનથી બોલાતા આશીર્વચનોની સાથે, સ્ત્રીઓથી કરાતા માંગળિકોની સાથે અને બન્દિઓથી બોલાતા જયારવની સાથે ભરતચક્રવર્તિએ રાજમહેલમાં પ્રવેશ કર્યો. ત્યાં આગળ

ઇંદ્રોએ અને નરેન્દ્રોએ ભરતસંઘપતિનો મહાન્ અભિષેક કર્યો અને અત્યંત હર્ષથી આઠ વર્ષનો મોટો મહોત્સવ કર્યો. પછી સમગ્ર દેવો અને રાજાઓ સ્નેહપૂર્વક શ્રી સંઘપતિની શ્લાઘા કરીને જેવી રીતે આવ્યા હતા તેવી રીતે પુણ્યથી યુક્ત થઇને હર્ષપૂર્વક પોતપોતાને સ્થાને ગયા.

આદિજિનનો પરિવાર—ભૂમિતળ ઉપર વિહાર કરતા એવા યુગાદિનાથને ચોરાશી હજાર સાધુઓની સંખ્યા થઇ અને બ્રાહ્મી, સુંદરી આદિ ત્રણ લાખ સાધ્વીઓ થઇ. શ્રાવકો સાડાત્રણ લાખ થયા, શ્રાવિકાઓ પાંચ લાખ ચોપન હજાર થઇ. અવધિજ્ઞાનને ધારણ કરવાવાળા નવ હજાર મુનિઓ થયા. નિર્મળ એવા કેવળજ્ઞાનને ધારણ કરવાવાળા વીશહજાર મુનીંદ્ર થયા. વીશ હજાર અને છસો વૈક્રિય લબ્ધિવાળા થયા. બાર હજાર છસો ને પચાસ વાદીઓ થયા. બાર હજાર છસો ને પચાસ મનઃપર્યવજ્ઞાની થયા. બાવીશ હજાર સાધુઓ કાળ કરીને અનુત્તર વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયા. પ્રભુને શ્રી પુંડરીક પ્રમુખ ચોરાશી ગણધરો થયા. એ પ્રમાણે સુર અને અસુરથી સેવાતા છે ચરણકમળ જેમના એવા પ્રભુનો પરિવાર થયો.

અષ્ટાપદ ઉપર આદિનાથનું નિર્વાણ અને ભરતરાજાનું આગમન. આદિનાથપ્રભુએ એક લાખ પૂર્વ સુધી વ્રતનું પાલણ કરીને અષ્ટાપદના શિખર ઉપર જઇ દશ હજાર મુનિઓની સાથે પાદોપગમ અનશન કર્યું. આ વાતની ગિરિરાજના પાલકોએ જેવી ચક્રીને ખબર આપી કે તુરત પિતાના દર્શનની અભિલાષાવાળા તે શીઘ્ર પગે ચાલતા અષ્ટાપદ પર્વત ઉપર આવ્યા. પ્રભુને પર્યંકાસને રહેલા જોઇને ભરતરાજાને તે વખતે અત્યંત શોક ઉત્પન્ન થયો. તે વખતે સમગ્ર ઇંદ્રોના આસનો કંપ્યા અને અવધિજ્ઞાનથી જિનરાજના નિર્વાણનો સમય જાણીને જલદી ત્યાં આવી પહોંચ્યા. અવસર્પિણિ કાળના ત્રીજા આરાના જ્યારે નેવાશી પખવાડીઆ બાકી રહ્યા ત્યારે માઘ માસના



આદીશ્વર ભગવાન અષ્ટાપદ પર્વત ઉપર દશ હજાર મુનિઓની સાથે મુક્તિ પદ પામ્યા.

કૃષ્ણ પક્ષની તેરશને દિવસે અભિચિ નક્ષત્રમાં ચંદ્રનો યોગ આવ્યો ત્યારે પર્યંકાસને બેઠેલા પ્રભુએ બાદરપૂર્વક બાદર કાય યોગમાં રહી વાણી અને ચિત્તના યોગોનો સમ્યક્ પ્રકારે રોધ કર્યો. પછી શરીરના સુક્ષ્મ યોગવડે બાદર કાયયોગનો પણ રોધ કરીને સૂક્ષ્મક્રીયા નામના ધ્યાનનો આશ્રય કર્યો. સૂક્ષ્મ શરીરના યોગને પણ સાધીને છિન્નક્રિયા નામનું ચોથું ધ્યાન જે પાંચ હ્રસ્વ અક્ષર પ્રમાણ કાળવાળું છે તેનો પ્રથમ જિનરાજે આશ્રય કર્યો; તે ધ્યાનને અંતે એરંડિકાના ફળની જેમ ઋજુ એવા જિનેન્દ્ર ગતબંધનવાળા થઈને મોક્ષે ગયા. પ્રભુની સાથે અનશનને અંગીકાર કરેલા દશહજાર યતિઓ પણ તુરત તેમની સાથે મોક્ષે ગયા. તે વખતે સર્વ લોકને સુખ થયું અને નારકીના જીવને પણ તે અવસર સુખરૂપ થયો, કારણ સન્ત પુરૂષો પોતાની સર્વ અવસ્થાને વિષે સમગ્ર વિશ્વના સુખને માટે હોય તેમાં આશ્ચર્ય શું?

ભરતરાજાને રૂદનનું શિક્ષણ અને પ્રભુ તથા યતિઓના દેહનો અગ્નિસંસ્કાર—તે વખતે સરળ બુદ્ધિવાળા ભરતમહારાજને દુઃખવડે સંપૂર્ણ હૃદયવાળા જોઈને ઇંદ્રે તેમને ગળે વળગીને અપૂર્વ (રૂદન કોઈને આવડતું નહિ હોવાથી અપૂર્વ) એવું રૂદન શીખવ્યું. ભરતચક્રવર્તી કે જે સર્વદા નિર્મળ મંગળિકના શબ્દો સાંભળીને તુષ્ટમાન રહેતા તેને અત્યારે શોક વિડંબણા કરીને રોવરાવે છે. તેથી અહો! આ ભવ ખરેખર કષ્ટરૂપ છે! પછી ઇંદ્રના બોધથી ચક્રવર્તી તુરત શોક રહિત થયા અને ઇંદ્રની આજ્ઞાથી આભિયોગિક દેવોએ ગોશીર્ષના કાષ્ઠો આણ્યા. દેવોએ પૂર્વ દિશામાં પ્રભુને વાસ્તે ગોળ ચિતા કરી, દક્ષિણ દિશામાં ઇક્ષ્વાકુવંશના મહર્ષિને વાસ્તે ત્રણ ખુણાવાળી ચિતા કરી અને પશ્ચિમ દિશામાં અન્ય મહર્ષિઓને માટે ચાર ખુણાવાળી ચિતા કરી. પછી ક્ષીરસમુદ્રના જળથી જિનરાજના દેહને સ્નાન કરાવીને તથા ઉત્તમ દેવદૂષ્ય વસ્ત્ર ધારણ કરાવીને અને મણિના આભૂષણોથી ભૂષિત કરીને ઇંદ્રે પ્રભુના ચરણકમળમાં

નમસ્કાર કર્યો. પછી પ્રભુના દેહને ઇંદ્રે પોતે પોતાના મસ્તક ઉપર ધારણ કરીને પાલખીમાં સ્થાપન કર્યો અને બીજા દેવોએ અન્ય મુનિઓના દેહોને બીજી પાલખીઓમાં સ્થાપન કર્યા. પ્રભુની પાલખીને ઇંદ્રે પોતે ઉપાડી અને બીજી પાલખીઓને અન્ય દેવોએ ઉપાડી લીધી તથા દેવીઓ આગળ ચાલી સંગીત કરવા લાગી. સર્વે દેવ અને દેવીઓ વિવિધ પ્રકારના નાટારંભ કરી રહ્યા હતા, તે વખતે ઇંદ્રે સમગ્ર પાલખીઓને ચિતાની સમીપમાં આણી; ત્યા આગળ ઇંદ્રના આદેશથી અગ્નિકુમારના દેવોએ અગ્નિ પ્રગટ કર્યો અને વાયુકુમારના દેવોએ ચોતરફ વાયુ વિકુર્વ્યો. ત્યાં દેવો ચિતામાં અનેક ભાર પ્રમાણ કર્પૂરના સમૂહો તથા ઘી અને મધના અનેક કુંભો નાખવા લાગ્યા. છેવટે મેઘકુમાર દેવોએ ક્ષીરસમુદ્રના જળથી અગ્નિ શાંત કર્યો. પછી પ્રભુની ઉર્ધ્વ જમણી દાઢા પ્રમોદયુક્ત થઇને સૌધર્મપતિએ ગ્રહણ કરી અને ઇશાનઇંદ્રે ઉપરની ડાબી દાઢા ગ્રહણ કરી અત્યંત હર્ષિત થયા નીચેની જમણી દાઢાને ચમરેન્દ્રે લીધી અને બીજી ડાબી દાઢ બલીંદ્રે લીધી. બીજા ઇંદ્રોએ દાંતો ગ્રહણ કર્યા તથા દેવોએ અસ્થિ લીધા. યાચના કરતા એવા શ્રાવકોને ઇંદ્ર ત્રણે કુંડમાંથી અગ્નિ આપ્યો તેથી તેઓ અગ્નિહોત્રવાળા થઇને પૃથ્વી ઉપર અત્યંત શુદ્ધ એવા બ્રાહ્મણો થયા. કેટલાક શ્રાવકોએ નિર્મળ ચિત્તના રાગથી પ્રભુના દેહની ભસ્મને વંદન કર્યું અને શરીર ઉપર જળ રહિત ભસ્મ ચોળી પવિત્રતા સમજનારા તેઓ તાપસો થઇને ભૂમિ ઉપર વિચરવા લાગ્યા. ત્રણ ચિતાસ્થાને દેવોએ અત્યંત ઉંચા રત્નમય ત્રણ સ્તુપો કર્યા. પછી નંદીશ્વરે અષ્ટાહ્નિક ઉત્સવ કરીને સર્વે દેવો પોતપોતાને સ્થાને ગયા. જિનેંદ્રની ચારે દાઢાઓને પોતાના માણવકસ્તંભમાં રાખીને ચારે ઇંદ્રો ભક્તિવડે એક ચિત્તવાળા થઇને કલ્પવૃક્ષના પુષ્પથી હંમેશા પૂજવા લાગ્યા.

અષ્ટાપદ ઉપર જિનપ્રાસાદ—પછી ચક્રીએ પોતાના વર્ધકિરત્નની પાસે અષ્ટાપદ પર્વત ઉપર એક યોજનના વિસ્તા-

રવાજું અને ત્રણ ગાઉની ઉંચાઇવાળું જિનમંદિર કરાવ્યું. સિંહ-
નિષદ્યાથી યુક્ત તે મંદિરના મધ્ય ભાગમાં મહાન્ મણિપીઠિ-
કાઓ કરાવી અને તેની ઉપર મણિ અને રત્નમય વિચિત્ર દેવ-
છંદાનો પટ કરાવ્યો. પછી પોતપોતાના દેહના પ્રમાણ, આકૃતિ
અને વર્ણવાળી ઋષભાદિદેવ આદિ ચોવીશ જિનેશ્વરોની સુંદર રત્નમય
મૂર્તિઓ તેના પર સ્થાપન કરી. તે ચોવીશ પ્રતિમાઓની પાસે
ચોવીશ રત્નના દીપકો તથા ચોવીશ ઘંટાઓ અને સુંદરમણિના અષ્ટ-
મંગળિકો સ્થાપન કર્યા. તેમાં મંડપ તથા ઓળ તોરણોથી યુક્ત ચાર
દ્વારો કર્યા. મુખમંડપોમાં સ્વર્ણ કુંભોની સાથે અષ્ટમંગળિકો સ્થાપન
કર્યા. ચારે મુખમંડપોમાં વરકરી મંડપો કર્યા અને તેની અંદર પ્રેક્ષા-
મંડપ કરીને મધ્યભાગમાં વજ્રરૂપ અક્ષવાટક કર્યો. મંડપના અગ્ર-
ભાગમાં મણિપીઠિકાથી યુક્ત સિંહાસનો કર્યાં અને તેની ઉપરના
ભાગમાં પવિત્ર રત્નોના ચાર સ્તૂપો મણિપીઠિકાથી યુક્ત કર્યા.
પછી તે પ્રત્યેકમાં સો ધનુષ્યની ઉંચાઇવાળી શાશ્વતા જિનેશ્વર
શ્રી વર્ધમાન, ઋષભ, વારિષેણ અને ચંદ્રાનનની શશિકાન્તમણિની
પ્રતિમાઓ સ્થાપન કરી. તેમની પાસે ચૈત્યવૃક્ષો અને પીઠિકા
યુક્ત ઇંદ્રધ્વજો કર્યા તથા ત્રણ પગથીઆવાળી જાળીથી યુક્ત ત્યાં
આગળ નંદા નામની વાપીઓ કરી. ચૈત્યના ઉર્ધ્વ ભાગમાં પદ્મ-
રાગમણિના કળશો અને સુવર્ણના ઠરા કર્યા તથા કાંગરાથી યુક્ત
ચંદનના [illegible] તિલકોની રચના કર્યો. ભરતરાજાએ પોતાના
નવાણુ ભાઇઓની રત્નની પ્રતિમાઓ કરાવી અને તેમની પાસે
હસ્ત જોડીને રહેલી પોતાની મૂર્તિ કરાવી. ચૈત્યની બહાર પોતાના
નવાણુ ભાઇઓના સ્તૂપ (પગલાં) યુક્ત [illegible] કર્યા.
અને ચતુર [illegible]
[illegible]
[illegible]
[illegible] કર્યો [illegible] જિને[illegible]
[illegible] અને [illegible] કરી [illegible]

કરીને અને શ્વેતવસ્ત્રો ધારણ કરીને તે મંદિરને ત્રણ પ્રદક્ષિણા દીધી. પછી અમૃતના પૂરથી જિનબિંબોનું સ્નાત્ર કરીને તથા ઉત્તમ દેવદૂષ્ય વસ્ત્રોવડે ભક્તિપૂર્વક સાફ કરીને જિનેંદ્રની મૂર્તિઓને ઉંચા ચંદનવડે વિલેપન કર્યું અને દિવ્ય પુષ્પોવડે તેમની પૂજા કરી. પછી ગુણમનવાળા ભરતરાજાએ ભૂષણોવડે પ્રતિમાઓને ભૂષિત કરી અને ધૂપ કર્યો તથા કર્પૂરના પૂરવડે આરાત્રિક અને મંગળદીપક ઉતાર્યો. છેવટે ભરતરાજાએ જિનેશ્વરની પાસે રહીને હર્ષિત મનવાળા થઇ ચોવીશ તીર્થનાથોની સાક્ષાત્ પણે સંભાવના કરીને ભાવપૂર્વક સ્તવના કરી.

અષ્ટાપદથી ભરતરાજાનું અયોધ્યામાં ગમન— રૂચિર મણિગણથી નિર્મિત અને પંચવર્ણવાળા કાંતિના સમૂહથી આકાશમાં સતત્ ઇંદ્રધનુષ્યને કરતા એવા તે વિશાળ પ્રસાદને શ્રીમાન્ ભરતચક્રવર્તી પાછું વાળીને જોતા જોતા અર્હદ્ભક્તિથી સંપૂર્ણ ચિત્તવાળા થઇને અષ્ટાપદ પર્વત ઉપરથી નીચે ઉતર્યા. પછી વિવેકરૂપી સૂર્યના તેજથી વિકસ્વર અને અજ્ઞાનરૂપી અંધકાર નષ્ટ થઇ ગયો છે જેમાંથી એવા હૃદયકમળમાં ચુવર્ણના હંસરૂપ વિભુને ધારણ કરીને પોતાની કીર્તિના સમૂહથી બ્રહ્માંડના ઉદરને અતુલ કર્પૂરના કલશસમાન કરતા ભરતરાજા અયોધ્યામાં આવ્યા.

આઠમો સર્ગ સંપૂર્ણ—શ્રી રત્નપ્રભસૂરિરૂપી સૂર્યના કિરણોથી રાત્રરૂપી દોષોનો ત્યાગ કરીને અલ્પબુદ્ધિવાળા હોવા છતાં પણ પ્રતિદિવસ તેમની કૃપાવડે અદ્ભુત બુદ્ધિથી જે યુક્ત થયા તે શ્રી કમલપ્રભસૂરિએ રચેલા શ્રી શત્રુંજયના દીપકતુલ્ય પુંડરીકસ્વામીના ચરિત્રનો આઠમો સર્ગ સંપૂર્ણ થયો.

। इति श्री भरतमपपत्तिपदप्राप्ति-शत्रुंजयप्रकाशन-श्रीयुगादिनाथनिर्वाण-अष्टापदप्रासादवर्णनो नाम अष्टमः सर्गः ॥

કાવ્ય સમાપ્તિ.

ભરતરાજાનું અવશેષ ચરિત્ર.

આદિ જિનના વિરહથી શોકયુક્ત ભરતરાજા—અયોધ્યા નગરીમાં આવ્યા પછી ભરતમહારાજા ત્રિભુવનને પૂજ્ય એવા યુગાદિનાથનું નિત્ય સ્મરણ કરવા લાગ્યા. પંડિત પુરૂષોનો સંગ કરવા લાગ્યા અને નાટક આદિમાં પોતાના મનનો રંગ છોડી દીધો. પોતાના દેહને પણ શોકથી તૃણની જેમ માનવા લાગ્યા. પોતાના માયા રહિત હૃદયમાં રહેલા ફક્ત આદિનાથનુંજ ધ્યાન ધરતા ભરતરાજાને કોમળ શય્યામાં શયન કરતાં છતાં નિદ્રા આવતી નહિ, રસ યુક્ત ભોજન કરતાં છતાં સુસ્વાદના સુખને પામતા નહિ. અને મનોહર એવી સ્ત્રીઓ સાથે પણ રમતા નહિ; પિતાજી આદિદેવના વિયોગ દુઃખથી ભરતરાજા સમગ્ર સાંસારિક વિષયોને વિષતુલ્ય માનવા લાગ્યા. તે વખતે ઈંદ્ર્ચ ક્રવર્તી પાસે આવ્યા અને વિવિધ પ્રકારની રમતોથી ઉત્પન્ન થયેલા કૌતુકવડે તેમને શોક રહિત કર્યા. વળી ઈંદ્રે બૃહસ્પતિના મુખકમળમાંથી નીકળેલા સુકૃતના સમૂહથી યુક્ત પ્રચુર ચરિત્રને દર્શાવનારા યુગાદિનાથના ભવ્ય નવીન કાવ્યો સભામાં બેઠેલા ભરતરાજાને સંભળાવ્યા. અમુક વખત સુંદર સૂક્તોવડે, અમુક વખત દિવ્ય ગીતોવડે અને અમુક વખત દેવીઓના જુદા જુદા પ્રકારના નૃત્યોવડે ભરતરાજાને વિનોદ કરાવીને સૌધર્મપતિ પોતાને સ્થાને ગયા. ત્યારપછી મંદ મંદ રીતે મંત્રીઓથી સાંત્વન અપાયેલા શુદ્ધ સાહસ્થવાળી રાજા સારભૂત શૃંગારરંગથી યુક્ત થઈ સમગ્ર પૃથ્વીનું લીલાપૂર્વક પાલન કરતા અતુલ સુખ ભોગવવા લાગ્યા.

શોક રહિત થયેલા ભરતરાજાની જળક્રીડા—મંદ મંદ રીતે શોક રહિત થયેલા અત્યંત તેજવાળા નિષ્પાપ ભરત-


રાજા કોઇ એક દિવસે પોતાની સ્ત્રીઓની સાથે પવિત્ર અને સુરભિ જળની અંદર ક્રીડા કરવાની ઇચ્છાવાળા થવાથી વાપિકાએ જવા ચાલ્યા. નવીન કમળની શ્રેણીમાં લીન થયેલા ભ્રમરોની પંક્તિના શબ્દોવડે જાણે સંગમ કરવાની ઇચ્છાથી પ્રિય બોલતી સ્ત્રી હોય તેવી અને સુંદર રીતે ઉછાળા મારતા જળના તરંગોથી યુક્ત વાપી પાસે ભરતરાજા કામક્રીડા કરવા આવ્યા. રાજાના સુખરૂપી ચંદ્રની કાંતિવડે ભ્રમિત થઇને ચક્રવાકે (રાત્રિના ભયની આશંકા કરીને) પોતાની પ્રિયાને આલિંગન કર્યું, ચકોર પક્ષીઓ પ્રમુદિત થયા અને ભ્રમરો પદ્મોને છોડીને કુવલય (ચંદ્રવિકાસી કમળ) પ્રત્યે દોડ્યા. વિકસ્વર પુષ્પોના આભૂષણોથી યુક્ત ભરતરાજા સરોવરની અંદર ગયા તેવખતે ધર્મને અનુસરીને જેમ સંપદાઓ ઘરમાં પેસે તેમ વિભ્રમથી યુક્ત રમ્ય શૃંગારવાળી સ્ત્રીઓ સુવર્ણની પીચકારીઓ લઇને રાજાની પાછળ જળમાં પેઠી. જળમાં ફરતી એવી સ્ત્રીઓના મનોહર નુપૂરના શબ્દોવડે ઉત્પન્ન થતુ કર્ણનું સુખ ઘણો વખત અનુભવીને વક્ર ગ્રીવાવડે જોતા જોતા રાજહંસો કુતુહલથી વિકસિત નેત્રોવાળા થઇને ગગન તરફ દોડ્યા. સુવર્ણકમળની રેણુથી અને નીલવર્ણના કમળોથી તે સરોવરના જળ ઉપર જાણે નવીન ઉત્તરપટ પથરાયેલો હોય તેવું દેખાતું હતુ. તે જળમા સુભદ્રા સ્ત્રીરત્ન સહિત રહેલા ભરતરાજા જાણે વિરહિજનના દુઃખી ચિત્તથી અને વિયોગાગ્નિથી તપ્ત થવાથી નાશી આવીને રતિ અને રતિનાથ અહિં સુખે રહેલા હોય તેવું દેખાતું હતું. વળી શંકરના ત્રીજા નેત્રમાં રહેલ અગ્નિથી નિત્ય બીરૂ એવો કામદેવ જે સ્વભાવિક રીતે જળમાં રહે છે અને સૂર્ય તથા ચંદ્ર તે કામદેવના કમળ અને કુવલય નામના શસ્ત્રના સમૂહને સર્વદા આપ્યા કરે છે તે વાતનું દિગ્દર્શન થતું હતું. વીર અને શૃંગારરસના રાજા ભરતમહારાજે જળના પૂરમા પ્રવેશ કરીને લીલાપૂર્વક સ્ત્રીઓની સાથે ક્રીડા કરી. પ્રમુદિત થયેલી સ્ત્રીઓએ સુવર્ણની પીચકારીઓથી મૂકેલી

શ્યામમેઘને ધારણ કરીને રહેલા મેરૂપર્વતની જેવા શોભવા લાગ્યા. ત્યારપછી સરોવરમાંથી કમળોને લઇને નીકળતી અત્યંત રૂપવાળી રાણીઓ જાણે અંગવિનાના કામદેવની અવગણના કરીને ભ્રઓને લઇને ઘણા રૂપવાળી રતિ જગતને જીતવા ચાલી હોય તેવી શોભવા લાગી. સરોવરમાંથી રાજા બહાર નીકળ્યા પછી બરાસ, કેસર અને કસ્તુરીનો લેપ જળમાં પડી રહેવાથી શ્વેત, લાલ અને શ્યામ કાંતિવાળા જળથી યુક્ત થયેલું સરોવર જાણે સંધ્યાકાળે સૂર્યના અસ્ત થયા પછીના સમયે રાહુથી અર્ધ ગ્રસાયેલા ચંદ્રથી યુક્ત આદિ અને અંતવાળું ગગન હોય તેવું શોભતું હતું. પછી ભરતરાજાએ આર્દ્ર વસ્ત્રોનો ત્યાગ કરીને દિવ્ય શ્વેત વસ્ત્રો ધારણ કર્યા તેથી અત્યંત વરસતા એવા વર્ષાકાળના મેઘનો ત્યાગ કરીને શરદના શ્વેત મેઘોથી યુક્ત જાણે સૂર્ય હોય તેવા જણાવા લાગ્યા.

ભરતરાજાનો શૃંગાર—ત્યારપછી ભરતરાજા પોતાની સમગ્ર અંતઃપુરની સ્ત્રીઓની સાથે વિશાળ ચિત્રશાળામાં ગયા. નવનિધિપતિએ અર્પણ કરેલા ભરતનાજાના આભૂષણો ત્યાં એક નાજર સુંદર કરંડીયામાં લાવ્યો. નિધિપતિઓએ ભરતરાજાની ભક્તિવડે દેવમણિથી નિર્મિત એવાં અન્ય ભૂષણો પ્રમુદિત થયેલી સ્ત્રીઓના દેહને ભૂષિત કરવાને ચેટીઓની સાથે મોકલ્યાં.

ભરતમહારાજાને અરિસાભુવનમાં કેવળજ્ઞાન—ત્યારપછી ચંદન, બરાસ આદિ સુગંધી દ્રવ્યોનો અત્યંત લેપ કરીને સ્ત્રીઓના પ્રેમથી પૂર્ણ એવા ભરતમહારાજ અવિકળ એવું પોતાનું રૂપ જોવાને અત્યંત મનોહર એવા અરિસાભુવનની અંદર ગયા. ત્યાં જઇને નિર્મળ અરિસાની ભિંતમાં રંગયુક્ત થયેલા ભરતરાજા પોતાનું સુંદર કાંતિવાળું સ્વરૂપ દરેક અંગોપાંગ નિહાળવા પૂર્વક જોવા લાગ્યા, પણ તે વખતે તેમણે એક કનિષ્ટ અંગુલિને નષ્ટ કાંતિવાળી અને સમગ્ર અંગુલિઓમાં તે જાણે દીનતાને ભજતી હોય તેવી દીઠી. 'મારી સમગ્ર અંગુલિઓમાં

મૂળ પાનું ૨૦૬ ભાષાંતર પાનું ૨૬૬



અલંકૃત થયેલ હોય તો પછી સુવર્ણના વલયની કયાં જરૂર રહે છે ?' ચાતુર્યવર્ય એવા ભરતમહારાજાએ એ રીતની ભાવના ભાવતાં સમગ્ર શરીરની શોભાને વાસ્તે દેખાવમાત્રથી રમ્ય લાગતા એવા સમગ્ર અલંકારોનો ત્યાગ કરીને 'ધર્મ' રહિત એવો દેહ પાપનીજ પુષ્ટિ કરવવાળો છે' એમ સમજી હૃદયમાં સત્ય એવી ભાવના ભાવવા લાગ્યા કે-' અત્યંત કોમળ વસ્ત્રો અને સુવર્ણ તથા રત્ન આદિ રૂચિર વસ્તુઓ જે દેહનો આશ્રય કરવાથી મલિન થાય છે, તે દેહના દાસ થવાવડે કરીને અહહ ! મેં મોક્ષસુખના કારણભૂત અત્યંત કિંમતી એવું આયુષ્ય નિરર્થક ગુમાવ્યું. આ દેહ અશુચિ અને અરમ્ય પદાર્થોથી ઉત્પન્ન થયેલ છે અને જે શુચિ અને મનોજ્ઞ પદાર્થો છે તેને મલિન બનાવે છે. વળી જે (સપ્ત) ધાતુથી આ શરીર બનેલું છે તે ધાતુ આત્માના મિત્રવર્ગ (જ્ઞાન દર્શન અને ચારિત્ર) ને લઘુ કરે છે અને કામ ક્રોધ આદિ મહા શત્રુઓને પુષ્ટ કરે છે. હે પરમાત્મન્ ! આ શરીર દુઃખને દેવાવાળા પાપોનું સેવન કરે છે પણ દેહના બંધનને નાશ કરવાવાળા અને સુખરૂપ પુણ્યનું સેવન કરવાથી વિમુખ રહે છે, તેથી ખરેખર ધૂર્ત છે વળી હે આત્મા ! તું પણ અત્યંત ભોળો છે કે જેથી પોતાના કાર્યમાં પ્રમાદવાળો રહે છે. રાજાના ભવથી ઉત્પન્ન થતા ઘણા પાપથી વ્યાપ્ત તને જોઇને અત્યંત દુઃખાકુળ થયેલી કનિષ્ટ અંગુલીએ મુદ્રાનો ત્યાગ કરીને તારા ઉપર ઘણોજ ઉપકાર કર્યો છે. વસ્ત્ર અને સુવર્ણનાં સાળવીઓએ અને સોનીઓએ વારંવાર વસ્ત્ર અને અલંકારો બનાવીને આ દેહને શોભિત કર્યો પણ નિમેષમાત્રમાં નિર્મળ એવો આ દર્પણ ફકત સામીપ્યપણાથી તે સમગ્ર દેહના અલંકારોના મોહને ત્યાગ કરાવવામાં પ્રબળ સાધનભૂત થયો, તેથી તેની જેમ હે આત્મા ! તું નિર્મળ થઇને સુયતિઓના સચ્ચરિત્રોનું સ્મરણ કર અને ગૃહસ્થપણામાં રહેલો એવો તું ઉપાર્જન કરેલા પાપોના સમૂહને નાશ કરવાને યતિની જેમ શંકિત હોસ્વ. વિવિધ પ્રકારના સુખોવડે

પ્રસન્ન થયેલ આ શરીરે જે કર્મબંધ કરેલ છે તેને હે આત્મા! તારે ભોગવવો પડશે; તો હવે તારૂં હિત વિચારીને આ દેહવડે એવું કરી લે કે જેથી તે શરીર ફરી પ્રાપ્ત થાય નહી. જો કદી સંસારના સુખરૂપ જગતનું સ્વામીપણું પ્રાપ્ત થયું, જો કદી કામને માટે પ્રીતિયુક્ત સુંદર નારીઓ પ્રાપ્ત થઇ અને જો કદી વિવિધ પ્રકારના અલંકારોથી આ શરીર શોભિત થયું, તો તેથી શું કાંઇપણ આત્મહિત થયું ? જેમણે વિષયસુખને વિષસમાન ગણીને તથા ભવભયથી બીરૂ થઇને બંધુના પ્રેમની અવગણના કરી અને પ્રભુ પાસે જઇને ઉગ્ર વ્રત ધારણ કર્યાં તે મારા બાંધવોને ધન્ય છે. દેવો, ઇંદ્રો તથા રાજાઓને શરણ કરવા યોગ્ય યુગાદિનાથ, ઋષભસેન (પુંડરીક સ્વામી) અને સાધુ એવા મારા ભાઇઓ તથા મારા બળમદને હણનાર બાહુબલિ આદિ સમગ્ર કુટુંબ મોક્ષે ગયું અને હા ! ખેદની વાત છે કે હું હજુ અહિં પડી રહેલો છું. આ સંસારની અંદર ઘણા દેવો, ઇંદ્રો, રાજાઓ અને જિનેન્દ્રો થઈ ગયા અને થશે તેવા અનાદિ અનંત આ સંસારમાં બુદબુદ પાણીના સરખો હું આકાશના પુષ્પની જેમ નિત્યતા માનીને હજુ બેઠેલો છું. સત્ય અને અસત્ય વચન બોલીને, ઔદારિકાદિ શરીર પ્રાપ્ત કરીને અને અનંતીવાર વિવિધ પ્રકારના મનપ્રણામ કરીને માત્ર સમગ્ર લોકાકાશના પુદ્ગળોને એકઠા કરવાના પ્રયાસવડે પાપનેજ એકઠું કર્યું. વિષસમાન ગર્ભનું દુઃખ, ભોગથી ઉત્પન્ન થતા રોગો, જરા મૃત્યુ અને નારકીના દુઃખો હસીને અથવા રૂદન કરીને તું એકલોજ ભોગવે છે. વિચાર કર કે તેમાં કોઇ પણ કુટુંબી ભાગીદાર થતો નથી. હે આત્મા ! તું તો નિર્મળ પરમ તેજવાળો એકલોજ છે અને સાત ધાતુના સ્વરૂપવાળો મળથી વ્યાપ્ત દેહ વિસદ્દશ ભાવવાળો હોવાથી અન્ય છે, તો ધન આદિ અન્ય હોય તેમાં તો કહેવુંજ શું ? રસ, રૂધિર, મેદ, માંસ, મજ્જા, અસ્થિ અને ચામડી યુક્ત અશુચિથી વ્યાપ્ત અંગવાળી અને સ્રવતા છિદ્રોવાળી નારીઓનું મોહ થકી મૂઢ બની સેવન કરતો

હે આર્ય ! હે આત્મન્! અંધ ચિત્તવાળો થઈને નરકમાં કેમ પડે છે ?' એ રીતે થયો છે આત્મબોધ જેને એવા ભરતરાજા જિનેશ્વરના વચનોનું સ્મરણ કરતાં મોહ રહિત થયા અને ક્ષપકશ્રેણીએ ચઢીને સર્વે ઘાતી કર્મોનો ક્ષય કર્યો. પ્રથમ જિનેશ્વરના વચનોને યાદ કરવાથી જ્ઞાનવાન થયેલા, મુનિના કૃત્યો જાણવાથી સમ્યગ્ દર્શનથી યુકત થયેલા અને શિવમાર્ગમાં રહેલા ભરતરાજાને સચ્ચરિત્રવડે તત્કાળ કેવળજ્ઞાન ઉત્પન્ન થયું.

ભરતમહારાજનો કેવળજ્ઞાનનો મહોત્સવ—ભરતમહારાજને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું એમ જાણીને ઇંદ્ર તુરત હર્ષપૂર્વક તેમની પાસે આવ્યા. કારણકે સાધર્મિકની ઋદ્ધિ જોઇને કયા સધર્મીને હર્ષ ન થાય ? 'હે ત્રણ જગતને વંદનિક! આપ જય પામો! જય પામો'! એમ બોલતા દેવોથી યુકત નીતિવિજ્ઞ ઇંદ્ર હાથ જોડીને ભરતમહારાજ પ્રત્યે બોલ્યા-'ભાવચારિત્રવાળા આપને કેવળજ્ઞાન પ્રાપ્ત થયેલ છે અને મોક્ષ પ્રત્યે જવાવાળા પરમાત્મસ્વરૂપ આપ થયા છો. હવે આપ શુદ્ધ ચારિત્રનો વેષ ધારણ કરો, કારણકે અરીહંતોનું તેવા પ્રકારનું કથન છે.' વળી ઇંદ્રે કહ્યું કે- 'પ્રથમ જિનેશ્વરના અભાવ થયા પછી ચારિત્રધર્મ રાજાએ પૃથ્વી ઉપર મદન, મદ અને મોહ આદિ બંધનોથી યુકત એવા તેમના પુત્ર તમને જોઇને બંધન રહિત કરવા ભવવિરાગ નામના પોતાના મિત્રને તમારી પાસે મોકલ્યો. પછી તે ભવવિરાગે મોહના બંધનરૂપ આભૂષણોથી ઢાકેલા શરીરમાં અલંકાર રહિત થયેલી કનિષ્ટ અંગુલિને આશ્રિત થયેલ તમારા દષ્ટિદ્વારથી અંતઃકરણમાં પેસીને ભાવરૂપી ખડ્ગવડે મોહરાજાને હણી નાખ્યો. પછી મૈત્રી, પ્રમોદ આદિ સુભટોએ મોહના સૈન્યનો પરાભવ કર્યો અને મંત્રીરૂપ મનને હણીને ભાવચારિત્રરાજ તમારા દેહરૂપ નગરની અંદર પેઠો. પછી તુરત રત્ન અને રજતના ઘટમાં રહેલા શુકલધ્યાનરૂપી નીરવડે જ્ઞાનયુકત એવા તમને સિંચન કરીને ચારિત્રરાજે તમારા પિતાના જાણે કરેલા ઉપકારને સંભારતો હોય તેમ તમને શીવપુરના

માર્ગમાં મૂકયા છે. તમારો પરમાત્મા હવે કેવળજ્ઞાન રૂપ ગજ્ય-ઉપર બિરાજે છે, તેથી હવે તમે મનને અપ્રધાન કર્યું છે, કારણકે નીતિવિજ્ઞો શત્રુના ગણને મળેલા એવા પોતાના સેવકને જાણ્યા પછી બહુમાન આપતા નથી. ગૃહસ્થના વેષને ધારણ કરેલા એવા તમારા ઉપર ચારિત્રરાજે શુભ રીતે અત્યંત મોટો ઉપકાર કરેલ છે. આપ હવે પ્રગટ નિર્મળ મુનિવેષને ધારણ કરો. આપ મહાત્મા છો, કૃતજ્ઞ છો, અને આપજ ખરેખરા ચક્રવર્તી છો.'

ભરતરાજાનું મુનિવેષનું ગ્રહણ કરવું— એ પ્રમાણે ઇંદ્રના વાક્યથી કેવળજ્ઞાનવાન્ એવા ભરતમહારાજે લોચ કરીને વંદનિક એવો મુનિવેષ ધારણ કર્યો. કારણકે જો જ્ઞાનવાન અને મહાન્ પુરૂષો વ્યવહારના વિધિનું અનુકરણ કરે નહિ તો પૃથ્વી ઉપર ખરેખરૂં મહત્વ જાણી શકાય નહિ, અર્થાત્ વસ્તુસ્વરૂપનું બરોબર ભાન થાય નહિ.

ભરતનાપુત્ર આદિત્યયશાને રાજ્ય—પછી ઇંદ્રે ભરત-મહારાજના મોટા પુત્ર આદિત્યયશાને રાજ્યસિંહાસન ઉપર બેસાડીને હર્ષથી પોતાના હસ્તે તેને તિલક કર્યું અને રાજ્યભાર સોંપ્યો.

ભરતમુનિનો વિહાર—ભરતમુનિરાજ પછી પોતાના સાધુ-સમુદાયની સાથે કેવળજ્ઞાનથી ત્રિભુવનના ભાવોને જાણતા થકા નિત્ય સદુપદેશથી ભવ્યજીવોના મોહનો નાશ કરતા પૃથ્વી ઉપર વિહાર કરવા લાગ્યા. ધરિત્રી (પૃથ્વીરૂપી સ્ત્રી) ઘણા પુણ્યથી પામવા યોગ્ય ભરતમુનિના ચરણકમળના સ્પર્શનું પવિત્ર એવું સૌભાગ્ય પામીને પોતાના પતિના વિરહવાળી થયેલી સમગ્ર સ્ત્રીઓ કરતાં પોતાને અધિક માનવા લાગી. ભરતમુનિરૂપી ચંદ્રે પૃથ્વીવલયને વિક-સ્વર કરતાં અને ભવિકજનરૂપી ચકોરોને હર્ષ ઉપજાવતા પૂર્વલક્ષ વર્ષો પર્યંત વિહાર કર્યો.

ભરતમુનિનો મોક્ષ—પછી ભરતમુનિ પોતાના સાધુઓથી યુક્ત અષ્ટાપદપર્વત ઉપર ગયા અને એક માસોપવાસને અંતે

ત્યાગ કરીને પોતાના પિતાના સ્થાનને(મોક્ષને) પામ્યા. … સત્યોતેર પૂર્વલક્ષ સુધી કુમાર અવસ્થામાં રહ્યા, એક … છ ખંડ સાધવામાં ગયા, અને છ લાખ પૂર્વમાં … વર્ષ ન્યૂન ચક્રીપણામાં રહ્યા. એક લાખપૂર્વ … ધારણ કરીને કેવળજ્ઞાનથી યુક્ત થઈને વિચર્યા. એ રીતે … લાખ પૂર્વનું આયુષ્ય ભરતમહારાજે પૂર્ણ કર્યું. ઇંદ્રે … મહારાજના પુત્ર આદિત્યયશાએ ભરતમુનિનો … અષ્ટાપદ ઉપર કર્યો અને મેઘકુમારના દેવોએ પછી … જળની વૃષ્ટિ કરી.

અષ્ટાપદ ઉપર અને સિદ્ધાચળ ઉપર ભરત … પછી ભરતરાજાના પુત્ર આદિત્યયશાએ અમૂલ્ય એવું … મંદિર અષ્ટાપદપર્વત ઉપર ઋષભદેવની મૂર્તિની દક્ષિણ … કરાવ્યું અને તેમાં ભરતમહારાજની મૂર્તિ સ્થાપન કરી. … ઇંદ્ર ગયા અને પોતે અયોધ્યામાં આવ્યા. પુણ્યકાર્ય કરત… અર્ધભરતને શાસન કરતા એવા સૂર્યયશારાજાએ શત્રુંજય … ઉપર પણ વિશાળ એવું ભરતવિહાર કરાવ્યું.

એ પ્રમાણે આ જગતના અદ્ભુત ઉદયને કરનાર … યુગાદિપ્રભુના હસ્તકમળથી ઉત્પન્ન થયેલા … થયેલા ઇંદ્રોને માન્ય એવા મુખ્ય ગણધર પુંડરીકપ્રભુ … સિદ્ધાચળ ઉપર સિદ્ધિપદ પામ્યા તેમનું અત્યંત આનં… અને માંગળિક એવું આ ચરિત્ર સંપૂર્ણ થયું.

इति श्रीपुण्डरीकचरित्रम्.

ગ્રંથકારની પરંપરાનું વર્ણન.

યુગાદિનાથ—જે યુગાદિ જિનેશ્વરે પિતાની જેમ જન્મકર્મ, વસ્ત્ર, ભોજન, વિવાહ, રાજ્યસોગનો વિધિ, નીતિ અને સુંદર ધર્મ પ્રમુખનો વિવેક જગતના જીવોને બતાવ્યો તે યુગાદિનાથ જગતનું રક્ષણ કરો.

પુંડરીકપ્રભુ—સમગ્ર ભારતભૂમિ ઉપર મુખ્યતીર્થ શ્રી શત્રુંજયનો પ્રભાવ બતાવવામાં જે પ્રગટ રત્નદીપકતુલ્ય થયા તે મોહને જીતવાવાળા સુગુરૂ પુંડરીકપ્રભુ શ્રીમાન્ સમસ્ત સંઘના અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરો અને જ્ઞાનરૂપી પ્રભાને વિસ્તારો.

બાહુબલિ આદિ ગચ્છ—યુગાદિદેવનો સુકૃતમાં ધૂર્ય એવો શ્રી બાહુબલિ આદિ ગચ્છ સમગ્ર ચતુર્વિધ સંઘના પુણ્યને અને મંગલોને પુષ્ટિ આપો.

આદ્ય ચક્રીશ્વર—જેણે મનુષ્યોને અને દેવોને જીતીને ભોગો ભોગવ્યા, યુગાદિપ્રભુની ભક્તિ કરી, સાધર્મિકજનોનું નિત્ય પોષણ કર્યું, અને શત્રુંજય ઉપર અરીહંતોનું ભવ્ય મંદિર કરાવ્યું તે ધર્મી એવા આદ્ય ચક્રીશ્વર ધર્મ, અર્થ, કામ અને મોક્ષ દેવાવાળા થાઓ.

કોટિગણ,-વજ્રશા.ખા.-ચંદ્રગચ્છ—શ્રીમાન્ મહાવીર પ્રભુના શાસનમા ગુણોએ કરીને ઉત્તમ એવો કોટિગણ દીર્ઘકાલ જયવંતો વર્તો વિશાલ અને વિપુલ એવી શ્રી વજ્રશાખા અને નિર્મલ એવો શ્રી ચંદ્ર ગચ્છ આ જગતિતલ ઉપર જયવંતા વર્તો.

ચંદ્રપ્રભ ગુરૂ—જેમનુ ચારિત્ર શ્રીજિનશાસનરૂપ અશ્વ ઉપર રહેલા ધર્મરાજાને બખ્તરરૂપ થયું, જેમનો યશ છત્રરૂપ થયો

ત્યાગ કરીને પોતાના પિતાના સ્થાનને(મોક્ષને) પામ્યા.
સત્યોતેર પૂર્વલક્ષ વર્ષ કુમાર અવસ્થામાં રહ્યા. એક
છ ખંડ સાધવામાં ગયા, અને ૭ લાખ પૂર્વમાં
વર્ષ ન્યૂન ચક્રીપણામાં રહ્યા. એક લાખપૂર્વ
ધારણ કરીને કેવળજ્ઞાનથી યુક્ત થઈને વિચર્યા. એ રીતે
લાખ પૂર્વનું આયુષ્ય ભરતમહારાજે પૂર્ણ કર્યું. ઈંદ્રે
મહારાજના પુત્ર આદિત્યયશાએ ભરતમુનિનો
અષ્ટાપદ ઉપર કર્યો અને મેઘકુમારના દેવોએ પછી
જળની વૃષ્ટિ કરી.

અષ્ટાપદ ઉપર અને સિદ્ધાચળ ઉપર ભરત
પછી ભરતરાજાના પુત્ર આદિત્યયશાએ અમૂલ્ય એવું
મંદિર અષ્ટાપદપર્વત ઉપર ઋષભદેવની મૂર્તિની દક્ષિણ
કરાવ્યું અને તેમાં ભરતમહારાજની મૂર્તિ સ્થાપન કરી.
ઈંદ્ર ગયા અને પોતે અયોધ્યામાં આવ્યા. પુણ્યકાર્ય કર
અર્ધભરતને શાસન કરતા એવા સૂર્યયશારાજાએ શત્રુંજ
ઉપર પણ વિશાળ એવું ભરતવિહાર કરાવ્યું.

એ પ્રમાણે આ જગતના અદ્ભુત ઉદયને કરનાર
યુગાદિપ્રભુના હસ્તકમળથી ઉત્પન્ન થયેલા વ્રતવડે સુ
થયેલા ઈંદ્રોને માન્ય એવા મુખ્ય ગણધર પુંડરીકપ્રભુ
સિદ્ધાચળ ઉપર સિદ્ધિપદ પામ્યા તેમનું અત્યંત આન
અને માંગળિક એવું આ ચરિત્ર સંપૂર્ણ થયું.

इति श्रीपुण्डरीकचरित्रम्.

ગ્રંથકારની પરંપરાનું વર્ણન.



યુગાદિનાથ—જે યુગાદિ જિનેશ્વરે પિતાની જેમ જન્મકર્મ, વસ્ત્ર, ભોજન, વિવાહ, રાજ્યસંયોગનો વિધિ, નીતિ અને સુંદર ધર્મ પ્રમુખનો વિવેક જગતના જીવોને બતાવ્યો તે યુગાદિનાથ જગતનું રક્ષણ કરો.

પુંડરીકપ્રભુ—સમગ્ર ભારતભૂમિ ઉપર મુખ્યતીર્થ શ્રી શત્રુંજયનો પ્રભાવ બતાવવામાં જે પ્રગટ રત્નદીપકતુલ્ય થયા તે મોહને જીતવાવાળા સુગુરૂ પુંડરીકપ્રભુ શ્રીમાન્ સમસ્ત સંઘના અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરો અને જ્ઞાનરૂપી પ્રકાશને વિસ્તારો.

બાહુબલિ આદિ ગચ્છ—યુગાદિદેવનો સુકૃતમાં ધુર્ય એવો શ્રી બાહુબલિ આદિ ગચ્છ સમગ્ર ચતુર્વિધ સંઘના પુણ્યને અને મંગળોને પુષ્ટિ આપો.

આદ્ય ચક્રીશ્વર—જેણે મનુષ્યોને અને દેવોને જીતીને ભોગો ભોગવ્યા, યુગાદિપ્રભુની ભક્તિ કરી, સાધર્મિકજનોનું નિત્ય પોષણ કર્યું, અને શત્રુંજય ઉપર અરીહંતોનું ભવ્ય મંદિર કરાવ્યું તે ધર્મી એવા આદ્ય ચક્રીશ્વર ધર્મ, અર્થ, કામ અને મોક્ષ દેવાવાળા થાઓ.

કોટિગણ,-વજ્રશાખા,-ચંદ્રગચ્છ—શ્રીમાન્ મહાવીર પ્રભુના શાસનમાં ગુણોએ કરીને ઉત્તમ એવો કોટિગણ દીર્ઘકાળ જયવંતો વર્તો. વિશાળ અને વિપુળ એવી શ્રી વજ્રશાખા અને નિર્મળ એવો શ્રી ચંદ્ર ગચ્છ આ જગતિતળ ઉપર જયવંતા વર્તો.

ચંદ્રપ્રભ ગુરૂ—જેમનું ચારિત્ર શ્રીજૈનશાસનરૂપ અશ્વ ઉપર રહેલા ધર્મરાજાને બખ્તરરૂપ થયું, જેમનો યશ છત્રરૂપ થયો

અને જેમના ઉપદેશ વચનો આજ્ઞારૂપ થયા તેવા શ્રીચંદ્રપ્રભગુરૂ આ પૃથ્વી ઉપર થયા. જે કીર્તિરૂપી સૌરભથી યુક્ત હોવા છતાં દોષથી રહિત હતા અને કળાવાન હોવા છતાં નિત્ય કલંક રહિત હતા તેથી જીત્યો છે ચંદ્રને જેણે એવા ચંદ્રપ્રભ નામના ગુરૂ જયવંતા વર્તો.

ધર્મઘોષપ્રભુ—તે ચંદ્રપ્રભગુરૂની પાટે લક્ષ્મીના આવાસ તુલ્ય શ્રી ધર્મઘોષપ્રભુ થયા. જેના ચરણકમળમાં રાજા શ્રી જયસિંહદેવ સુંદર હંસપણાનું આચરણ કરતા હતા અને જેમની વાણી પ્રબળપણે શોભનિક હતી, તે મહાન ઉદયવાળા ધર્મઘોષગુરૂ ભવ્યજીવોનું રક્ષણ કરો.

ચક્રેશ્વરસૂરિ— ધર્મઘોષગુરૂની પાટરૂપ આકાશતળમાં ચંદ્રસમાન શ્રીચક્રેશ્વરસૂરિ જગતમાં ભવિકજીવોને નિત્ય ઇશ્વરતા આપો. જે શુદ્ધષડવનમાં નિશ્ચળ હૃદયવાળા થયા, જે ષડતર્ક વિદ્યાના જાણકાર થયા, જેણે કામાદિ છ અંતરશત્રુને જીત્યા, જેણે ષડજીવોની રક્ષા કરી તથા જેણે કૂર્ચાલ (દાઢીમૂછવાળા) સરસ્વતીનું બિરૂદ ધારણ કર્યું અને જેમને મહાન્ રાજાઓએ વંદન કર્યું તે છ સૂરિઓને સ્થાપન કરવાવાળા ચક્રેશ્વરસૂરિ તુષ્ટિને માટે થાઓ.

ત્રિદશપ્રભગુરૂ—જે ચક્રેશ્વરસૂરિની પટ્ટલક્ષ્મીને અલંકૃત કરવાવાસ્તે હારનું આચરણ કરે છે જે ભવ્યજીવરૂપી કમળોને વિકસ્વર કરવાને સુંદર તપની કાંતિવડે સૂર્યનું આચરણ કરે છે અને જે જિનેશ્વરના શાસનરૂપી ઉત્તમ સરોવરની અંદર સુંદર હંસનું આચરણ કરે છે ને વિસ્તૃત પુણ્યપ્રભાવાળા જ્ઞાનાદિ ત્રિક અને દશ યતિધર્મવડે પ્રભાશાળી શ્રી ત્રિદશપ્રભગુરૂ ત્રિદશશ્રીને (દેવલક્ષ્મીને) દેવાવાળા થાઓ.

તિલકસૂરિ--તે ત્રિદશપ્રભની પાટે વાણીરૂપી અમૃતવડે ભવરૂપી મરૂની તૃષાનો નાશ કરનાર નિર્મળ ચિત્તવાળા સુમુનિ તિલકસૂરિરાજ થયા, જેમણે સુદૃઢ બ્રહ્મચર્યના તેજવડે ત્રિભુવનને

પરાભવ કરનાર અંતઃકરણના કામદેવને અહંકાર રહિત કરી દીધો. જિનપતિના શાસનની અંદર જે સિદ્ધાંતરૂપી નખોથી યુક્ત મહાવ્રતોવડે કરીને સિંહ સમાન થયા અને પોતાની શક્તિવડે ભવરૂપી હસ્તિને હણવાવાળા થયા તે મુનિ તિલકસૂરીન્દ્રને હું ભક્તિપૂર્વક નમસ્કાર કરૂં છું.

ધર્મપ્રભસૂરિ— તિલકસૂરિની પટ્ટલક્ષ્મીના મુગટતુલ્ય સિદ્ધાંતરૂપી જળના સમુદ્રતુલ્ય, કવિતને કરવાવાળી વાણીરૂપી તરંગોના આવાસતુલ્ય શ્રી ધર્મપ્રભસૂરિ થયા. જેમણે હૃદયના ભૂષણમણિરૂપ સમ્યકત્વ અને ચારિત્રલક્ષ્મી આપીને જન્મમરણથી પીડિત એવા કયા ભવ્યજીવોને અજ્ઞાનરૂપી અંધકારથી રહિત નથી કર્યો? પોતાના શાંતરસવડે સદ્ગુણરૂપી વૃક્ષોની અંદર ક્રોધરૂપી અગ્નિ લાગે છતે જે મેઘનું આચરણ કરે છે, પોતાના ચારિત્રવડે સમુદ્રતુલ્ય સંસારની અંદર જે પ્રવહણની જેવું આચરણ કરે છે, પોતાના અંતઃકરણની પ્રજ્ઞાના તેજવડે જેની વ્યાખ્યાનની વાણી રાત્રિરૂપી મોહનો નાશ કરવાને સૂર્ય સમાન આચરણ કરે છે તે શ્રી ધર્મસૂરીશ્વર જયવંતા વર્તો.

અભયપ્રભગુરૂ--ધર્મપ્રભસૂરિના પટ્ટરૂપી માનસ સરોવરને અલંકૃત કરવાને રાજહંસ તુલ્ય પવિત્ર ચારિત્રવાળા ભવભયને હરણ કરવામાં સમર્થ એવા અભયપ્રભગુરૂ થયા. જો તેમના મુખકમળથી નીકળેલું વચન ભવ્યજનના કર્ણમાં પડેલું હોય તો પછી સમુદ્ર કાંઇ ગંભીર નથી, ચંદ્રના કિરણો કાંઇ ઠંડા નથી, અમૃત બીલકુલ સ્વાદિષ્ટ નથી, મલયજનો રસ બીલકુલ સુગંધી નથી અને સુવર્ણનું તેજ પણ ન એવું શકાય તેવું ઉગ્ર નથી.

રત્નપ્રભસૂરિ--અભયગુરૂના પટ્ટરૂપી લક્ષ્મીના શિરોરત્ન તુલ્ય, દોષ રહિત, નિર્મળ, નિર્દોષ, કોમળ અને અત્યંત તેજવડે શ્રી રત્નપ્રભસૂરિ થયા. શાસ્ત્રોનિધિને પાન કરી જવામાં અગસ્ત્યમુનિ સરખા, સંદેહરૂપી રાત્રિને દૂર કરવામાં સૂર્ય સરખા, શાન્તિરૂપી અમૃત ઉત્પન્ન કરવામાં ચંદ્ર સરખા, કામદેવનો નાશ

કરવામાં શંકર તુલ્ય, ચારિત્રરૂપી હસ્તિના શલ્લકી (ચારા) રૂપ, ગુણોરૂપી રત્નોને ઉત્પન્ન કરવાને વિંધ્યાચળ સમાન શ્રીરત્નપ્રભ સદ્ગુરૂની સ્તવના કરવાને અહો ! કોણ શક્તિવાન થઈ શકે ?

કમળપ્રભસૂરિએ ધોળકામાં સંવત્ ૧૩૭૨માં આ ગ્રંથ રચ્યો—તે શ્રી રત્નપ્રભના શિષ્ય કમળપ્રભસૂરિએ મંત્રાધિરાજરૂપ શ્રી પાર્શ્વનાથના પ્રસાદથી શ્રી શત્રુંજય (સિદ્ધાદ્રિ)ના મહિમાના ધામરૂપ પ્રભુ શ્રી પુંડરીકસ્વામીનું પુણ્યની પુષ્ટિ કરનારૂં આ મહાન્ પ્રભાવિક ચરિત્ર વિક્રમસંવત ૧૩૭૨ માં ધોળકા ગામમાં રચ્યું.

